આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૦મું
નવેમ્બર : ૨૦૧૬ ● અંક : ૫
પાના નં. ૧ ● (કુલ પેજ : ૭૪)

૧૫ નવેમ્બર, ૨૦૧૬ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૧૧-૨૦૧૬ કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪

Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब'मस्त है!
MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦
- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૬૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી

SILICON®
ZERO MAINTENANCE LAMINATE
RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

Sanjay Thakker
(M) 9879109726
Bharat Thakker
(M) 98252 31572
Shree Hari Carriers
Lignite Clearing Agent Other Concerns
Shree Narayan Enterprise
Lignite Clearing Agent
Shree Ghanshyam Fuels
Fleet Owner, Transport Contractor, Lignite Clearing Agent, Coal, Coke and Fire Wood Supplier
301, Saswat App., HDFC House, B/h. Landmark Complex, Nr. Mithakhali Six Road, Ahmedabad-6.
Ph. : 91-79-3007 3355, 2644 0734 • Fax : +91-79-3007 3366
Email : sanjaythakker@yamail.com

Aashish Dinesh Mehta
Vikas Infrastructure
Land Developers & Investors
804, Aakridi Heights, Opp. Aangan Party Plot, Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.
(M) : 93741 31715, 94288 26997
Email : vikas_infra@rediffmail.com

Bra | Panty
Nighty & Nightsuit for
LADIES, GENTS & KIDS
In Vogue
**C G ROAD :** Chandan Complex, Nr. Mirch Masala. Ph : 26431209
**MANINAGAR :** 2, Sumati Avenue, Jawahar Chowk. Ph : 25460943
**SATELLITE :** 8, Aarsh Complex, Prernathirth Derasar Road. Ph : 26927754

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...
મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી દાબેલી સેન્ટર
Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower, Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City, B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV GROUP
Mfg. of
Cement Concrete Blocks & Pavers
Builders and Developers
Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૦ ● અંક - ૫
૧૫ નવેમ્બર, ૨૦૧૬

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**
●
**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

### તંત્રી લેખ

- દિવાળી બાકી ........ **અશોક મહેતા**...૫
- મોટી ચલણી નોટોની નાબૂદી........ **અશોક મહેતા**...૬


### વિશેષ

- શ્રી જલારામ બાપા........ ...૭
- પીરોના પીર દરિયાલાલ ........ ...૮
- રઘુવંશીઓનો સંક્ષિપ્ત ઈતિહાસ........ ...૯
- વેપારી ગણાતી લોહાણા જ્ઞાતિનો શૌર્યસભર ઈતિહાસ........ ...૧૧


### ઉત્થાન

- ઉત્તરાવસ્થાનું વ્યવસ્થાપન........ **શંકર ન. ઠક્કર**...૧૨
  **નિવૃત્ત નાયબ કલેક્ટર**


### કચ્છ

- કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ ........ **અશોક મહેતા**...૧૪


### કોર્પોરેટ

- કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના ક્ષેત્ર થકી વિકાસના કાર્યો ........ **અશોક મહેતા**...૨૧


### દીપશિખા

- માણસનું મન...!........ **કિરીટકુમાર પી. જોષી**...૨૨
  **જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી**


### વાર્તા

- દાળ ઢોકળીનું ઋણ........ **બલવીરસિંહ જાડેજા**...૨૩


### લઘુ કથા

- પંકજ - તારક ........ **ધીમંતકુમાર પી. ભટ્ટ**...૨૬


### સમાજની ક્ષિતિજો

- સ્ત્રીઓને પુરુષ સમોવડી બનાવવાના પ્રયાસો ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**...૨૭


### સ્વાસ્થ્ય

- મને વારંવાર માઈગ્રેન ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**...૨૮
  (માથાનો દુઃખાવો) થાય છે – (૨) **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- સ્વાસ્થ્ય માટે બહુ જ ખતરનાક છે ટ્રાન્સ ફેટ ........ **ડૉ. મિહિર એમ. વોરા**...૩૦
- ઝીકા વાઈરસ (ZICA VIRUS) ........ **દિલીપ મ. વૈશ્નવ**...૩૧

**જીવન દર્શન**

- ગુણવંતરાય આચાર્યને તેમની ૫૧મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ .......... ૩૫

**માહિતી**

- આઈસલેન્ડ .......... **તુલસીદાસ કંસારા** .......... ૩૭
- અમેરિકા રહેવા અને ફરવા માટે સુંદર છે... (૧) .......... **ચૌલા કુરુવા** .......... ૩૮

**વિવિધતા**

- ટમ-ટમ તારલિયા .......... ૩૯
- વર્તમાનપત્રને આધારે .......... ૪૨
- શબ્દ શોધ - ક્રમાંક : ૫૫ .......... **પ્રદીપ જોશી** .......... ૫૦

**મેઘધનુષ**

- મા (કાવ્ય) .......... **કાનજી જે. મહેશ્વરી "રિખીયો"** .......... ૫૧
- અજનબી બની ગયો .......... **કિરીટકુમાર પી. જોષી** .......... ૫૨
- રાધા-કૃષ્ણનો નિઃસ્વાર્થ પ્રેમ .......... **મહાભાઈ આર. વોરા** .......... ૫૨
- **ગાંધીનગર ગાથા** .......... **શ્રીમતી વર્ષા જયંત મહેતા** .......... ૫૨

**વિભાગ-૨ :-**

- પરિવાર સમાચાર .......... ૫૫
- સમાજ સમાચાર .......... ૫૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ .......... ૬૧

**વિભાગ-૩ :-**

- અન્ય સંસ્થાઓના સમાચાર .......... ૬૫
- વતનના વાવડ .......... **સંકલન : ભરત ઓઝા** .......... ૬૭
- પ્રતિભાવ .......... ૬૯

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

નામ / Name : **શ્રી કચ્છી સમાજ અમદાવાદ / Shri Kachchhi Samaj Ahmedabad**
બેંક : **ભારતીય સ્ટેટ બેંક,** પ્રભાત સોસાયટી, પાલડી બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭.
**Bank** : **State Bank of India,** Prabhat Society, Paldi Branch, Ahmedabad-380007
ખાતા નંબર : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039**
આઈએફએસ કોડ : **IFS Code : SBIN0003097**

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને **SMS,** વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

કાર્યાલયનું સરનામું : **શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

તંત્રીલેખ

# દિવાળી બાકી

• અશોક મહેતા •

૨૦૭૨નું વિક્રમ સંવત પૂરું થયું અને ૨૦૭૩નું શરૂ થયું. અગાઉ આપણી પ્રથા હતી કે દિવાળીએ ચોપડા ચોખ્ખા કરવા અને નૂતન વર્ષથી નવા ચોપડાની શુભ શરૂઆત કરવી. ચોપડા ચોખ્ખા કરવા (અથવા પૂરા કરવા)નો મતલબ એ કે બાકી ઉઘરાણી નવા વર્ષના ચોપડામાં ટ્રાન્સફર કરવી અને જે ઉઘરાણી ન આવવાની હોય તેને માંડી વાળવી અને પીળે પાને લખી રાખવી. નવા વર્ષના ચોપડામાં તેને ટ્રાન્સફર ન કરાતી. નવા વર્ષની આ વ્યાપારી પ્રથા હાલના કાયદા અનુસાર ૧ એપ્રિલથી શરૂ થાય છે પરંતુ આ પ્રથા સિવાયની અન્ય પ્રથાઓ તો વિક્રમ સંવત પ્રમાણે – દિવાળી પ્રમાણે ચાલુ જ રાખવામાં આવેલ છે. હજારો વર્ષની આપણી એ સંસ્કૃતિ છે. દીપોત્સવી ત્યોહાર અગાઉના વર્ષોની જેમ જ ઉજવાય છે. સંવત વર્ષ પૂરું થતાં એ વર્ષના લેખા-જોખા પૂરા કરી નવા વર્ષે શું કાર્યો કરવા તેના સંકલ્પ લેવાય છે.

**આપણે પણ એક કચ્છી કે કચ્છી સંસ્થા તરીકે સમગ્ર કચ્છને નજર સમક્ષ રાખીને સંવત ૨૦૭૩ના બાકી રહેતા નીચે મુજબના કાર્યોની યાદી પર એક દ્રષ્ટિપાત કરી લઈએ.**

૧. નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ નિયમિત પાણી કચ્છના ખેતરે ખેતરે પહોંચે તેવા પ્રયાસ કરવા.

૨. નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણીના કાર્યો શરૂ કરાવવા.

૩. કચ્છના ભદ્રેશ્વર ખાતે ૧૫૦ એમ.એલ.ડી. કેપેસિટીના ડી-સેલિનેશન પ્લાન્ટની ઝડપી સ્થાપના માટેના પ્રયાસો કરવા.

૪. ખેતીના વિકાસ માટે ગામેગામ નવા તળાવો બનાવવા, ચેકડેમો બનાવવા, ખેત તલાવડી બનાવવી અને વોટર હાર્વેસ્ટિંગની યોજનાઓ અમલમાં મુકાય તેવા પ્રયાસો કરવા.

૫. બાગાયતી પાકોની યોગ્ય આવક માટે રેડિયેશન પ્લાન્ટ તથા ગ્રેડિંગ સેન્ટર સ્થપાય તેવા પ્રયાસો કરવા.

૬. ખેતીની પ્રોડક્ટને વેલ્યુ એડેડ પ્રોડક્ટ બનાવવા પ્રયાસો કરવા.

૭. કચ્છના સ્થાપિત ઉદ્યોગોની ૨ ટકાની CSR રકમમાંથી કચ્છના પશુધન માટે વધુને વધુ ઘાસચારો ઉત્પન્ન થાય તેવા પ્રયાસ આદરવા.

૮. કચ્છના ગામડે ગામડેથી વધુને વધુ દૂધ ડેરીમાં જાય તેવા પ્રયાસ આદરવા.

૯. કચ્છમાં હજુ પણ વધુને વધુ ઉદ્યોગો સ્થપાય તે માટે યોગ્ય સહકાર આપવાના પૂરતા પ્રયાસો કરવા.

૧૦. કચ્છમાં સીલાઈ, ભરતકામ, પ્રિન્ટિંગ વગેરે ક્ષેત્રે ઉત્પન્ન કરવામાં આવતી આઈટમોના ભારતભરના શહેરોમાં વસવાટ કરતા કચ્છીઓ પોતાને ત્યાં 'સેલ' યોજી આ વિભાગના કર્મીઓને પ્રોત્સાહન પૂરું પાડે તેવા પ્રયાસો કરવા.

૧૧. કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોએ સુવિધાઓ વિકસાવવા પૂરતા પ્રયાસો કરવા.

૧૨. મીઠા ક્ષેત્રે કામ કરતા અગરિયાઓની દુર્દશા ઓછી થાય અને તેમના પરિવારના સભ્યો સામાન્ય જીવન જીવી શકે તેવા પ્રયાસો કરવા.

૧૩. શાળા કક્ષાએ શિક્ષકોની ઘટ માટે યોગ્ય પ્રયાસો કરવા.

૧૪. કચ્છના અંતરિયાળ વિભાગમાં શિક્ષણ તથા આરોગ્ય ક્ષેત્રની સેવાઓ વધુ વિકસાવવી.

ઉપરોક્ત દરેક વિષયની વિસ્તૃતપૂર્વકની ચર્ચા કરવા ૧૦૦-૨૦૦ તજજ્ઞોને એકત્રિત કરી એક આખા દિવસનો અથવા બે દિવસનો એક સેમિનાર યોજી દરેક વિષયની છણાવટ કરવી તાતી જરૂરી છે. કે જે માટે કચ્છ હિતની કોઈ સંસ્થાએ આગળ આવવું જોઈએ. સેમિનારના અંતે ઉપરોક્ત દરેક વિષયની જવાબદારી અલગ અલગ સંસ્થા માત્ર સેવા કરવાના ઈરાદાથી સ્વૈચ્છિકપણે સ્વીકારી લે (એક સંસ્થા એક વિષયની જવાબદારી સ્વીકારે) તેવું નક્કી થઈ શકે તો સંવત વર્ષ ૨૦૭૩ના બાકી રહેતા કચ્છના કાર્યોને આપણે યોગ્ય ન્યાય આપી શકીશું.

આ માટે ફોકિઆ, ચેમ્બર ઑફ કોમર્સ (વિવિધ ચેમ્બરો), અભિયાન અથવા તો કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ જેવી સંસ્થાઓ આગળ આવશે તો આપણે ઉત્તમ પરિણામો મેળવી શકીશું.

★

# મોટી ચલણી નોટોની નાબૂદી

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવાર, તા. ૦૮-૧૧-૨૦૧૬ના રોજ ટી.વી. દ્વારા દેશ સમક્ષ રૂા. ૫૦૦/- તથા રૂા. ૧૦૦૦/-ની નોટ રદબાત્તલ કરેલ છે તેવા સમાચાર જાહેર કરીને સારાયે દેશમાં હલચલ મચાવી દીધેલ છે. તેના મુખ્ય કારણોમાં : (૧) દેશમાં ફરતા કાળા નાણાં, (૨) ભ્રષ્ટાચાર અને (૩) ચલણમાં ફરતી નકલી નોટોનું જણાવેલ છે.

જો ખરેખર ઉપરોક્ત કારણોસર આ પગલા લેવામાં આવ્યા હોય તો નરેન્દ્ર મોદીનું આ પગલું સરાહનીય ગણાશે. તેનાથી દેશની ઈકોનોમિને સારો એવો ફાયદો થયો ગણાશે. ગરીબ અને મહેનતકશ વર્ગ તેઓના આ પગલાથી સારો એવો પ્રભાવિત થઈ શકશે.

ગત સામાન્ય સભાની ચૂંટણીમાં ભાજપ અને નરેન્દ્ર મોદીને દેશની સામાન્ય પ્રજાએ એટલા માટે ખોબલા ભરીને મતો આપ્યા હતા કે તેઓ દેશમાં કાળા નાણાંની નાબૂદી કરશે અને વિદેશમાં જમા થયેલ દેશનું કાળુ નાણું પરત લાવશે. તેમના અત્યાર સુધીના બે વર્ષથી વધુ સમયના શાસનમાં આવા કોઈ ચિહ્નો દૃષ્ટિગોચર થયા ન હતા. તેઓએ અત્યાર સુધી પોતાનું મુખ્ય લક્ષ વિદેશો સાથેના સંબંધો સુધારવા પર આપેલ હતું અને તેના માટે અનેક દેશોની મુલાકાત લઈ ભારતના સંબંધો આંતરરાષ્ટ્રીય કક્ષાએ સુધારેલ હતા.

તાજેતરમાં એમણે સર્જિકલ સ્ટ્રાઇક યોજી પાકિસ્તાન ઓક્યુપાઇડ કાશ્મીરની આતંકવાદી છાવણીઓ પર હુમલો કરી અનેક છાવણીઓને નેસ્તનાબૂદ કરાવેલ હતી. ત્યારબાદ તેમનો આ મોટી નોટોને ચલણમાંથી નાબૂદ કરવાનો બીજો સ્ટ્રોક આવેલ છે કે જેનાથી દેશની સામાન્ય જનતા પ્રભાવિત થયા વગર રહેશે નહીં.

શ્રી નરેન્દ્ર મોદીના સ્વભાવથી ગુજરાતની જનતા સારી એવી પરીચિત છે. તેમના ગુજરાતના ૧૨ વર્ષના મુખ્યમંત્રી તરીકેના શાસનમાં તેમણે શ્રી કેશુભાઈ પટેલ, શ્રી સુરેશચંદ્ર મહેતા જેવા મોટા ગજાના રાજકીય નેતાઓની જે અવહેલના કરી, તેનાથી ગુજરાતની જનતા સારી એવી વાકેફ છે. કેન્દ્રમાં ગયા પછી તેમણે શ્રી અડવાણી તથા અન્ય સિનિયર ભાજપી નેતાઓને જે પરિસ્થિતિમાં મૂકી દીધા તેનાથી સારોયે દેશ જ્ઞાત છે. તેથી નરેન્દ્ર મોદી કોઈપણ હદ સુધી જઈ શકે છે તેવું અનેક રાજકીય નેતાઓ માને છે.

આવતા દિવસોમાં ઉત્તર પ્રદેશ અને ત્યારબાદ દેશના અનેક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ આવે છે. પોતાના હરીફ પક્ષોની આર્થિક તાકાત નષ્ટ કરવાનું તેમના આ પગલાથી વિશેષ સાબિત થઈ શકશે. તેમના આ પગલાથી ઉત્તર પ્રદેશમાં સપા તથા બસપાની ખૂબ જ કફોડી હાલત થઈ શકે છે. તેમને મહાત કરવાનું આ ખૂબ જ ગણતરીપૂર્વકનું અને ખૂબ જ સમયસરનું પગલું ગણી શકાય. તેમના વિરોધી પક્ષોના આગેવાનોનો આ અભિપ્રાય છે.

મોટી ચલણી નોટો નાબૂદ કરવાનું પગલું રાતોરાત લઈ ના શકાય. કહેવામાં આવે છે કે તેના માટે તેમણે છ મહિના અગાઉથી તૈયારીઓ કરેલ હતી. રીઝર્વ બેંકના તે સમયના ગવર્નર રઘુરામ રાજનને વિદાય આપી ઉર્જિત પટેલને લાવ્યા. રૂા. ૫૦૦/- તથા રૂા. ૨,૦૦૦/-ની નવી નોટો અગાઉથી છપાવીને તૈયાર રાખેલ હતી. દરેક પગલાં તેમણે વ્યવસ્થિત રીતે આયોજન કરી ગોઠવી તો રાખેલ હતા પરંતુ તેટલા જ ગોપનીય પણ રાખેલ હતા. નરેન્દ્ર મોદીની ચાણક્ય નીતિમાં પહોંચી શકે તેવા અન્ય કોઈ રાજકીય નેતા અત્યારે તો ભારતમાં દૃષ્ટિગોચર થતા નથી. આ રીતે તેઓ આવતા દિવસોમાં એકહથ્થુ શાસન જમાવી શકશે તેમાં કોઈ શક નથી. એકહથ્થુ શાસન જમાવ્યા બાદ અગર તેનો ઉપયોગ દેશના વિકાસમાં થઈ શકે તો તે સરાહનીય ગણાશે. નહિં તો આવતા દિવસોમાં ભારતની હાલત કફોડી થઈ શકશે. આપણે ઉજ્જવળ ભાવિની અપેક્ષા રાખીએ.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

# શ્રી જલારામ બાપા



*સમસ્ત લોહાણા પરિવારોના પૂજનીય એવા શ્રી જલારામ બાપાની જન્મ જયંતી નવેમ્બર માસમાં આવે છે. તેમનો જન્મ તા. ૪-૧૧-૧૭૯૯ને સોમવારના રોજ થયેલ હતો. તિથિ પ્રમાણે તેમનો જન્મ સંવત ૧૮૫૬ના કારતક સુદ સાતમને સોમવારના દિવસે થયેલ હતો. અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે તા. ૪-૧૧-૨૦૧૬ના રોજ તેમની ૨૧૭મી જન્મજયંતી પસાર થઈ ગઈ. વિક્રમ સંવત પ્રમાણે સંવત ૨૦૭૩ના કારતક સુદ સાતમ એટલે કે સોમવાર, તા. ૭-૧૧-૨૦૧૬ના રોજ તેમની ૨૧૭મી જન્મજયંતી તાજેતરમાં જ ઉજવાઈ ગઈ. આ પ્રસંગે જલારામ બાપાની જીવનયાત્રા પર આપણે એક ઉડતી ઝલક ફેરવી લઈએ.*

## જલારામ બાપાની જીવનયાત્રા

★ **જન્મ** : સંવત ૧૮૫૬ના કારતક સુદ સાતમને સોમવાર, તા. ૪-૧૧-૧૭૯૯

★ **યજ્ઞોપવિત** : સંવત ૧૮૭૦

★ **લગ્ન** : સંવત ૧૮૭૨

★ **પ્રભુનો પહેલો પરચો જોયો**: સંવત ૧૮૭૩

★ **ચારધામની યાત્રા કરી** : સંવત ૧૮૭૪

★ **સદાવ્રત બાંધ્યું** : સંવત ૧૮૭૬ના મહા સુદ બીજ ને સોમવાર તા. ૧૮-૧૧-૧૮૨૦

★ સાધુ સ્વરૂપે ભગવાને આવી માતા વીરબાઈની માંગણી કરી.

★ નિશાનીમાં ઝોળી - ધોકો અર્પણ કર્યો સંવત ૧૮૮૬

★ માતુશ્રી વીરબાઈમાએ વૈકુંઠવાસ કર્યો સંવત ૧૯૩૫ના કારતક વદ નોમને સોમવાર તા. ૧૮-૧૧-૧૮૭૯

★ **બાપા વૈકુંઠ સિધાવ્યા** : સંવત ૧૯૩૭ના મહા વદ દશમ ને બુધવાર, તા. ૨૩-૨-૧૮૮૧

*ઉદ્યોગ સમૂહ ગમે તેટલો વિશાળ હોય પરંતુ મોટાભાગે એક જ વ્યક્તિ તેમાં ઉર્જા અને હકારાત્મક સ્પર્ધાત્મકતાનો સંચાર કરતી હોય છે. ઈન્ફોસિસમાં નારાયણ મૂર્તિ, એપ્પલમાં સ્ટિવ જોબ્સ, માઈક્રોસોફ્ટમાં બિલ ગેટ્સ તેના ઉદાહરણો છે. તાતા સમૂહમાં રતન તાતા પોતે પણ એવું જ જ્વલંત ઉદાહરણ ગણાય છે.*

*આગળ વિચારીએ તો રાજકીય પક્ષ કે સંસ્થા કે જ્ઞાતિ સમાજને પણ આ જ નિયમ લાગુ પડે છે.*

# પીરોના પીર દરિયાલાલ

*સમગ્ર લોહાણા સમાજ દરિયાલાલને શા માટે પૂજે છે તેની કહાણી અત્રે સંક્ષિપ્તમાં રજૂ કરેલ છે.*

*– તંત્રી મંડળ*

દરિયાલાલને આપણે ઓળખીએ : અમરતલાલ, ઝુલેલાલ, ઉડેરલાલ, જીન્દાપીર, લાલસાંઈ, રત્નાકર, સાગરદેવ, વરૂણલાલ – નામ એનાં ઝાઝા પણ દેવ તો તે એક જ છે. સંવત ૧૭૭૧ના ચૈત્ર સુદ બીજનાં પ્રભાતે લોહાણા રત્નરાયની પત્ની દેવકીબાઈનાં ઉદરે અવતાર ધારણ કર્યો અને અમરતલાલ નામ ધારણ કર્યું. ત્યારે હિન્દુઓ અને મુસલમાનો વચ્ચે આડવેર હતું. સિંધમાં સુલતાનનું રાજ ચાલે. વઝીરની સલાહ મુજબ સૌ હિન્દુઓને આઠ દિવસમાં જ મુસલમાન થઈ જવા ફરમાન થયું. ભગવાન હોય તો આઠ દિવસમાં હિન્દુઓ મુસલમાન થઈ જાવ. આ હુકમની સામે હિન્દુઓ લાચાર થઈ ગયા. છેલ્લે દરિયા કિનારે આવીને, અન્નજળનો ત્યાગ કરીને આર્તભાવે સાગરદેવને પ્રાર્થના કરવા લાગ્યા. 'અમારા ધર્મને બચાવો, નહીં તો ચાર દિવસમાં અમો સાગરમાં જળ સમાધિ લઈશું.' તેના જવાબમાં સાગરે દેવવાણી સંભળાવી, 'તમારૂં રક્ષણ હું કરીશ. તમારા શાહને જાણ કરશો.' નગરઠઠ્ઠામાં સુલતાન મરખશાહ અને તેના વજીર 'આહ'ને નસરપુરમાં બાળક જનમ્યાનાં સમાચાર મળ્યા. સુલતાને હુકમ કર્યો, 'જાવ, લઈ આવો તે બાળકને મારી પાસે. વજીર નસરપુર પહોંચ્યો ને પારણામાં બાળકનાં મનોહર રૂપને જોતાં જ મુગ્ધ થઈ ગયો. બાળક ક્ષણે ક્ષણે જુવાન, પ્રૌઢ અને વૃદ્ધ થવાના દૈવી અને આસુરી દશ્યોથી વજીર હેબતાઈ ગયો. એને ખ્યાલ આવ્યો કે આ તો કોઈ ખુદાઈ શક્તિ છે. અમરલાલને વિનંતી કરી કે, 'મહારાજ, આપને અમારા બાદશાહે બોલાવ્યા છે અને હું આપને લેવા આવ્યો છું.' જવાબ મળ્યો, 'તમે પહોંચો અને પહોંચીને મને યાદ કરશો એટલે હું બાદશાહ પાસે આવી તમારા સંશયોનું સમાધાન કરીશ.' વજીર નગરઠઠ્ઠા પહોંચ્યો અને અમરલાલનું આહવાન કર્યું. તો તુરત જ સાગર મધ્યેથી અમરલાલ હાજર થયા. પૂરી મહાભારત સેના જાણે હાજર થઈ ગઈ. વજીરનાં પગ ધ્રુજવા લાગ્યા. ત્યાંથી સૌ બાદશાહ પાસે આવ્યા. પીરોનો પણ મોટો પીર હિન્દુઓના રક્ષણાર્થે અવતર્યા છે, તે આ છે. બાદશાહે પણ મુગ્ધભાવે એ નવીન મૂર્તિને નિહાળી. પછી બોલ્યા, 'હે સાંઈ! બધા હિન્દુઓને મુસલમાન થવા માટે જણાવો.' અમરશાહે ઈસ્લામ ધર્મ અને કુરાનનો બોધ સમજાવવા પ્રયત્ન કર્યો એ વ્યર્થ હતું. દુર્જનો સામે બુદ્ધિની વાત તો પૂરી સમજાય નહીં. બાદશાહે વજીરની સલાહ માંગી. તો તેણે કહ્યું, 'પૂરી દો આ બાળકને બંદીખાનામાં.' સિપાહીઓ બાળકને પકડવા દોડ્યા. તો અમરલાલ ઘડીમાં હાજર તો ઘડીમાં અંતર્ધ્યાન. દૈવી લીલાથી સૌને પરાસ્ત કરી દીધા. શાહે હિન્દુઓ પર ત્રાસ ગુજાર્યો. અમરલાલે મુસલમાનોનાં જેટલા ધામ હતા તેમને ઉધ્વસ્ત કરી નાખ્યા. શાહ પરેશાન અને મૂઢ બની ગયો. ત્યારે ભયાનક મહાકાય સ્વરૂપ શાહ અને વજીરને બતાવ્યું. તો તુરત જ નરમઘેંશ થઈને નમી પડ્યા. 'રહેમ કરો, રહેમ કરો...'

આ રીતે અમરલાલે હિન્દુઓને મુસલમાન થતા બચાવ્યા. તે પછીથી સુલતાને અમરલાલને દંડવત્ પ્રણામ કર્યા અને કહ્યું, 'અમહજરત સલામત, આપ પીરોનાં પણ પીર છો. અમારા દસ્તગીર છો. અમો હિન્દુનાં મુસલમાન મુરીદ છીએ. તમે જ અમારા પણ પીરોનાં પીર છો. અમારા દસ્તગીર છો. હિન્દુઓ સૌ અમારા બંધુઓ છે. એમના પ્રત્યે હું દ્વેષભાવ રાખીશ નહીં.' આમ હિન્દુઓના દરિયાલાલ તારણહાર બન્યા. અમરલાલે સ્વધામ જતાં સાત વસ્તુઓ સંત પુગરને આપી જેમાં (૧) ઝારી, (૨) જ્યોત, (૩) કથા, (૪) વેઢ - અંગુઠી, (૫) ઢકલા - એક વાજીંત્ર, (૬) તેગ - તલવાર, (૭) દેગ અને એ સૌ પ્રતિકોનું મહત્ત્વ સમજાવીને ધર્મ પ્રચાર કરવાની આજ્ઞા આપી. પાણિયારાને જલદેવનું પ્રતીક માનીને તેની સામે સવાર-સાંજ દીવો કરી પ્રાર્થના કરવાનું મહાત્મ્ય આજે પણ ચાલુ છે. કચ્છ અને અગાઉનાં સિંધમાં અનેક ગામોમાં દરિયાલાલનાં મંદિરો છે. આથી લોહાણા સમાજમાં જીવતા દેવ તરીકે દરિયાલાલ સર્વત્ર પૂજાય છે.

***શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદના "પરિવાર પરિચય"માંથી સાભાર***

# રઘુવંશીઓનો સંક્ષિપ્ત ઇતિહાસ

લોહરાણા (લોહાણા) રઘુવંશી ગણાય. વેદકાળના ઉત્તરાર્ધમાં સૂર્યવંશી ક્ષત્રિય ઈશ્વાક મનુએ ભારતની સ્થાપના કરી એ પછી ૫૪મી પેઢીએ રામ અયોધ્યાના રાજા તરીકે આવ્યા. રામની આજ્ઞાથી ભરત એ વખતે કંદહાર તરીકે ઓળખાતા ગંધારના ગાંધર્વોને હરાવીને ત્યાં તક્ષશિલા અને પુષ્કરપુર એમ બે નગર વસાવ્યા. પોતાના પુત્રો ભક્ષ અને પુષ્કરને તક્ષશિલા અને પુષ્કરપુરનું રાજ સોંપીને ભરત પાછા અયોધ્યા ચાલ્યા ગયા. આમાંથી પુષ્કરના વંશજ કપીલરાજે કપીશા (પાછળથી કાબુલ) શહેર વસાવ્યું. પુષ્કરપુર અત્યારે પેશાવર તરીકે ઓળખાય છે. કપીલ રાજે કંબોજમાં સમરકંદ અને બુખારા શહેરો વસાવ્યા. દાયકાઓ પછી ગાંધાર (હાલ અફઘાનિસ્તાન)માં રઘુવંશી ક્ષત્રિયોના જુદા જુદા રઘુરાણા અમલમાં આવ્યા.

કપિલરાજનાં વંશજ પૌરસરાજ પર ગ્રીક સૈનિકોએ ચઢાઈ કરી. પૌરસરાજે વિશ્વ વિજેતા બનવાના સ્વપ્ન સેવનાર ગ્રીક સિકંદરને પરાજયના કાળા કલંક ઓઢાડી મહાકાળની અઘોર ગુફામાં પોઢાડી દીધેલ. પકડાયેલા ગ્રીક સૈનિકો સાથે એમણે માનવતાપૂર્ણ વ્યવહાર કર્યો. ગ્રીક સૈનિકોને તેમના દેશમાં જવા માટે રજા આપવા છતાં તેઓ પૌરસ રાજ્યમાં રહી પડ્યા અને પૌરસ સૈન્યમાં જોડાઈ ગયા. (પૌરસરાજે એમને રઘુવંશી કન્યાઓ સાથે પરણાવ્યા. આ ગ્રીક સૈનિકો અને રઘુવંશી કન્યાઓની પ્રજા એટલે ભાનુશાળી ભણશાળી લોહરાણાઓ એવું ઈતિહાસ કહે છે.)

એ પછી સમરકંદ - બુખારાના રાજવી તરીકે આવેલા અમરસિંહને બૌદ્ધ ધર્મમાં રસ પડ્યો. અમરસિંહના લગ્ન ચીનની રાજકુંવરી સાથે થયા. ચીનના રાજા મરી જતાં તેમને કોઈ પુત્ર ન હોવાના કારણે અમરસિંહના હાથમાં ચીનની સત્તા આવી પડી. એ પછી અમરસિંહના વંશજો ચીનની સત્તા જાળવી શક્યા નહીં. રઘુરાણા રાજ્યો લેહ પર્વતમાળા પૂરતા સીમિત રહ્યા.

અખંડ ભારત - ભારતખંડની વાયવ્ય ઉત્તરી સરહદી હિમાચ્છિત ગિરી શિખરોમાં રઘુ ક્ષત્રિય રાજ્યો પર પરદેશી મુસ્લિમ સલ્તનતોના યુદ્ધ છાપાઓ પડતા. કાન્ય કુબ્જના સમરકંદ, તાસ્કંદ, બુખારા ગુમાવ્યા. ઉત્તર પ્રદેશ પરાસ્ત થઈ ઈરાક, ઈરાન બન્યા. કપીશાએ કાબુલ ઈસ્લામી નામ ધારણ કરી અસ્તિત્વમાં આવ્યું. ઉત્તર કહોરાળા અફઘાન બની ચૂક્યું.

એક પછી એક સરહદી શહેરો - પ્રદેશો પરાસ્ત બનતાં કિલ્લેબંધી વધુ મજબૂત બનાવવા લેહ-લદાખથી સિંધુના ઉત્તર કિનારે ફેલાવતી દક્ષિણે આવતી લેહ પર્વતમાળાના તળેટી મેદાનમાં એક નવા પાટનગરની રચના કરી આ પાટનગરને લોહરકોટ નામ આપ્યું. સમરકંદ બુખારાના રઘુરાજ્યના નામ લોહરપ્રદેશ થયું. લોહર પ્રદેશમાં ૨૪ રાણા રાજ્યો હતા.

મધ્યકાલીન યુગમાં ચંદ્રવંશી રાજગાદી પર આરૂઢ થતાં 'રાજા'નું બિરૂદ પામતા. જયારે સૂર્યવંશી રઘુરાજા રાજ્યારોહણમાં 'રાણા'નું બિરૂદ મેળવતા હોવાથી લોહરપ્રદેશના રાણા 'લોહરાણા'ના નામે અસ્તિત્વમાં આવેલા. આમ, મૂળ સૂર્યવંશીના ક્ષત્રિયો, રઘુરામના યુગમાં રઘુવંશી ક્ષત્રિયો - રઘુ ક્ષત્રિયો, મધ્યકાલીન યુગની શરૂઆતમાં લોહરાણાના નામે ઓળખાયા.

ઈ.સ. ૭૯૦ની સાલમાં લોહરાણાએ મુસ્લિમો સાથે લડાઈમાં કપીશા ગુમાવ્યું. પછી કપીશાને કાબુલ નામ આપ્યું. ત્યારથી માંડીને અગિયારમી સદી સુધી લોહરાણાઓ અને મુસ્લિમો વચ્ચે યુદ્ધ ખેલાતા રહ્યા. ઈ.સ. ૧૦૦૧માં મહંમદ ગઝનીના બાપ સબુક્ત-ગીને લોહરકોટ પર ભયંકર ચઢાઈ કરી ત્યારે લોહરાણાઓએ તેને મારી હટાવેલા. એ પછી ઈ.સ. ૧૦૦૩માં લોહરકોટના રાણા હરપાલના ભાણેજ વચ્છરાજે શેરશાહ મસૂદ નામના મુસ્લિમ બાદશાહને મારી હરાવેલ. વચ્છરાજે રણમેદાનમાં ઘવાયેલા સૈનિકોની સારવાર શરૂ કરાવી. રણ મેદાનમાં વચ્છરાજ ઊભા હતા ત્યારે એક કૂતરૂં આવીને તેમને કરડ્યું. એ હડકાયું કૂતરૂં છે તેવી ખબર પડતાં વચ્છરાજે પોતાની કટાર કાઢીને તેટલો ભાગ કાપી નાખવા માટે હાથ ઉપાડ્યો પણ બાજુમાં ઉભેલા એક સરદારે એમને ચેતવ્યા કે કટાર ઝેર પાયેલી છે. વચ્છરાજે બચકું ભરીને પગની પીંડી કાપીને ફેંકી દીધી. ઘવાયેલા પઠાણો આ માણસની બહાદુરીથી પ્રભાવિત થયા. **પઠાણો અત્યારે પણ વચ્છરાજને દેવ માની પૂજે છે.** આ વચ્છરાજાના મૃત્યુ પછી કૂતરૂં કરડે ત્યારે લોકો એમના સ્થાનકે જવા માંડ્યા. **વચ્છરાજાનું અમુક સમયે અપભ્રંશ થતાં "વાછડાડાડા" નામ થયું.**

ઈ.સ. ૧૦૪૪માં રઘુવંશના જયેષ્ઠ ભાઈ વચ્છરાજની ઈચ્છાથી કુમાર જશરાજનો સોળ વર્ષની વયે લોહરકોટના

રઘુરાણા તરીકે રાજ્યાભિષેક થયો. કેસરીયા સૂર્યવંશધ્વજ સમક્ષ રાજદંડ ધારણ કરી ભારતના સીમા રાજયને પ્રજા રાજય જાહેર કર્યું. રાજ્યાભિષેક સમારોહમાં આવેલા ભારતના રઘુવંશી રાજાઓને તેમના પિતૃઓની શહાદતોનું સ્મરણ કરાવી આંતરકલેશ દૂર કરી એકત્ર કર્યા. આંતરકલેશ ચાલુ રાખવા સામે ભાવિ આગાહી પણ રાજ દરબારમાં સંભળાવી કે ભારતનો આંતર કલેશ સમગ્ર ભારતને મલેચ્છ મુસ્લિમ સત્તાના ગુલામ બનાવશે.

લોહરકોટના નવા પરાક્રમી મહારાજા જશરાજને ખતમ કરવા કાબુલ (કપીશા)ના જલાલે અનેક દાવપેચ ખેલ્યા. તે બધા નિષ્ફળ જતાં તેમને જીવતા કે મૂવા પકડી લાવનારને દસ લાખ અશરફીનું ઇનામ જાહેર કરેલ. વીર જશરાજે તેમના શૌર્યના કારણે શાહીવાઘ તરીકે ઓળખાયા અને મલેચ્છ પ્રજા તેમનું નામ સાંભળતા ભયભીત બનતી.

મોગલ પ્રદેશનો મોગલશાહ ચંગીઝખાન વિશ્વ સામ્રાજયના સ્વપ્ન સાકાર કરવા અશ્વ પર સિંધુ નદી પાર કરી મુલતાનના ઠાકુરોને ખતમ કરવા કાબુલ થઈ ખૈબરઘાટ અને બોલોનધારીના માર્ગે આગળ વધ્યો. વીર જશરાજે ચંગીઝખાનને પરાસ્ત કરી તેના સુબાને મુલતાનના લાતુર દરવાજા બહાર કબ્રનીશ કરી શૌર્યના દર્શન કરાવેલ. વીર જશરાજે અલ્પ જીવનકાળમાં લોહરાણા (લોહાણા)ઓએ ગુમાવેલ કપીશા (કાબુલ) પર ભગવો ધ્વજ ફરકાવી વિજય પત્રિકા ફેલાવી હતી.

ઇ.સ. ૧૦૫૮માં લોહરવંશના છેલ્લા પરાક્રમી મહારાજ વીર જશરાજ હજુ તો કુમારાવસ્થામાં હતા અને લગ્નના માંડવે મીંઢળ બંધાવી પરણવા બેઠા હતા તે વખતે અનેક વખત હારી ચૂકેલા મલેચ્છ મુસ્લિમ આક્રમણકારોએ કપટથી આક્રમણ કર્યું. દુશ્મનો ગાયને આગળ રાખી લડતા હતા.

સેનાપતિ સિંધુદેવ શર્મા કુમાર વીર જશરાજને અજ્ઞાત રાખી હુમલો ખાળવા ઉપડ્યા. પરંતુ સામે હથિયાર છોડવાથી ગૌહત્યા થાય તે વિચારે સૈન્યએ ભારે ખુવારી વેઠી આગળ વધ્યું અને દુશ્મનોના છક્કા છોડાવ્યા. સૈન્યની ભારે ખુવારી અને સિંધુદેવ શર્માના બલિદાનની કુમાર જશરાજને લગ્ન મંડપમાં જાણ થતાં પોખાતી વખતે જ તેમણે મીંઢળ બાંધ્યા હાથમાં તલવાર અને ભાલો લીધા અને આક્રમણકારોને મારી ભગાડી મૂક્યા. પરંતુ ફરીથી દગો થયો. વીર જશરાજને ઉત્તરકોટના લોહરી દરવાજા પાસે વધાવતા હતા ત્યારે હિન્દુ પોષાકમાં મલેચ્છ સૈનિકોએ તેમને વધાવવાના બહાને ધડ ઉપરથી માથું ઉતારી લીધું. સેનાનીઓએ દગાખોર મલેચ્છોને તુરત જ મારી હટાવી દીધા છતાં પંચકલ્યાણી દેવાંગી અશ્વ પર વરરાજા જશરાજનું ધડ યુધ્ધ ખેલી રહ્યું હતું. લોહરાણા સામંત સરદારોએ વરરાજા જશરાજના અશ્વને પકડી, દાદાના ધડ પાસે પ્રતિજ્ઞા લઈ પાણી આપ્યું કે દાદા તમે સદ્‌ગતિ પામો. તમારા લગ્ન ખંડિતતાનું શોકચિહ્ન અમો અને અમારા વંશવારસો લગ્નમાં સદાકાળ અમર રાખીશું. સાંગને સાક્ષીભૂત રાખવા લગ્નમાં સામેલ રાખીશું (સામેલું) વર-વહુને વરઘોડિયા નામે બોલાવાશે તથા તમારી શહીદીને ક્યારેય વિસરવા દેશું નહીં.

લોહરપ્રદેશ ગુમાવ્યા પછી લોહરપ્રદેશ આબાદ ન થયો. કેટલાક પોતાનો ધર્મ બચાવવા સ્થળાંતર કરી ગયા. લોહર પ્રદેશમાંથી ભાગેલા લોહરાણાઓ સિંધ, કચ્છ તથા સૌરાષ્ટ્રમાં ગયા. ત્યાં તેમણે જુદા જુદા વ્યવસાયો અપનાવવા માંડ્યા. ઇ.સ. ૧૪૫૧માં અમુક લોહરાણાઓએ મુસ્લિમ ધર્મને અપનાવ્યો. **આજે મોમીન અને ખોજાઓમાં લોહરાણાઓની રાજા, લાખાણી, ઠક્કર જેવી અટકો પ્રચલિત છે.**

લોહર પ્રદેશના મીરા વિસ્તારના મેરા લોહરો ધર્મને ખાતર ઝઝુમ્યા. તેઓને મુસ્લિમ ધર્મ નહોતો ખપતો એટલે કાઠિયાવાડના બરડા ડુંગરમાં આવીને વસ્યા. તેમણે ખેતી અને પશુપાલનનો વ્યવસાય અપનાવ્યો. પાછળથી તેમની કોમ મેર કોમ તરીકે ઓળખાવા લાગી. મેર, મેમણ, ખોજા ઉપરાંત ખત્રી, સોઢા, રાજપુત અનેક ફાંટા પડ્યા. રાજપુતો પણ લોહરાણાના વંશજો હોવાનું ઇતિહાસ કહે છે.

૧૪૩૯ની સાલમાં લોહરાણા કાલીચરણ ચંદરાણાના ઘરે બાળકનો જન્મ થયો. એણે ગુરૂનાનક તરીકે દુનિયામાં નામ કાઢ્યું. સિંધીઓ અને લોહાણામાંના પૂર્વજો એક જ હતા.

લોહરપ્રદેશના વિજય બાદ દુશ્મનોએ લોહરાણાઓના તમામ ગ્રંથો બાળી નાખતા ભારતમાં લોહરાણા (લોહાણા)ના ઇતિહાસ અંગે કોઈ વિગત મળી નથી. વિદેશી ગ્રંથોમાંથી વિગતો સુલભ ન હોવાથી આજે મોટાભાગના લોહરાણાઓ પણ પોતાના ઇતિહાસથી અપરીચિત છે.

સ્વામી વિવેકાનંદના શબ્દોમાં "જે ભારતના ભવ્ય ભૂતકાળ ઘરે ઘરે પહોંચાડશે એ રાષ્ટ્રનો સાચો સેવક કહેવાશે." ઉક્ત શબ્દોને ઝીલી લોહાણા સમાજની ભાવિ પેઢી સુધી પૂર્વજોના પરાક્રમો અને વીરતાની કથાઓ પહોંચાડી સમગ્ર લોહાણા વંશના ભવ્ય ઇતિહાસને પુનઃ જીવિત કરી નવચૈતન્યનો સંચાર કરવાનો આ લેખથી પ્રયત્ન કરવામાં આવેલ છે. દર વર્ષે ૨૨ જાન્યુઆરીએ વીર જશરાજ શહીદ દિન તરીકે લોહાણા સમાજે ઉજવવો.

***શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદના***
***"પરિવાર પરિચય"માંથી સાભાર***

# વેપારી ગણાતી લોહાણા જ્ઞાતિનો શૌર્યસભર ઇતિહાસ

*'લોહાણા જ્ઞાતિ'ના મૂળ વિશે અવનવા પ્રશ્નો પૂછાતા રહ્યા છે. અહીં તે વિશે પ્રાચીન ગ્રંથોને આધારે રહસ્ય પ્રશસ્ત કરી રહ્યા છીએ.*

લોહાણા જ્ઞાતિ ભારતભરમાં ફેલાયેલી છે અને અત્યારે તે 'વેપારી કોમ' મનાય છે, કિન્તુ એનો ઇતિહાસ જુદો છે.

૧. કોઈ કોઈ લેખકે આ જ્ઞાતિ વિશે એવું લખ્યું છે કે, જૂના જમાનામાં પોઠિયા પર દાણા અને 'લવણ' લાદીને એક ગામેથી બીજા ગામે વેચવા જતી વેપારી કોમ હોવાથી આ જ્ઞાતિને લવણ (મીઠું) પરથી 'લવાણા' કહેવામાં આવી અને પછી તે શબ્દમાંથી લુહાણે કે લોહાણા બન્યો.

૨. એક-બે લેખકે એવું લખ્યું છે કે શ્રી રામના પુત્ર 'લવ' દ્વારા નિર્મિત 'લવકત્તા' (લવ + અલકા) જેને અત્યારે લાહોર કહે છે, ત્યાંના વતની હોવાથી તે જ્ઞાતિ 'લોહાણા' કહેવાય છે.

૩. એક લેખકે લખ્યું છે કે, 'લવ'ના વંશના હોવાથી તેઓ 'લવાણા' કે 'લુહાણા' કહેવાય છે. આ વાતને આંશિક સત્ય કહી શકાય. જે રીતે દિલીપ કે દશરથ કે રામના નામનો વંશ ગ્રંથોમાં નથી, તેમ 'લવ' અને 'કુશ'ના વંશ કહેવા કરતાં રઘુવંશ કહેવા તે ઉપયુક્ત (યોગ્ય) છે. દિલીપ, દશરથ, રામ, લવ, કુશ 'રઘુવંશી' જ હતા અને આ વંશ ધર્મગ્રંથોમાં પ્રસિદ્ધ છે. તેથી લોહાણા જ્ઞાતિને 'રઘુવંશી' કહેવી યોગ્ય છે. આ રઘુવંશ 'સૂર્યવંશ' કહેવાય છે અને તેની ઉત્પત્તિ 'મનુ'ના પુત્ર 'ઇક્ષ્વાકુ'થી માનવામાં આવી છે. ('મનુ'ની પુત્રી 'ઇલા'થી 'ચંદ્રવંશ' ઉત્પન્ન થયો હતો.) આથી લુહાણા જ્ઞાતિ તે સૂર્યવંશી છે.

૪. સિકંદર ઇ.સ. પૂર્વે ૩૨૭માં ભારતની સરહદ સુધી ચડી આવ્યો હતો ત્યારે પંજાબ અને સિંધમાં સૂર્યવંશીના રઘુવંશી લોહાણાનું રાજ્ય હતું એવું ઇતિહાસકારોએ નોંધ્યું છે. તે લોહાણાઓના સંબંધ 'મેવાડ', 'ચિત્તોડ', ઉદયપુર ઇત્યાદિના 'રાણા'ઓ (ક્ષત્રિય રાજાઓ) સાથે હતા એવું પણ ઇતિહાસમાં નોંધ્યું છે.

૫. ઇ.સ. ૧૪૫માં રઘુવંશી ક્ષત્રિય રાણા 'કનકસેન' પંજાબમાંથી, 'સિંધ'માં આવ્યો અને કેટલોક પ્રદેશ જીતીને તેણે ત્યાં રાજ્ય સ્થાપ્યું. તેથી અન્ય રઘુવંશી લોહાણાઓ પંજાબમાંથી સિંધમાં આવ્યા અને મૂલસ્થાન (જેને હાલમાં 'મુલતાન' કહે છે) તેમજ બલુચિસ્તાનની સીમા પાસેના 'લોહાગઢ' કે 'લોહાકોટ'માં વસ્યા.

૬. 'ચટચનામા' ગ્રંથમાં લખ્યું છે કે, 'લોહાગઢ'માં વસેલા સૂર્યવંશી રઘુકુળના રાણા ક્ષત્રિયો ઘણા બહાદુર લડવૈયા હતા. તે લોહગઢના રાણાઓ હોવાથી 'લોહરાણા' કહેવાયા. સમય જતાં આ 'લોહરાણા' શબ્દનો અપભ્રંશ 'લોહાણા' થઈ ગયો. લોહગઢ નામે ત્રીસ હજારની વસ્તીનું શહેર અત્યારે પાકિસ્તાનની સીમા પર છે. જેમાં અરોડા ક્ષત્રિયોનું ભારતની સીમા પ્રદેશના ગામો - શહેરોમાં જોર હતું, ત્યાં સુધી વિદેશી આક્રમણખોરો ભારત પર ચડાઈ કરવાની હિંમત કરી શક્યા ન હતા.

૭. 'લોહાણા'ને બાંવઢા કહે છે. કોઈ લેખકે આ શબ્દને 'પ્રતિકૂળ વૃત્તિવાળા' કે 'આડા' કહ્યા છે. આ વાતોનો અસ્વીકાર કરવો જોઈએ. 'બાવંઢા' શબ્દનો સાચો અર્થ 'સૌને અનુકૂળ રહેનારા' છે.

શ્રીમદ્ ભાગવત (૩/૧૬)માં ભગવાને પોતાના વિશે આવો જ અર્થ જણાવતાં કહ્યું છે કે, 'તમો વિપ્રોને જો મારી ભૂજાઓ (બાં = ભૂજા) પ્રતિકૂળ થતી હોય, તો હું તેને કાપી નાખું (વાઢી નાખું) એટલે કે તમોને હું સદા અનુકૂળ રહીશ.

૮. 'બાંવઢા' શબ્દ વિશે એવું સંશોધન છે કે આ શબ્દ 'જબા વટ' (જીભ કે વચન + આબરૂ કે ટેક)નો અપભ્રંશ છે. સૂર્યવંશી રઘુકુળના રાજા (રાણા ક્ષત્રિય) પોતાના વચનની ટેક રાખનારા હતા. તેથી તો 'રામાયણ'માં કહ્યું છે ને કે 'રઘુકુળ રીત સદા ચલી આયી, પ્રાણ જાઇ પર વચન ન જાઈ...'

'માથું કપાય પણ વચન ન કાપવા દેનાર એટલે કે આપ્યું વચન પ્રાણાંતે પણ ફોક (મિથ્યા) ન કરનાર આ (જબાં + વટ) શબ્દનો અપભ્રંશ જબાંવઢ, બાંવઢ થઈ ગયો છે.

૯. આ 'લોહરાણા' (લોહાણા)ના કુળ પુરોહિત (ગોર) 'સારસ્વત બ્રાહ્મણો' હોય છે. સિંધના 'મૂલસ્થાન (મુલતાન), લોહાગઢ, ઇત્યાદિ સિંધુ નદીની એક શાખા (જેને સરસ્વતી કહે છે) ના તટ પર વસેલાં છે. ત્યાં પ્રાચીનકાળમાં લોહરાણા (રઘુવંશી ક્ષત્રિયો)ની સાથે બ્રાહ્મણો પણ વસી ગયેલાં છે. તેથી તે બ્રાહ્મણ 'સારસ્વત' કહેવાયા. પુરાણોમાં કથા છે કે 'મહર્ષિ દુર્વાસા'ના શાપથી સ્વર્ગમાંથી દેવી સરસ્વતી પૃથ્વી પર માનવદેહ અત્રિ ઋષિના પુત્ર કુમાર ઋષિની પુત્રીરૂપે જનમ્યા. મોટા થઇને તે 'મહર્ષિ અવન' અને 'સુકન્યા'ના પુત્ર 'ઋષિ દધીચી' સાથે પરણ્યા. તેઓના પુત્રો 'સારસ્વત બ્રાહ્મણો' કહેવાયા.

કાલાંતરે લોહરાણાઓ (લોહાણાઓ) પંજાબ અને સિંધમાંથી કચ્છ અને ગુજરાતમાં આવ્યા. તેઓની સાથે તેઓના ગોર સારસ્વત, બ્રાહ્મણો પણ કચ્છ - ગુજરાતમાં આવ્યા. લોહાણાઓ વેપારમાં પડ્યાં અને વૈશ્ય (વાણિયા) જેવા થઈ ગયા. તેઓને જનોઇ, સંધ્યા, હોમ ઇત્યાદિનો અધિકાર છે.

***શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદના "પરિવાર પરિચય"માંથી સાભાર***

સમાજ ઉત્થાન

# ઉત્તરાવસ્થાનું વ્યવસ્થાપન

● શંકર ન. ઠક્કર, નિવૃત્ત નાયબ કલેક્ટર ●

વ્યક્તિગત આરોગ્ય ક્ષેત્રે આવેલી જાગૃતિ અને તબીબી વિજ્ઞાન ક્ષેત્રે થયેલી પ્રગતિને કારણે સમગ્ર વૈશ્વિક સ્તરે વયસ્કોની વય અને વસ્તીમાં સતત વૃધ્ધિ થતી રહી છે. વયસ્કોની વસ્તીમાં ચીન અગ્રસ્થાને છે જ્યાં વયસ્કોની વસ્તી ૧૩ કરોડથીય વધુ છે અને દ્વિતીય ક્રમે ભારત છે. જ્યાં વયસ્કોની વસ્તી ૧૧ કરોડ જેટલી છે. છ દાયકા ઉપરાંતની જીવનની તડકી છાંયડી પસાર કરી ચૂકેલા મનુષ્યો સંપ્રક્ત થઈ જિંદગીના આખરી પડાવમાંથી પસાર થાય છે ત્યારે એમની આર્થિક, શારીરિક, માનસિક, તબીબી વિષયક સમસ્યાઓના સુખદ સમાધાન માટે એમને સુખ - સંતોષ અને શાંતિથી જીવવા દેવા માટે વિવિધ સ્તરે સંવેદના અને ઇચ્છા શક્તિથી વ્યવસ્થાપનની આવશ્યક્તા રહે છે. અને એટલે જ ઉત્તરાવસ્થાનાં વ્યવસ્થાપન માટે સરકાર, સમાજ, પરિવાર અને વ્યક્તિગત રીતે અને સંગઠનના રૂપમાં કટીબધ્ધ થવાની અનિવાર્યતા છે.

આ સમસ્યા કોઈ વિસ્તાર, પ્રદેશ, રાજ્ય કે રાષ્ટ્રની નહીં પરંતુ સમગ્ર વૈશ્વિક સ્તરની હોઈ આ સમસ્યાના સમાધાન માટે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા દ્વારા પણ નક્કર કાર્યવાહી કરવામાં આવી છે અને એની શરૂઆત છેક સને ૧૯૪૮થી શરૂ થયેલી છે. જ્યારે સપ્ટેમ્બર ૧૯૪૮માં સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ સામાન્ય સભામાં **ઠરાવ નંબર-૨૧૩ કરી વાર્ધક્યના હક્કો - ઓલ્ડ એઇજ રાઇટ્સ નિયત કર્યા છે.** જેમાં વયસ્કોને મદદ, રહેવાની સગવડ, ખોરાક, દવા, કપડાં, તબીબી સુવિધા, મનોરંજન, કામ કરવાનો હક્ક, જીવનની સ્થિરતા અને ગરિમાનો સમાવેશ કરાયો છે.

આ સંસ્થાએ હાથ ધરેલી આ કાર્યવાહીમાં વિવિધ સમયે વિવિધ કવાયત થઈ રહેલી છે. જેના મુખ્ય અંશો પરત્વે આછેરો દૃષ્ટિપાત કરીએ તો સને ૧૯૪૯માં ઠરાવ નંબર ૧૯૮થી ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ દ્વારા પેન્શન અંગેની યોજના બનાવી છે. સને ૧૯૮૨માં ઇન્ટરનેશનલ પ્લાન ઑફ એક્શન ઓન એઈજિંગ ઘોષિત કરવામાં આવેલ છે. **સને ૧૯૯૧માં આ સંસ્થાની સામાન્ય સભામાં વયસ્કો માટે કામ કરવાના સિદ્ધાંતો મુકરર કરવામાં આવ્યા છે.** જેમાં પણ એમની સ્વતંત્રતા, સામેલપણું, સંભાળ, સ્વતૃપ્તિ અને સન્માન જેવા મુદ્દાઓ પણ વણી લેવામાં આવ્યા છે. વયસ્કો પ્રત્યે સમગ્ર સ્તરે સંવેદના ઝંકૃત કરવા અને એમની જાગૃતિ અને ક્રિયાશીલતાને અભિનવ આયામ આપવા **૧લી ઓક્ટોબર, ૧૯૯૨થી વિશ્વ વયસ્ક દિનની પ્રતિવર્ષ ઉજવણી** કરવા પણ ઠરાવવામાં આવ્યું છે.

સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના સભ્ય દેશો દ્વારા પણ આંતરરાષ્ટ્રીય બાંહેધરી અન્વયે એમનાં દેશને અનુરૂપ ઉત્તરાવસ્થાનાં વ્યવસ્થાપન અંગે વિવિધ સમયે વિવિધ નીતિ વિષયક નિર્ણયો, કાયદા કાનૂનો અને કાર્યક્રમો ઘોષિત કરવામાં આવ્યા છે. જેમાં ભારત પણ બાકાત રહી શકે જ નહીં. ભારતીય બંધારણના આર્ટીકલ ૪૧ હેઠળ પણ આ અંગેની બંધારણીય જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંતમાં **સને ૧૯૯૯માં વયસ્કોની રાષ્ટ્રીય નીતિ ઘોષિત કરવામાં આવી છે** જેમાં પણ સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ ઘોષિત કરેલા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નીતિમાં પણ સંશોધનની આવશ્યક્તા જણાતાં ડૉ. શ્રીમતી માલિની ગીરીની અધ્યક્ષતામાં એક કમિટીનું ગઠન થયેલું અને તેણે નેશનલ પોલિસી ઑન સિનિયર સિટીઝન્સનો મુસદ્દો તૈયાર કરી કેન્દ્ર સરકારમાં રજૂ કર્યો છે જે સને ૨૦૧૧થી સરકાર દ્વારા વિચારાધીન છે. સને ૨૦૦૫માં ઓલ્ડર પર્સન્સ (મેઇન્ટેનન્સ કેર એન્ડ પ્રોટેક્શન) બીલ તૈયાર થયેલું જે સને ૨૦૦૭માં મા-બાપ અને વરિષ્ઠ નાગરિકોનાં નિભાવ અને કલ્યાણનાં કાયદા મુજબ અમલી થયેલ છે. સને ૨૦૦૮માં ઈંદીરા ગાંધી નેશનલ ઓલ્ડ એઈજ પેન્શન સ્કીમ શરૂ થઈ છે અને તે સાથે વયસ્કોની જિંદગીમાં ગુણાત્મક સુધારો લાવવા કેન્દ્રીય સંકલિત કાર્યક્રમ પણ વિવિધ યોજનાઓ માટે ૯૦% સહાય સાથે પણ તે જ વર્ષમાં ઘોષિત થયેલ છે. સને ૨૦૧૧માં નેશનલ પોલિસી ફોર ધી હેલ્થ કેર ઑફ એલ્ડરલી ઘોષિત થયેલ છે. સને ૨૦૦૭ના નિભાવ અને કલ્યાણના કેન્દ્રીય કાયદા અન્વયે ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૧૧માં નિયમો ઘોષિત કરવામાં આવ્યા છે. સરકારી કક્ષાએ ઉત્તરાવસ્થાનાં વ્યવસ્થાપન અંગે ઘોષિત થયેલા કાયદા કાનૂનો અને કાર્યક્રમોનાં કેટલાક આ મુખ્ય અંશો છે પરંતુ વયસ્કોની જિંદગીમાં ગુણાત્મક સુધારો થયાની વયસ્ક સમાજને અનુભૂતિ થતી નથી. તેના કેટલાક કારણોમાં અમલીકરણ કક્ષાએ ઓછપ અધૂરાશ અને ઉણપની સાથે પ્રસાર પ્રચારની ખામીને કારણે લાભાર્થી વર્ગ સુધી પૂરતી જાણકારી

પહોંચતી ન હોવાનું પણ જણાયું છે.

મોજૂદ વયસ્ક કલ્યાણ જોગવાઈઓ અંગે વયસ્ક સમાજને કેવી અને કેટલી જાણકારી છે તે જાણવા અર્થે થોડા સમય પહેલાં નવી દિલ્હી ખાતે યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ એજન્સી, ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિક ગ્રોથ, તાતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ અને ઈન્સ્ટિટ્યૂટ ફોર સોશિયલ એન્ડ ઈકોનોમિક ચેઈન્જનાં ઉપક્રમે વયસ્ક કલ્યાણની કેટલીક જોગવાઈઓ પરત્વે નમુનારૂપ સર્વેક્ષણ હાથ ધરવામાં આવેલ. જેમાં અમલવારી અને જાણકારી બંનેમાં ખૂબ જ ઓછી ટકાવારી જાહેર થઈ હતી.

આ પરિસ્થિતિના નિવારણ અર્થે તેમજ ઉત્તરાવસ્થાના વ્યવસ્થાપનમાં વયસ્ક કલ્યાણ જોગવાઈઓનો અસરકારક અમલ કરાવવા માટે સબળ, સંન્નિષ્ઠ અને મજબૂત વયસ્ક સંગઠનોની પરમ અનિવાર્યતા છે. શાસ્ત્રોએ પણ કળિયુગમાં સંગઠન શક્તિની અનિવાર્યતા જણાવી છે અને એટલે જ અંતિમ ગંતવ્ય સ્થાન તરફ દોરી જતી માનવીની ઉત્તરાવસ્થાનાં વ્યવસ્થાપન માટે વયસ્ક સંગઠનોની ભૂમિકા વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાનાં ભૂતપૂર્વ મહામંત્રી શ્રી કોફી અન્નાને પણ આ સંદર્ભમાં યથાર્થ જ કહેલું છે કે વયસ્કો ગમે તેટલી સંખ્યામાં હોય, અનુભવ અને બુધ્ધિચાતુર્ય ધરાવતા હોય પરંતુ **જ્યાં સુધી તેઓ સંગઠિત નહીં થાય ત્યાં સુધી તેઓ અન્યાય અને અવગણનાનો શિકાર થયા જ કરશે.** વયસ્ક કલ્યાણને અભિનવ આયામ આપવા, મોજૂદ જોગવાઈ મુજબ વયસ્ક હિતની કાર્યવાહી ન થતી હોય ત્યાં અદાલતનાં દ્વાર ખટખટાવવા, નીતિ નિયમોની કાર્યવાહીને પરિણામલક્ષી બનાવવા આંદોલન કરવા અને વયસ્ક જાગૃતિને ઉજાગર કરી સરકારી કક્ષાએ જે સવલત, લાભ કે રાહત આપવામાં આવે તે અનુકંપા, અનુગ્રહ કે ઉપકાર નહીં પરંતુ એનાં ઉત્તરદાયિત્વનું એક સીધું સાદું સરળ અમલીકરણ જ છે. એની અનુભૂતિ કરાવવા તેમજ વયસ્કો કેવળ માંગણીદાર નહીં પરંતુ સેવાદાતા છે તે સિધ્ધ કરાવવા ‘અવેતન સેવાધારીઓની સિનિયર સિટીઝન બ્રિગેડ’ રચી અણધારી આફત સમયે વહીવટી તંત્રને સહાયરૂપ થવા મજબૂત, સબળ અને વ્યાપક વયસ્ક સંગઠનોની નિતાંત આવશ્યક્તા છે.

ઉત્તરાવસ્થાનાં વ્યવસ્થાપનમાં અગ્રસ્થાને વયસ્ક પોતે જ વ્યક્તિગત રીતે છે. એટલે એને સ્પષ્ટ સમજી લેવાની જરૂરત રહે છે કે નિવૃત્તિ, એ મૃત્યુ માટેનું વેઈટિંગ પીરિયડ નથી પરંતુ મનગમતી સેવાકીય પ્રવૃત્તિ સક્રિયતાથી કરવાની મોકળાશ છે. નિવૃત્તિ પૂર્વે આવનાર કપરા સમય માટેનું આગોતરું આર્થિક આયોજન અનિવાર્ય બની રહે છે. જેથી અન્યાય, અવગણના, નિઃસહાયતા, લાચારી કે એલ્ડર્સ એબ્યુઝ જેવી વિપત્તિઓને નિવારી શકાય. મિતાહાર - વ્યવહાર વાણીથી મનોનિગ્રહ પણ થઈ શકે છે. નિર્વ્યસન સકારાત્મક જીવનશૈલી અને જિંદગીમાં જ્ઞાન, અનુભવ અને કૌશલ્યની ઉપલબ્ધિનું રાષ્ટ્ર અને સમાજનાં ઉત્થાન અને ઉત્કર્ષમાં નિઃસ્વાર્થ વિતરણ વયસ્કનાં જીવનમાં હળવાશ પેદા કરે છે અને તેથી સુખ, શાંતિ અને સંતોષની અનુભૂતિ થાય છે. **વૃદ્ધત્વ એ જીવનસંધ્યા નથી પરંતુ ડહાપણનું પરોઢ છે.** પ્રખ્યાત કવિ અને ફિલસુફ રાલ્ડ વાલ્ડો ઈમર્સને યથાર્થ જ કહ્યું છે કે આપણે મનુષ્યની ઉંમરના વર્ષોની ગણત્રી ત્યાં સુધી નથી કરતા જ્યાં સુધી એની પાસે ગણત્રી માટે અન્ય કશું ઉપલબ્ધ હોય. વયસ્કોએ એની ઉંમરના વર્ષોની ગણત્રી કરવા દેવી કે એની ક્રિયાશીલતાની ગણત્રી કરવા દેવી એ એનાં વિવેકાધિકાર પર જ અવલંબે છે. ઉત્તરાવસ્થાનાં શાંત અને સરળ વ્યવસ્થાપન માટે નીચેની થોડી પંક્તિ પણ મમળાવીએ :

*ઉત્તરાવસ્થામાં આવ્યા છો તો,*
*ફોલ્ટ ફાઈન્ડિંગ કર્યા ના કરો.*
*કરવું જ હોય જો ફોલ્ટ ફાઈન્ડિંગ તો*
*નિજનું કરો અન્યનું શીદને કરો?*
*ફરગેટ કરો, ફરગિવ કરો,*
*બોજ દિલ તણો હળવો કરો*
*નહોતું કશું તારું, નથી કશું રહેવાનું*
*તારું મારું મારું તારું છે આભાસી,*
*સુખદુઃખનું ય એવું છે આવનજાવન*
*ખુશ રહો, ખુશ કરતા રહો*
*હળવા થાઓ, હળવા કરતા રહો.*

*૪૦૩, અંજલી ટાવર,*
*હોસ્પિટલ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૬૭ ૮૮૭૯૫*

## આર્થિક અસમાનતા

*વાસ્તવમાં આપણા ઋષિ મુનિઓએ તહેવારોની ઉજવણીનું આયોજન સમાજના બધા વર્ગના લોકો હળીમળીને કરે એવી ભાવનાથી જ કર્યું હતું. એ દિવસોમાં આર્થિક અસમાનતા આજના જેવી નહીં હોય એવું માની શકાય.* ***આજે જે અસમાનતા જોવા મળે છે એ આજના રાજનેતાઓ અને શાસકોની દેન છે.***

કચ્છ

# કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ

• અશોક મહેતા •

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જવલેશ ઝવેરી દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે કે મુખ્યત્વે કચ્છના ઉદ્યોગોને પાણી પૂરું પાડવા માટે ૧૫૦ એમ.એલ.ડી. કેપેસિટી ધરાવતા ડી-સેલિનેશન પ્લાન્ટ માટે કચ્છના ભદ્રેશ્વર પર પસંદગી ઉતારવામાં આવેલ છે અને ત્યાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP)ના ધોરણે રૂા. ૧૩૦૦ કરોડના ખર્ચે આ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવનાર છે. તે માટે ખાનગી એકમો પાસેથી ટેન્ડર પ્રક્રિયા દ્વારા ભાવપત્રકો મંગાવવાનું પણ તેઓશ્રી વિચારી રહ્યા છે.

ભદ્રેશ્વર પર પસંદગી ઉતારવાનું કારણ એ છે કે જંગીથી તુણા સુધીના બંદરો ક્રીક વિસ્તારમાં આવેલ છે અને ક્રીકનું પાણી ખૂબ જ ક્ષારયુક્ત હોવાથી આ પાણી અને દરિયાના ખુલ્લા પાણીમાં સારો એવો તફાવત હોય છે. ક્રીકનું પાણી વધુ પ્રમાણમાં ટી.ડી.એસ. વાળું, ગંદું અને કિનારાના સોલીડ વેસ્ટ મટીરિયલ સાથેનું હોય છે, જ્યારે દરિયાનું પાણી પ્રમાણમાં ઓછા ટી.ડી.એસ.વાળું અને સોલિડ વેસ્ટ મટીરિયલ વગરનું હોય છે. તુણા પછી વિશાળ દરિયો આવે છે એટલે ત્યારબાદ કોઈ પણ બંદર પાસે ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપી શકાય. તુણા પછી પહેલું બંદર ભદ્રેશ્વરનું આવે છે કે જ્યાં વિશાળ દરિયો ખુલ્લો હોય છે. વળી ધરતીકંપ પછી જે ઉદ્યોગો કચ્છમાં આવ્યા એમાંના મોટાભાગના ઉદ્યોગો અન્ય બંદરો કરતાં ભદ્રેશ્વર બંદરની નજીક આવેલા હોવાથી ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની પસંદગી ભદ્રેશ્વર બંદર પર ઉતારવામાં આવેલ છે.

ડી-સેલિનેશન પ્લાન્ટ એટલે દરિયાના ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવાનો પ્લાન્ટ. દરિયાના પાણીમાં ખારાશ હોવાનું કારણ તેમાં રહેલા ક્ષાર તત્ત્વો હોય છે. આ ક્ષાર તત્ત્વોનું પ્રમાણ ૩.૫ ટકા જેટલું હોય છે કે જેમાંથી ૨.૭ ટકા તો મીઠું હોય છે. ૦.૮ ટકા અન્ય ક્ષારો હોય છે. આપણે ગેસ પર પાણીને એકદમ ઊકાળીએ તો તેમાંથી વરાળ નીકળે છે. એ વરાળને પાઈપ લાઈન દ્વારા બીજા વેસલમાં લઈ જવામાં આવે અને તેનું ટેમ્પરેચર ૦ ડિગ્રી કરતાં પણ ઓછું હોય તો તે વરાળ ફરીથી પાણીમાં પરિવર્તન પામી શકે. આ પાણીમાં કોઈ જ પ્રકારના ક્ષાર બાકી ન રહેતા હોવાથી તે પાણી આપણને એકદમ શુધ્ધ સ્વરૂપે ($H_2O$) મળે. આ જ પ્રકારની પદ્ધતિ ડી-સેલિનેશન પ્લાન્ટમાં અપનાવવામાં આવે છે. અહીં દરિયાના પાણીને કોલસા અથવા લિગ્નાઈટ અથવા ઈલેક્ટ્રિસિટીથી ચાલતા પાવર પ્લાન્ટના તાપથી ૧૦૦ કરતા પણ વધુ ટેમ્પરેચરથી ગરમ કરી તેને વરાળનું સ્વરૂપ આપવામાં આવે છે. વરાળનું અહીં પાણીમાં રૂપાંતર થતાં તે એકદમ શુધ્ધ પાણી એટલે કે ઝીરો TDS વાળું પાણી બની જાય છે. તેમાં ઓક્સિજન અને હાઈડ્રોજન સિવાય કોઈ તત્ત્વો અસ્તિત્વ ધરાવતા નથી. આ રીતે ડી-સેલિનેશન પ્લાન્ટ દ્વારા દરિયાના પાણીને શુધ્ધ પાણીમાં રૂપાંતરિત કરી, એ પાણીનો જરૂરિયાત અનુસાર ઉપયોગ કરવામાં આવે છે. ૦.૦૫ ટકાથી ૦.૫ ટકા સુધીના ક્ષારોવાળા પાણીને શુધ્ધ પાણી કહેવામાં આવે છે અને તેને વપરાશ માટે લઈ શકાય છે. ૦.૦ ટકા ક્ષારવાળું પાણી પણ બની શકે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ એક લિટર પાણીમાં ૫૦૦ મિલિગ્રામ (૦.૦૫ ટકા) કે તેથી ઓછા ક્ષારવાળા પાણીને પીવા યોગ્ય પાણી ગણ્યું છે.

વરાળનું શુધ્ધ પાણીમાં રૂપાંતર કર્યા બાદ જે પાણી બાકી રહી જાય છે તેમાં અનેક પ્રકારના ક્ષારો હોય છે કે જેનાથી દરિયાનું પાણી ખારું બને છે. આ ક્ષારોમાં મુખ્યત્વે મીઠું હોય છે. ડી-સેલિનેશન પ્લાન્ટની બાય પ્રોડક્ટ તરીકે મીઠું બનાવી શકાય. મીઠાના વેચાણ થકી થયેલ આવકના કારણે શુધ્ધ પાણીની કિંમતમાં તેટલો ઘટાડો કરી શકાય.

મીઠું બનાવ્યા બાદ પણ અમુક ક્ષારોવાળું જે પાણી બચે તેને દરિયા કિનારે પાછું ના ઠાલવી દેતાં દરિયામાં પાઈપ લાઈન દ્વારા ૩ થી ૫ કિ.મી. અંદર લઈ જઈ ત્યાં ઠાલવવામાં આવે છે કે જેથી કિનારાના પાણીને તેનાથી બહુ અસર થતી નથી.

ભારતને ૭,૬૧૭ કિ.મી.નો કે જેમાંથી ગુજરાતને ૧,૬૪૦ કિ.મી.નો અને તેમાંથી કચ્છને ૩૫૨ કિ.મી.નો દરિયા કિનારો સાંપડેલ છે. તેથી ભારતમાં ઠેર ઠેર ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની શક્યતાઓ ભરપૂર માત્રામાં રહેલ છે. કચ્છમાં ભદ્રેશ્વરથી છેક જખૌ અને નારાયણ સરોવર સુધી આ પ્રકારના પ્લાન્ટો સ્થાપી શકાય.

જ્યાં જ્યાં વરસાદની અછત હોય અથવા જ્યાં જ્યાં ઉદ્યોગોને પુષ્કળ પ્રમાણમાં પાણીની જરૂરિયાત હોય ત્યાંના લોકોએ અત્યાર સુધી અનેક સ્થળોએ ડી-સેલિનેશન પ્લાન્ટની

સ્થાપના કરેલ છે અને પોતાના શુધ્ધ પાણીની જરૂરિયાતની પૂર્તિ કરેલ છે. દુનિયામાં અત્યાર સુધી આ પ્રકારના અલગ અલગ ક્ષમતાવાળા ૨૦૦ જેટલા પ્લાન્ટ તો સ્થપાઈ ચૂકેલ છે અને તેના થકી દરરોજનું ૪ અબજ લિટર જેટલું શુધ્ધ પાણી મેળવવામાં આવે છે. દુબઈ, શારજહાં, અબુધાબી, સાઉદી અરબ અને લિબિયા જેવા ગરમ દેશો વર્ષોથી આ પ્રકારના પ્લાન્ટ ધરાવે છે અને તેના થકી પોતાના પાણી પ્રશ્નનો નીવેડો લાવે છે. **ઇઝરાયેલમાં માત્ર ચાર ઇંચ વરસાદ પડે છે. ત્યાં ખેતીવાડી માટેનું પાણી પણ આ પ્રકારના પ્લાન્ટમાંથી મેળવવામાં આવે છે.** ભારતમાં આ પ્રકારના પ્લાન્ટો ચેન્નાઇ અને નેમ્મેલીમાં સ્થાપવામાં આવ્યા છે અને તેનાથી દરરોજ પ્લાન્ટની ક્ષમતા પ્રમાણેનું શુધ્ધ પાણી મેળવવામાં આવે છે. મુંબઈ સ્થિત રાષ્ટ્રીય કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર - આર.સી.એફ. આ પ્રકારનો પ્લાન્ટ ધરાવે છે અને દરરોજના ૧.૩૬ કરોડ લિટર (૩૦ લાખ ગેલન) જેટલું શુધ્ધ પાણી બનાવે છે. એ જ રીતે ગુજરાતમાં રિલાયન્સ ૧૬ કરોડ લિટર ક્ષમતાવાળું પ્લાન્ટ ધરાવે છે. કચ્છની વાત કરીએ તો અદાણી, સાંધી અને જી.એમ.ડી.સી. (અકરી મોટા ખાતે) પણ પોતાના ડી-સેલિનેશન પ્લાન્ટો ધરાવે છે.

ડી-સેલિનેશન પ્લાન્ટ એ નવી થીયરી નથી. દુનિયામાં તેનો ઠેર ઠેર ઉપયોગ કરી પીવા માટે, ઉદ્યોગો માટે અને સિંચાઈ માટે પણ આ પાણી વાપરવામાં આવે છે. પાણી વગરનું જીવન શક્ય નથી અને વરસાદના પાણી પર પૂરતો આધાર રખાય તેમ નથી. વિકાસ માટે પણ પાણીની જરૂરિયાત તો રહે જ છે. તો પછી દરિયા કિનારે વસવાટ કરતા લોકો દરિયાના પાણીનો જેટલી ઝડપથી ઉપયોગ કરવા માંડે તેટલી ઝડપથી તેઓ પોતાનો વિકાસ સાધી શકશે. દુનિયાનો ૭૧ ટકા ભાગ દરિયાના પાણીથી ઢંકાયેલો છે. તેથી પાણી જોઈએ તેટલી માત્રામાં મળી શકે તેમ છે. વરસાદના પાણીને દરિયામાં જતું રોકીને તથા ડેમ દ્વારા તેનો સંગ્રહ કરીને અથવા તો ભૂગર્ભમાં ઉતારી દેવા માટે આપણે પૂરતા સક્ષમ ન હોઈએ તો એ પાણી સરવાળે જવાનું તો દરિયામાં જ. એ દરિયાના પાણીમાં રહેલા ૩.૫૦ ટકા જેટલા ક્ષાર કાઢી નાખવામાં આવે તો એ પાણી ખૂબ જ સારી રીતે વાપરી શકાય તેમ છે. આ પ્રકારે મેળવેલ પાણીની ક્ષમતા પણ ખૂબ જ ઉચ્ચ પ્રકારની રહેવાની. શક્ય છે કે આવતીકાલે ડી-સેલિનેશન પ્લાન્ટ કરતાં પણ આ પ્રક્રિયા સસ્તી પડે તેવી કોઈ અન્ય શોધ કરવામાં આવે.

વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છમાં ઉદ્યોગો સ્થપાયા ત્યારથી જ પાણી તેમના માટે વિકટ પ્રશ્ન બની રહેલ અને તેની ગંભીરતા તરતમાં પીછાણી લેવામાં આવેલ હતી. વર્ષ ૨૦૦૩થી જ કચ્છમાં સી વોટર ડી-સેલિનેશન પ્લાન્ટની શક્યતા માટે એ સમયે જ ફોકિયા (ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન)એ કવાયત આદરી દીધેલ હતી અને ડી-સેલિનેશન પ્લાન્ટ ધરાવતી દુનિયાની કેટલીક કંપનીઓના પ્રતિનિધિઓને અત્રે બોલાવી તેમના દ્વારા આ બાબતે પ્રેઝન્ટેશન કરાવેલ હતું અને સરકારશ્રીના લાગતા-વળગતા અધિકારીશ્રીઓ સાથે આ મુદ્દે ચર્ચાનો દોર આગળ ચલાવ્યો હતો.

ત્યારબાદ વર્ષ ૨૦૦૫માં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને ફોકિયાએ સાથે મળીને ઇફકો - ગાંધીનગર ખાતે આ મુદ્દે જ એક આખા દિવસના સેમિનારનું આયોજન ગોઠવેલ હતું અને તેમાં તત્કાલીન ઉદ્યોગમંત્રી શ્રી અનિલભાઈ પટેલ, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા અને ગુજરાત સરકારશ્રીના આ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની જવાબદારી ગુજરાત સરકારે ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ (જી.આઈ.ડી.બી.) પર મૂકેલ છે. **જી.આઈ.ડી.બી. એ વર્ષ ૨૦૦૬માં કચ્છમાં ભદ્રેશ્વર ખાતે ૧૫૦ એમ.એલ.ડી. કેપેસિટીનો ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાનો નિર્ણય કરેલ હતો.** એ સમયના ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલન દ્વારા કરવામાં આવેલ જાહેરાતને અત્રે અક્ષરસઃ રજૂ કરવામાં આવેલ છે.

**તા. ૨૧-૬-૨૦૦૬માં યોજવામાં આવેલ એક મીટિંગમાં તત્કાલીન ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલન દ્વારા એક યોજનાની જાહેરાત કરવામાં આવી હતી કે કચ્છના ભદ્રેશ્વર ખાતે પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશિપમાં — પીપીપી પદ્ધતિથી રૂા. ૬૦૦ કરોડના ખર્ચે ૧૫૦ એમ.એલ.ડી.નો ડી-સેલિનેશન પ્લાન્ટ તેના લિગ્નાઇટ આધારિત પાવર પ્રોજેક્ટ સહિત કચ્છના દરિયાકાંઠે સ્થાપવાનો નિર્ણય લેવાઇ ગયેલ છે. વધુમાં તેમણે જણાવેલ હતું કે આ પ્રોજેક્ટ માટે રૂા. ૪૦૦ કરોડ ફાઈનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂશન પાસેથી અને રૂા. ૨૦૦ કરોડ ઇક્વિટી મૂડી રોકાણ દ્વારા એકત્રિત કરવાની ધારણા રાખવામાં આવેલ છે. તેઓશ્રીએ એ પણ જણાવેલ હતું કે રૂા. ૨૦૦ કરોડની ટોટલ ઈક્વિટીના ૧૦ ટકા એટલે કે રૂા. ૨૦ કરોડ કચ્છના સ્થાપિત ઉદ્યોગકારોએ રોકવા તેવું નક્કી કરવામાં**

**આવેલ છે. આ પ્રોજેક્ટના કન્સલ્ટન્ટ તરીકે મે. આઈ.એસ.એલ.વી.ની નિમણૂક પણ કરી દેવામાં આવેલ છે.**

તા. ૨૧-૬-૨૦૦૬ના ઉદ્યોગ અગ્રસચિવ દ્વારા આટલી સ્પષ્ટ જાહેરાત કરવામાં આવેલ હોવા છતાં આજ દિન સુધી જી.આઈ.ડી.બી. દ્વારા ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના થઈ શકેલ નથી. ખરેખર તો કચ્છમાં સ્થાપિત ઉદ્યોગોની પાણીની જરૂરિયાત દૈનિક ૩૦૦ મિલિયન લિટર (૩૦૦ એમ.એલ.ડી.)ની છે. એ સામે તેમને G.W.I.L. તથા અન્ય એક એજન્સી દ્વારા કચ્છના આ ઉદ્યોગોને અંદાજિત ૫૦ એમ.એલ.ડી. પાણી પૂરું પાડવામાં આવે છે. બાકી રહેતા ૨૫૦ એમ.એલ.ડી.માંથી તેઓ શક્ય પાણી કચ્છના ભૂગર્ભનું ઉલેચવા પ્રયાસ કરે છે. પરંતુ તેમ છતાં તેમની જરૂરિયાત મુજબનું પાણી તેમને પ્રાપ્ત થઈ શકતું નથી. પરિણામે આ ઉદ્યોગો વાર્ષિક રૂા. ૧૦,૦૦૦ કરોડનો પ્રોડક્શન લોસ સહન કરી રહ્યા છે.

તા. ૨૧-૬-૨૦૦૬ના રોજ ઉદ્યોગ અગ્રસચિવ દ્વારા કરવામાં આવેલ જાહેરાત છતાં કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપી ન શકાયું તેની વિગતો નીચે મુજબ જાણવામાં આવેલ છે.

ડી-સેલિનેશન પ્લાન્ટના પાણીના ભાવની કોઈ પણ જાતની બાંહેધરી આપ્યા વગર ગુજરાત સરકારે પાણીના વપરાશ કરનાર એવા દરેક ઉદ્યોગકાર પાસેથી લેખિત સ્વરૂપે ખાત્રી માંગેલ હતી કે તેઓ દૈનિક અમુક (પોતાની જરૂરિયાત અનુસારનું) પાણી લેવાની જવાબદારી સ્વીકારે છે. જ્યારે ઉદ્યોગકારોનું કહેવું હતું કે અત્યારે ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ તેમને નર્મદા નદીનું પાણી ૧૦૦૦ લિટરના રૂા. ૧૫/-ના હિસાબે પૂરું પાડે છે. તેની સામે સરકાર ડી-સેલિનેશન પ્લાન્ટનું પાણી શું ભાવે આપશે તે તેણે લેખિતમાં બાંહેધરી લેતા અગાઉ સ્પષ્ટપણે જણાવવું જોઈએ. સરકાર જે ભાવ નક્કી કરે તે સામે અમને કોઈ વાંધો નથી પરંતુ લેખિતમાં બાંહેધરી આપતા અગાઉ એ ભાવ નક્કી થઈ જવા જોઈએ. સરકાર આ હકીકત સાથે સહમત થઈ ના શકી અને આ મુદ્દા પર વાટાઘાટો તૂટી પડી. અને કચ્છે એ સમયે ડી-સેલિનેશન પ્લાન્ટ ગુમાવ્યો. અગર એ સમયે ડી-સેલિનેશન પ્લાન્ટ કાર્યરત થયેલ હોત તો હાલે ઉદ્યોગો જે નર્મદા નદીનું અને કચ્છનું ભૂગર્ભજળ વાપરે છે તે વાપરવાની કદાચ જરૂરિયાત રહેત નહીં અને કચ્છની જનતાને તથા ખેડૂતોને નર્મદા નદીના તેટલા પાણી વધુ મળી શકત અને કચ્છના ભૂગર્ભનું પાણી તેટલી માત્રામાં ઉલેચાતું અટકી શકત.

વાગડ વિસ્તારના અમુક વિભાગને બાદ કરતાં હાલ વર્ષ ૨૦૧૬માં પણ કચ્છમાં નર્મદા નદીના પાણી પહોંચ્યા નથી. વાગડ વિભાગના અમુક વિસ્તારની મુખ્ય કેનાલમાં જે પાણી પહોંચ્યા છે ત્યાંથી આ પાણી ખેતર સુધી લઈ જવાની કેનાલો બનેલ ન હોવાથી એ પાણીનો વપરાશ ખેડૂતો કરી શકતા નથી. પરંતુ આ વિસ્તારના ધારાસભ્યશ્રીની અદમ્ય લગનીના કારણે મેઈન કેનાલમાંથી અન્ય કેનાલો બનાવીને એ વિભાગના તળાવો અને જળાશયોમાં પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવાની શરૂઆત થયેલ છે. પરંતુ મૂળ યોજના મુજબ એક પણ એકર ખેતીની જમીનમાં પાણી પહોંચાડવાનું કામ હજુ સુધી નર્મદા નિગમ દ્વારા થયેલ નથી. આ વિભાગમાં પણ એ કામ ૧૦૦ ટકા બાકી છે તેવું કહી શકાય.

સમગ્ર ગુજરાતની વાત કરીએ તો નર્મદા નદીના સિંચાઈના પાણી ગુજરાતની ૪૫ લાખ એકર જમીનમાં પહોંચાડવાના હતા. **મૂળ રૂા. ૬૦૦૦ કરોડની યોજના સામે રૂા. ૫૦,૦૦૦ કરોડના ખર્ચ બાદ આજે પણ આ પાણી ૫ લાખ એકર જેટલી જમીનમાં ભાગ્યે જ પહોંચેલ છે.** અગાઉના મુખ્યમંત્રીના ૧૨ વર્ષના રાજય બાદ અને ત્યારબાદના મુખ્યમંત્રીના ૨ વર્ષના રાજ્યારોહણની ઉજવણી સમયે આપણે દરરોજ વર્તમાન પત્રોમાં ગુજરાતની ગતિશીલતાની જાહેરાતો પાના ને પાના ભરીને વાંચેલ છે ત્યારે આ સરકારની નર્મદાના કાર્યોની ગતિશીલતા ઉપરોક્ત વિગતોમાં જણાવેલ છે. આ છે આપણી કામ કરતી સરકાર! અને આ છે આપણી ગતિશીલ સરકાર!

**પરંતુ આ મુદ્દે કચ્છનો સવાલ છે ત્યાં લગી સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં ડાયરેક્ટરપદે નિયુક્ત થયેલ એક માનવંતા કચ્છી ડાયરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરી અને રાપર વિભાગના હાલના ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતાની લગનીમાં આપણને પૂરેપૂરો વિશ્વાસ છે. તેઓ મેઇન કેનાલના કામોની સાથે સાથે બ્રાંચ કેનાલ, સબ બ્રાંચ કેનાલ, સબસીડીયરી કેનાલ અને માઇનોર કેનાલના કામો પણ હાથ પર લઈ શકશે અને શક્ય ત્વરાએ કચ્છના ખેતરોમાં સિંચાઈના પાણી પહોંચાડી શકશે અને કચ્છને સમગ્ર ગુજરાતમાં આ પ્રશ્ને સિધ્ધિ અપાવી શકશે.**

તત્કાલીન ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલનની વાત પર પાછા આવીએ તો જ્યારે આ યોજના પડી ભાંગતી દેખાઈ ત્યારે કચ્છની કોઈ પણ સક્ષમ વ્યક્તિ તેને સાંધી ના

શકી અને કચ્છે પોતાના વિકાસમાં ફરી એક વખત પછડાટ ખાધી. આ પ્રશ્ને કૂટનીતિનો અભાવ વરતાયો.

પ્રશ્નના ગુણદોષની ચર્ચા કરીએ તો ઉદ્યોગપતિશ્રીઓની એ સમયની વાત એકદમ વ્યવહારિક હતી. કચ્છના ઉદ્યોગકારો જ્યારે લેખિતમાં બાંહેધરી આપે ત્યારે તેમને એટલી તો ખબર હોવી જ જોઈએ કે તેઓ શાની બાંહેધરી આપી રહ્યા છે. ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી તેઓને ૧૦૦૦ લિટરના રૂા. ૧૫/-, રૂા. ૨૨/-, રૂા. ૫૦/- કે રૂા. ૧૦૦/-માં પડશે તે જાણ્યા વગર કોઈ પણ ઉદ્યોગ આટલી મોટી રકમથી પોતાના વ્યવહાર કઈ રીતે સાચવી શકે? અન્ય પક્ષે જી.આઈ.ડી.બી.ના અધિકારીઓ પાસે તજજ્ઞોની ફોજ હતી અને તેઓ ચોક્કસપણે આ પ્લાન્ટના પાણીના ભાવ નક્કી કરી શક્યા હોત. પ્લાન્ટના સ્થળે એ સમયે પ્રોડક્શન કોસ્ટ ૧૦૦૦ લિટરના રૂા. ૫૦/- થતા હતા એ જગજાહેર હકીકત હતી. પ્લાન્ટના સ્થળેથી ઉદ્યોગ સુધી લઈ જવાની પાણીની કિંમત ૧૦૦૦ લિટરના રૂા. ૭/- થતી હતી. આ રીતે ટોટલ રૂા. ૫૭/-ના બદલે જી.આઈ.ડી.બી. રૂા. ૬૦/-નો ભાવ જાહેર કરી શકતી હતી પરંતુ આ અધિકારીઓએ કઈ પરિસ્થિતિમાં આ વાટાઘાટો તૂટવા દીધી એ આજે પણ કોયડા સમાન છે. આટલો મોટો પ્રોજેક્ટ કે જેની ખૂબ જ દૂરોગામી અસર પડી શકે તે એક નાના ક્ષુલ્લક કારણોમાં અટવાઈ ગયો એ હકીકત આજે પણ માની શકાય તેમ નથી.

ભારતમાં એક સ્થળે આ પ્લાન્ટની કોસ્ટ હાલે ૧૦૦૦ લિટરના રૂા. ૨૦/- આવે છે જ્યારે અન્ય એક સ્થળે રૂા. ૨૬/- આવે છે. એ સામે ગુજરાત સરકારે એ સમયે રૂા. ૬૦/- નક્કી કર્યા હોત તો તે ચૂકવવાની ઉદ્યોગકારોની માનસિકતા તો હતી જ. એ સમયે કચ્છના એ ઉદ્યોગકારો જ્યારે ટેન્કર દ્વારા પાણી મંગાવતા હતા ત્યારે ૧૦,૦૦૦ લિટરની ટેન્કરના રૂા. ૭૦૦/- ચૂકવતા હતા કે જે ૧૦૦૦ લિટરના રૂા. ૭૦/- થતા હતા.

**ત્યારબાદ ફરી આ વાતે ૨૦૧૧માં આશા જગાવી.** એ સમયે સરકાર જાતે ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના કરે તેવી વાત હતી. અન્ય વિકલ્પ તરીકે સરકારશ્રી વિચારતી હતી કે ૪-૫ ઉદ્યોગકારો સાથે મળીને આ પ્લાન્ટની સ્થાપના કરે. ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના માટે જોઈતા રૂા. ૫૦૦ કરોડ કે રૂા. ૧,૦૦૦/- કરોડ કોઈ પણ મોટા ગજાના ઉદ્યોગપતિશ્રીઓ માટે મોટી વાત ન હતી. પરંતુ તે માટે સરકારશ્રીએ જે તે ઉદ્યોગને પૂરતી સવલતો કે હૂંફ આપવી જોઈએ અને તે માટે સરકાર ફરીથી પૂરેપૂરી નિષ્ફળ ગઈ. એ સમયે અદાણી, વેલસ્પન, દોશી આયન અને અન્ય ઉદ્યોગો સાથે વાટાઘાટો કરવામાં આવી પરંતુ સરકારી અધિકારીશ્રીઓની વધુ પડતી જોહુકમી અને ચીકણાઈના કારણે એ સમયે પણ આ વાટાઘાટોના કોઈ પરિણામ આવ્યા નહીં. સરકારશ્રી જાતે પ્લાન્ટ સ્થાપવામાંથી કેમ પાછી હટી ગઈ તેની જાણકારી આજ દિન સુધી પ્રાપ્ત થઈ શકેલ નથી.

એક તરફ અનેક દેશોના લોકો ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના કરી તેનો ઉપયોગ પીવાના પાણી તરીકે, ઉદ્યોગોના પ્રોડક્શનમાં જોઈતા પાણી તરીકે અને ડ્રીપ અથવા સ્પ્રિંક્લર પદ્ધતિથી બાગાયતી પાકો મેળવવામાં ઉપયોગ કરી વિકાસ તરફ હરણફાળ ગતિએ દોટ મૂકે છે. જ્યારે અહીં ગુજરાત સરકારશ્રીના અધિકારીશ્રીઓને કામ થાય કે નહીં તેની કોઈ જ કિંમત નથી. બસ તેમના મનમાં ઉઠેલા તુક્કા પ્રમાણેની વિગતો નક્કી ના થાય તો અમે નથી રમતા તેમ કહેવામાં પણ બિલકુલ છોછ અનુભવતા નથી. ખરેખર તો આ અધિકારીશ્રીઓની મનમાની પર નિયંત્રણ મૂકી જે-તે ખાતાના મંત્રીશ્રીએ હરણફાળ વિકાસની જ્યોત જલતી રાખવી જોઈએ પરંતુ આપણી કમનસીબી છે કે અધિકારી કરતા ઓછા જાણકાર એવા મંત્રીશ્રીએ અધિકારી કહે એ પ્રમાણે વર્તન કરવું પડે છે. મંત્રીશ્રી દલીલ કરી શકે તેટલું જ્ઞાન તેઓમાં હોતું નથી. જે-તે ખાતાના અધિકારીશ્રી દ્વારા તેઓ દોરવાઈ જાય છે. લોકશાહીની આ એક નકારાત્મક અસર છે. અહીં તજજ્ઞ ન હોય તેવી વ્યક્તિ પણ મંત્રીશ્રીની ઉચ્ચ ખુરશી પર આરૂઢ થઈ શકે છે.

આપણે ઈચ્છીએ કે તા. ૨૨-૫-૨૦૧૬ના 'કચ્છ મિત્ર'ના પહેલા પાને આવેલ સમાચારનો ચાલુ વર્ષ દરમિયાન અમલ કરવાનો ગુજરાત સરકાર નિર્ણય લે (કે જેની શક્યતા અગાઉના અનુભવના કારણે આ લેખના લેખકશ્રીને ખૂબ જ ધૂંધળી દેખાય છે) તો પણ આ પ્રક્રિયાને પૂર્ણ કરતાં અને ડી-સેલિનેશન પ્લાન્ટનું પાણી મેળવતા કચ્છને હજુ ઓછામાં ઓછા બીજા ૩ વર્ષ રાહ જોવી પડશે. પરંતુ આ દરખાસ્તના હાલ પણ ૨૦૦૬ અને ૨૦૧૧ની જાહેરાત જેવા ના થાય એ કચ્છના દરેક વિભાગના મહાનુભાવોએ અને ખાસ તો ફોકિયાના મહાનુભાવોએ ચોક્સાઈ રાખવી પડશે. કચ્છના લોકપ્રિય અખબાર કચ્છમિત્રે પણ આ પ્રશ્ને અવારનવાર જાગૃતતા દાખવવી પડશે.

જી.આઈ.ડી.બી.ના પ્રબંધક શ્રી જવલેશ ઝવેરીએ તા.

૨૧-૫-૨૦૧૬ના કરેલ જાહેરાત અનુસાર કચ્છમાં ભદ્રેશ્વર ખાતે રૂા. ૧૩૦૦ કરોડના ખર્ચે ૧૫૦ એમ.એલ.ડી.ના ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની દિશામાં કોઈ પણ પ્રકારની રૂકાવટ આવે નહીં તેવું દરેક કચ્છી ઈચ્છી રહેલ છે.

એક સર્વે અનુસાર કચ્છમાં સ્થાપિત ઉદ્યોગો હાલે દૈનિક ૩૦૦ મિલિયન લિટર પાણી વાપરી રહ્યા છે. અગર તેઓને ડી-સેલિનેશન પ્લાન્ટનું દૈનિક ૧૫૦ મિલિયન લિટર પાણી મળી શકે તો આગળ બાકી રહેતા દૈનિક ૨૦૦ મિલિયન લિટર પાણી માટે પણ વિચારી શકાય.

કચ્છને ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી મળવાથી શું શું ફાયદા થાય તેની વિગતો પણ ચકાસી, આ લેખ અત્રે પૂરો કરીએ.

૧. કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોનું વાર્ષિક પ્રોડક્શન રૂા. ૧૦,૦૦૦ કરોડ જેટલું વધી શકે છે.
૨. કચ્છમાં નવા ઉદ્યોગો આવતા અટકી ગયા છે તેના દ્વાર ત્યારબાદ ખૂલી જાય.
૩. કચ્છના ભૂગર્ભનું પાણી તેટલા પ્રમાણમાં વપરાતું અટકે.
૪. કચ્છના ભૂગર્ભના પાણીના લેવલ ઊંચા આવે.
૫. કચ્છને નર્મદા નદીના પીવાના પાણી અને સિંચાઈના પાણીમાં તેટલો વધારો મળી શકે.
૬. ડી-સેલિનેશન પ્લાન્ટની સફળતા જોઈ અન્ય ઉદ્યોગકારો પણ ખાનગી રાહે આ પ્રકારના પ્લાન્ટ સ્થાપવાની વિચારણા કરી શકે.
૭. બાગાયતી પાકો માટે આ પાણી ફાળવી શકાય તો કચ્છની ખેતીના પાકોનો પણ વિકાસ થાય.
૮. કચ્છની ખેતીલાયક જમીન પાણીના અભાવે જે બિનખેડાણ જમીન તરીકે પડી રહી છે તેમાં પણ ખેતી થઈ શકે.
૯. કચ્છનું એગ્રીકલ્ચરલ પ્રોડક્શન વધી જતાં ગામડાંના ખેડૂતો સમૃદ્ધ બની શકે.
૧૦. કચ્છના બાગાયતી પાકોની નિકાસ વધી શકે.

આપણે ઈચ્છીએ કે કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની વર્ષ ૨૦૧૬ની જાહેરાત ત્રીજી વખત કરવામાં આવેલ છે પરંતુ હવે તે પણ છેલ્લી બની રહે અને કચ્છના ઉદ્યોગકારોને તથા કચ્છની જનતાને વધુને વધુ પાણી પ્રાપ્ત થઈ શકે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## માણસનું મન....!

**(અનુસંધાન : પાના નં.-૨૨ ઉપરથી ચાલુ)**

વિચારોની અસર કામોમાં ફેલાઈ જાય છે. તેથી મનને સદાય તટસ્થ રાખવા પ્રયત્ન કરવો. આપણી બુધ્ધિશક્તિ મુજબ શક્ય તેટલા ઊંડાણમાં જઈને તેના મૂળ સુધી જઈને પછી નિર્ણય લેવાથી સારાં પરિણામ મળી શકે.

કોઈ પણ કામ પ્રત્યે અવગણના કરવી નહીં કે તેવી વૃત્તિથી કામ કરવું નહીં. કામમાં ઈશ્વરીરૂપ નિહાળીને કામ કરો, અવશ્ય સારું પરિણામ મળશે. સંબંધોમાં કે વ્યવહારોની વાતમાં આપણી વૃત્તિ કે વાતને બીજાના પર આગ્રહપૂર્વક, મારી મચડીને ઠોકી બેસાડવાની વૃત્તિ મનમાં ન રહેવી જોઈએ. મન માટીના ઘડા જેવું છે. તેથી ઈશ્વર પ્રત્યેનો ભાવ એ જ સાચું ધન કહેવાયું છે.

મન ઉપર કાબૂ રાખો. **મનની સ્થિરતા દીવાની જ્યોતની વાટની જેમ સંકોર્યા કરો.** મનની નિર્દોષ ઈચ્છાઓને દબાવશો નહીં. સારા વિચારોને મનમાં ધોળાવા દેવા નહીં. તેનો તુરંત અમલ કરવો. તો જીવનમાં હંમેશાં રચનાત્મક કાર્યો થયા કરશે. તેથી કહેવાયું છે કે મન એટલે મન!!

*સી/૫, પુંજન પાર્ક સોસાયટી, રાધાકુંજ સામે,*
*ગીતાંજલી ચાર રસ્તા પાસે,*
*પીજ રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૨. જિલ્લો : ખેડા*

## સ્ત્રીઓને પુરુષ સમોવડી બનાવવાના પ્રયાસો


**(અનુસંધાન : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ)**

મહિલાઓના આર્થિક સશક્તિકરણની વાત કરીએ તો આજે ઉત્પાદનલક્ષી કાર્યોમાં પણ મહિલાઓ આગળ આવી રહી છે. ઔદ્યોગિક ક્ષેત્રોના અભ્યાસક્રમો પૂર્ણ કરીને નૂતન ઉદ્યોગો શરૂ કરવામાં મહિલાઓ નજરે પડે છે. પ્લાસ્ટિક વેર, કોટન બિઝનેસ, પેપર કાર્ડ, ટોય્ઝ સેલ્સ આદિમાં મહિલાઓએ ઝંપલાવીને નામ રોશન કર્યું છે. આજે તો સંરક્ષણ દળોમાં અર્થાત્ આર્મિ, નેવિ, એરફોર્સમાં પણ ઓફિસર પદે મહિલાઓ વિદ્યમાન છે. અસંખ્ય મહિલા પાઈલોટ દૃષ્ટિગોચર થાય છે. પર્વતારોહણ જેવી સાહસિકતાના ક્ષેત્રે હિમાલયના ઉત્તુંગ શિખરો સર કરનાર મહિલાઓ આપણું ગૌરવ વધારી રહી છે.

મહિલાઓએ સારી રીતે રાજકારણમાં ઝંપલાવ્યું છે. રાષ્ટ્રના વડાપ્રધાનપદે, રાષ્ટ્રપતિ પદે રહી ગૌરવભેર રાષ્ટ્રીય ફરજ નિભાવનારી મહિલાઓએ દેશ અને દુનિયામાં મહિલા ગૌરવ વધાર્યું છે.

*લીમડા લાઈન, સંસ્કારનગર, ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

# કચ્છ : રણ ઉત્સવની તસવીરી ઝલક



## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ આોફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશ્ન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬




## Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

## We Provide

- Complete equipment
  Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com



## શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦
## શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**



જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં,
અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦



॥ જય માતાજી ॥

જયમલસિંહ ઝાલા
૯૮૨૫૭ ૧૯૬૭૮
૯૪૦૯૦ ૪૦૬૭૬



## પ્રતાપસિંહ



પેંડાવાળા
(બાપુ પેંડાવાલા-માંડવી કચ્છ)

કચ્છી પેંડા અને
કચ્છી ગુલાબપાકના
સ્પેશિયાલિસ્ટ

શિયાળાની સિઝનમાં
કચ્છી અડદિયા, ગુંદરપાક,
અંજીરપાક મળશે.

કાજુકતરી, શુધ્ધ ઘી, દૂધ, માવા, ડ્રાયફ્રુટની મીઠાઈ તથા નમકિન્સ

૩, સુકીર્તિ ટાવર, શ્રેયસ સોસાયટી પાસે, આગમ એવન્યુ સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
શ્રી રાણેશ્વર રોડ, માંડવી-કચ્છ. ફોન : ૦૨૮૩૪-૨૩૦૦૪૪



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લક્ઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

## શ્રી હરિ ટ્રાવેલ્સ

પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
કિષ્ના ટ્રાવેલ્સ



સુનિલભાઈ હંસરાજભાઈ દાવડા મો. ૯૮૨૫૦૨૧૪૨૩

## આરતી કોર્પોરેશન

**પ્લાસ્ટીક જમ્બો બેગ ૧ ટન કેપેસીટીનું ટ્રેડીંગ**

૩૮, પી. ડી. એસ્ટેટ, રેવાભાઈ એસ્ટેટની પાસે,
સી. ટી.એમ., અમદાવાદ-૩૮૦૦૨૬



## FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031

કોર્પોરેટ

# કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના ક્ષેત્ર થકી વિકાસના કાર્યો

• અશોક મહેતા •

વર્ષ ૨૦૧૩માં કંપની એક્ટના ભાગ ૧૩૫ દ્વારા કોર્પોરેટ કંપનીઓ માટે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી – સી.એસ.આર. ફરજિયાત કરવામાં આવેલ છે.

દેશની સર્વાંગી પ્રગતિ માટે અત્યંત જરૂરી છે કે દેશની કોર્પોરેટ કંપનીઓ પોતાની સામાજિક જવાબદારીના પાસા પ્રત્યે સંવેદનશીલ બને અને સી.એસ.આર. થકી દેશના વિકાસમાં પોતાનો ફાળો આપે. સરકારે આ બાબતે રોડ મેપ તૈયાર કર્યો છે અને સી.એસ.આર.નો વ્યાપ સર્વગ્રાહી બનાવવાની સાથોસાથ ૧૦ મહત્ત્વના ક્ષેત્રો નક્કી કરી શકાયા છે કે જ્યાં કોર્પોરેટ કંપનીઓ પોતાના યોગદાન થકી આ સામાજિક ક્ષેત્રની સીકલ બદલાવી શકે. (૧) શિક્ષણને ઉત્તેજન આપવું, (૨) જાતિભેદને નાબૂદ કરવો, (૩) પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનવું, (૪) સ્વચ્છતા અને ચોખ્ખાઇને ઉત્તેજન આપવું, (૫) પીવાલાયક પાણીની ઉપલબ્ધતા અંગે ધ્યાન આપવું, (૬) ભૂખમરો ગરીબી અને કૂપોષણને નાબૂદ કરવા, (૭) પ્રિવેન્ટિવ હેલ્થ કેર પદ્ધતિને ઉત્તેજન આપવું અને આ અંગે જાગૃતિ આણવી, (૮) રાષ્ટ્રીય સાંસ્કૃતિક વારસાને જાળવવો, (૯) લશ્કરી સેવામાંથી નિવૃત્ત થયેલા સૈનિકોને અપાતા લાભોમાં વધારો કરવો તથા યુધ્ધમાં શહીદ થયેલાઓની વિધવા અને શહીદની કમાણી પર નભતા કુટુંબીજનોની ખેવના રાખવી તથા (૧૦) પ્રાઇમ મિનિસ્ટર રીલીફ ફંડમાં ફાળો આપવા સહિત અનેક ક્ષેત્રને સરકારે ઓળખી કાઢ્યા છે જેમાં દેશની કોર્પોરેટ કંપનીઓ સી.એસ.આર. થકી પોતાનું યોગદાન આપી શકે છે. ઉલ્લેખનીય છે કે **અગાઉ આ બાબત નૈતિક હતી પરંતુ હવે આ ઋણ અદા કરવું કાનૂની છે.**

આ કાયદા અનુસાર રૂપિયા પાંચ કરોડ અથવા એથી વધુનો નેટ પ્રોફિટ ધરાવતી કંપનીઓ, વાર્ષિક હજાર અથવા એથી વધુ ઉથલો કરતી કંપનીઓ તથા ૫૦૦ અથવા એથી અધિક નેટવર્થ ધરાવતી કંપનીઓએ પાછલા ત્રણ વર્ષના સરેરાશ નેટ પ્રોફિટના બે ટકા રકમ સી.એસ.આર. પ્રવૃત્તિઓ માટે વાપરવી ફરજિયાત છે. આ ઉપરાંત સી.એસ.આર. સમિતિની સ્થાપના કરવી તથા તમામ કોર્પોરેટ કંપનીઓ પોતે કરેલી સી.એસ.આર. પ્રવૃત્તિઓની નોંધ રાખવાનું પણ આ કાયદો ફરજિયાત કરે છે. એક તાજ્જુબીની હકીકત એ છે કે ૨૦૧૫ના વર્ષમાં સી.એસ.આર.ના કાયદાની અંતર્ગત ન આવે એવી, પ્રમાણમાં નાની કંપનીઓએ સી.એસ.આર. પ્રવૃત્તિઓ પાછળ મોટા કોર્પોરેટ હાઉસ કરતાં વધુ રકમ ફાળવી હતી.

ફાનાન્સિયલ એક્ટ, ૨૦૧૪ની કલમ પ્રમાણે સામાજિક જવાબદારી માટે ખર્ચ કરવામાં આવેલી રકમ કરમાંથી બાદ મેળવવાપાત્ર ન હોવા છતાં અમુક ક્ષેત્રમાં કરવામાં આવેલું રોકાણ કંપનીઓ માટે આકર્ષક સાબિત થાય એમ છે. ઉદાહરણ તરીકે સામાજિક અને આર્થિક ઉન્નતિ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારે ઊભા કરેલા ભંડોળ અને પ્રાઇમ મિનિસ્ટર રીલીફ ફંડમાં આપવામાં આવેલી રકમ ૧૦૦ ટકા કરમુક્તિને હક્કદાર છે. આ હકીકતનું અન્ય સારું પાસું એ છે કે એના માટે કોઈ મહત્તમ મર્યાદા પણ નથી. ઈન્કમટેક્ષ એક્ટના સેક્શન ૮૦જી હેઠળ આ રકમ કરમુક્તિને પાત્ર છે. આ ઉપરાંત અમુક જાહેર ક્ષેત્રના એકમોને કરવામાં આવેલા પેમેન્ટ પણ બાદ મળવાને પાત્ર છે. ગ્રામીણ વિકાસના ક્ષેત્રના કાર્યક્રમમાં રત કંપનીઓને આપવામાં આવેલી રકમ કરપાત્ર નથી. સરકારે એટલી બધી જોગવાઈઓ કરી છે કે મંદીનો માર ઝીલી રહેલી કંપની પણ પોતાની સામાજિક જવાબદારી સરળ રીતે અદા કરી શકે છે અને પોતાની ફરજ પૂરી કરી શકે છે.

કંપનીઓ તેની સામાજિક જવાબદારીઓ અદા કરવા માટે પોતાના ફાઉન્ડેશનની સ્થાપના કરવાનો વિકલ્પ ધરાવી શકે છે. બીજો વિકલ્પ સી.એસ.આર. પ્રવૃત્તિઓ હાથ ધરવા અલાયદો વિભાગ રચવાનો પણ વિકલ્પ રહે છે. વિવિધ કંપનીઓ પોતાની સામાજિક જવાબદારીનું પાલન કરવા માટે અને સી.એસ.આર.ની પ્રવૃત્તિઓ હાથ ધરવા અમુક સામાજિક સંગઠનો (એન.જી.ઓ.) સાથે ભાગીદારી પણ કરી શકે છે.

કોર્પોરેટ કંપનીઓ સરકારી સંગઠનો અને એન.જી.ઓ. સાથે ભાગીદારી કરી શકે અને કોર્પોરેટ કંપનીઓ માટે યોગ્ય યંત્રણા ઊભી થાય એ માટે દેશની સર્વોચ્ચ રાષ્ટ્રીય સંસ્થા તરીકે કેન્દ્ર સરકારે 'નેશનલ ફાઉન્ડેશન ફોર કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી'ની સ્થાપના પણ કરેલ છે.

***(વર્તમાનપત્રોના અહેવાલના આધારે)***

દીપશીખા

# માણસનું મન....!

• કિરીટકુમાર પી. જોષી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી •

મન એટલે શું? મન એટલે ઈચ્છા. મન એટલે રૂચિ. મન એટલે તૃપ્તિ - અતૃપ્તિ. "મારું મન નથી કરતું." અહીં અરૂચિનો ભાવ છે. "મને ત્યાં જવાનું મન નથી થતું..." અહીં ઈચ્છાનો ભાવ છે. મનના ખેલ અનેક છે. કોઈને કોઈ રીતે તે આપણને અંધારામાં રાખ્યા કરે છે. મનના તરંગોને પિછાણવા સરળ નથી. જે વાત જાહેર નહીં કરવી હોય તો તેના હજાર બહાના એ ઊભા કરશે. બુધ્ધિ દ્વારા દલીલો કરીને એ કોઈ પણ રીતે સુંદર બહાના હેઠળ વાત ગળે ઉતારી દેશે. તેથી માણસે મનનું સમતોલપણું ક્યારેય ન ગુમાવવું. મનને ખોતરવાથી કે એકની એક વાત વારંવાર વાગોળવાથી કશો ફાયદો થતો નથી. **મનનું સમતોલપણું આપણે પ્રત્યેક પળે જાળવવાનું છે.** મનની અંદર ઘર કરી ગયેલી માન્યતાઓ કે પૂર્વગ્રહોને, મતમતાંતરોને છોડીને યોગ્ય - યોગ્યતા, સારા-નરસાની ચકાસણી કરીને અપનાવવા જેવી બાબતોને અપનાવો. બુધ્ધિ જેટલી શુદ્ધ હશે તેટલા પ્રમાણમાં આપણા સત્ય, અસત્યને, સારા-ખરાબને મૂલવવાની ક્ષમતા સુદ્રઢ રહેશે. **જે કાંઈ કરો તેનો સર્વ પ્રકારે વિચાર કરીને કરો.** આપણું મધ્યબિંદુ આપણે પોતે છીએ. એનું સતત સ્મરણ રાખવાનું છે. મનને જેવી સંગત આપશો એવા પ્રકારની ભાવના થશે. તેને જેટલી સોબત આપીશું એવી અસર આવ્યા વિના રહેશે નહીં. મનને સાચી રીતે સમજાવી ન શકાય ત્યાં સુધી તે કોઈ કામમાં લાગતું નથી. તેથી ધારેલ પરિણામ મેળવી શકાતું નથી. મનને એકાગ્ર કરવું. મનન વડે માણસ પ્રભુ સ્મરણ કરે, સમજણપૂર્વકની પ્રભુ સ્મરણ કરવાની ભાવનાને મનન કહેવાય. એ જ રીતે કોઈપણ કાર્યમાં ઓતપ્રોત થઈ જનારને એકાકાર થયો કહેવાય. મનને સતત જાગૃત રાખો. મનની દુનિયામાં અનેક કલ્પનાઓ, તરંગો, ઉડ્ડયનો, વિચારોની વૃત્તિઓ, લાગણીઓ છે તેમાં મન અટવાઈ પડે છે. તેથી **મનને લગામમાં રાખવા માણસે સતત જાગૃત રહેવું જરૂરી છે.** આપણા મનમાં અનેક પ્રકારના સંસ્કારો પડ્યા છે. મન જાગૃત હશે તો તે બહાર આવ્યા કરશે. સંસ્કારોનો ઉભરો સતત આવ્યા કરતો હશે ત્યાં અનિષ્ટ વિચારો પ્રવેશી શકશે નહીં.

'નવરો માણસ શેતાનિયત કરે છે' એવી કંઈક કહેવત છે, તે સાચી છે. મનને સતત પ્રવૃત્તિમય રાખો. સતત કર્મમાં પરોવાયેલું રાખો. **સતત પ્રવૃત્તિમય રહેલ મનના જેવી બીજી કેળવણી કોઈ નથી.** આપણી ઘણી ટેવોમાં આળસ ઘર કરી બેઠેલો છે. આળસના પણ અનેક પ્રકારો છે. તેથી મનને સતત કાર્યમાં પરોવાયેલું રાખો. સારા કાર્યો - સત્કાર્યમાં પરોવાયેલું મન, સતત એવા કાર્ય કરવાની ઈચ્છા રહ્યાં કરે તેવું મનનું રૂપ એ મનનું શુધ્ધ રૂપ છે. કોઈના ભલામાં આપણને રસ રહે. કોઈને મદદકર્તા થવામાં રસ રહે. તેનાથી કોઈનું સારું થાય તેમ હોય એવી શુભવાંછના ભાવના રહ્યાં કરે. એવી ભાવનાઓ જીવનમાં ઉતારનાર વ્યક્તિનું મનનું શુધ્ધ રૂપ કહી શકાય. ભૌતિક કે પાર્થિવ પદાર્થોમાંથી આનંદ મેળવવા કરતાં અધિક આનંદ પરોપકાર કરવાની ભાવનામાંથી આનંદ મેળવે તે મનનું શુધ્ધ રૂપ છે.

મનને પૂરા પ્રયત્નો દ્વારા પ્રત્યેક વિષયમાં ઊંડાણપૂર્વક સતત પ્રવૃત્તિમય - અભ્યાસમય રાખીને કેળવતાં રહીએ તો એ વિષયમાં પાવરધા થવાશે. તેથી મનને સતત કોઈ વસ્તુ કે કોઈ કામ બાબતે ઉત્સાહપૂર્વક તેના સંપર્કમાં રાખ્યા કરવાથી એમાં શિથિલતા આવશે નહીં. જ્યારે કામ પ્રત્યે મન અરૂચિ ધરાવતું થાય ત્યારે એનું પરિણામ પણ સારૂં મળી શકતું નથી.

મનને સ્વચ્છ રાખવા માટે પ્રાર્થના - બંદગી વગેરે ઉત્તમ સાધન છે. શરીર અને કપડાનાં મેલને ધોવાથી મેલ જતો રહે છે તેમ **મનના મેલને ધોવા માટે તમે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરો તો મનનો મેલ ધોવાય છે. જેના મન, બુધ્ધિ અને પ્રાણ સ્વચ્છ રહે છે - શુધ્ધ રહે છે તેના હાથે હંમેશાં સારા કાર્યો થયા કરે છે.** સ્નાનની જેમ પ્રાર્થના કરવાની ટેવ સૌથી સારી ટેવ છે. મનને શાંતિ મળે છે. પ્રાર્થના માટે પણ સ્વયંઊર્મિથી, અંતરની ભાવનાથી પ્રાર્થના કરવી જોઈએ, થવી જોઈએ. નમ્રતાથી, ભાવનાથી, શ્રદ્ધાથી કરેલ પ્રાર્થનાવાળાના જીવન હંમેશાં તેજસ્વી બને છે. પ્રાર્થનાથી - તેના સતત અભ્યાસથી જીવનમાં સારા વિચારો - કાર્યો કરવાની પ્રેરણા મળે છે. મન એ ઇન્દ્રિયોનો સરદાર છે. આપણી વૃત્તિઓ, સંસ્કારો, પ્રવૃત્તિઓ, આપણામાં જાગેલી સહજ વૃત્તિઓ વગેરે પ્રેરણાનાં બળો બની રહે છે. આપણાં વિચારો આપણને ઘડે છે. આપણા વિચારોની અસર આપણાં કામો પર પડે છે. અવાજના તરંગો વાતાવરણમાં ફેલાઈ જાય છે તેમ આપણા વિચારોના મોજાઓ,

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૮ ઉપર)

વાર્તા

# દાળ ઢોકળીનું ઋણ

• બલવીરસિંહ જાડેજા •

'સાહેબ, આજે જમવાનું અમારે ત્યાં રાખવાનું છે હોં!'

'અરે હસમુખલાલ, ફરી ક્યારેક. કામ એટલું બધું છે કે મહેસાણા થઇને પાલનપુર પહોંચતા જ મોડું થઈ જશે. જમવાનો સમય નીકળી જશે. રસ્તામાં જ ક્યાંક અમે – હું ને ડ્રાઈવર કટક-બટક કરી લઈશું.'

'પણ એકવાર અમારે ત્યાં ચોક્કસ સમય લઈને જમવા આવો. સાવ સાદું જ જમવાનું, આપને માફક આવે તેવું જ બનાવીશું. ખાસ તો આપને દાળ-ઢોકળી પસંદ હોય, તો મારા નાના ભાઈ અમરતલાલના પત્ની નીતા, દાળ ઢોકળી સરસ બનાવે છે. એમણે એમના લગ્ન પહેલા ભુજમાં, રસોઈની હરીફાઈમાં દાળ ઢોકળી બનાવીને પહેલું ઇનામ પણ મેળવેલ છે.'

'એમ...? સરસ, બહુ સરસ! અમરતભાઈના પત્ની ભુજના છે?'

'હા... કેમ?'

'તો, તો મારા બહેન ગણાય. મારું વતન પણ કચ્છમાં જ છે. હવે તો નાની બહેનના હાથની દાળ ઢોકળી ખાવા તો જરૂર એકવાર આવવું જ પડશે.' એમ કહી કંસારા સાહેબે, મોટા ભાઈ હસમુખલાલને ત્યાં જમવાનું આમંત્રણ સ્વીકાર્યુ.

અમરતલાલ અને હસમુખલાલ બંને ભાઈઓ, પાલનપુરમાં ટ્રેક્ટરની ડિલરશીપ ધરાવતા હતા. સ્વતંત્ર બંગલામાં ઉપર-નીચે કુટુંબ સાથે રહેતા હતા. કંસારા સાહેબ કંપનીના એરિયા મેનેજર. એટલે વારંવાર ડિલરની વિઝીટમાં કંપનીનો ધંધો વધારવા, દરેક ડિલરને ત્યાં આવતા - જતા. કોઈવાર સેલ્સ રીપ્રેઝન્ટેટીવ સાથે અથવા કોઈવાર ડ્રાઇવર સાથે એકલા પણ જઇ આવતા. એમણે જ આ બંને ઉત્સાહી ભાઈઓની ડિલર તરીકે પસંદગી કરાવી હતી. પહેલા બંને દરેક ટ્રેક્ટરના સ્પેર પાર્ટસનું વેચાણ કરતા. બંને ભાઈઓ છેલ્લા બે વરસથી ટ્રેક્ટરના વેચાણમાં મહેનત, ખંત અને કંસારા સાહેબના માર્ગદર્શન નીચે, ખેડૂતોનો વિશ્વાસ જીતીને આ બ્રાન્ડના ટ્રેક્ટરોના વેચાણમાં બનાસકાંઠા જિલ્લા અને કંપનીમાં પણ પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી. 'ભૂમિ ટ્રેક્ટર્સ' જિલ્લાના ખેડૂતોનું જાણીતું અને માનીતું નામ બની ગયું હતું.

બે-એક મહિના પછી નવું નાણાંકીય વર્ષ શરૂ થવાના અનુસંધાને, દરેક ડિલરોની મુલાકાતે જતા કંસારા સાહેબે 'ભૂમિ ટ્રેક્ટર્સ'ની મુલાકાત લીધી અને અમરતભાઈના ઘરે, દાળ - ઢોકળી જમવાનો કાર્યક્રમ બનાવ્યો. નીતા બહેન અને મીના બહેનના હાથની દાળ ઢોકળી ખાધા પછી કંસારા પાસે, વખાણ કરવાના શબ્દો ખૂટી પડ્યા. નીતા બહેન અને મીના બહેનને પોતાના તરફથી, વતનની દીકરીઓ તરીકે રૂા. ૫૦૦/-ની રકમના બે કવર બનાવી, એક-એક કવર આપી, બંને બહેનોનો ઉત્સાહ વધારતા ગયા અને ફરીવાર દાળ ઢોકળી ખાવા આવવાનું આમંત્રણ પણ સ્વીકારી લીધું.

ધંધાકીય રીત રસમ અનુસાર બે-ચાર દિવસે એકવાર નવા ઓર્ડર, ગત સપ્તાહની કામગીરીની છણાવટ, આગલા સપ્તાહની યોજના, સર્વિસ કે સ્પેર પાર્ટસ ટ્રેઇનિંગ, સર્વિસ કેમ્પ વગેરે વિશે વાત કરતા શ્રી કંસારા સાહેબે નોંધ લીધી કે ફોન ઉપર હંમેશાં નાનાભાઈ અમરતલાલ જ વાત કરે છે જ્યારે સામાન્ય રીતે વેચાણ સિવાયનો હવાલો સંભાળતા હસમુખલાલ ફોન ઉપર આવતા નથી. એ બાબત તપાસ કરતાં, અમરતલાલે કહ્યું કે, 'ભાઈ હસમુખલાલની તબિયત બરાબર નથી એટલે ઘરે જ રહે છે.'

'શું તકલીફ થઈ છે?'

'ખાસ કાંઈ તકલીફ નથી પણ કહ્યા કરે છે કે કાંઈ ગમતું નથી. કામમાં મન લાગતું નથી. વિચારો આવ્યા કરે છે વગેરે વગેરે...'

'ડૉક્ટરને બતાવ્યું?'

'હા. પણ ડૉક્ટર કહે છે કે એમને કોઈ બીમારી નથી. ખોટા વિચારો કર્યા કરે છે અને લાગણીશીલ સ્વભાવ હોવાથી ડિપ્રેશન જેવું છે.'

જમાનાના અનુભવી શ્રી કંસારાને ખ્યાલ આવી ગયો કે સામાન્ય રીતે લાગણીશીલ સ્વભાવની વ્યક્તિ અને આધુનિક સમયમાં હરીફાઈને લઈને, વેચાણ અને વેચાણ પછીની સેવાઓને લઈને કે સમયસર ગ્રાહકને સમય અને સંજોગોને લઈને, સર્વિસ કે સ્પેર પાર્ટસ ન પહોંચાડી શકવાથી ડિપ્રેશન જેવી બીમારી લાગુ પડવી આમ વાત છે. વિગતવાર અમરતલાલ સાથે નિરાંતે, ઓફિસના કામ સિવાયના સમયે વાત કરતાં જાણવા મળ્યું કે હસમુખલાલને ઘર અને ધંધાની ચિંતા રહ્યા કરે છે. બેંક પાસે લોન કે ઓવરડ્રાફ્ટની રકમ ભરવામાં વહેલું મોડું થાય તો ચિંતા અને કોઈ કારણસર ઉઘરાણીમાં વિલંબ થતા રાતોની

રાતો ઉજાગરા થાય છે. ત્રણ બાળકો છે, જે હજી નાના છે. એમના પત્ની મીનાબેન તો ઘણા સારા સ્વભાવના છે અને સાદા ગૃહિણી છે. ઘણું સમજાવે છે કે ધંધામાં આવું ચાલ્યા કરે... છતાં હસમુખલાલ સમજતા નથી. બંગલામાં ઉપર હસમુખલાલ અને નીચે અમરતલાલ રહે છે. એટલે રોજેરોજની એકબીજાની પ્રવૃત્તિની ખબર તો રહે જ. વળી ધંધો પણ સાથે. શો રૂમ, દુકાન અને વર્કશોપ સવાર-સાંજ જવા આવવાનું કે બપોરે જમવા આવવાનું પણ સાથે. નાના ભાઈ અમરતલાલને, મોટાભાઈ હસમુખલાલની ચિંતા પણ ઘણી. એમની ગેરહાજરીમાં, હિસાબ કિતાબ કે વર્કશોપ, સર્વિસની વધારાની જવાબદારી અમરતલાલને સંભાળવી પડે. પોતાની વેચાણની જવાબદારી તો ખરી જ. હરીફાઈનો ધંધો! એક ગ્રાહકની પાછળ દરેક ટ્રેક્ટર કંપનીવાળા પોતાનું મોડેલ વેચવા દોડાદોડી કરે. એટલે અમરતલાલ જો મોટાભાઈ હસમુખલાલ હાજર હોય તો વેચાણ પ્રત્યે વધુ ધ્યાન આપી શકે. નવરાત્રિ, દશેરા, દિવાળી, લાભ પાંચમ જેવા તહેવારોની સીઝન અને ખેડૂતોનો સારા વરસાદ પછી ટ્રેક્ટર ખરીદીનો ઉત્સાહ જોતાં, અમરતલાલને મોટાભાઈની ચિંતા કોરી ખાય. શું કરવું?

મેનેજર કંસારાને પણ આવા હોનહાર, મહેનતુ અને સક્ષમ ડિલર જો આવનારી સીઝનમાં, પાછા પડે તો કંપનીના વેચાણમાં ફટકો પડે. શું કરવું જોઈએ?

કાંઈક તો કરવું જ રહ્યું. હસમુખલાલને ફરી પાછા દોડતા કરવા જ રહ્યા. એક દિવસ કંસારાએ અમરતલાલને સામેથી ફોન કર્યો, 'આવતીકાલે હું ડ્રાઈવર સાથે આપણા મહેસાણાના ડિલર, તમારા મિત્ર શિવશક્તિ ટ્રેક્ટર્સવાળા શ્રી સહદેવભાઈને લઈને, નીતાબહેન - મીના બહેનના હાથની દાળ ઢોકળી ખાવા આવું છું અને દર વખતની જેમ હસમુખલાલ પણ આપણી સાથે જ જમશે. તબિયત ખરાબનું બહાનું નહીં ચાલે.' અમરતલાલ તો મોટાભાઈ હસલમુખલાલની બીમારીથી કંટાળેલા જ હતા. શું કરવું કાંઈ સુઝતું નહોતું. કંસારા સાહેબે ફોન ઉપર કહેલું કે, 'ચિંતા કરો મા, બધું ઠીક થઈ જશે. હું આવું જ છું ને!' અમરતલાલે પત્ની નીતાને બીજા દિવસના કંસારા સાહેબના કાર્યક્રમની જાણ કરી અને બંને ગૃહિણીઓ તૈયારીમાં લાગી ગઈ.

કાર્યક્રમ મુજબ સવારે-સવારે શો રૂમ ઉપર શ્રી સહદેવભાઈ સાથે આવી પહોંચેલા કંસારા સાહેબે ધંધાકીય કામગીરી પૂરી કરીને જમવાના સમયે અમરતલાલના ઘરે, ડાઈનિંગ ટેબલ ઉપર, ઉપર રહેતા હસમુખલાલને બોલાવી લીધા. રસ્તામાંથી મહેસાણાની દૂધસાગર ડેરીના, સર્વોદય ભંડારના લાડુના બે પેકેટ પણ સાથે લઈને આવેલા, તે ટેબલ ઉપર મૂક્યા.

હસમુખલાલ ઢીલા ઢીલા આવ્યા અને નમસ્કાર કરીને બેઠા. 'કેમ હસમુખલાલ, તબિયત બરાબર નથી?'

'હા.'

'શું થાય છે તમને?'

'મજા નથી. કાંઈ ગમતું નથી.'

'કાંઈ વાંધો નહીં. ચાલો, આજે નીતાબહેન - મીનાબહેને બનાવેલી સ્વાદિષ્ટ દાળ ઢોકળી સૌની સાથે જમો એટલે મજા પણ આવશે અને તબિયત પણ સારી થઈ જશે.' શ્રી કંસારાએ નાનાભાઈ અમરતલાલને ઈશારો કરી ચૂપ અને શાંત રહેવા જણાવ્યું. સૌએ દાળ ઢોકળીને ન્યાય આપ્યો. ભરપેટ સ્વાદિષ્ટ દાળ ઢોકળી ખાધી. ખાસ કરી હસમુખલાલને પણ આગ્રહ કરી 'હજી લ્યો, હજી લ્યો...' કહીને પીરસાવી. હસમુખલાલ ના... ના... કરતા રહ્યા.

'જો તમે લ્યો, તો હું અને સહદેવભાઈ અને અમરતલાલ પણ લઈએ. તમારે અમને સૌને ભૂખ્યા રાખવા છે?' એમ કરી કરીને સૌએ આનંદ કરતા કરતા સ્વાદિષ્ટ ભોજન પૂરું કરી બંને ગૃહિણીઓના પણ ભરપેટ વખાણ કર્યા અને વાતાવરણ હળવું બનાવી દીધું.

હવે શરૂ થયો બીજો તબક્કો. જેના માટે અમદાવાદથી અહીં સુધી આવવાનો કાર્યક્રમ બનાવ્યો હતો શ્રી કંસારાએ.

જમી પરવાર્યા પછી ફરી શ્રી કંસારાએ હસમુખલાલને પૂછ્યું, 'હસમુખલાલ, તમને શું તકલીફ થાય છે? કેટલાય સમયથી કહ્યા કરો છો અને અમરતલાલને પણ પૂછીએ તો કહે છે, તમારી તબિયત સારી નથી. શું થયું છે તમને?'

'કહ્યું ને સાહેબ, ગમતું નથી. મજા નથી આવતી.'

'હસમુખભાઈ, તમને કાંઈ જ થયું નથી. મજા આવવી કે ન આવવી એ તમારા હાથની વાત છે. તમે જાતે ખોટા વિચારો અને આશંકાઓ કરીને જે હજી નથી બન્યું એ ના બનવાની, નેગેટીવ કલ્પનાઓ કરીને, વિચારીને, તમારી જાતને તો નુકસાન કરી જ રહ્યા છો પણ તમારૂં કુટુંબ, તમે પોતે જ ભાઈ સાથે જમાવેલા ધંધાને કેટલું નુકસાન કરી રહ્યા છો એ વિચાર્યું છે, બોલો?'

'તમે કદી વિચાર કર્યો છે કે તમે ઘરે સૂઈ રહો, બહાર ન નીકળો, કોઈની સાથે વાત ન કરો કે બેઠા બેઠા સીગારેટ પીધા કરો તો તમારા પત્ની અને નાના બાળકો શું વિચારતા હશે ખબર છે? બાળકોના મનમાં કેટલાય એવા વિચારો આવતા હશે કે,

'....અમારા પપ્પાને એવી તે કેવી બીમારી છે કે ડૉક્ટરોની દવાથી પણ ફરક પડતો નથી. સાજા થતા નથી. શું એ પહેલા જેવા સારા નહીં થાય? અમારી સાથે પહેલાની જેમ નહીં બોલે કે અમને ફરવા નહીં લઈ જાય? અમને વાર-તહેવારે મનગમતી વસ્તુઓ, રમકડા - મીઠાઈ નહીં અપાવે?'

તમારા શ્રીમતીની શું હાલત હશે કદી વિચાર્યું છે? તમને દિવસ-રાત પથારીમાં પડ્યા રહેતા જોઈને એમને શું ઊંઘ આવતી હશે? શું વિચારતા હશે કે મારો ચૂડી ચાંદલો નંદવાઇ તો નહીં જાય ને? મારા બાળકોને હું કઈ રીતે મોટા કરીશ? ભલે લક્ષ્મણ જેવો નાનો ભાઈ અમરતલાલ હો, પણ દરેક સ્ત્રીને પોતાના સુહાગની ચિંતા તો થાય જ ને! તમે કદી વિચાર કર્યો છે કે, મારો નાનો ભાઈ એકલો ધંધો કઈ રીતે સંભાળતો હશે? એના મનમાં શંકાઓ જાગશે કે શું મારા ભાઈ હવે ફરી ધંધાને પહેલાની જેમ નહીં સંભાળી શકે? બંને ભાઈઓએ મહેનત કરીને જમાવેલો ધંધો ચોપટ તો નહીં થઈ જાય! હજી તો બંનેના બાળકો તો બહુ નાના છે, મોટાભાઈ વિના હું કઈ રીતે ટકી શકીશ? એવો વિચાર કરનાર નાના ભાઈનો તમે કદી વિચાર કર્યો છે?

અસ્ખલિત વાણી પ્રવાહ અને માર્કેટિંગના અસરકારક પ્રવચનથી ઘરનું વાતાવરણ તો ક્યારનુંયે સ્તબ્ધ હતું પણ હસમુખલાલ અને અમરતલાલ બંને સહિત, બંનેની ધર્મપત્નીઓ અને બાળકો સહિત સૌની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી.

હજી છેલ્લી ઓવરનો રોમાંચ, ક્રિકેટની રમતમાં બાકી હોય તે રીતે શ્રી કંસારાએ સજ્જ થઈ ફરીથી શરૂઆત કરી.

'તમારા ધંધાના સ્થળે, લાંબા સમયની ગેરહાજરી જોઈને તમારા ગ્રાહકો, શુભેચ્છકો, તમારો સ્ટાફ કે તમારી સાથે સંકળાયેલો વેપારી વર્ગ શું વિચારતો હશે ખબર છે? હસમુખલાલની બીમારી શું સાજા ન થઈ શકાય તેવી ગંભીર છે? કેમ લાંબા સમયથી ગેરહાજર છે? આ પાર્ટી એટલે કે ભૂમિ ટ્રેક્ટર્સમાં કાંઈ કસ નથી એવું વિચારી, ધીમે ધીમે તમારાથી વિમુખ થતા જશે કે જઈ રહ્યા હશે.' જવાબ આપો મને! શું તકલીફ છે? ધંધામાં અપ-ડાઉન તો આવ્યા જ કરે. આવો સરસ ધંધો, પ્રેમાળ પત્ની અને બાળકો, આવો નાનો ભાઈ એમનો કદી વિચાર કર્યો છે તમે? ઉમદા સ્વભાવના અને સહનશીલ તથા ઉદાર કુટુંબના સભ્યોનો વિચાર કર્યો છે તમે? મને જવાબ આપો! આવા પ્રેમાળ કુટુંબ મેળવવા બદલ આભાર માનો ભગવાનનો આભાર, હસમુખલાલ! અને હું અને મારી કંપની જેમણે તમને લાંબાગાળાનો વિચાર કરીને ડિલરશીપ આપી, ખાસ કરીને મેં ભલામણ કરી તમને નિમણૂક આપી, હું શું જવાબ દઈશ મારી કંપનીના મારા ઉપરીઓને? શું છે તમને તકલીફ બોલો?

અસ્ખલિત અસરકારક વાણી અને હૃદયને સ્પર્શી જાય તેવી લાગણીસભર રજૂઆત અને કુટુંબની જવાબદારીનો અહેસાસ કરાવતા વાક્યોથી હસમુખલાલની આંખો તો વહેતી જ હતી પણ જમ્યા પછી સામાન્ય રીતે સીગારેટ પીતા હસમુખલાલના હાથમાં સીગારેટ પણ એમને એમ સળગાવ્યા વિના રહી ગઈ હતી.

'જુઓ હસમુખભાઈ, જરા પાછળ જુઓ. તમારા બાળકો અને ભાઈના કુટુંબના ચહેરા અને આંખો જુઓ કે તમારી નથી, છતાં કહેવાતી બીમારીએ બધાને કેવા સાચેસાચ બીમાર બનાવી દીધા છે! માટે હવે ઊભા થાવ. મનમાંથી અને મગજમાંથી બધું ખંખેરીને 'મને કાંઈ જ નથી. હું પહેલાથી પણ વધુ સાજો-સારો છું. મારે હજી ઘણું કરવાનું બાકી છે' એમ વિચારીને આવતીકાલથી ફરીથી ભાઈ સાથે શો રૂમ ઉપર જવા લાગો. ભલે દવા લ્યો, પણ એ પણ થોડા સમય માટે અને હા, આ સીગારેટ, જે એક જાતનું જાતને છેતરવાનું બહાનું કે વ્યસન છે, જેની જરૂર નથી એને પણ તમારા ખોટા વિચારો સાથે આજથી જ ફેંકીને ઊભા થાવ, ચાલો!'

'અને હા... તમારા હાથે જ આ પડેલા, લાડુના બંને પેકેટને ભગવાનને ધરાવીને પ્રસાદરૂપે બધા બાળકો અને ઘરના સભ્યોને, મને, સહદેવભાઈ — સૌને તમારા સાજા થવાની ખુશીમાં મોં મીઠું કરાવો. ચાલો, ઊભા થાવ.'

સૌની આંખોમાં હજી પણ આંસુ તો હતા જ પણ હવે ચિંતા કે દુઃખના નહીં પણ આનંદ અને ખુશીના હતા. જેવા હસમુખલાલે લાડુનો પ્રસાદ ધરાવી સૌને લાડુ આપ્યા ત્યારે સૌ બાળકો પપ્પા - દાદાને ભેટી પડ્યા અને ખુશી ખુશી છવાઈ ગઈ.

સૌ ખુશી સાથે કંસારા સાહેબ તરફ આભારની લાગણી સાથે જોઈ રહ્યા અને ફરી દાળ ઢોકળી ખાવા માટે આવવાનું આમંત્રણ આપ્યું.

પરત ફરતા ગાડીમાં મહેસાણાના ડિલર સહદેવભાઈએ કંસારા સાહેબને કહ્યું, 'સાહેબ, તમે તો કમાલ કરી. ખરેખર કોઈ ડૉક્ટર જ કરી શકે એવું કામ કરીને હસમુખલાલને સાજા કરી દીધા.'

'અરે... સહદેવભાઈ! ગમે તેમ તોય દાળ ઢોકળીનું ઋણ ચૂકવવાની ફરજ તો ખરી કે નહીં?'

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*પ્રોફેસર્સ કોલોની સામે,*
*'ચાઇલ્ડકેર' પાછળ,*
*વિજય ચાર રસ્તા પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

લઘુકથા

# પંકજ - તારક

● ધીમંતકુમાર પી. ભટ્ટ ●

કચ્છના છેવાડાના તાલુકાનાં ધ્રુડુલી ગામે શિક્ષકની નોકરી કરતા ઉમિયાશંકરનું ત્રીજું સંતાન પુત્રી પંકજનો જન્મ થયો, જે જન્મથી જ અંધ હતી. નાનકડા ગામમાં તેના માતા-પિતા શક્ય તેટલી માવજત રાખી ઉછેરવા લાગ્યા. ત્યાર પછી તે સમજણી થતાં તેને સમજાવી આગળ વધવા પ્રોત્સાહન આપી, ભવિષ્યમાં મા-બાપ નહીં હોય ત્યારે પોતાના પગ ઉપર ઊભા રહેવા સમજણ આપી, અમદાવાદમાં અંધ શાળામાં ભણવા તથા હોસ્ટેલમાં દાખલ કરી તેની માતાએ પોતાની છાતી પર પથ્થર મૂકી ભારે હૃદયે કચ્છ પ્રયાણ કર્યું.

પંકજને પણ એક જ લગની કે મારે મારું કામ જાતે કરી ભણવું છે અને તે દર વર્ષે શાળામાં પ્રથમ નંબર મેળવી આગળ વધતી ગઈ. પછી તેને લાગ્યું કે મને જે મુશ્કેલીઓ પડે છે તેવી મુશ્કેલીઓ મારા જેવા ભાઈ-બહેનોને ન પડે તેથી એક સંસ્થાના નેજા હેઠળ તેમના વિકાસ માટે અનેક પ્રયત્નો કરતી રહેતી.

હવે તે યુવાનીમાં ડગ માંડતી હતી. તેની સંસ્થામાં તેને મદદ કરતા આવા જ એક યુવક સાથે તે પરિચયમાં આવી. બંને એકબીજાની લાગણી સમજતા હોવાથી તે મૈત્રી પરિણયમાં પરિણમી અને બંનેએ લગ્ન કરી લીધા અને સાથે મળી એક જ ઉદ્દેશ કે આપણા જેવા અંધ ભાઈ-બહેનોનું ઉત્થાન થાય, પ્રગતિ થાય તથા તેમને માટે તમામ સવલતો મળી રહે, પગભર થાય તે માટે નાના નાના ગૃહ ઉદ્યોગો જેવા કે લાકડાનું ફર્નિચર બનાવવું, નેતર - વાંસમાંથી ખુરશી, ટોપલા, છાબડી વગેરે બનાવી રોજગારી મેળવી આપવી. **પંકજ અને તારકના આદર્શ યુગલની તો અંધજન મંડળમાં વાહ વાહ થાય!** તેમણે અંધ યુવક - યુવતીઓનો જીવનસાથી પસંદગી મેળો યોજીને તો કમાલ કરી નાખી. બધાએ તેમના આયોજન માટે ખૂબ જ તારીફ કરી અને તેઓ પોતાના જેવા અનેક યુવક-યુવતીઓને થાળે પાડવા અનેક પ્રયત્નો કરતા રહેતા હતા.

હવે તેમને એક સુંદર બાળક થયું. તેનું તેમણે કમલ નામ રાખ્યું. તે દેખતો હતો. તેથી બંનેમાં ખૂબ જ ઉત્સાહ ઉમંગ હતો. તેઓ જ્યાં પણ જાય, ત્યાંથી કમલ માટે એકાદ રમકડું તો અવશ્ય લાવે.

કમલ પણ હવે મોટો થતો હતો. તે તેના મા-બાપની આંગળી પકડીને દોરતો હતો અને ખરા અર્થમાં લાકડી બન્યો હતો.

પણ કુદરતને તેઓનું આ સુખ મંજૂર નહોતું. તેમનો પુત્ર કમલ વારંવાર બીમાર રહેતો હોવાથી તપાસ કરાવતા, ડૉક્ટરશ્રીએ બ્લડ કેન્સર હોવાનું જણાવ્યું. આ જાણીને તો બંને પર જાણે વજ્રઘાત થયો. તેઓએ આ બાળકની સારવાર પાછળ રાત-દિવસ જોયા નહીં તેમજ પૈસા પણ પાણીની જેમ ખર્ચ્યા. છતાં કોઈ ફેર પડતો ન હતો. બંનેની આંખમાં આંસુઓ સૂકાતા નહોતા. તેમને હવે જે કોઈ મળવા આવતા ત્યારે પ્રથમ એક જ પ્રશ્ન પૂછતા કે કમલને હવે કેમ છે? પરંતુ કમલ બધાને 'બાય બાય' કરી આ લોકમાંથી વિદાય થઈ ગયો.

સૌની આંખોમાં આંસુઓ સાથે ખૂબ જ ગ્લાનિ થઈ. આ યુગલ પર આવી પડેલી આ અણધારી આપત્તિમાં તેમને સહન કરવાની શક્તિ આપે તેવી સૌ પ્રાર્થના કરવા લાગ્યા. પંકજ અને તારક હવે પોતાનું હૃદય ફરી કઠણ કરી સંસ્થાના કાર્યમાં મૂક સેવક બની સેવા કરવા લાગી ગયા. પરંતુ તેના મનની વ્યથા કોઈ જાણી શકતું ન હતું.

થોડા સમય પછી ફરી તે યુગલ આનંદમાં રહેવા લાગ્યું. તેથી તેમની સાથે કામ કરતાં સહ કર્મચારીઓને ખૂબ જ નવાઈ લાગી. આખરે સૌએ એક દિવસ હિંમત કરીને પ્રશ્ન પૂછી નાખ્યો કે તમારામાં આવેલું આ ખુશીનું કારણ શું છે? તેના પ્રત્યુત્તરમાં તેઓએ જણાવ્યું કે અમો એક અનાથ આશ્રમમાં મદદ કરવા માટે તથા ફળ - કપડાં વહેંચણી કરવા ગયા હતા, તે દરમિયાન એક અનાથ બાળકને કોઈ દાખલ કરવા આવ્યું હતું. **ત્યારે અમોને એકાએક વિચાર આવ્યો કે આપણે એ જ બાળક દત્તક લઈ લઈએ તો કેમ?** અમે બંનેએ સંમતિથી નિર્ણય કર્યો અને બાળક પુત્ર સ્વરૂપે ઘેર લાવ્યા અને અગાઉ જેવા જ અમે ખુશ રહીએ છીએ.

*ગાંધીનગર*

*મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦*

## સુખની વહેંચણી

*આપણે ચીલો ચાતરીને સુખને વહેંચીએ તો જરૂર બમણું થવાનું. સુખ વહેંચવાથી વધે છે અને દુઃખ વહેંચવાથી ઘટે છે એ લોકોક્તિ યાદ રાખવા જેવી છે.*

સમાજની ક્ષિતિજો

# સ્ત્રીઓને પુરુષ સમોવડી બનાવવાના પ્રયાસો

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

પુરાતન પુરુષ પ્રધાન સામાજિક વ્યવસ્થાએ સ્ત્રીઓને ખૂબ જ અન્યાય કર્યો છે – મહિલા શક્તિ, તેમની સાહજીકતા, સાહસિકતા, શિક્ષણને રૂંધી નાખ્યા. **મહિલાઓને તો માત્ર સહન જ કરવાનું એટલે સહનશીલતાની મૂર્તિનું બિરૂદ અપાયું.** શું મહિલાઓ દુષ્કર્મ, અન્યાય, દુરાચાર, અત્યાચારનો સામનો ન કરી શકે? પરિણામ તો જુઓ – અનેકાનેક દમનોનો ભોગ બની અનેક મહિલાઓએ આત્મહત્યાનો સહારો લઈ મહામૂલું મોંઘેરું માનવજીવન ખોઈ નાખ્યું.

પુરાતન ખ્યાલો ભૂલ ભરેલા, પાંગળા એવા હતા કે મહિલાઓને શિક્ષણથી વંચિત જ રાખવી. તેમને જો શિક્ષણ અપાશે તો તે પુરુષ સમોવડી બની જશે. પુરુષોના કાબૂમાં નહીં રહે - પુરુષોની જોહુકમી સહન નહીં કરે. ન્યાય મેળવશે. પુરુષો કે જે દમન કરતા હશે તેમને જેલના સળિયા પછવાડે ધકેલી દેશે. શિક્ષિત મહિલા પાસે પુરુષો ધાર્યું નહીં કરાવી શકે - કેટલાક સંજોગોમાં મહિલાઓ પુરુષોને લાચાર બનાવી બેસશે.

મહિલાઓ પર દમનની બાબતે સંયુક્ત રાષ્ટ્રના મતે પ્રત્યેક ત્રણ મહિલામાંથી એક મહિલાને હિંસા કે મારપીટનો અનુભવ થાય છે. તેનો અર્થ એ થયો કે એક બિલિયન મહિલાઓ કે તેથી પણ વધુ આવા અત્યાચારોનો ભોગ બની રહી છે.

મહિલાઓને જીવનના તમામ આર્થિક ક્ષેત્રોમાં પ્રવેશવા ગુણવત્તાયુક્ત શિક્ષણ ખૂબ જ આવશ્યક છે. ભારતમાં મૂળ અધિકારોમાં આ બાબતનો સમાવેશ કર્યો તે અતિ મહત્ત્વની બાબત જ કહેવાય. ઈ.સ. ૨૦૦૯નો રાઈટ ટુ એજ્યુકેશને ઈ.સ. ૨૦૧૦માં કાયદાનું સ્વરૂપ લીધું છે. દેશમાં સર્વશિક્ષણ અભિયાન પાંગરી રહ્યું છે.

દેશમાં પ્રાથમિક, માધ્યમિક શાળાઓની સંખ્યા વધતી ચાલી છે. ખાસ તો ગર્લ્સ સ્કૂલ અને ગર્લ્સ હાઈસ્કૂલો વધવા પામી છે. સ્ત્રીઓને મફત શિક્ષણ આપવાની ઝુંબેશ સફળ રહી છે. ઉચ્ચ કેળવણી ક્ષેત્રે **'રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષણ અભિયાન' કાર્યરત છે.** ગામડાઓની કન્યાઓ સ્કૂલ સુધી જઈ શકે તે માટે ગુજરાત રાજ્યમાં કન્યાઓને સાઈકલ આપવામાં આવે છે. કન્યા કેળવણી દિન પ્રતિદિન વિકાસોન્મુખ બનવા પામે તે માટે ગુજરાત સરકાર કટીબધ્ધ છે.

સમગ્ર વિશ્વના ૭૭૪ મિલિયન યુવા નિરક્ષરોમાંથી ભારતમાં ત્રીજા ભાગના નિરક્ષરો ૨૮૭ મિલિયન વસવાટ કરી રહ્યા છે. વિશ્વમાં કુલ નિરક્ષરોમાં બે તૃતિયાંશ મહિલાઓ છે. હાલે પુરુષો તથા મહિલાઓનો સાક્ષર દર સુધરવા પામ્યો છે. ઈ.સ. ૧૯૧૧થી ૨૦૧૧ દરમિયાન પુરુષ સાક્ષર દર ૮૨.૧ થયો છે જ્યારે મહિલા સાક્ષર દર ઈ.સ. ૧૯૧૧માં ૧.૧ હતો તે ૨૦૧૧માં ૬૫.૫ ટકા થયો છે. આદિ જાતિ, અનુસૂચિત જાતિ આદિમાં પણ સાક્ષરતા દર વિકાસ પામતો રહ્યો છે. મહિલા શિક્ષણમાં નવ જાગૃતિના મંડાણ થવા પામ્યા છે. એટલું જ નહીં, **મહિલાઓ શિક્ષણને કારણે વધુ પગભર બનતી જ રહી છે.**

સશક્તિકરણ એક અનોખી ક્ષમતા સર્જક પ્રક્રિયા છે અને તે મહિલાઓની સલામતી, આરોગ્ય, શિક્ષણ અને નાણાંકીય સ્થિતિમાં સુધારો થાય ત્યારે જ હાંસલ થઈ શકે છે.

ઈ.સ. ૨૦૦૫ની ભારતમાં નેશનલ હેલ્થ મિશન શરૂ કરવામાં આવ્યું. તદનુસાર ગ્રામ્ય ક્ષેત્રોમાં દવાખાનાઓની જોગવાઈ, પ્રસૂતિ અંગેની સગવડો, બાળકોની માવજત ઉછેરની વ્યવસ્થા, માતાને પૌષ્ટિક ખોરાક માટેની વ્યવસ્થા કરવામાં વૃધ્ધિ થતી રહી છે. પ્રસૂતિ દરમિયાન થતા રોગો પર નિયંત્રમ વધ્યું છે. પ્રસુતા માતાના મૃત્યુનું પ્રમાણ ઘટ્યું છે. બાળ મૃત્યુનું પ્રમાણ ઘટ્યું છે. સ્ત્રી ભ્રૂણ હત્યા પર નિયંત્રણો મૂકાયા છે.

મહિલાઓની સુરક્ષા માટે ઈ.સ. ૨૦૧૩માં ક્રિમિનલ એમેન્ડમેન્ટ એક્ટ પસાર કરવામાં આવ્યો. પુરુષોએ કરેલા બીભત્સ ચેનચાળા, બળાત્કાર આદિ સતામણીમાં સંડોવાયેલાઓને કડકમાં કડક સજાઓની પેરવી કરવામાં આવી છે. મહિલાઓ નોકરીના સ્થળે સંપૂર્ણ સુરક્ષિત રહી શકે તેવી જોગવાઈઓ અસ્તિત્વ ધરાવે છે.

મહિલાઓને વ્યુહાત્મક ક્ષેત્રોમાં સલામતી, સુરક્ષા, પુનર્વસવાટ માટે સરકારશ્રીએ **"નિર્ભયા ફંડ"** ઊભું કર્યું છે. જેની રૂા. ૨૦૦૦ કરોડની દરખાસ્ત હતી. જેમાં મહિલાઓની તબીબી સારવાર, પોલીસ પ્રોટેક્શન, મફત કાનૂની સલાહ, ફ્રી ઑફ ચાર્જ વકીલની જોગવાઈ આદિ સંલગ્નિત છે.

નોકરી કરતી મહિલાઓને પ્રસુતિ માટેની રજા ૧૨ અઠવાડિયાથી વધારીને ૨૬ અઠવાડિયા કરાઈ છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૮ ઉપર)**

# સ્વાસ્થ્ય મને વારંવાર માઇગ્રેન (માથાનો દુઃખાવો) થાય છે – ૨

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

**● ફેમિલી ડોક્ટરો પાસે માથાના દુઃખાવાના દર્દીઓ :**

ફેમિલી ડૉક્ટરો પાસે આવતા બધા દર્દીઓમાં માથાના દુઃખાવાની ફરિયાદ પ્રથમ પાંચ ફરિયાદોમાંની એક ફરિયાદ છે. સ્ત્રીઓમાં માથાના દુઃખાવાની ફરિયાદ પુરુષો કરતાં વધારે જોવા મળે છે.

**● શું માથાનો દુઃખાવો બીમારીનું નિદાન છે?**

માથાનો દુઃખાવો થવો એ બીમારીની ફરિયાદ છે, જે દર્દી કરે છે. એ બીમારીનું નિદાન નથી. વિશ્વ આરોગ્ય સંસ્થાના આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણના પુસ્તક (ICD-10) માથાનો દુઃખાવો એ બીમારી નથી. જેમ તાવ આવવો એ બીમારી નથી પણ બીમારીનું લક્ષણ છે, ફરિયાદ છે. માથાનો દુઃખાવો થનાર દર્દીને મૂળમાં શું બીમારી છે એનું નિદાન ડૉક્ટરે કરવું અગત્યનું છે. સારવારમાં દર્દનાશક દવાઓ (Pain Killers)ને બદલે મૂળ બીમારીની સારવાર કરવી જરૂરી છે. મૂળ બીમારી પર કાબૂ આવતાં માથાના દુઃખાવાની ફરિયાદ દૂર થાય છે. જેવી રીતે તાવની ફરિયાદમાં મૂળ બીમારી (ટી.બી., ન્યુમોનિયા, વાઇરલ વગેરે) સારવાર કરવાથી તાવ કાબૂમાં આવે છે તેવી જ રીતે મૂળ બીમારીની સારવાર કરવાથી માથાના દુઃખાવામાં રાહત મળે છે.

**● યોગ્ય નિદાન તથા યોગ્ય સારવાર :**

યોગ્ય નિદાન તથા યોગ્ય સારવાર માટે માથાનો દુઃખાવો કેટલા સમયથી છે તથા માથાના દુઃખાવાની માત્રા કેટલી છે એ પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવે છે :

**૧. તાજેતરનો / ટૂંકા સમયનો માથાનો દુઃખાવો : (Acute Headache)**

એક મહિનાથી ઓછા સમયથી થતો માથાનો દુઃખાવો તાજેતરનો માથાના દુઃખાવા (Acute Headache)માં વર્ગીકરણ કરાય છે. જિંદગીમાં પહેલાં ક્યારેય માથાનો દુઃખાવો ન થયો હોય અને એક મહિનાથી ઓછા સમયનો માથાનો દુઃખાવો હોય તે તાજેતરનો માથાનો દુઃખાવો ગણાય છે.

તાજેતરના માથાના દુઃખાવા માટે શારીરિક બીમારીઓ મોટેભાગે કારણભૂત હોય છે. ન્યુરોલોજિકલ વૈદ્યકીય તપાસ તથા સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન, ઈ.ઈ.જી. વગેરે તપાસ આ દર્દીઓ માટે કરાવવી અગત્યની છે.

યોગ્ય નિદાન બાદ શારીરિક સારવાર આવા કિસ્સાઓમાં મહત્ત્વની છે.

**૨. વચ્ચેના સમયનો માથાનો દુઃખાવો (Sub Acute Headache) :**

એક મહિનાથી વધારે સમયનો પરંતુ છ મહિનાથી ઓછા સમયના માથાના દુઃખાવાનું વર્ગીકરણ આ ક્ષેત્રમાં થાય છે. જેમ માથાના દુઃખાવાનો સમય વધારે (અઠવાડિયા કે મહિનાઓમાં) તેમ શારીરિક કારણોની સંભાવના ઓછી થતી જાય છે. આ ક્ષેત્રના દર્દીઓમાં શારીરિક કારણોની જોડે મનની તપાસ (લાગણીઓ, વિચારો, વર્તણૂક વગેરેની) તપાસ પણ કરવી જરૂરી છે.

યોગ્ય નિદાન બાદ શારીરિક સારવાર અને / અથવા મનની સારવાર કરવાથી માથાના દુઃખાવામાં રાહત મળે છે.

**૩. લાંબા સમયનો / વારંવાર થતો માથાનો દુઃખાવો (Chronic / Frequent Headache) :**

છ મહિનાથી વધારે સમયથી થતા માથાના દુઃખાવાને લાંબા સમયનો (Chronic) માથાના દુઃખાવામાં વર્ગીકરણ કરાય છે.

થોડા સમય માટે માથાનો દુઃખાવો થાય પછી મટી જાય, ફરી પાછો માથાનો દુઃખાવો થાય અને મટી જાય એવા માથાના દુઃખાવાનું વર્ગીકરણ વારંવાર માથાના દુઃખાવામાં (Frequent Headache) કરાય છે.

આ બંને પ્રકારના માથાના દુઃખાવા માટે મનની વૈજ્ઞાનિક તપાસ કરવી ખૂબ જ અગત્યનું છે કારણકે આ પ્રકારના માથાના દુઃખાવા માટે અસ્વસ્થ મન (લાગણીઓ, વિચારો વગેરે) કારણભૂત હોય છે. શારીરિક તથા ન્યુરોલોજિકલ તપાસ આવા કિસ્સાઓમાં નોર્મલ આવે છે. (તપનનો કિસ્સો – લેખ 'કચ્છશ્રુતિ'માં ઓક્ટોબર-૨૦૧૬માં પાના નં.-૬૩)

ન્યુરોલોજિકલ ક્લિનિકના સર્વેક્ષણ મુજબ લાંબા સમયનો / વારંવાર થતા માથાના દર્દીઓની સંખ્યા વધારે હોય છે.

સર્વેક્ષણ મુજબ તાજેતરના માથાના દુઃખાવા દર્દીઓ ૮% હતા. વચ્ચેના માથાના દુઃખાવાના દર્દીઓ ૧૦% તથા લાંબા સમયના / વારંવાર થતા માથાના દુઃખાવાના દર્દીઓ ૮૨% હતા.

- **મનની તપાસ :**

મનની તપાસ માથાના દુઃખાવાના દર્દીઓમાં નીચેની બે પદ્ધતિથી કરવામાં આવે છે.

**(૧) માનસિક તપાસ (Mental Status Examination – M.S.E.)**

મનોચિકિત્સક મનોવૈજ્ઞાનિક રીતે મનની તપાસ કરે છે. દર્દીના વિચારો, લાગણીઓ, વાતચીતની પધ્ધતિ, ગ્રહણ શક્તિ, યાદશક્તિ વગેરે ઉંડાણમાં તપાસે છે. તેમજ નજીકના કુટુંબીજનો પાસેથી દર્દી વિશેની જરૂરી ઉપયોગી માહિતી ખાસ કરીને વર્તણૂક, અન્ય જોડે વાતચીત કરવાની પધ્ધતિ વગેરે વિશે ઉંડાણમાં માહિતી મેળવે છે. દર્દીનો સ્વભાવ તથા વલણ વિશે પણ માહિતી મેળવે છે. જેના પરથી માનસિક નિદાન (Psychiatric Diagnosis) કરાય છે.

**(૨) વૈજ્ઞાનિક પધ્ધતિથી માથાના દુઃખાવાની નોંધ (Scientific Headache Diary) :**

મનોચિકિત્સક દર્દીને માથાના દુઃખાવાની પધ્ધતિસરની નોંધ ડાયરીમાં રાખવાનું કહે છે. દર્દીએ જાતે નિખાલસપણે નોંધ રાખવી જરૂરી છે. નજીકના કુટુંબીજનને પણ આ જ પ્રમાણે નોંધ રાખવાની હોય છે.

આ નોંધમાં નીચેના મુદ્દાઓ આવરી લેવાય છે.

(a) દુઃખાવો શરૂ થાય ત્યારનો સમય (સવાર, બપોર, સાંજ વગેરે) તથા દિવસ.

(b) માથાનો દુઃખાવો માથાના કયા ભાગથી શરૂ થયો અને બીજા કયા કયા ભાગમાં પ્રસર્યો.

(c) માથાના દુઃખાવા સિવાયના બીજા લક્ષણો (ઉબકા આવવા, ઉલટી થવી, ચક્કર આવવા, અંધારા આવવા વગેરે) કયા છે?

(d) માથાના દુઃખાવાની તીવ્રતા કેટલી છે?

(e) માથાનો દુઃખાવો કેટલા સમય સુધી રહ્યો?

(f) શું કરવાથી માથાનો દુઃખાવો ઓછો થાય છે?

(g) માથાનો દુઃખાવો કયા સ્થળે (ઘર, ઓફિસ, બજાર, મુસાફરી કરતી વખતે વગેરે) શરૂ થાય છે?

(h) માથાનો દુઃખાવો શરૂ થયો ત્યારે દર્દી કઈ પ્રવૃત્તિ કરતો હતો?

(i) માથાનો દુઃખાવો શરૂ થયો ત્યારે આજુબાજુમાં હાજર વ્યક્તિઓ કઈ હતી?

(j) માથાનો દુઃખાવો શરૂ થયો એ પહેલાની મનની સ્થિતિ કઈ હતી? મન કયા કારણથી અસ્વસ્થ હતું? (કામનો બોજો, નિરાશા, હતાશાની લાગણી, અપેક્ષિત પરિણામ ન મળવું, અંગત સ્વજન જોડે અણબનાવ કે ઝઘડો વગેરે)

આ નોંધથી જાણવા મળે છે કે માથાનો દુઃખાવો ક્યારે થાય છે, દુઃખાવાની તીવ્રતા કેટલી હોય છે, રાહત શાનાથી મળે છે તથા સૌથી મહત્ત્વનું, મન કયા કારણથી અસ્વસ્થ થયેલ છે.

શારીરિક તપાસ, માનસિક તપાસ અને માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક નોંધ પરથી યોગ્ય નિદાન કરી શકાય છે. નિદાન પ્રમાણે શારીરિક અને માનસિક પરિબળોને આવરી લઈને સારવાર કરાય છે જેથી અપેક્ષિત પરિણામ ત્વરીત મળે છે.

*(ક્રમશઃ)*

---

## અમેરિકા રહેવા અને ફરવા માટે સુંદર છે...

**(અનુસંધાન : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)**

છેલ્લા ૫૦ વર્ષોથી એશિયનોની મોટી વસતિ આ દેશથી આકર્ષાઈને અહીં આવે છે. જેમાં પ્રોફેશનલ્સ વિશેષ છે. ચીન તેમજ ભારતીયો સિવાય ઘણાં આરબ કે અન્ય એશિયાઈ દેશોનાં લોકોએ અમેરિકાને પોતાનો દેશ બનાવ્યો છે. અમેરિકાના ઘણાં શહેરો, ટાઉન કે વિસ્તારોમાં તમને એશિયનો જ જોવા મળશે, બીજા ઓછા દેખાશે. ઘણી જગ્યાએ માત્ર ભારતીયો જ દેખાશે. આ છે અમેરિકાની લાક્ષણિકતા અને વાસ્તવિક્તા. અમેરિકા હવે દુનિયાનો દેશ બની ગયો છે. **એવો દેશ જ્યાં દુનિયાના બધા દેશોના લોકો વસે છે** અને અહીંના નાગરિકો છે એટલે જ અમેરિકાની સરખામણી કે સ્પર્ધા આપણા માટે તો ઠીક પણ દુનિયાના કોઈ દેશે કરવા જેવી નથી.

તમામ ગોરા, કાળા કે એશિયન નાગરિકોને ત્યાં સમાન હક્કો અને અધિકારો મળે છે. જો કે **શિસ્ત અને કાનૂન પાલન માટે અમેરિકન સખ્ત છે.**

લોકશાહીના નામે કોઈ પોલમપોલ આપણી જેમ ત્યાં ન ચાલે... ખાસ કરીને **ત્યાંની સ્વચ્છતા અને શિસ્તપાલન અનુકરણીય છે.**

*(ક્રમશઃ)*

*મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦*

સ્વાસ્થ્ય

# સ્વાસ્થ્ય માટે બહુ જ ખતરનાક છે ટ્રાન્સ ફેટ

● ડૉ. મિહિર એમ. વોરા ●

હાલમાં કેરળ સરકારે ટ્રાન્સ ફેટવાળી ખાવાપીવાની વસ્તુઓ પર કર નાખ્યો છે. ત્યારે હવે ખાવાપીવાની ઉજવણીના તહેવારોમાં લોકોએ પણ આ ટ્રાન્સ ફેટ વિશે વિચારવું જરૂરી છે. **ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણે વનસ્પતિ તેલમાં રહેલા ટ્રાન્સ ફેટની માત્રા ૧૦ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવાનો નિર્ણય લીધો છે.** ટ્રાન્સ ફેટથી સ્વાસ્થ્ય પર થતી ખરાબ અસરો માટે આવું કરવામાં આવ્યું છે. દુનિયામાં અલગ અલગ દેશોમાં થયેલી મેડિકલ સ્ટડીમાં સાબિત થયું છે કે ટ્રાન્સ ફેટનો વધારે પડતો ઉપયોગ હેલ્થ માટે ખતરનાક સાબિત થાય છે. ટ્રાન્સ ફેટ શરીરમાં બેડ કોલેસ્ટેરોલ લેવલને વધારે છે અને સારા કોલેસ્ટેરોલને ઘટાડે છે. આ જ કારણથી **ટ્રાન્સ ફેટના વધુ ઉપયોગથી હાર્ટની બીમારી અને હાર્ટ સ્ટ્રોકનો ખતરો પણ વધી જાય છે.** ૮૦ હજાર સ્ત્રીઓ પર કરવામાં આવેલી એક સ્ટડી પ્રમાણે, ટ્રાન્સ ફેટના વધુ ઉપયોગથી ટાઈપ-ટુ ડાયાબિટીસનો ખતરો ૪૦ ટકા સુધી વધી જાય છે. સાથે જ ઈન્સ્યુલીન અને ગ્લુકોઝ ફંકશન પર ખરાબ અસર પડે છે. ટ્રાન્સ ફેટને કારણે બ્લડ વેસલ્સ પર પણ અસર પડે છે. તેનાથી બ્લડપ્રેશર વધી શકે છે. ટ્રાન્સ ફેટમાં રહેલું ટોક્સિક્સ કેન્સર માટે જવાબદાર હોય છે. **આ સિવાય તે સ્થૂળતામાં પણ વધારો કરે છે.** ટ્રાન્સ ફેટને સંપૂર્ણ રીતે ખતમ ન કરી શકાય કારણકે તે મીટ અને ડેરી પ્રોડક્ટસમાં પ્રાકૃતિક રીતે હોય છે. પરંતુ કૃત્રિમ ટ્રાન્સ ફેટનો ઉપયોગ સજાગ થઈને કરવો.

૧. ખાવાની કોઈપણ વસ્તુઓ ખરીદો ત્યારે તેના પર લખેલા ન્યૂટ્રિશન ફેક્ટ્સને વાંચવું જોઈએ. જેની પર ૦ ટ્રાન્સ ફેટ, કે નો હાઈડ્રોજીનેટેડ ઓઈલ લખ્યું હોય, એવી વસ્તુઓનો ઉપયોગ કરો. આવી વસ્તુઓમાં ઓછા પ્રમાણમાં ટ્રાન્સ ફેટ હોય છે.

૨. જ્યારે પણ તમે બહાર જમવા માટે જાઓ ત્યારે એ વાતનું ધ્યાન રાખો કે કયા તેલમાં ભોજન બનાવવામાં આવ્યું છે. કુકીઝ, માર્ફિસ, કેક, બિસ્કિટ વગેરેનું સેવન ઓછું કરો.

૩. પ્રાકૃતિક રીતે અનહાઈડ્રોજીનેટેડ ઓઈલ જેમ કે ઓલિવ ઓઇલ, સન ફ્લાવર ઓઇલ, સરસીયા તેલનો ઉપયોગ ભોજનમાં વધારો.

૪. ભોજન બનાવવા માટે સ્ટીમિંગ, ગ્રીલિંગ, બેકિંગ, શેકવું વગેરે જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરો. તેમાં એક્સ્ટ્રા ફેટનો ઉપયોગ કરવો પડતો નથી.

૫. **એકવાર તેલમાં કોઈપણ વસ્તુ તળ્યા બાદ વારંવાર એ તેલનો ઉપયોગ કરવો નહીં** કારણકે આવું કરવાથી તેમાં ટ્રાન્સ ફેટની માત્રા વધે છે.

ખોરાકમાં બે પ્રકારનું ટ્રાન્સ ફેટ જોવા મળે છે : નેચરલ અને આર્ટિફિશિયલ. નેચરલ ટ્રાન્સ ફેટ ડેરી પ્રોડક્ટ્સ, ગાય, બકરી વગેરેના દૂધ અને માંસમાંથી મળે છે. આ વસ્તુઓમાં ટ્રાન્સ ફેટની માત્રા બહુ ઓછી હોય છે. જ્યારે આર્ટિફિશિયલ ટ્રાન્સ ફેટ કે ટ્રાન્સ ફેટી એસિડ વનસ્પતિ તેલમાં હાઇડ્રોજન મિક્ષ કરીને કારખાનાઓમાં તૈયાર કરવામાં આવે છે. આવું, તેલને સોલિડ બનાવવા માટે કરવામાં આવે છે. એટલે કે જે પણ ફૂડ પ્રોડક્ટ્સ વનસ્પતિ તેલમાં બને છે તેમાં ટ્રાન્સ ફેટ વધુ હોય છે. બેક્ડ આઈટમો જેવી કે કેક, બિસ્કિટ, કૂકીઝ, ફ્રોઝન પીઝા, રેડી ટુ ઇટ ફૂડ, કોફી ક્રીમ, સમોસા, કચોરી, પેટિસ, પેસ્ટ્રી, બટાકાની ચીપ્સ વગેરેમાં ટ્રાન્સ ફેટ જોવા મળે છે. ફૂડ કંપનીઓ ટ્રાન્સ ફેટનો ઉપયોગ એટલા માટે કરે છે કે આનો ઉપયોગ સરળ અને સસ્તો છે. આ ફૂડના સ્વાદ અને ચીકાશને વધારે છે. મોટાભાગે રેસ્ટોરન્ટ, ફાસ્ટ ફૂડ આઉટલેટ્સ અને હોકર્સ ટ્રાન્સ ફેટયુક્ત તેલનો ઉપયોગ કરે છે કારણકે તેલમાં ટ્રાન્સ ફેટ હોવાથી તળવા માટે તેનો એકથી વધુવાર ઉપયોગ કરી શકાય છે. પરંતુ તેનાથી ટ્રાન્સ ફેટ વધે છે. ડાયાબિટીસ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયાના એક સર્વે મુજબ મોટાભાગની ગૃહિણીઓ તળવા માટે તેલનો એકથી વધુ વાર ઉપયોગ કરે છે. આનાથી તેલમાં ટ્રાન્સ ફેટ વધવાની શક્યતા રહે છે, જે વધુ નુકસાનકારક સાબિત થાય છે. બજારમાં મળતા કેટલાક ફૂડ પ્રોડક્ટ્સ ઝીરો ફેટ હોવાનો દાવો કરે છે પરંતુ આ દાવો પૂર્ણ રીતે સાચો હોય તે જરૂરી નથી. જ્યારે આપણે કોઈપણ ફૂડ પેકેટને જોઈએ છીએ ત્યારે તેની ઉપર લખેલા ન્યૂટ્રિશન ફેક્ટ્સની લિસ્ટમાં જ ટ્રાન્સ ફેટની જાણકારી લખેલી હોય છે. જો કોઈ ફુડ પ્રોડક્ટ્સ પર ૦ ગ્રામ ટ્રાન્સ ફેટ લખેલું છે તો તેનો મતલબ છે કે તેમાં ૦ ગ્રામથી વધુ પણ ૦.૫ ગ્રામથી ઓછા ટ્રાન્સ ફેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એટલે કે પેકેટ ફૂડમાં થોડી માત્રામાં ટ્રાન્સ ફેટ હશે જ અને જો આ પ્રોડક્ટ્સનો વધુ ઉપયોગ કરવામાં આવે તો તે ઘાતક સાબિત થઈ શકે છે. જ્યાં દાક્તરી સલાહની જરૂર હોય ત્યાં દાક્તરી સલાહને અવગણશો નહીં. ■

સ્વાસ્થ્ય

# ઝીકા વાઇરસ (ZICA VIRUS)

• દિલીપ મ. વૈશ્નવ •

ઝીકા વાઈરસ (ZICA VIRUS) એક મચ્છરજન્ય બીમારી છે. વિશ્વના કેટલાક દેશોમાં આ બીમારી ફેલાઈ ચૂકી છે. આ બીમારી ડેન્ગ્યુ અને ચીકુનગુનિયા, જે વાઈરલ બીમારી છે અને તે ઈડીસ માદા મચ્છરથી ફેલાય છે, તે જ ઈડીસ મચ્છર ઝીકા વાઈરસ બીમારી ફેલાવે છે. સદ્‌ભાગ્યે આ બીમારી હજી સુધી ભારતમાં પ્રવેશી નથી પણ આ ઈડીસ મચ્છર ભારતમાં સર્વત્ર મળે છે. હાલ હું આ લેખ તૈયાર કરું છું (સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૧૬) ત્યારે ગુજરાત અને દેશની અન્ય જગ્યાઓ ડેન્ગ્યુ, ચીકુનગુનિયા અને મેલેરિયાથી પીડાઈ રહી છે (મેલેરિયા એનોફિલીસ મચ્છરથી ફેલાય છે). ભારતમાં ઈડીસ મચ્છરોની હાજરી અને અન્ય અનુકૂળ પરિબળો હાજરાહજૂર છે તે બાબત ધ્યાને લઈને ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૬નું 'હિંદુસ્તાન ટાઈમ્સ' આગાહી કરે છે કે હવે પછી ઝીકા વાઈરસની બીમારી ભારતની જનતાના જાહેર આરોગ્ય માટે સમસ્યારૂપ બને તો નવાઈ નહીં! અન્ય મેડિકલ તજજ્ઞ ડૉ. લોરેન્સ સી. મેડોફે (યુ.એસ.એ.)એ પણ કહ્યું હતું કે ભૂતકાળમાં પાકિસ્તાનમાં ઝીકાની બીમારી જોવા મળી હતી અને ભારતમાં પણ આ બીમારી જોવા મળશે તો આશ્ચર્ય નહીં થાય. સમગ્ર એશિયન દેશો પર આ રોગનો ખતરો છે એમ નિષ્ણાતોનું કહેવું છે.

૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૫માં વિશ્વના ઘણા દેશોમાં આ રોગ દેખાયો અને હાલ ૭૩ દેશો અને તેના પ્રદેશોમાં આ બીમારી ફેલાઈ ચૂકી છે. તેને કાબૂમાં લેવા માટે WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન)એ વિશ્વના તમામ દેશોને આ રોગ વિશેની જાણકારી આપીને તેને કંટ્રોલમાં રાખવા અને આવતો રોકવા માટે ફેબ્રુઆરી ૨૦૧૬માં માર્ગદર્શિકા આપેલ છે અને તે અનુસંધાને ભારત સરકારે રાજ્યો અને અન્ય સંબંધિત આરોગ્ય અને તબીબી સંસ્થાઓને પણ આ બાબતે તાકીદ કરી સૂચવેલ કાર્યવાહી કરવા આદેશ કરેલ છે. તે અનુસાર રાજ્યો જરૂરી કાર્યવાહી કરી રહેલ છે. આપણા સદ્‌ભાગ્યે આ બીમારી હજી સુધી ભારતમાં પ્રવેશી નથી.

આપણે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકુન ગુનિયાને અસરકારક રીતે કાબૂમાં રાખી શકતા નથી. જો કે લોકોમાં પણ મચ્છરોનું બ્રિડિંગ આપણા ઘર કે આસપાસ ન થાય તેની કાળજી લેવાતી નથી અને દેશની મ્યુનિસિપાલિટી પોરાનાશક કામગીરી પણ અસરકારક રીતે કરતી નથી. મચ્છરોની ઉત્પત્તિ રોકવા માટે ગુજરાત સરકારે બ્લિડીંગ બાયલૉઝ વરસો પહેલાં મંજૂર કરીને ગુજરાતની તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાને તેનો ચુસ્ત અમલ કરવાની સૂચનાઓ આપેલ છે. પરંતુ આ બાબતે આ સંસ્થાઓ ઉદાસીન રહી છે. શહેરી વિસ્તારોમાં બારેમાસ પોરાનાશક કામગીરી અસરકારક (ANTI LARVAL MEASURES) રીતે થવી જોઈએ, તે થતી નથી. પણ જ્યારે મચ્છરજન્ય બીમારીનો રોગચાળો તીવ્ર ગતિ પકડે પછી જ આ બીમારી રોકવા માટે તંત્ર દોડાદોડી કરે છે! તબેલામાંથી ઘોડા છૂટી જાય પછી તબેલાના દરવાજા બંધ થાય! મચ્છરનાશક દવાનો જાહેર રસ્તાઓમાં કે શેરીઓમાં સ્પ્રે થાય તેનાથી રોગ પ્રસારણ અટકાવવામાં સંપૂર્ણ મદદ મળતી નથી. આ બાબતે એક અધિકારીના શબ્દો કાયમ માટે યાદ રહી ગયા છે કે "GROUND MEASURES ARE ALWAYS BETTER THAN ARIAL MEASURES." (શેરીમાં દવાના ધૂમાડા કરતાં મચ્છરોની ઉત્પત્તિ રોકવા માટેની નિયમિત પોરાનાશક કામગીરી ઉત્તમ છે.)

### • ઝીકા વાઈરસ બીમારીનો ઇતિહાસ :

આ બીમારી પણ Zoonotic Disease છે. એટલે પ્રાણીઓમાંથી માનવીઓને બીમારી મળી છે. આ વાઈરસ માણસને વાંદરામાંથી મળેલ છે. ૧૯૪૭માં યુગાન્ડાના કમ્પાલાથી થોડે દૂર આવેલ ઝીકા નામના જંગલમાં યલોફીવરને લગતું સંશોધન, એક સંશોધન સંસ્થા દ્વારા થતું હતું. એક વિજ્ઞાનીએ એક વાંદરાને (rhesub macque) પીંજરામાં પૂર્યો હતો. તેના લોહીમાં પ્રથમવાર અન્ય પ્રકારના વાઈરસ જોવામાં આવતા આ વાઈરસને ઝીકા વાઈરસ નામ આપવામાં આવ્યું. અને પછીના સમયમાં જાણવા મળ્યું કે આ બીમારીનો ફેલાવો ઈડીસ (Aedes africanus) પ્રકારનો મચ્છર કરે છે.

વાઈરસનું પ્રસારણ પછી ઘણા સમય બાદ ૧૯૫૨માં પ્રથમવાર આ બીમારી માનવીઓમાં જોવા મળી. એ સમયે લોકોની અવરજવર આજના જેવી ફાસ્ટ ન હતી. એટલે આ રોગનું પ્રસારણ ધીમી ગતિએ થતું હોય તે સ્વાભાવિક છે. આ બીમારીના થોડા કેસો યુગાન્ડા અને

ટાન્ઝાનિયામાં જોવા મળેલ હતા. ૧૯૬૦ અને ૧૯૮૦ની વચ્ચે એશિયા અને પેસીફીક આઈલેન્ડમાં આ બીમારી જોવા મળી હતી પણ તે તદ્દન નરમ સ્વરૂપે હતી. ત્યારબાદ ૨૦૦૭માં યાપ આઈલેન્ડ (Fedarated States of Micronsia)માં ખૂબ મોટી સંખ્યામાં આ રોગ માનવીઓમાં નજરે પડ્યો હતો. લગભગ ૭૩% લોકો આ બીમારીથી ત્રસ્ત હતા. ત્યારબાદ ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૫ અને ૨૦૧૬ દરમિયાન આ રોગનું પ્રસરણ ઝડપથી આગળ વધ્યું અને વિશ્વના આશરે ૭૬ જેટલા દેશોમાં આ બીમારીએ દેખા દીધી હતી. સપ્ટેમ્બર ૨૦૧૬માં આ બીમારીથી સીંગાપોરમાં સાતેક લોકો બીમાર પડ્યા હતા. ભારત હજી સુધી નસીબદાર છે કે આ રોગ જોવા મળ્યો નથી.

- **રોગનું પ્રસરણ :**

ઈડીસની બધી જ પ્રજાતિ ઝીકા વાઈરસને એક માણસમાંથી બીજા માણસમાં ફેલાવો કરે છે. મુખ્યત્વે ઈડીસ ઈજીપ્તી અને ઈડીસ આલબોપિક્ટ્સની ચેપી બનેલ માદા રોગ ફેલાવે છે. સ્ત્રી અને પુરુષના જાતીય સંબંધ પણ ઝીકા વાઈરસના ફેલાવામાં જવાબદાર બને છે. બેમાંથી કોઈ એક આ વાઈરસથી ચેપી બન્યો હોય તો આ શક્ય છે. બ્લડ ટ્રાન્સફ્યુઝનથી આ રોગ અન્ય વ્યક્તિને થાય છે કે નહીં તે હજુ જાણવા નથી મળ્યું. આ વિશે સંશોધન ચાલે છે. તાપમાન જેમ વધારે તેમ રોગના ફેલાવાની ઝડપ પણ વધારે.

- **રોગના લક્ષણો :**

ડેન્ગ્યુ અને ચીકુનગુનિયાને મળતા લક્ષણો છે. ઈન્ક્યુબેશન પીરિયડ (માનવીના શરીરમાં મચ્છર આ વાઈરસ દાખલ કરે અને રોગના લક્ષણો શરૂ થાય તે સમયગાળાને અંગ્રેજીમાં ઈન્ક્યુબેશન પીરિયડ કહે છે) કેટલો છે તેની હજી જાણ નથી. પણ દર્દીને તાવ આવે, ત્વચા પર લાલ લાલ ચકામા થાય, માથું દુઃખે, બધા સાંધામાં દુઃખાવો થાય, અસુખ - બેચેની, આંખોમાં લાલાશ આવવી. આમ તો આ માંદગી નરમ પ્રકૃતિની મનાય છે. બે દિવસથી સાતેક દિવસમાં દર્દીને સારૂં થઈ જાય. મૃત્યુનો અવકાશ નથી પણ અપવાદરૂપે થાય.

- **નવજાત શિશુઓમાં જોવા મળેલ ગંભીર સમસ્યા :**

૨૦૧૫માં જોવા મળ્યું કે બ્રાઝીલમાં જન્મનાર બાળકોના માથા નાના હતા (microcephaly) અને ગુલિયાન બેરી સિન્ડ્રોમ (ન્યુરોલોજિકલ સમસ્યા) જાણવા મળી હતી. આ એક મેડિકલ સમસ્યા કહેવાય અને તેનો ઉપાય હશે જ કારણકે શિશુઓનો વિકાસ રૂંધાય, આનો અર્થ એ કે માતા ગર્ભાવસ્થા દરમિયાન ઝીકાથી ચેપી બની અને આ ચેપ ગર્ભસ્થ શિશુને પ્રાપ્ત થયો. જે મહિલાને આ બીમારી મટી જાય અને બાળક રહે (અને આ રોગનો ચેપ મચ્છર દ્વારા ન લાગે) તો આવનાર બાળક તંદુરસ્ત જન્મે. ઝીકાના ફેલાવા વખતે મહિલાએ ગર્ભ ધારણ ન થાય તેની અવશ્ય કાળજી લેવી જોઈએ. માઈક્રોસિફેલી અને ગુલિયાન બેરી સિન્ડ્રોમને ઝીકા વાઈરસ સાથે લીંક છે એમ મેડિકલ નિષ્ણાતોનો એકજુથ મત છે.

- **સારવાર :**

ડેન્ગ્યુ અને ચીકુનગુનિયાની જેમ ઝીકા વાઈરસની કોઈ ખાસ સારવાર નથી. તાવ અને દુખાવા માટે પેરાસિટેમોલ લઈ શકાય. બ્રુફેન અને ડિસ્પ્રિન જેવી દવા ના લેવાય. શરીરને ભેજ મળે તે માટે પાણી ખૂબ પીવું અને ઘરે બનાવેલા ફળોના રસ, લીંબુ પાણી અને નારિયેળ પાણી, મગનું ઓસામણ, સૂપ લેવાય. ઘરનો સાદો ખોરાક લેવાય, ફળાહાર પણ લઈ શકાય. ઘરના સાદા ઉપચારથી ફાયદો ન થાય તો દર્દીએ ડોક્ટરનો અચૂક સંપર્ક કરવો. લોહીની તપાસ પરથી આ બીમારીની ખબર પડે. રસી ઉપલબ્ધ નથી.

- **મચ્છર વિશે :**

૩૦૦૦ જેટલા મચ્છરો વિશ્વમાં છે. પ્રજાતિઓ પણ ઘણી છે. પણ તેમાંથી બહુ થોડી પ્રજાતિ મચ્છરજન્ય રોગ ફેલાવામાં સક્ષમ છે. બીજા મચ્છરોની વાત ન કરતા, ઈડીસ મચ્છરોની વાત કરીએ. ગુજરાતમાં ઈડીસની નવ અને ભારતમાં ૧૧ પ્રજાતિઓ ઈડીસની છે. ઈડીસ ઈજિપ્તી અને ઈડીસ આલબૉપિક્ટ્સ ડેન્ગ્યુ ચીકુનગુનિયા બીમારીનો ફેલાવો કરે છે. તેમાં હવે ઝીકા વાઈરસનો ઉમેરો થયો છે. જો કે ઈડીસ મચ્છરો અન્ય કેટલીક બીમારીઓ વિશ્વના કેટલાક દેશોમાં ફેલાવે છે. ઝીકા વાઈરસ હજુ સુધી ભારતમાં પ્રવેશ્યો નથી તે આપણા સદ્ભાગ્ય છે. ઈડીસની માદા સવારથી સાંજ દરમિયાન માણસને ડંખ મારે છે કે કરડે છે. અને આ માદાએ જો ઝીકાનો ચેપ લીધો હોય તો અન્ય તંદુરસ્ત માણસને બીમાર પાડી શકે છે. નર મચ્છર તો માદાને ફલિત કરી મૃત્યુ પામે છે. જ્યારે માદા મચ્છર મકાનોમાં કે મકાનની બહાર છુપાઈ રહે છે અને લોહીની જરૂર રહે છે ત્યારે કરડવા ઘર, સ્કૂલ, ઓફિસ કે અન્ય મકાનોમાં આવે છે અને લાગ જોઈને કરડી જાય છે. આ મચ્છરોનું મૂળ વતન આફ્રિકા. પણ વિશ્વના બધા જ પ્રદેશોમાં જોવા મળે છે, સિવાય એન્ટાર્કટીકા. વળી આને ટાઈગર મચ્છર પણ કહેવાય. શરીર અને પગ પર ધોળા ડાઘા અને રંગે કાળો.

ઈડીસને ઈંડા મૂકવા માટે સ્વચ્છ પાણી જોઈએ. અંગ્રેજીમાં ડોમેસ્ટીક બ્રીડર કહે છે અર્થાત્ મકાનોમાં ખુલ્લા રહેતા સંગ્રહિત પાણી તેને ખૂબ પસંદ છે. આગળ ઉપર આપણે વાત કરશું. ઈંડામાંથી પોરા (લાર્વા), પોરામાંથી કોશેટો (પ્યુપા) અને કોશેટોમાંથી મચ્છર બહાર નીકળે. એક માદા મચ્છર આશરે ૫૦થી ૧૦૦ ઈંડાં પાણીમાં મૂકે છે. જેમાંથી અડધાપડધા મરી જાય પણ ખરા. પોરા પાણીમાંથી ખોરાક મેળવે છે અને ઓક્સિજન પોરા તેના શરીરના છેવાડે આવેલ સાઈફન ટ્યુબ મારફતે લે છે. પોરાના શરીરના ત્રણ ભાગ – માથું, છાતી અને પેટ (head, thorax & adbomen). ઈડીસના પોરા પાણીની સપાટી સાથે ખૂણો બનાવીને ત્રાંસા તરે છે (જ્યારે એનોફિલીસના પોરા પાણીની સપાટીને સમાંતર તરે છે.) તમે નજરે જોઈ શકશો અને ઓળખી પણ શકશો. ચોમાસાની આબોહવા તેને ખૂબ પસંદ છે. ઈડીસ મચ્છરની ઉડ્ડયન ક્ષમતા ટૂંકા અંતરની છે. જ્યાં તેનો ઉછેર થાય ત્યાં નજીકની અનુકૂળ જગ્યા ઘરની અંદર કે બહાર આરામ કરે. લાગ જોઈને કરડી જાય. આ મચ્છરોની બધી દૈહિક ક્રિયાઓ દિવસે થાય. હવે આપણે ઈડીસ મચ્છરોના ઉદ્‌ગમ સ્થાનો જોઈએ.

- **આ મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો :**

પાણીના ઘડા, માટલાઓ, તમામ પ્રકારની ટાંકીઓ, પીપ, કોઠી, ફૂલદાની, પક્ષીકુંડ, હવાડાઓ, એર કૂલર્સ, ફ્રીજની ટ્રે, નારિયેળની કાચલી અને ત્રોફા, ટાયરો, હોજ, ધાબા અગાસી કે ચોકમાં પડેલી નકામી ચીજવસ્તુઓ જેમાં ચોમાસામાં વરસાદી પાણી ભરાય, છજા અને ધાબા પર વરસાદનું પાણી ભરાયેલ રહેતું હોય તેવી જગ્યાઓ, ન વપરાતા હોય તેવા સ્વિમિંગ પુલ, મકાનોના બાંધકામ માટેના ટાંકીમાં પાણી ભરાયેલ સ્થળો છે. જાહેર શૌચાલયોની ખૂલ્લી રહેતી પાણીની ટાંકી, ઈન્ડસ્ટ્રીયલ અને ઓર્નામેન્ટલ ટેંક, બિનવપરાશી કૂવા, ચોમાસામાં તો ગણ્યા ગણાય નહીં એટલા બધા અગણિત સંખ્યામાં મચ્છરજન્ય બીમારીઓની મચ્છરોના ઉદ્‌ગમ સ્થાનો છે, જેના પર આપણે જો ધારીએ તો આ બધા સ્થળો પર આ દુશ્મનોને આપણા મકાનોમાં ઉછરવા ન જ દઈએ. તેની વસતિને ચોક્કસ નિયંત્રણમાં રાખી શકીએ અને મચ્છરજન્ય રોગને પણ અંકુશમાં મૂકી શકીએ.

- **રોકથામના પગલાઓ :**

મચ્છરજન્ય રોગો પર અંકુશ રાખવા માટે બે પદ્ધતિઓ છે : (૧) જંતુનાશક દવાઓનો છંટકાવ મકાનોમાં કરવાથી વાહક મચ્છરોને અંકુશમાં બીમારીના પ્રસારણને નિયંત્રણમાં રાખી શકાય. આ કામગીરી ગ્રામ્ય વિસ્તારોમાં મેલેરિયાની રોગગ્રસ્ત પરિસ્થિતિને ધ્યાને લઈને કરવામાં આવે છે. આ પ્રવૃત્તિ જિલ્લા પંચાયત હસ્તક છે અને શહેરી વિસ્તારોના સ્લમ વિસ્તારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન કરે છે જે નગરપાલિકાઓમાં અર્બન મેલેરિયા સ્કીમ કાર્યરત છે ત્યાં પોરાનાશક અને અન્ય રોગ અટકાયતી પગલાંઓ લેવાની જવાબદારી આ સંસ્થાઓની છે. મચ્છરજન્ય રોગના અટકાવ માટે ગુજરાત સરકારે બ્લિડિંગ બાયલૉઝ આપેલ છે પણ તેની અમલવારી થતી નથી તેમ લાગે છે. સરકારના અને મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ અન્ય નગરપાલિકાઓના આરોગ્ય કર્મચારીઓની ઘણી જગ્યાઓ ખાલી છે એટલે સ્ટાફની અછત છે. વળી નવી ભરતી પામેલ અધિકારીઓ, આરોગ્ય કર્મચારીઓને કોન્ટ્રાક્ટ પર નિમણૂક મળે છે. તેથી તેઓને પૂરતો પગાર પણ આપવામાં આવતો નથી. વળી શહેરોની વધતી વસતિ અને અન્ય વિકાસના થતા કામો પણ મચ્છરોના ઉદ્‌ગમ સ્થાનોમાં વધારો કરે છે. મજેથી મચ્છરોની વસતિ વધે છે. લોકો ઘર વપરાશી પાણીનો સંગ્રહ કરવાની ટેવ તેમજ આ પાત્રોને સાફસૂફ કરીને બંધ રાખે નહીં તે પણ કારણ મચ્છરોના ઉછેર અને સાથોસાથ મચ્છરજન્ય બીમારી વધવા માટે જવાબદાર છે.

આપણે સૌ આપણી તંદુરસ્તીની કાળજી લઈ વ્યક્તિગત તેમજ સામૂહિક રીતે મચ્છરની ઉત્પત્તિ આપણા કોઈ પણ પ્રકારના મકાનોમાં થાય નહીં અને મચ્છર દિવસે કે રાત્રે કરડે નહીં તેની કાળજી લઈએ. દિવસે ડેન્ગ્યુ, ચીકુનગુનિયા અને ઝીકાના ઈડીસ અને મેલેરિયાના એનોફિલીસ મચ્છરો રાત્રે કરડે નહીં તે બાબતે સાવધાન રહીએ.

- **Prevention is Better than Cure.**
  **આટલું કરીએ :**

★ નકામી ચીજવસ્તુઓ જેમાં પાણી ભરાઈ જાય તે બધાનો નિકાલ કરીએ. જેથી તેમાં ચોમાસાનું પાણી ભરાઈ જાય નહીં. એરકૂલર વપરાશમાં હોય ત્યારે તેનું પાણી દર અઠવાડિયે એકવાર કાઢી એરકૂલર બરાબર સાફ કરી, કોરૂં કરી પછી પાણી ભરવું. જો સપાટીમાં ભીનાશ રહી જાય તો તેમાં ઈડીસના ઈંડા રહી જાય તો ફરી પાણી ભરો તે પછી તે ઈંડામાંથી મચ્છર થઈ જાય. આ મચ્છરના ઈંડા સૂકાયેલી સપાટી પર લાંબા સમય સુધી સુષુપ્ત અવસ્થામાં રહે અને જો તે પાત્રમાં પાણી ભરાય તો આ ઈંડા મચ્છરમાં પરિવર્તન પામે છે. ચોમાસામાં એરકૂલર પાણી વગરનું રાખીએ.

★ પાણીના સાફસૂફ ન થઈ શકે તેવા મોટા જળાશયોમાં પોરાનાશક માછલીઓ મૂકાવવી (તળાવો, બિન

વપરાશી કૂવા, પાણી ભરેલા હોજ વિ.) પોરાનાશક માછલીઓ મેલેરિયા ઓફિસર પાસેથી મળી શકે છે.

★ ફુલદાની, પક્ષીકુંડ, હવાડાનું પાણી બદલતા રહેવું અને તેની સફાઈ પણ કરવી.

★ ફ્રિજની ટ્રે અઠવાડિયે એકવાર સાફ કરી, કોરી કરી પછી ફ્રિજમાં ટ્રે મુકાવી, એ.સી.નું પાણી ક્યાંય જમા ન થાય તેની કાળજી લેવી.

★ ફુવારા તરણકુંડ જો વપરાશી ન હોય તો તેમાં પાણી ન ભરાય તેની કાળજી લેવી. એરકન્ડિશનથી ભરાતું પાણી પણ દૂર કરી દેવું.

★ વપરાશી આ ફુવારાને અને તરણકુંડને દર અઠવાડિયે સાફ કરી તે દિવસે પાણી ન ભરવું. એટલે એક દિવસ સપ્તાહમાં કોરા રાખવા.

★ ચોમાસામાં છજા અને ધાબા પર કે ચોકમાં પાણી ભરાઈ જાય તો તેનો નિકાલ કરવો.

★ પાણીનું લીકેજ દૂર કરો. ખાડા, ખાબોચિયામાં ભરાઈ ગયેલ પાણીને વહેવડાવી દો અને તે જમીનને સમતોલ કરો.

ટુંકમાં, પાણીના બધા પાત્રોને સાફ રાખો અને હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખો. આ ટીપ્સ સર્વે માટે છે. હવે મચ્છર આપણને ડંખ મારે નહીં તે માટે શું કરી શકીએ તે જોઈએ.

★ તમારા મકાનને મોસ્ક્ઇટોપ્રુફ બનાવો. બારી બારણાને ઝીણી જાળી લગાવો.

★ ઘરમાં ઝાપટ ઝુપટ કરો. ઘરમાં ભરાયેલા મચ્છરોને ભગાડો.

★ રાત્રે અને દિવસે લીમડાનો ધુમાડો કરવો. આશાપુરી ધુપ કે લોબાનનો ધૂપ દિવસ રાત કરો.

★ વનસ્પતિજન્ય મચ્છર ભગાવ અગરબત્તીનો ઉપયોગ કરી શકાય. મચ્છર ભગાવ ઈલેક્ટ્રીક સાધનનો ઉપયોગ કરો. ઘરમાં જંતુનાશક દવાનો સ્પ્રે કરો – ખાસ કરીને આ પ્રકારની બીમારીનો રોગચાળો હોય ત્યારે.

★ શરીર ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા. રીપેલન્ટ ક્રીમનો ઉપયોગ શરીરના ખુલ્લા રહેતા ભાગ પર કરી શકાય.

★ મચ્છરદાનીમાં સુવાય. મોટી ઉંમરના, બાળકો અને બીમાર તેમજ સગર્ભા બહેનોને મચ્છરજન્ય બીમારીના વાવર વખતે તો ખાસ મચ્છરદાનીનો ઉપયોગ કરવો.

રોગચાળાને અટકાવવાની જવાબદારી પ્રશાસનની છે. સાથોસાથ પ્રજાની સમજભરી ભાગીદારીની એટલી જ જરૂર બને છે. રોગચાળા વખતે પ્રશાસન ટી.વી. અને અખબાર દ્વારા વારંવાર સૂચના આપે છે તેનો અમલ કરવો જોઈએ. આ બાબતે તમે સરકારના કે મ્યુનિસિપાલીટીના આરોગ્ય કે મેલેરિયા અધિકારીનો સંપર્ક સાધી શકો છો.

વિશ્વના ઘણા દેશોમાંથી મેલેરિયાની હકાલપટ્ટી થઈ ગઈ છે. શ્રીલંકા, માલદીવ અને યુરોપિયન દેશો પણ મેલેરિયામાંથી મુક્ત થયા છે તો ભારત કેમ નહીં? આંધ્ર અને તેલંગાણાએ તેમના રાજયને મચ્છરમુક્ત કરવા માટે દ્રઢ સંકલ્પ કર્યો છે. જેથી આ રાજ્યો મચ્છરજન્ય રોગથી મુક્ત થાય. ભારતમાંથી મચ્છરજન્ય બીમારીઓને કાઢી મૂકવા માટે સરકાર, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, એન.જી.ઓ. અને પ્રજાએ દ્રઢ અને પરિપક્વ ઈચ્છાશક્તિથી આ બાબતે જોઈતી કાર્યવાહી કરવી જોઈએ. મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકુનગુનિયાની બીમારી દેશને આર્થિક રીતે પણ નુકસાન કરે છે. આ માટે ગુજરાત રાજ્ય સક્રિય કાર્યવાહી કરવા માટે આગળ આવે તેવી વિનંતી છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસ દરમિયાન આપણા અમદાવાદના અખબારો પણ ગુજરાત અને અન્યત્ર મચ્છરજન્ય બીમારીનો કહેર વારંવાર થઈ રહ્યો છે તે પરત્વે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. સરકાર પાસે આરોગ્યના કાર્ય માટે કર્મચારીની સંખ્યામાં કમી જોવા મળે છે અને સરકાર તરફથી મળતી નાણાંકીય સહાયનો પૂરો ઉપયોગ થતો નથી.

એક અખબારના લેખક જણાવે છે કે : ‘તાજેતરમાં ૨૦૧૫-૧૬માં રાજ્યોને મચ્છરજન્ય રોગોના પ્રતિકાર માટે ૬૨૦ કરોડની રકમ ફાળવવામાં આવી હતી પણ તેમની સામે રાજયોએ માત્ર ૨૫૯ કરોડની રકમ વાપરી છે. એટલે કે બાકીના નાણાંનો ઉપયોગ થયો નથી.’ આ લેખક બળાપો કાઢતા કહે છે કે, મેલેરિયામાંથી મુક્તિ ક્યારે?

ઈબોલા વાઈરસના શોધક પીટર પીઓટે આપણી સરકારને સારી આરોગ્ય સેવાઓ આપવા માટે જણાવેલ છે. આ એક્ષપર્ટે વધુમાં જણાવેલ કે તમામ દેશોએ ખૂબ સારી આરોગ્ય સેવાઓ માટે પ્રતિસાદ આપતી પદ્ધતિઓ ઊભી કરવી જોઈએ અને તેની સાથે દરેક ક્ષેત્રે સંકલન અને સહકારની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પીટર પીઓટે ડેન્ગ્યુ અને ચીકુન ગુનિયાના વધતા જતા કેસો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પીટર પીઓટ લંડન સ્કૂલ ઑફ હાઈજેનિક અને ટ્રોપીકલ મેડિસીનના ડાયરેક્ટર છે. તેમણે તા. ૧૦ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ એક આરોગ્ય સંસ્થામાં જણાવેલ હતું. (સંદર્ભ : ગુજરાત સમાચાર અને દિવ્ય ભાસ્કર)

વાચકો, તમને પણ વિનંતી છે કે આ લેખ ખાસ વાંચજો અને તમારા મકાનમાં પાણી ભરેલ પાત્રોમાં મચ્છરો તેની વસતિ ન વધારે તેની કાળજી લેજો. ઉપર મેં જે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)**

જીવન દર્શન

# શ્રી ગુણવંતરાય આચાર્યને તેમની ૫૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

*ગુણવંતરાય આચાર્ય – ગુજરાતના ખૂબ જ ઊંચા ગજાના લેખક. તેમની જન્મ તારીખ ૯-૯-૧૯૦૦ અને મૃત્યુ તિથિ ૨૪-૧૧-૧૯૬૫. તેમનું અવસાન થયે નવેમ્બર-૨૦૧૬માં ૫૧ વર્ષ પૂરા થશે, ત્યારે આપણે તેમની જીવનયાત્રા પર એક નજર જરૂરથી ફેરવી લઈએ.*

*તેઓશ્રીએ ૨૯ દરિયાઈ નવલકથાઓ, ૨૧ ઐતિહાસિક નવલકથાઓ, ૩૨ સામાજિક નવલકથાઓ અને ૨૨ રહસ્યકથાઓ લખેલ છે. તેમની દરિયાઇ નવલકથાઓ અને ઐતિહાસિક નવલકથાઓને આજે પણ લોકો ખૂબ જ રસપૂર્વક વાંચે છે.*

*દરિયાઈ સફર અને દરિયાઈ વહાણવટા વિશે તેમનું જ્ઞાન અથાગ હતું કે જેનો ખ્યાલ તેમની નવલકથાઓ વાંચવાથી આવી શકશે. એક પ્રકરણ પૂરું થયા પછી બીજું પ્રકરણ વાંચવાનું તરત મન થાય તેવી ગુંથણી તેઓ તેમના પ્રકરણોમાં કરી શકતા. તેમની ઐતિહાસિક નવલકથાઓ પણ વાચકને અગાઢ જ્ઞાનમાં ગરકાવ કરી દે છે.*

*આવા સિદ્ધહસ્ત લેખકની ૫૧મી પુણ્યતિથિએ આપણે તેમને યાદ કરીને શ્રદ્ધાંજલિ બક્ષીએ.*

*તેમની જીવનયાત્રાના નીચેના તારણો વાંચવાથી લેખકશ્રીના ગજાનો ખ્યાલ આવી શકશે.*

*તેમની બે સુપુત્રીઓ વર્ષા અડાલજા અને ઈલા આરબ મહેતાએ પણ સિદ્ધહસ્ત લેખિકાઓ તરીકે સારાયે ગુજરાતમાં નામના મેળવેલ છે.*

## શ્રી ગુણવંતરાય આચાર્યની જીવનયાત્રા

**નામ** : ગુણવંતરાય આચાર્ય

**જન્મતારીખ** : ૯ સપ્ટેમ્બર, ૧૯૦૦

**માતા** : જમનાબાઈ

**પિતા** : પોપટભાઈ અચલજી

**ભાઈ-બહેન** : મહાશંકરભાઈ, રમણિકભાઇ, બચુભાઈ, હીરાબહેન

**લગ્નવર્ષ** : પ્રથમ (૧૯૧૯), દ્વિતીય (૧૯૩૫)

**પત્નીનું નામ**: પ્રથમ નિર્મળાબહેન, દ્વિતીય નીલાબહેન - લલિતાબહેન

**અભ્યાસ** : મેટ્રિક (૧૯૧૭, નડિયાદ). જૂનાગઢ અને ભાવનગરની કૉલેજમાં પ્રવેશ. અંતે અભ્યાસ છોડ્યો.

**વ્યવસાય** : **(૧)** અમદાવાદની જુદી જુદી મિલોમાં (૧૯૨૧થી ૧૯૨૩) **(૨)** સંદેશ (૧૯૨૩), સૌરાષ્ટ્ર મિત્ર (૧૯૨૭) બહુરૂપી (૧૯૨૭), સૌરાષ્ટ્ર (૧૯૨૮), ફૂલછાબ (તંત્રી, ૧૯૩૨), ગુજરાત સમાચાર (૧૯૩૭), પ્રજારાજ (૧૯૫૨), વંદે માતરમ્ (૧૯૫૧-૫૨). **(૩)** ફિલ્મ જગતમાં નોકરી (૧૯૪૧થી ૧૯૪૫) તથા અન્ય.

**પ્રથમ કૃતિ** : 'સોરઠી સમશેર'માં પ્રથમ નવલકથા (૧૯૨૭)

**મુખ્ય પ્રદાન** :

| | |
|---|---|
| દરિયાઈ નવલકથાઓ | ૨૯ |
| ઐતિહાસિક નવલકથાઓ | ૨૧ |
| સામાજિક નવલકથાઓ | ૩૨ |
| રહસ્યકથાઓ | ૨૨ |
| નવલિકા સંગ્રહો | ૧૪ |
| નાટકો | ૬ |

ઉપરાંત અન્ય પચાસેક પુસ્તકો.

**ઇનામ-પારિતોષિક** : રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૪૫)

**જીવનની મહત્ત્વની ઘટનાઓ :**

૧. માંડવી બંદરેથી બસરા મસ્કત વગેરે સુધી ખલાસીઓ સાથે વહાણમાં સફરો કરીને દરિયાઈ અનુભવો મેળવ્યા (૧૯૧૫).

૨. 'નાગર બ્રાહ્મણ' પત્રિકાનું સંપાદન તથા 'નાગર બ્રાહ્મણ યુવક મંડળ'ની સ્થાપના દ્વારા જ્ઞાતિ સુધારણા (૧૯૨૬).

૩. લલિતાબહેન સાથે ક્રાંતિકારી લગ્ન. જ્ઞાતિબહાર મૂકાયા. (૧૯૩૫)

૪. એક રાતમાં, એક બેઠકે 'કોરી કિતાબ' નવલકથા લખી. રાજકોટ (૧૯૩૭)

૫. 'જીવન' સાહિત્યિક માસિક શરૂ કર્યું. આર્થિક મુશ્કેલીથી બંધ કર્યું. એ જ રીતે ફિલ્મી સામયિક 'મોજમજાહ' ખરીદ્યું. ખોટ જતાં વેચી દીધું. (૧૯૪૬)

૬. જામનગરમાં નીલા પ્રિન્ટરી શરૂ કર્યું (૧૯૪૭થી ૧૯૫૦)

૭. દેશના ભાગલા પછી 'રહે તેનું ઘર' એવી નીતિને કારણે મુંબઈનું માંડેલું ઘર પાડોશીએ પચાવી પાડ્યું. સર્વસ્વ ખોયું. (૧૯૪૮)

૮. સંગ્રહણીની બીમારીમાં એક વર્ષ પથારીવશ (૧૯૫૦).

૯. મુંબઈમાં 'રંગભૂમિ' સંસ્થાના ઉપપ્રમુખ અને 'રંગમંચ' સંસ્થાના પ્રમુખ તરીકે અનેક ક્લાસિક નાટકો મંચસ્થ કર્યા. (૧૯૫૨થી ૧૯૬૫)

**અવસાન** : તા. ૨૪-૧૧-૧૯૬૫ના રોજ 'સરમત સંઘાર'નું છેલ્લું પ્રકરણ સાંજ સુધી લખ્યું અને રાત્રે ૧.૧૦ કલાકે હૃદયરોગના હુમલાથી અવસાન. રાજકોટ.

## ગુણવંતરાય આચાર્યની સદાબહાર નવલકથાઓ

★ **દરિયાઈ નવલકથાઓ :** (૧) સોરઠની સાગરકથા, (૨) ભગવો નેજો, (૩) દરિયાલાલ, (૪) જળસમાધિ, (૫) દરિયાવાટ, (૬) દિલાવર પાશા, (૭) દરિયાપીર, (૮) સક્કરબાર, (૯) હરારી, (૧૦) સરફરોશ, (૧૧) સરગોસ, (૧૨) હાજી કાસમ તારી વીજળી, (૧૩) કાળભૈરવ, (૧૪) દરિયાસારંગ,(૧૫) સોહિણી સંઘાર, (૧૬) જાવડભાવડ ૧-૨, (૧૭) દે દરિયામાં દોટ, (૧૮) ઐરાવત બલિહારી ૧-૨ (૧૯) દરિયાપાર, (૨૦) જગતશાહ જગડુશાહ, (૨૧) રણમલ લાખા, (૨૨) અનંત ચાવડો, (૨૩) રત્નાકર મહારાજ, (૨૪) આથમણો રકાબ ૧-૨, (૨૫) દરિયાઇ સફર, (૨૬) સરમત સંઘાર.

★ **ઐતિહાસિક નવલકથાઓ :** (૧) પીરમનો બાદશાહ, (૨) મહાબલિદાન (કચ્છમાં ક્રાંતિ), (૩) દેશદીવાન, (૪) વિરાટ જાગે છે ત્યારે, (૫) વતનનો સાદ, (૬) ઇન્કિલાબ, (૭) ગિરનારને ખોળે, (૮) ગુર્જરલક્ષ્મી, (૯) માજીનું મંદિર, (૧૦) શ્રીધર મહેતા, (૧૧) બારભાયા, (૧૨) કરાલ કાળ જાગે ૧-૨, (૧૩) ભૂત રડે ભેંકાર, (૧૪) ધરણી ન ઝીલે ભાર, (૧૫) ધન્ય ધરણી ગુજરાત, (૧૬) ભભૂતિનાથ, (૧૭) ભલે ઉગા ભાણ, (૧૮) સુગરા મળજો લાખ, (૧૯) એક જ્યોત જલે, (૨૦) જગતના મંદિરમાં.

★ **હિન્દુપત પાદશાહી ગ્રંથાવલિ :** (૧) સેનાપતિ, (૨) જામ તમાચી ૧-૨, (૩) મુસાફર,(૪) જોરતલબી, (૫) સરમુખત્યાર, (૬) બંડખોર.

★ **વાઘેલાયુગ ગ્રંથાવલિ :** (૧) સર્વેશ્વર, (૨) વિશળદેવ, (૩) અર્જુનદેવ, (૪) સારંગદેવ ૧-૨.

★ **વિજયનગર સામ્રાજ્ય ગ્રંથાવલિ :** (૧) રાય હરિહર, (૨) કૃષ્ણાજી નાયક, (૩) રાય રેખા, (૪) રાય બુક્કારાય, (૫) મહાઅમાત્ય માધવ ૧-૨-૩.

★ **ગુજરાત ગ્રંથાવલિ :** (૧) ઇડરિયો ગઢ, (૨) નગરી શોભાવતી, (૩) વજ્જરગઢ, (૪) રાવ રણમલજી, (૫) સામંતસિંહ બીહોલા ૧-૨.

★ **સામાજિક નવલકથાઓ :** (૧) ગોરખ આયા ૧-૨, (૨) ભસ્માંગના, (૩) વહેતી ગંગા, (૪) વિરાટ જાગે છે ત્યારે, (૫) કોરી કિતાબ, (૬) પૂર્વજોના પાપે, (૭) વિરાટનો ઝબ્બો, (૮) કોણ ગુન્હેગાર? (૯) નર અને નારાયણ ૧-૨, (૧૦) રામકહાણી, (૧૧) પુત્રજન્મ, (૧૨) નિવેદિતા ૧-૨, (૧૩) દરિદ્ર નારાયણ ૧-૨, (૧૪) માટીના પગ, (૧૫) શાયર, (૧૬) પેશ્વાનું ઝવેરાત ૧-૨, (૧૭) મંગળસૂત્ર, (૧૮) લક્ષ્મી પધાર્યા, (૧૯) જલતરંગ, (૨૦) રતન, (૨૧) રૂપમોહિની, (૨૨) ચંપાવતી, (૨૩) પાતાળનાં પાણી, (૨૪) પિયારી કાનન, (૨૫) પુણ્ય કિયો સતવાર, (૨૬) બટવારા, (૨૭) કહત કથીર ધમાલકો. ■

## ઝીકા વાઇરસ

(અનુસંધાન : પાના નં.-૩૪ ઉપરથી ચાલુ)

ટીપ્સ આપી છે તે તમારા મિત્રો - સંબંધીઓને આ લેખની ઝેરોક્ષ નકલ આપીને આરોગ્ય શિક્ષણ ચોક્કસ આપજો. તમે જાણો છો કે આખું ગુજરાત મચ્છરજન્ય બીમારીથી પીડિત છે.

આપણે વાત કરતા હતા ઝીકા વાઈરસની. જે બીમારી, હજી સુધી મારી જાણ મુજબ આપણા દેશમાં પ્રવેશી નથી. પણ હું જ્યારે આ લેખ પૂર્ણ કરી રહ્યો છું (તા. ૧૪-૧૦-૨૦૧૬) ત્યારે સમાચાર છે કે થાઈલેન્ડ અને સિંગાપુરમાં ઝીકા પ્રવેશી ચૂક્યો છે અને થાઈલેન્ડમાં બે બાળકોના કન્ફર્મ્ડ માઈક્રોસેફાલીના કેસો નોંધાયા છે. વિદેશમાંથી આવતા પ્રવાસીઓ સરકારના નિરીક્ષણ હેઠળ છે. ઝીકાનો મચ્છર પણ ઈડીસ છે એટલે ઉપર જણાવેલી ટીપ્સનો અમલ વ્યક્તિગત અને સામૂહિક રીતે કરી આ સઘળી બીમારી સામે આપણે રક્ષણ મેળવીએ અને સરકાર અને નગરપાલિકાના આરોગ્ય સેવાઓની કામગીરીમાં સહકાર આપીએ. ■

માહિતી

# આઈસલેન્ડ

● તુલસીદાસ કંસારા (કેમ્પ : ફિલાડેલ્ફિયા, યુ.એસ.એ.) ●

હેલસિંકી (ફિનલેન્ડ)થી અહીં (યુ.એસ.) આવતી વખતે આઈસલેન્ડ એરની ફ્લાઈટમાં આવવાનું થયું અને એકાદેક કલાક રેકજવિક (Reykjavik) – આઈસલેન્ડના પાટનગરનું એરપોર્ટ જોયું તેમજ તે એરલાઈનના મેગેઝીનમાંથી મળેલ માહિતી અને બાજુમાં બેઠેલ એક અમેરિકન ટુરિસ્ટે તેના મોબાઈલમાં દર્શાવેલ ફોટોગ્રાફ જોઈને આ દેશની મુલાકાત તો લેવી જ જોઈએ તેવો મનસુબો કર્યો. દરમિયાનમાં આપણા કચ્છ સાથે આ દેશની મનોમન સરખામણી સહેજે થઈ ગઈ.

પ્રમાણમાં સૂકો દેખાતો આ પ્રદેશ, આગ અને બરફ, જ્વાળામુખીઓ અને ગ્લેસિયરોના દર્શન એક સાથે કરાવે છે. આપણામાં કહેવત છે ને કે “જીવ્યા કરતાં જોયું ભલું” તે મુજબ કાળા શિયાળાના ઘનઘોર દિવસો અને ભર ઉનાળામાં અડધી રાતે રંગ બદલતાં સૂર્યના કિરણો જોવા હોય તો અહીં જોવા મળે છે. સવા ત્રણ લાખની વસતિ ધરાવતા ટાપુનો આ દેશ નકશામાં તમને કચ્છ જેવો દેખાય, પરંતુ વસતિ કચ્છ કરતાં છઠ્ઠા ભાગની. અને જિઓથર્મલ (ભૌગોલિક રીતે ગરમ પ્રદેશ) દેશ તરીકે ઓળખાતા આ દેશનો વિસ્તાર ૧,૦૩,૦૦૦ ચો.કિ.મી. જે હિંદુસ્તાનના સૌથી મોટા જિલ્લા કચ્છના ૪૫,૬૫૨ ચો.કિ.મી.ના બમણાથી પણ થોડો વધારે થયો. કચ્છની જેમ અહીં પણ ધરતીકંપોની અછત નથી. આખો દેશ જ જ્વાળામુખીઓ પર બેઠેલ છે. છતાં ટુરિસ્ટોનો ધસારો ખૂબ જ રહે છે. આપણા દેશમાં જ્વાળામુખી જોવો હોય તો તમારે સાત કેન્દ્રશાસિત વિસ્તારોમાંના બંગાળના અખાતમાં આવેલ આંદામાન - નિકોબારના ટાપુઓમાં બેરન નામના નાના ટાપુની મુલાકાત લેવી પડે.

હિંદુસ્તાનની ઉત્તર પશ્ચિમે, યુરોપના નોર્વેજિયન સમુદ્રની વચ્ચે ગ્રીન લેન્ડ અને આર્કટીક સર્કલને અડીને આવેલ આ દેશમાં લગભગ પચ્ચીસેક જ્વાળામુખીઓ આવેલ છે. તેની રાજધાની રેકજવિકનો મતલબ થાય છે “સ્મોક બે – ધૂમાડિયો અખાત.” આ દેશની કુલ વસતિના લગભગ ૨/૩ લોકો તો આ રાજધાની વિસ્તારમાં જ રહે છે. આ દેશનું પાણી એટલું ચોક્ખું અને સ્વાદિષ્ટ છે કે ત્યાંના નળમાંથી લઈને સીધું જ પી શકાય છે. ગરમ પાણી ગંધકવાળું હોય છે અને તેનો ઉપયોગ ત્યાંના ઘરોને ગરમ રાખવા માટે થાય છે! અહીં વીજળી પણ કુદરતે આપેલ ગરમ પાણીનો ઉપયોગ કરીને ઉત્પન્ન કરવામાં આવે છે. નોર્થ એટલાન્ટીક સમુદ્રની વચ્ચે આવેલ આ ટચુકડા દેશની પાર્લામેન્ટ દુનિયાની પ્રથમ સ્થાપેલ પાર્લામેન્ટ છે.

આઈસલેન્ડેર સ્ટોપઓવર નામના એરલાઈનના મેગેઝીનમાં આ ટાપુની ઉડીને આંખે વળગે તેવી સ્વચ્છતા વિશે લખે છે કે આ ડેલીકેટ લેન્ડસ્કેપને બગાડશો નહીં. અહીંથી પત્થરો ઉઠાવશો નહીં, મોસ (ભેજવાળી પોચી જમીન, કળણ) ઉપર ચાલશો નહીં અથવા તો રોડ પરથી ગાડી ઉતારીને ત્યાં ચલાવશો નહીં, ભલે તે ઉજ્જડ અને રેતાળ જમીન દેખાતી હોય. અમને તમારી કોમન સેન્સ ઉપર શ્રદ્ધા છે. તેથી અહીં તમને સૂચના આપવા વધારે પડતા સાઈન બોર્ડ કે (કુદરતની વચ્ચે) વાડો બાંધેલ જોવા નહીં મળે. પરંતુ વોર્નિંગ મળે ત્યારે સાંભળો. ગરમ પાણી વધારે પડતું ગરમ હોઈ શકે. વોટરફોલ પાસેના ખડક લપસણા હોઈ શકે. દરિયો છેતરામણી રીતે શાંત હોઈ શકે. તેથી સ્થાનિક સલાહને અનુસરો.

જીજ્ઞાસુ વાચકોએ આ દેશની મુલાકાત કોમ્પ્યુટરના સ્ક્રીન મારફતે લેવી હોય તો ગૂગલમાં માત્ર Iceland ટાઈપ કરવાથી અનેક સાઈટો મળી રહશે. જ્યાં તમને આ દેશના ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ દિશાઓમાં કુદરતે બનાવેલ આશ્ચર્યજનક ખડકો, જ્વાળામુખીઓની ભરમાર અને જ્વાળામુખીની અંદર ૧૨૦ મીટર ઊંડે સુધી જવાની સાહસિક ટ્રીપ, હેલિકોપ્ટરની ઉડાન, થર્મલ પુલ, ગ્લેસિયરોમાં આવેલ ટનલો, ચોક્ખા ચણક નિર્જન રસ્તાઓ, બાઈકિંગ એડવેન્ચર્સ, ત્યાંના પશુઓ, પક્ષીઓ, વોટરફોલ્સ, લોકોની રહેણીકરણી, ઈતિહાસ તેમજ ભૂગોળ વિશે અનેક જાણવા જેવી માહિતીઓ સચિત્ર મળી રહેશે.

● **હેલ્થ ફર્સ્ટ :**

*One of the twenty places in the world you must see before you die.*

*– CNN*

**આર્થિક સંકડામણનો અનુભવ થાય ત્યારે**

*નાનપણમાં વડીલો કહેતા, ક્યારેક કોઈ વિષમ સંજોગોમાં આર્થિક સંકડામણનો અનુભવ થાય ત્યારે તારા કરતાં નીચી પાયરીવાળાને યાદ કરજે અને વિચારજે કે એ શી રીતે પોતાનો નિર્વાહ કરતો હશે?*

માહિતી

# અમેરિકા રહેવા અને ફરવા માટે સુંદર છે.... (૧)

• ચૌલા કુરુવા •

એમ કહેવાય છે કે બસ્સો વર્ષમાં પહેલી આવી ચૂંટણી અમેરિકાના પ્રમુખની છે અને હવે ટૂંક સમયમાં ક્લિન્ટન કે ટ્રમ્પ એનો ફેંસલો થઈ જશે. જો કે ભારતીયો માટે તો બંને સારા રહેવાના એમ તેઓના ચૂંટણી પ્રચાર પરથી જણાય છે. ત્યાંના કુશળ ભારતીયોએ બંને ઉમેદવારોને ખુશ કર્યા છે. એટલે ટ્રમ્પ કે હિલેરીથી ભારતને કે ભારતીયોને કોઈ ફર્ક નથી પડવાનો. પરંતુ આફ્રિકન અમેરિકનોનો પણ મોટો રોલ રહેશે. અમેરિકા માટે ઘણાં લોકોને લવ અને હેટનો સંબંધ છે. આવું માત્ર ભારતના નહીં દુનિયાભરના લોકો માટે કહી શકાય. કારણકે અમેરિકા દુનિયાનો નંબર-૧ દેશ લાંબા સમયથી છે.

આપણે ઘણીવાર અમેરિકાની સ્પર્ધા કરવાની વાત કરીએ છીએ તો ક્યારેક સરખામણી પણ કરતા હોઈએ છીએ. બાકી અમેરિકાની ઈર્ષ્યા તો ઘણાં સ્થળોએ થાય છે. જો કે અમેરિકા ફરવા અને પ્રવાશ માટેનો દેશ છે અને પ્રવાસીઓ માટે ઉત્તમ સુવિધાઓ ત્યાં ઉપલબ્ધ છે. પરંતુ આપણા લોકો ત્યાં ડોલર કમાવવા વિશેષ જાય છે અને ગયા પછી તેમની ઈચ્છા ત્યાં કાયમી વસી જવાની જ હોય છે. ડોલર જેટલા થાય તેટલા ભેગા કરવા અને વિશેષ સારી લાઈફ સ્ટાઈલ માણવા માટે લોકો અમેરિકાની વિશેષરૂપે પસંદગી કરતા હોય છે તે હકીકત બની ગઈ છે.

વીસમી સદીથી જ અમેરિકા તરફ દુનિયાના લોકોની દોટ શરૂ થઈ હતી. તેના કારણોમાં આ દેશની સમૃદ્ધિ અને વિકાસ મુખ્ય છે. દુનિયા જેને નંબર-૧ દેશ કહે છે એ અમેરિકા આજે તો ઈમિગ્રન્ટનો દેશ બની ગયો છે. અમેરિકા પ્રવાસીઓ માટે બહુ સુંદર દેશ છે. આખો દેશ ખૂબ સરસ રીતે વેલ પ્લાન્ડ છે અને પ્રવાસીઓ માટે ઉત્તમ સુવિધાઓ છે. વિઝાની માથાકુટના કારણે ટ્રાવેલ એજન્ટો બીજા દેશોમાં નજર દોડાવે છે... એટલે અમેરિકાના ભાગે આવતો ટ્રાવેલનો ધંધો બીજે ડાયવર્ટ થાય છે. અમેરિકા માત્ર ડોલર કમાવવા માટે હોવાના કારણે પ્રવાસી નકશામાં એ પાછળ ધકેલાતો જાય છે. પ્રવાસ કરવા માટે જવું છે એમ કહો તો પેલો વિઝા ઓફિસર પણ તમારી તરફ શંકાથી જુએ અને તમારો વિઝા રીજેક્ટ થઈ જાય એવું પણ બની શકે છે.

મજાની વાત એ છે કે આ દેશમાં કાયદેસર વિઝા લઈને રોજ જેટલા મુલાકાતીઓ આવે છે તેટલા ગેરકાયદે વિઝા ધારકો પણ દરરોજ આવતા હોય છે. એક અંદાજ પ્રમાણે અમેરિકામાં એક કરોડથી વધુ લોકો ગેરકાયદેસર વસવાટ કરતા હશે. દેશ બહુ વિશાળ હોવાથી એની સીમાથી ઘણાં આ રીતે આવી શકે છે અને વર્ષોથી નોકરી ધંધા પણ કરતા હોય છે. અમેરિકા એકમાત્ર એવો દેશ છે કે જ્યાં રૂબરૂ ઈન્ટરવ્યુ વગર વિઝા મળતા નથી અને ત્યાં પ્રવેશ માટેના નિયમો કડક છે. પણ જ્યાં વધુ કડકાઇ ત્યાં છીંડા પણ એટલા જ હોય તેમ અહીં પણ છે.

ભારતીયોએ ત્યાં સારું એવું ત્યાં જમાવ્યું છે તેમાં કોઈ શંકા નથી. ભારતીયોની લોબી પણ વધુ ને વધુ મજબૂત થતી જાય છે. ગુજરાતીઓ ત્યાં વેપારધંધામાં છે તો કેટલાંક ભારતીયો નોકરી કે પ્રોફેશનલ ફિલ્ડમાં પણ છે.

એક સમય હતો આપણા ડોક્ટરો અમેરિકા તરફ જાણે દોટ મૂકતા હતા અને યુવાનોમાં પણ અમેરિકાનું ગાંડપણ હતું. પણ એકાદ દાયકામાં અમેરિકાથી ભારત પરત ફરનારા અને અહીં જ નોકરી ધંધામાં લાગી ગયેલા જોવા મળે છે. પ્રશ્ન રહે છે કે અમેરિકાના મૂળ લોકો કયા કહી શકાય?

૧૫મી સદીમાં કોલંબસ દ્વારા અમેરિકાની શોધ થઈ હતી. તે પછી યુરોપિયનો અને અંગ્રેજોએ ત્યાં જવાનું શરૂ કર્યું અને યુરોપના વિવિધ દેશો વચ્ચે અમેરિકામાં વર્ચસ્વ જમાવવા સંઘર્ષ અને લડાઇઓ પણ થઈ. જેમાં અંગ્રેજ, ફ્રેન્ચ અને સ્પેનિશ લોકો પણ હતા. આજે તો અમેરિકાના ગોરાઓ એટલે યુરોપિયનો મૂળ છે. જેઓ છેલ્લા ૫૦૦ વર્ષોથી ત્યાં વસી રહ્યા છે અને ખાસ તો અંગ્રેજ પ્રજાજનો વસ્યા છે. એટલે તેમની અનેક પેઢીઓથી અમેરિકા જ તેમનો દેશ છે. બીજા લોકો પોતાની સેવા માટે મજદૂર તરીકે આફ્રિકનોને ત્યાં લાવેલા. જેઓ એક સમયે ગુલામો હતા. અમેરિકાને આઝાદી મળી એ પછી આ તમામ આફ્રિકનોને સમાન અધિકારો મળ્યા છે. એટલે સ્વતંત્ર લોકશાહી દેશમાં તમામ હક્કો અને અધિકારો તેમને મળ્યા છે.

હાલના અમેરિકાના પ્રેસિડેન્ટ બરાક ઓબામા પ્રથમ આફ્રિકન - અમેરિકન પ્રમુખ છે જેઓ ૧૦ વર્ષથી અમેરિકાના પ્રમુખ છે. આ લોકોને આફ્રિકન અમેરિકન કહી શકો પણ કાળા કહો તો કાયદેસર તમારી સામે કાર્યવાહી થાય. જેમ આપણે ત્યાં અમુક જાતિ માટે છે તેમ ત્યાં પણ તેમની સામે અપમાનજનક વર્તન કે ભાષા વાપરી શકાય નહીં.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૯ ઉપર)**

# ટમ ટમ તારલિયા

*આકાશમાં કેટલાક તારા ટમ ટમ થતા દેખાય છે. એ તારલાઓ "આકાશ દર્શન" કરવાવાળાનું ધ્યાન સવિશેષપણે ખેંચે છે.*

*કચ્છમાં, ગુજરાતમાં, ભારતમાં અને વિશ્વમાં દરરોજ કંઈક ને કંઈક બનાવો બનતા રહે છે કે જેમાંના કેટલાક બનાવો અગત્યના હોય છે, જાણવાજોગ હોય છે. આ સમાચારો ટમ ટમ થઈને પછીના દિવસોમાં બુઝાઈ જાય છે.*

*આ સમાચારો પ્રત્યે "કચ્છશ્રુતિ"ના વાચક વર્ગનું સવિશેષ ધ્યાન પહોંચે તેના માટે 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગ માટે નવેમ્બર-૨૦૧૬ના અંકથી 'ટમ ટમ તારલિયા' વિભાગ શરૂ કરવામાં આવી રહેલ છે.*

*આશા છે કે 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને તેનાથી કેટલીક જાણકારી પ્રાપ્ત થઈ શકશે.*

*આપ પણ 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગના જ્ઞાનના વધારા માટે આ પ્રકારના સમાચાર મોકલતા રહેશો તો તેનાથી સવિશેષ આનંદ થશે.*

*– તંત્રી મંડળ*

## અમેરિકાની ચૂંટણીમાં ૫૦ દિવસ પહેલાથી મતદાન શરૂ થઈ શકે

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ ૮મી ઓક્ટોબરે એટલે કે ચૂંટણીના બિલકુલ એક માસ પહેલા મતદાન કર્યું હતું. યુ.એસ.માં છેલ્લી કેટલીક ચૂંટણીઓથી વહેલા મતદાનની પરંપરા શરૂ થઈ છે. કેટલાક રાજ્યોમાં તો ચૂંટણીની મુખ્ય તારીખના ૫૦ દિવસ પહેલાથી જ મતદાન શરૂ થઈ જાય છે. કારણકે ત્યાં ભારતની જેમ ચૂંટણીના દિવસે જાહેર રજા કે અડધા દિવસની રજા હોતી નથી.

## અમેરિકામાં ચૂંટણી

ચૂંટણી ગમે ત્યાંની હોય, તેમાં પૈસાની રેલમછેલ તો થાય જ. અમેરિકાની આ વખતની ચૂંટણી પૂરી થશે ત્યાં સુધીમાં ત્રણ અબજ ડોલર એટલે કે આશરે રૂપિયા ૨૧,૦૦૦ કરોડ વપરાશે. ૨૦૦૦માં જ્યોર્જ ડબલ્યુ બુશ અને અલ ગોર વચ્ચેના મુકાબલામાં ૧૯૭૬.૫૦ મિલિયન ડોલર એટલે કે રૂા. ૧૨,૦૦૦ કરોડ ખર્ચાયા હતા. ૨૦૦૪માં જ્યોર્જ બુશ અને જહોન કેરી વચ્ચેની હોડમાં ૨૪૩૫.૬૦ મિલિયન ડોલર એટલે કે રૂા. ૧૫,૦૦૦ કરોડ ઊડ્યા હતા. ૨૦૦૮માં બરાક ઓબામા અને જહોન મેક્કેઇન વચ્ચેની સ્પર્ધામાં ૩૧૩૧.૯૭ મિલિયન ડોલર એટલે કે રૂા. ૧૯,૦૦૦ કરોડ વપરાયા હતા. ૨૦૧૨માં બરાક ઓબામા અને મીટ રોમની વચ્ચેની હરીફાઈમાં ૨૭૪૯.૯૭ મિલિયન ડોલર એટલે કે રૂા. ૧૮,૦૦૦ કરોડ વેરાયા હતા.

## અમેરિકામાં ગુજરાતીઓને ચૂંટણીમાં ટેકા માટેની અપીલ

હિલેરી ક્લિન્ટન ગુજરાતીઓની વધુ વસતિ ધરાવતા ન્યુજર્સીમાં જઈને યુ.એસ.એ.માં પ્રમુખ તરીકેની આગામી ચૂંટણીના અન્વયે ટેકો માંગી ચૂક્યા છે. એવી જ રીતે ડોનાલ્ડ ટ્રમ્પ પણ ગુજરાતીઓને વોટ આપવા વિનંતી કરી ચૂક્યા છે.

## અમેરિકામાં ભારતીયોની પ્રગતિ

અમેરિકામાં ભારતના લોકોની પ્રગતિ જોઈને પ્રમુખ ઓબામા પણ અંજાઈ ગયા છે. વડાપ્રધાન મોદીનું સ્થાનિક લોકોએ ભવ્ય સન્માન કર્યું ત્યારે ઓબામાના મોંઢામાંથી 'સન્માન અદ્‌ભુત છે!' એવા ઉચ્ચારો નીકળી ગયા હતા. અમેરિકાના યુવાનોને તેમણે એકવાર એમ પણ કહ્યું હતું કે તમે ભણો, નહિંતર આ ઇન્ડિયનો તમારી નોકરીઓ છીનવી લેશે.

## સ્વયં પ્રકાશિત થતો રસ્તો

પોલેન્ડમાં રાત્રે સ્વયં પ્રકાશિત થતો રસ્તો બનાવવામાં આવ્યો છે. આ રસ્તા પર ડામરની જેમ લાઈટો પાથરવામાં આવેલી છે. એ લાઈટો દિવસે સૂર્ય પ્રકાશમાંથી ઊર્જા મેળવે છે અને રાત્રે સતત દસ કલાક સુધી ચાલુ રહી શકે છે. સોશિયલ મીડિયામાં તેના વિઝ્યુઅલ્સ અને ફોટોગ્રાફ્સ ભારે વાઇરલ બન્યા છે.

## બાલિકા વધુ

'સેવ ધ ચિલ્ડ્રન' નામની સંસ્થાએ કરેલા એક સર્વેમાં બહાર

આવ્યું છે કે વિશ્વમાં દર સાત સેકન્ડે ૧૫ વર્ષથી નાની વયની છોકરીના લગ્ન થાય છે. અત્યારે વિશ્વમાં બાલિકા વધુઓની સંખ્યા ૭૦ કરોડ છે, જે ૨૦૩૦ સુધીમાં વધીને ૯૫ કરોડ થઈ જશે.

## થેન્ક્સ ગિવિંગ ડે

ઉલ્લેખનીય છે કે અમેરિકામાં દર વર્ષે નવેમ્બરના ચોથા ગુરુવારે 'થેન્ક્સ ગિવિંગ ડે' મનાવાય છે. એ દિવસે ત્યાં 'જાહેર રજા' અપાય છે. અમેરિકામાં ઘણા સ્થળે પરેડ યોજાય છે. લોકો ગરીબોને જમાડે છે. થેન્ક્સ ગિવિંગ ડે ના દિવસે પરિવારજનો અને મિત્રો ભેગા મળીને પાર્ટી યોજી મોજમજા કરે છે. સ્કૂલ કોલેજોમાં બે-ત્રણ દિવસની છૂટ્ટી અપાય છે.

## બાળકોને પોષક આહાર

યુનિસેફે ગયા સપ્તાહે રજૂ કરેલા આંકડા મુજબ ભારત દેશમાં દર વર્ષે સરેરાશ તેર લાખ બાળકો પૂરતા પોષક આહારના અભાવે પાંચ વર્ષની ઉંમર થાય એ પહેલાં મરણ પામે છે.

## કાગડા ચીનમાં પણ કાળા

દુનિયાના કોઈ પણ છેડે જાવ, મનુષ્ય સ્વભાવ બધે સરખો છે. ચીન કોમ્યુનિસ્ટ દેશ છે. ત્યાં કાયદો છે કે એક પરિવાર ત્રણથી વધુ ફ્લેટ રાખી ના શકે. રીઅલ એસ્ટેટના ધંધામાં ચીનમાં તેજી છે. આ તેજીનો લાભ લેવા કપલે તલાક લેવાનું નક્કી કર્યું. પેપર પર ધણી-ધણિયાણી અલગ થયા. હવે તેઓ ૬ ફ્લેટ ખરીદી શકે છે. તેજી-મંદીનો લાભ લઈ શકે છે. તેઓ પેપર પર છૂટા પડ્યા છે. વ્યવહારમાં તો ધણી-ધણિયાણી તરીકે સાથે જ રહે છે. કાગડા બધે જ કાળા હોય છે.

## ભારતીય રેલવે

ભારત આઝાદ થયું ત્યારે દેશમાં રેલવેના પાટાઓ કુલ ૫૩,૦૦૦ કિ.મી. લાંબો રૂટ કવર કરતા હતા. તે અત્યારે વધીને ૭૦,૦૦૦ કિ.મી. સુધી પહોંચ્યા છે. જે અંદાજે ૭,૧૧૨ સ્ટેશન પરથી પસાર થાય છે અને દરરોજ બે કરોડ વીસ લાખ લોકોનું ભારતીય રેલવે વહન કરે છે.

## દુનિયાની સસ્તી ટ્રેન મુસાફરી

દુનિયાની સૌથી સસ્તી ટ્રેન મુસાફરીની યાદીમાં ભારત ટોપ ટેનમાં છે. એને કારણે જ નાગરિકોનો ધસારો રેલવે સ્ટેશનો પર જોઈ શકાય છે.

## ઇન્કમટેક્ષ - આવકવેરો

વર્ષ ૨૦૧૪-૧૫ના આંકડાઓના આધારે દેશમાં કુલ ૪ કરોડ લોકો આવકવેરો ભરે છે પરંતુ આવકવેરાની કુલ થતી આવકમાંથી ૭૪ ટકા આવક તો માત્ર ૩.૧૪ લાખ કરદાતાઓ (કે જેની સંખ્યા કુલ કરદાતાઓના ૧ ટકાથી પણ ઓછી છે) દ્વારા જમા કરાવવામાં આવે છે.

વ્યક્તિગત કરદાતા, કંપની કરદાતા અને બિઝનેસ ધરાવતા કરદાતાઓ મળીને કુલ ૩૯૧.૨૮ લાખ રીટર્ન ફાઈલ થયા હતા. તેમના થકી રૂા. ૪,૪૬,૭૧૯ કરોડની આવકવેરાની આવક થઈ હતી. તેમાંના ૩.૧૪ લાખ કરદાતાઓ થકી કુલ રૂા. ૩,૩૦,૯૧૦ કરોડની આવક આવકવેરા વિભાગને થયેલ હતી. કે જે કુલ આવકની ૭૪ ટકા આવક થાય.

ઉપરોક્ત ૩.૧૪ લાખ કરદાતાઓ પૈકી દરેક રૂા. ૧૦ લાખથી વધુ રકમનો આવકવેરો ચૂકવી રહ્યા છે. આ ૩.૧૪ લાખ કરદાતાઓમાં ૬૪ કરદાતાઓ તો એવા છે કે જેમાંનો પ્રત્યેક કરદાતા વર્ષે રૂા. ૧૭૭૦ કરોડની આસપાસની રકમ આવકવેરા તરીકે જમા કરાવે છે.

## આધ્યાત્મિક દેશ ભારતનો હેપ્પીનેસ ઈન્ડેક્ષ

યુનાઈટેડ નેશન્સે વર્ષ ૨૦૧૬ના માર્ચ મહિનામાં વર્લ્ડ હેપ્પીનેસ ઈન્ડેક્ષની જે વિગતો જાહેર કરી તેમાં દુનિયાના ૧૫૬ દેશોમાંથી ભારતનો ક્રમ ૧૧૮મો રહેલ હતો.

## ગેડીની સમૃદ્ધિ

કચ્છના વાગડ વિસ્તારના રાપર તાલુકાના ઐતિહાસિક ગેડી (એવું કહેવાય છે કે જ્યાં પાંડવો એક વર્ષ સુધી અજ્ઞાતાવસ્થામાં રહેલ હતા) ગામે સંપીને રાજ્ય સરકારની ૯૦ ૧૦ની યોજના હેઠળ ગામના સીમાડામાં ૫૦૦થી વધુ ચેક ડેમનું નિર્માણ કર્યું છે અને તેઓ વરસાદના પાણીનો ભરપૂર ઉપયોગ ખેતીમાં કરે છે. આ ગામમાં કુવાઓ પુષ્કળ છે અને કુવા આધારિત આ ગામમાં ૩૫ તો તળાવ છે. આ ગામ વરસાદના સારા એવા પાણીને સંગ્રહી શકે છે. પરિણામે ખેતી થકી આ ગામ સમૃદ્ધ થયેલ છે.

## કળીયુગ

'જન્મભૂમિ' પંચાંગના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૭૩માં કળીયુગના પ્રારંભથી અત્યાર સુધી ૫૧૧૮ વર્ષ પૂરા થાય છે. કળીયુગના હજી ૪૨,૬૮૨ વર્ષ બાકી રહે છે. કળીયુગ ટોટલ ૪૭,૮૦૦ વર્ષનું બનેલું છે.

## વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે આપેલી ફેક્ટ ફાઈલ પ્રમાણે ભારતીય ગૃહિણીઓ પાસે અત્યારે સંઘરાયેલું કુલ ૨૦,૦૦૦ ટન સોનું છે.

સોનાના ૧૦ ગ્રામની કિંમત રૂા. ૩૦,૦૦૦/- અંકારીએ તો ૧૦૦ ગ્રામના રૂા. ૩,૦૦,૦૦૦/- થાય અને ૧૦૦૦ ગ્રામ એટલે કે ૧ કિલોના રૂા. ૩૦,૦૦,૦૦૦/- થાય.

આ હિસાબે ૧૦૦૦ કિલો એટલે કે ૧ ટનના રૂા. ૩,૦૦,૦૦,૦૦,૦૦૦ = ૩ અબજ = ૩૦૦ કરોડ રૂપીયા થાય.

***આ હિસાબે ૨૦,૦૦૦ ટન સોનાની કિંમત***

૨૦ હજાર x ૩ અબજ = ૬૦ હજાર અબજ રૂપીયા થાય.
= ૬૦ લાખ કરોડ રૂપીયા થાય.
= ૬૦૦ ખર્વ રૂપીયા થાય.

## ૨૦૧૭માં દિવાળી ૧૧ દિવસ વહેલી

૨૦૭૨ના વર્ષ કરતાં ૨૦૭૩ના વર્ષની દિવાળી ૧૧ દિવસ વહેલી આવશે. ૨૦૭૨ની દિવાળી ૩૦મી ઓક્ટોબરે હતી જ્યારે ૨૦૭૩ની દિવાળી ૧૯મી ઓક્ટોબર, ૨૦૧૭ને ગુરુવારના રોજ આવશે.

## રજાઓના જોટા

વર્ષ ૨૦૭૩માં અનેક તહેવારોમાં સરકારી ઑફિસમાં રજાઓના જોટા આવે છે કે જે નીચે મુજબની વિગતોથી જાણી શકાય છે.

- ગુરૂ નાનક જયંતી સોમવાર, તા. ૧૪-૧૧-૧૬ના આવી હતી.
- ઈદે મિલાદ, સોમવાર તા. ૧૨-૧૨-૧૬ના આવે છે.
- મકર સંક્રાંતિ શનિવાર તા. ૧૪-૧-૧૭ના આવે છે.
- મહા શિવરાત્રી શુક્રવાર તા. ૨૪-૨-૧૭ના આવે છે. ફેબ્રુઆરી મહિનાનો ચોથો શનિવાર, તા. ૨૫-૨-૧૭ના આવે છે અને ૨૬-૨-૧૭ના રોજ રવિવાર આવે છે.
- ધૂળેટી સોમવાર તા. ૧૩-૩-૧૭ના રોજ આવે છે.
- રમઝાન ઈદ સોમવાર તા. ૨૬-૬-૧૭ના આવે છે.
- રક્ષાબંધન સોમવાર તા. ૭-૮-૧૭ના આવે છે.
- બકરી ઈદ શનિવાર તા. ૨-૯-૧૭ના આવે છે.
- દશેરા શનિવાર તા. ૩૦-૯-૧૭ના આવે છે.
- ગાંધી જયંતી સોમવાર તા. ૨-૧૦-૧૭ના આવે છે. ■

## વર્તમાનપત્રને આધારે

(અનુસંધાન : પાના નં.-૪૯ ઉપરથી ચાલુ)

મળે તો ભણાવવા આવે છે! કેન્દ્ર સરકારની બે સંસ્થાઓ NCERT અને NUPA દ્વારા શાળા કક્ષાએથી મંગાયેલી માહિતીમાં ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગે જ આ અંગેનો વિગતવાર અહેવાલ આપ્યો છે. RTEનાં કાયદા મુજબ ૧ કિ.મી.ની અંદર પ્રાથમિક અને ૩ કિ.મી.ની અંદર અપર પ્રાઈમરી શાળા હોવી જોઈએ. ગુજરાતમાં ૩૪,૦૦૦થી વધુ સરકારી પ્રાથમિક શાળાઓ છે. જેમાં લગભગ ૯૮ લાખ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે.

કેન્દ્રની બે એજન્સીઓને અપાયેલા જવાબમાં જણાવાયું છે કે, રાજ્યમાં શૂન્ય શિક્ષકવાળી શાળાઓની સંખ્યા ૪૨ની છે. આવી શાળાનાં બાળકો કેવી રીતે શિક્ષણ મેળવતા હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. રાજ્ય સરકાર સમક્ષ કેટલાય PTC અને બી.એડ. થયેલા વ્યક્તિઓ વારંવાર નોકરીઓ માટે આંટાફેરા કરતા હોય છે. પરંતુ તેમને નોકરી અપાતી નથી.

*ગુજરાત સમાચાર, તા. ૩૦-૧૦-૨૦૧૬*

## જૈનોની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'જિતો'માં બે કચ્છી વરાયા

જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જિતો)ની ડાયરેક્ટર બોર્ડની મીટિંગમાં ૨૦૧૬-૧૭ના વર્ષની ટીમમાં બે અગ્રણી પ્રતિભાઓને સામેલ કરવામાં આવી છે. જિતો એપેક્સના ઉપપ્રમુખ તરીકે અશોક કે. શાહ જ્યારે જિતોની એમિનન્ટ સ્પીકર્સ આઈડેન્ટિફિકેશન એન્ડ પુલિંગ કમિટીના ચેરમેન તરીકે બશેષ ગાલાની નિયુક્તિ થઈ છે.

અશોકભાઈ કચ્છ - પત્રીના છે. વી-ટ્રાન્સ ઈન્ડિયા લિ. કંપનીના ચેરમેન છે. શ્રી શાહ ઈન્ટરનેશનલ વૈશ્ય ફેડરેશન (મુંબઈ)ના પ્રમુખ છે. કચ્છ કોર્પોરેટ ફોરમના તેઓ ભૂતપૂર્વ પ્રમુખ છે. તેમને 'જવેલ ઑફ ગુજરાત' ઍવોર્ડ પણ મળી ચૂક્યો છે. બશેષ ગાલા '૩૯ સોલ્યુશન્સ'ના મેનેજિંગ ડાયરેક્ટર છે. તેઓ મેનેજમેન્ટ અને બ્રાન્ડ નિષ્ણાત છે. કચ્છ સાડાઉના છે. કોર્પોરેટ જગતમાં બિઝનેસ ગુરુ તરીકે જાણીતા છે. જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જિતો) એ રૂા. ૧૫૦ કરોડથી વધુનું રીઝર્વ ફંડ ધરાવતું એન.જી.ઓ. છે. તે વિશ્વવ્યાપી જૈન ઉદ્યોગપતિઓ, નોલેજ વર્કર અને પ્રોફેશનલોનું સંગઠન છે. જિતો સામાજિક - આર્થિક એમ્પાવરમેન્ટ, વેલ્યુ આધારિત શિક્ષણ, સમાજ કલ્યાણ, જીવદયા પ્રચાર, વૈશ્વિક - મૈત્રીભાવના પ્રસાર, આધ્યાત્મિક ઉત્કર્ષ વગેરેનું કાર્ય કરે છે.

*કચ્છમિત્ર, તા. ૪-૧૧-૨૦૧૬*

# વર્તમાનપત્રના આધારે

*નવેમ્બર-૨૦૧૬ના અંકથી "કચ્છશ્રુતિ" એક નવી કોલમ શરૂ કરી રહેલ છે : "વર્તમાનપત્રના આધારે."*

*દૈનિક વર્તમાનપત્રોમાં નીત નવા નવા સમાચાર આવે છે કે જેમાંના કેટલાક સમાચાર ખૂબ જ અગત્યના હોય છે. જો કે અનેક વાંચકો આ સમાચાર વાંચે છે જ્યારે કેટલાક વાંચકોની નજર બહાર આ સમાચાર રહી જતા હોય છે. તેનું એક કારણ એવું પણ હોય છે કે આજના ન્યુઝ પેપર બીજા દિવસે ઓછા વંચાતા હોય છે. આ સમાચારો જાણવા જોગ, માણવા જોગ અથવા અગત્યના હોઈ વાંચકોના લાભ માટે તેને આ શીર્ષક હેઠળ પ્રસારિત કરવાનું યોગ્ય માનેલ હોવાથી હવેથી "કચ્છશ્રુતિ"માં આ અંકથી નવીન વિભાગ "વર્તમાનપત્રના આધારે" ઉમેરવાનું નક્કી કરવામાં આવેલ છે.*

*અમને આશા છે કે વાચક વર્ગને આ વિભાગ અનેક રીતે ઉપયોગી થઈ શકશે. તેનાથી વર્તમાનના બનાવોની યોગ્ય રીતે જાણકારી રહેશે.*

*વાચકવર્ગ પણ આ પ્રકારના સમાચારો મોકલી આ વિભાગને જીવંત બનાવવા કોશિષ કરશે તો અમને સવિશેષ આનંદ થશે.*

***– તંત્રી મંડળ***

## કચ્છને નર્મદાનાં પાણી માટે નાણાંની કોઈ કમી નહીં રહે : મુખ્યમંત્રી

સમગ્ર કચ્છવાસીઓની લાગણીને ધ્યાનમાં રાખી શાસક પક્ષ ભાજપના તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારો તા. ૨૨-૯-૧૬ના ગાંધીનગર પહોંચ્યા, જ્યાં કચ્છની સિંચાઈના તથા પીવાનાં પાણીની ભાવિ યોજનાઓનું નિર્દેશન કરવામાં આવ્યું હતું.

કચ્છના પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પણ મુલાકાત લઈ પેયજળની અછત અંગે રજૂઆત કરતાં તેમણે સ્પષ્ટ ખાતરી આપી હતી કે, કચ્છને ક્યાંય અન્યાય થવા નહીં દેવાય. વધારાના એક મિલિયન એકર ફીટ નર્મદાનાં પાણીના મુદ્દે પણ મુખ્યમંત્રીએ કહ્યું કે, જેટલી ધનરાશિ કચ્છ માટે જોઈશે તે આપવામાં આવશે.

વરસાદ ખેંચાઈ ગયો છે એટલે આવનારા ઉનાળા સુધી જો પાણીચોરીની સમસ્યા યથાવત્ રહેશે તો પીવાનાં પાણીની તંગી સર્જાશે એ વાત કરતાં મુખ્યમંત્રી અને જળસંપત્તિ વિભાગના મંત્રી નાનુભાઈ વાનાણીની હાજરીમાં કચ્છ માટે કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવાયા હતા.

ગાંધીનગર ખાતે સંસદીય સચિવ વાસણભાઈ આહીર, પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા ભાજપના પ્રમુખ કેશુભાઈ પટેલ, જિલ્લા પંચાયતના અધ્યક્ષા કૌશલ્યાબેન માધાપરિયા, ધારાસભ્યો ડૉ. નીમાબેન આચાર્ય, રમેશભાઈ મહેશ્વરી, પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી, નર્મદા નિગમના ડાયરેક્ટર મૂકેશભાઈ ઝવેરી, માજી ધારાસભ્યો છબીલદાસભાઈ પટેલ, જયંતીભાઈ ભાનુશાલી, ધનજીભાઈ સેંધાણી, પક્ષના મહામંત્રીઓ શૈલેન્દ્રસિંહ જાડેજા, અનિરુદ્ધ દવે વગેરે આગેવાનોએ ઉપરોક્ત દિવસે પડાવ નાખ્યો હતો.

સૌરાષ્ટ્ર માટે તો 'સૌની' યોજનાનું લોકાર્પણ થયું પરંતુ કચ્છનું શું? તેવો સવાલ કચ્છના આ તમામ પ્રતિનિધિઓએ મુખ્યમંત્રી તથા રાજ્યમંત્રી સમક્ષ કર્યો હતો.

કચ્છને અન્યાય થઈ રહ્યો હોવાની લાગણી છે ત્યારે આ પ્રશ્ને મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ કહ્યું કે, વધારાનાં પાણી માટે આવનારા બજેટમાં પાંચ હજાર કરોડની રકમનો સમાવેશ કરી લેવાશે. કચ્છ માટે પૈસાની કોઈ કમી નથી અને એક મિલિયન એકર વધારાના પાણીની શરૂઆત પણ વડાપ્રધાન મોદીના હસ્તે કરીશું તેવી હૈયાધારણ આપી હતી.

આગામી ૨૦૧૭ સુધી વધારાનું વહી જતું પાણી સિંચાઈ માટે મોડકૂવા સુધી પહોંચી જશે તેવી મુખ્યમંત્રીએ ધરપત આપી હતી.

ત્યારબાદ જળસંપત્તિ વિભાગના મંત્રી નાનુભાઈ વાનાણીની હાજરીમાં કચ્છની નર્મદા સિંચાઈ યોજનાનું નિર્દેશન કરવામાં આવ્યું હતું. તેમણે પણ કચ્છ બ્રાંચ કેનાલથી માંડી તેમાંથી લિન્ક કેનાલની વિસ્તૃત વિગતો પ્રતિનિધિ મંડળને આપી હતી.

***કચ્છમિત્ર, તા. ૨૨-૯-૨૦૧૬***

## વધારાનું પાણી અબડાસા સુધી પહોંચાડાશે : – વાનાણી

ગાંધીનગરમાં કચ્છ ભાજપના પ્રતિનિધિ મંડળ સાથે કચ્છના સિંચાઈનાં પાણીની વ્યવસ્થા અંગે નિર્દેશન યોજ્યા બાદ રાજ્યના જળસંપત્તિ વિભાગના મંત્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતું કે, નર્મદાનું નિયમિત પાણી વાગડ સુધી આવી ગયું છે. કચ્છ બ્રાંચ કેનાલ મારફતે પાણી પહોંચતું હોવાથી આ કેનાલને ભચાઉથી આગળ વધારી ટપ્પર સુધી જો પહોંચાડવામાં આવે તો એક મોટું કામ કચ્છ માટે થયું ગણાશે. એટલે સરકાર પણ આ દિશામાં આગળ વધે છે તેવી માહિતી કચ્છના આગેવાનોને આપવામાં આવી હતી.

લાંબા સમયથી સરકાર દ્વારા માત્ર જાહેરાતો કરવામાં આવે છે, ખરેખર નક્કર શું છે તેવા પૂછાયેલા સવાલ સામે વાનાણીએ કહ્યું કે, જ્યાં સુધી કચ્છ બ્રાંચ કેનાલનું કામ પૂરું નહીં થાય ત્યાં સુધી કંઈ પણ કહેવું વહેલું હશે.

ભચાઉથી હવે ટપ્પર સુધી પાણી પહોંચાડવામાં ઝડપ આવશે એ વાત પૂછતાં તેમણે કહ્યું કે, આગામી જૂન સુધીમાં ભચાઉથી ટપ્પર સુધી નહેર આગળ પહોંચી જશે અને સરકાર પણ એવી જ દિશામાં આગળ વધે છે.

પાણી વાગડ સુધી આવી ગયું છે તો સારણ જળાશય ભરવા માટે પણ ફંડની જોગવાઈ કરાતી નથી એ વાતનો સ્વીકાર કરતાં કહ્યું કે, આગેવાનોએ પણ એ જ માંગણી કરી છે. પ્રથમ તબક્કામાં સારણ પાસે પાણી એકત્ર કરવાનું કામ હાથ ધરવામાં આવશે એમાં કોઈ બે મત નથી.

પૂર વખતે વહી જતા વધારાનાં પાણી અંગે પણ માત્ર વાતો થાય છે એ પ્રશ્ને રાજ્યમંત્રીએ કહ્યું કે, કચ્છ બ્રાંચ કેનાલમાંથી ૭ લિંક કેનાલ બનાવવામાં આવી છે. આ કામમાં પણ ઝડપ આવશે. આગામી બજેટમાં નાણાંની જોગવાઈ કરી દેવાશે.

જે પાણી મોડકુવા સુધી પહોંચવાનું હતું તેને આગળ વધારી પાઈપલાઈન મારફતે અબડાસાના બેરાચિયા અને કનકાવતી સુધી નર્મદાના આ વધારાના પાણી પહોંચી જશે એ પ્રકારનું નવેસરથી આયોજન કરવામાં આવ્યું છે.

*કચ્છમિત્ર, તા. ૨૨-૯-૨૦૧૬*

## કબડ્ડીનો કિલર ઇન્સ્ટિંક્ટ બિઝનેસ, રાજકારણ તથા જીવનના દરેક ક્ષેત્રમાં કામ આવી શકે

જેણે કબડ્ડીની રમત રમી નથી તેણે જીવનમાં કશું નથી કર્યું એમ કહી શકાય. તમે આખી દુનિયા ફરી આવો પણ કબડ્ડી ના રમ્યા હો તો તમે ઝીરો છો. જે લોકો રાજકારણમાં આગળ વધવા માંગે છે તેમણે કબડ્ડી અવશ્ય રમવી જોઈએ. જો કબડ્ડી રમવા જેટલી શારીરિક ક્ષમતા ના હોય તો તેને જોવી જોઈએ.

કબડ્ડી કે હૂ...તૂ...તૂ...તૂ... નું એકે-એક સ્ટેપ સમજવા જેવું છે. આ તમામ સ્ટેપ રાજકારણમાં કામ લાગે છે. **કબડ્ડી શૌર્ય શીખવાડે છે, શિસ્ત શીખવાડે છે, ધીરજ શીખવાડે છે,** પ્રતિસ્પર્ધીને ક્યારે જવા દેવો અને ક્યારે ટાંટિયો ખેંચવો તે શીખવાડે છે.

સામેની ટીમમાં ઊભેલા પ્રતિસ્પર્ધીઓ હોકારા - પડકારા કરતા હોય ત્યારે તેમની વચ્ચે કબડ્ડી - કબડ્ડી કરતા જવું અને પોતાનો પગ સલામત રાખવો તેમજ સામેના ગઢમાં ગાબડું પાડીને પાછા આવવું તેમાં ચિત્તા જેવી ઝડપ અને પોતાની ટીમને જીતાડવા સિવાયનું કોઈ ધ્યેય હોતું નથી.

કબડ્ડીની ગેમમાં આડેધડ કોઈનો પગ નથી ખેંચાતો પણ તે માટે અન્ય સાથીઓ કવર કરે તે જરૂરી હોય છે. કબડ્ડીમાં વ્યક્તિગત ઉત્સાહ, ટીમ સ્પિરિટ અને હિંમતનો સમન્વય જોવા મળે છે.

કબડ્ડી જ એક એવી રમત છે કે જેમાં પગ - ટાંટિયાનો વધુ ઉપયોગ થાય છે. **કહે છે કે જિંદગીમાં છટકવું - ભરાઈ ના પડવું અને ફસાઇ ના જવું તે આવડવું જોઈએ.** કબડ્ડી આ ત્રણેય મુદ્દા શીખવે છે.

**જેમણે કબડ્ડી નથી રમી તેમણે જિંદગીમાં કશું નથી કર્યું.** એકવાર કબડ્ડી રમવી જોઈએ અને તેમાં રહેલી કિલિંગ ઈન્સ્ટિક્ટનો અનુભવ થશે. કબડ્ડીની મેચમાં એકબીજાના પગ ખેંચ્યા પછી બંને પક્ષના ખેલાડીઓ વચ્ચે મિત્રતા વધે છે જે અંતે સંઘભાવનાને પણ ખીલવે છે.

જે લોકો બિઝનેસમાં આગળ આવવા મથે છે તેમણે કબડ્ડીની ગેમ જોયા કરવી જોઈએ. તેમાં રહેલો કિલર ઈન્સ્ટિક્ટનો ગુણ બિઝનેસની જટિલ સમસ્યાઓ ઉકેલી શકશે.

*ગુજરાત સમાચાર, તા. ૧૨-૧૦-૨૦૧૬*

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

**સાહિત્ય અને સંશોધન ક્ષેત્રે ભારતને નોબેલ પ્રાઇઝ મળવાની ઝાંખીપાંખી આશા ય નથી હોતી**

## નોબેલ પ્રાઇઝની મોસમમાં ભારતને કાયમી દુકાળ

હાલમાં જ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ બહુ સૂચક નોંધ લેતાં ટકોર કરી હતી કે, ભારતની આટઆટલી યુનિવર્સિટીઓ ગ્લોબલ એજ્યુકેશન આપતી હોવાનો દાવો કરે છે તો સાડા આઠ દાયકાથી ભારતના એકેય વૈજ્ઞાનિકને કે અર્થશાસ્ત્રીને નોબેલ પ્રાઈઝ કેમ નથી મળતું?

આ સવાલ ભારતીય શિક્ષણ પદ્ધતિ સામે બહુ જ તગડો સવાલ સર્જે છે. અગાઉ વિખ્યાત ટેક્નોક્રેટ સામ પિત્રોડાએ પણ આ અંગે વ્યથા ઠાલવતા કહ્યું હતું કે, ગુજરાત સહિત સમગ્ર ભારતમાં શિક્ષણને આપણે ક્રમશઃ સરકારી જવાબદારીમાંથી મુક્ત કરીને સેલ્ફ ફાઈનાન્સ સ્તરે ધકેલતા જઈએ છીએ. આથી તમામ યોગ્યતા હોવા છતાં ગરીબ વિદ્યાર્થીને ગરીબ પદ્ધતિનું શિક્ષણ મેળવવાની ફરજ પડે અને માલેતુજારો પૈસા ખર્ચીને તેમના ચિરંજીવીને, કોઈ લાયકાત ન હોય છતાં ડૉક્ટર, એન્જિનિયર બનાવી શકે.

આ પ્રથા વર્ગભેદની ખાઇ તો વધુને વધુ ઊંડી કરે જ છે પરંતુ સૌથી મોટો ફટકો બુનિયાદી સંશોધનોને પડે છે. સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓ તગડી ફી ઉઘરાવે છે એટલે સ્વાભાવિક રીતે જ રોકડિયા પાક જેવી ધરખમ કમાણીની ખાતરી આપતી ડિગ્રીઓમાં જ તેમને રસ હોવાનો. પરિણામે ફિઝિયોથેરાપીથી માંડીને હોમિયોપેથ અને એક્યુપ્રેશરથી માંડીને નેચરોપેથ જેવા પેરામેડિકલ એજ્યુકેશનનો રાફડો ફાટે છે. પરંતુ બેઝિક સાયન્સ યાને ફિઝિક્સ, કેમિસ્ટ્રી કે બાયોલોજી ભણાવનારી સારી, સક્ષમ અને વિશ્વસ્તરની સંસ્થાઓ ભયજનક ઝડપે ઘટી રહી છે.

બારમા ધોરણમાં બબ્બે ટ્રાયલ ફટકાર્યા પછી ય જો રૂપિયા ખર્ચીને એન્જિનિયર બની શકાતું હોય તો મેથેમેટિક્સ કે ફિઝિક્સ કોણ ભણવાનું હતું? રોજગારીમાં પણ બુનિયાદી વિજ્ઞાનને પ્રાથમિકતા આપવામાં સરકારની વ્યવસ્થા સદંતર નિષ્ફળ ગઈ છે.

વિદ્યાર્થી નથી મળતા માટે સાયન્સ કોલેજોમાં કાગડાં ઊડે છે. કાગડાં ઊડે છે માટે પ્રાધ્યાપકની જગ્યાઓ નથી પડતી. નોકરી નથી મળતી માટે વિદ્યાર્થીઓ સાયન્સ ભણવા પ્રેરાતા નથી. આપણે આવા ભયાનક દુષ્ચક્રમાં જાણી જોઈને ફસાઈ ચૂક્યા છીએ. પરિણામે, ભૌતિકશાસ્ત્રમાં બી.એસસી. થયેલો વિદ્યાર્થી થોડોક સંઘર્ષ કરીને એસ્ટ્રોનોમિમાં એમ.એસસી. કરવાને બદલે કોમ્પ્યુટરનો એકાદ કોર્સ કરીને ત્વરીત રોજગારીને પહેલી પસંદ કરે છે.

સમગ્ર દેશમાં આ સ્થિતિ પ્રવર્તતી હોય, બુનિયાદી વિજ્ઞાનના નામે પ્રયોગશાળામાં ખાલી કસનળીઓ આપસમાં ખખડતી હોય ત્યાં ફિઝિક્સ કે બાયોલોજીનું નોબેલ પ્રાઇઝ ભારતીય વિજ્ઞાનીને ભારતમાં રહીને જ મળે એ તો એક પગે એવરેસ્ટ ચડવા જેવી કલ્પનાતીત વાત લાગે છે.

વિજ્ઞાનની માફક સાહિત્યમાં પણ આપણે દુનિયાની નજરે નોંધપાત્ર નથી ગણાતા. પરિણામે, રવિન્દ્રનાથ ટાગોર સિવાય ભારતમાં જન્મેલા ઈંગ્લિશ લેખક રૂડયાર્ડ કિપ્લિંગને ય ભારતીય ગણીને ભારતીયતાનો ઝંડો ઊંચો રાખવા મથીએ છીએ. પેઢીઓથી વેસ્ટ ઇન્ડિઝમાં વસેલા વિદ્યાધર નાઈપોલને નોબેલ પ્રાઇઝ મળે ત્યારે આપણે તેમના સાહિત્યમાં ધરાર ભારતીય ભૂમિનો પ્રભાવ શોધવા આકરી જહેમત ઊઠાવીએ છીએ. કેમ આવી સ્થિતિ સર્જાઇ? શા માટે ભારતની પ્રાંતીય ભાષામાં રચાતા બેહદ્દ ઉત્કૃષ્ટ સાહિત્યને આપણે જગચોતરે દમામભેર મૂકવામાં નિષ્ફળ જઈએ છીએ? વન્સ અગેઇન, ફાસ્ટ ફૂડ જેવા ક્વિક એમ્પ્લોયમેન્ટના મોહમાં આપણે સાહિત્ય જેવી બેનમૂન ભેટને ય 'નકામો ટાઈમપાસ' ગણવા માંડ્યા છીએ. **વાંચન જ નથી રહ્યું ત્યાં લેખન કેવી રીતે સંભવે?** લેખન થકી બે ટંકના સ્વમાનભેર મળતા રોટલાના ય ફાંફા હોય ત્યાં લિટરેચરનું નોબેલ પ્રાઇઝ તો ક્યાંથી મળે? સાહિત્યથી ઘર નથી ચાલતું એવું આપણે પેઢીઓથી કહેતા રહ્યા છીએ. પરિણામે નવી પેઢી હવે એ પણ ભૂલી ગઈ છે કે સારી રીતે જીવવા માટે સાહિત્ય જ મદદરૂપ થાય છે.

*'ગુજરાત સમાચાર', તા. ૧૨-૧૦-૨૦૧૬*

## ખરીદીનો નવો ટ્રેન્ડ

ઓનલાઈન 'સેલ'ના કારણે બજારની ખરીદીનો ઘણો પૈસો ખેંચાઈ ગયો છે. ફ્લીપકાર્ટ, સ્નેપ ડીલ અને એમેઝોનના સેલનો સમય પૂરો થયો છે. ગયા વર્ષની સરખામણીમાં આ સાઈટોએ અનેકગણું વેચાણ કર્યું છે. દરેક ઈ-કોમર્સ સાઈટનું વેચાણ વીસ ગણું વધ્યું છે. પ્રાથમિક અહેવાલો એમ દર્શાવે છે કે ૨૦૧૪માં ફ્લીપકાર્ટે ઓનલાઈન સેલ દ્વારા ૬૫૦ કરોડનું વેચાણ કર્યું હતું, ૨૦૧૫માં ૩૦૦૦ કરોડ અને વર્તમાન સમય સુધી ૨૦૧૬માં ૧૪૦૦ કરોડનું વેચાણ કર્યું છે.

ઓનલાઈન વેચાણમાં થતા વધારા પાછળ મુખ્ય કારણ કેશ સામે માલનો કોન્સેપ્ટ છે. લોકો સતત નવું ખરીદતા થયા

છે, સતત નવી સ્કીમો અને સસ્તા ભાવોના કારણે લોકો ઓનલાઈન ખરીદી કરતા થયા છે.

દિવાળી પહેલા જ દિવાળી સેલ મૂકીને ઓનલાઈન વેચાણ કરતી સાઈટોએ લોકોને ખરીદી માટે અવકાશ આપ્યો હતો.

હવેનું ઓનલાઈન સેલ ડિસેમ્બરમાં આવશે, જે ક્રિસમસ સેલ તરીકે હશે. દિવાળી સેલ કરતાં લોકો ક્રિસમસમાં ખરીદી વધુ કરે છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૪-૧૦-૨૦૧૬*

## ટેબ્લેટનું વેચાણ વધ્યું

ડેસ્કટોપ વપરાશમાં દેખાતા નથી. હવે લેપટોપ અને ટેબલેટ વચ્ચે સ્પર્ધા ચાલે છે. એક સમયે ઠેર ઠેર ડેસ્કટોપ જોવા મળતા હતા. આજે તેના સ્થાને લેપટોપ જોવા મળે છે. પરંતુ લેપટોપના સ્થાને ટેબલેટનો પ્રભાવ વધશે તેવું કોઈએ વિચાર્યું નહોતું. ટેબલેટ સાથે લઈ જવામાં સરળ રહે છે. તેની સરખામણીમાં લેપટોપ હેવી છે અને સાથે રાખવા ખાસ બેગ વગેરે જોઈએ છે. તેનું ચાર્જર પણ દોરડા જેવું લાગે છે. જ્યારે ટેબલેટમાં એટેચમેન્ટ ઓછા વજનવાળા અને આસાનીથી સાથે રાખી શકાય છે. એમ લાગે છે કે આગામી થોડા સમયમાં લેપટોપના વેચાણ પર ટેબલેટ ફટકો મારી શકશે.

હવે જ્યારે ઈન્ટરનેટની સ્પીડ વધી છે ત્યારે બહાર ફરતી વખતે ટેબલેટ વધુ સરળ રહે છે. કોમ્પ્યુટર પર કોઈ કામ કરવું હોય તો કદાચ લેપટોપની જરૂર પડે પરંતુ હવે તો ટેબલેટ પર પણ કંપોઝીંગ વગેરે આસાનીથી થાય છે.

ટેબલેટનો વપરાશ મોટા પાયે વધી રહ્યો છે. ટેબલેટની સાથે ફોનની સવલત પણ આવવા લાગી છે. ટેબલેટનો સ્ક્રીન પણ જોઈએ તે પ્રકારનો મળવા લાગ્યો હોઈ એ સમય દૂર નથી કે લેપટોપની જગ્યાએ બધે ટેબલેટ જોવા મળે.

*ગુજરાત સમાચાર, તા. ૧૪-૧૦-૨૦૧૬*

## રજનીકાન્ત - કબાલી

રજનીકાન્તની લોકપ્રિયતાએ સર્વ પ્રકારના રેકોર્ડ તોડી દીધા છે. કબાલી પછી એની નવી ફિલ્મ ૨.૦ તૈયાર થઈ રહી છે. આ ફિલ્મમાં ઐશ્વર્યા રાય છે અને રૂસ્તમ અક્ષયકુમાર વિલનની ભૂમિકામાં છે. ભાગ્યે જ દુનિયાના કોઈ કલાકારને મળે એવા અંધશ્રદ્ધાયુક્ત ભક્તો અને દર્શકોનો વિરાટ સમુદાય રજનીકાન્તની સાથે છે. **એવું નથી કે અમિતાભની જેમ પોતાના સમગ્ર પ્રચાર વ્યવસ્થા તંત્રનું સંચાલન તે પોતે કરે છે. તે બધું જ પોતાના ચાહકો પર છોડી દે છે.** જે સમયે ભારતમાં કબાલી રીલીઝ થઈ તે સમયે રજનીકાન્ત તો યુરોપ અને અમેરિકામાં વેકેશનની રજાઓ માણતા હતા. રજનીકાન્તની સફળતા પાછળ એક નિશ્ચિત પ્રકારનું નેટવર્ક કામ કરે છે. રૂા. ૧૦૦ કરોડના જંગી બજેટ સાથે રજૂ થયેલી કબાલીએ પ્રથમ ૧૫ દિવસમાં રૂા. ૫૦૦ કરોડ જેટલો બોક્સ ઑફિસ પર વકરો કરી લીધો હતો. સરવાળે કબાલીએ કુલ ૭૦૦ કરોડ ઉપરાંતનો બિઝનેસ કર્યો છે જે પણ એક વિક્રમ છે. ભારતમાં એક સાથે ૩૨૦૦ થિયેટરોના પરદા પર તેની રજૂઆત કરવામાં આવી. જેમાંના ૨૨૦૦ થિયેટરો તો દક્ષિણ ભારતમાં હતા. જે દિવસે ફિલ્મ કબાલી રિલીઝ થઈ તે દિવસે વહેલી સવારે ૪ વાગ્યાથી પ્રથમ શોની શરૂઆત થઈ ત્યારે દક્ષિણ ભારતના તમામ થિયેટરોની બહાર હજારો લોકોના ટોળા હતા. જે જોઈને દક્ષિણની સંખ્યાબંધ કંપનીઓ અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને રજા જાહેર કરી દીધી હતી. પોતાને સુપરસ્ટાર માનતા બોલીવુડના ટોચના અભિનેતાઓ માટે રજનીકાન્તની લોકચાહના ઈર્ષ્યા અને રહસ્યના વિષય છે.

રજનીકાન્ત પાસે એક ઉચ્ચ સ્તરની ટીમ છે જે ફિલ્મ રજૂ થતા પહેલા આખા દક્ષિણ ભારતમાં અને દેશમાં રજનીકાન્ત માટેનું એક હીરોઇક વાતાવરણ ઊભું કરે છે. તેની આ ટીમ તમામ ટેલિવિઝન ચેનલો પર અને એફ.એમ. રેડિયો પર ફિલ્મની ચર્ચા વહેતી મૂકે છે. દક્ષિણ ભારતમાં આજે પણ અનેક લોકો પોતાની જિંદગી રજનીકાન્તને આદર્શ માનીને જીવે છે. હાથ વડે સિગારેટ આકાશમાં ઉછાળીને પછી એને સીધી હોઠમાં ઝીલી લેવાની કળા અને રિવોલ્વરથી સિગારેટ સળગાવવાની તેની કમાલ પર દક્ષિણ ભારતીય પ્રજા આફરીન છે. તેમણે રજનીકાન્ત જેવો કોઈ મહાનાયક જોયો કે કલ્પના પણ કરી નથી. આ એ ચાહકો છે, જેઓ ફિલ્મનો શો ૩ કલાકનો હોય તો ૧૨ કલાક સુધી ટિકિટ માટે લાઈનમાં ઊભા રહેવા માટે ટેવાયેલા છે. રજનીકાન્તે દર્શકોના અને ચાહકોના આ વિરાટ સમૂહ સાથે જ પોતાની જાતને કનેક્ટ કરેલી છે. પોતાના ચાહકો સમક્ષ સદાય સાવ સાદા વેશમાં પ્રસ્તુત થવા પંકાયેલા રજનીકાન્તને લોકો હજુ પણ પોતાની કલ્પના પ્રમાણે જ જુએ છે, અને એ જ તો એની સૌથી મોટી કમાલ છે.

બેંગ્લોર ટ્રાન્સપોર્ટ સર્વિસમાં એક સામાન્ય બસ કન્ડક્ટર તરીકે નોકરી કરનાર રજનીકાન્તે તમિલ સિનેમામાં અભિનયની શરૂઆત કર્યા પછી મદ્રાસ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટમાંથી અભિનયનો સત્તાવાર અભ્યાસ કરીને ડિપ્લોમાની યોગ્યતા પણ મેળવી છે. ઈ.સ. ૨૦૦૭માં ફિલ્મ શિવાજીમાં અભિનય કરવા માટે એ સમયે રજનીકાન્તે રૂા. ૨૬ કરોડ લીધા હતા જે સમગ્ર એશિયામાં ચીની અભિનેતા ચેકી ચાન પછીની સૌથી મોટી રકમ હતી.

તામિલ, મલયાલમ અને તેલુગુ ભાષાના દર્શકો જેને પોતાનો માને છે તે રજનીકાન્ત વાસ્તવમાં મરાઠી પરિવારમાંથી આવે છે. તેના પિતા રામોજીરાવ ગાયકવાડ એક પોલીસ કોન્સ્ટેબલ હતા. એ જમાનાના મૈસુર સ્ટેટ (આજનું કર્ણાટક)માં તેઓ નોકરી કરતા હતા અને બેંગ્લોરમાં રહેતા હતા. રજનીકાન્તના ફિલ્માવતારમાં આ બધી વાતો જો કે વિસરાઈ ગઈ છે પરંતુ દક્ષિણ ભારતના ફિલ્મ દર્શકોને પોતાના અદ્વિતીય ભક્તો બનાવવા સુધીની અભિનય કળાના નિષ્ણાત તરીકે રજનીકાન્ત ભારતીય સિનેજગતમાં હવે કબાલી પછીનો નવો કેવો ખેલ લઈને આવે છે તે ઈ.સ. ૨૦૧૭ના નૂતન પ્રભાત માટે જિજ્ઞાસાનો વિષય છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૪-૧૦-૨૦૧૬*

## કચ્છના અખાતમાં મળ્યો તેલનો જથ્થો

લગભગ ૩૧ વર્ષ બાદ ભારતને તેલ અને ગેસનો નવો જથ્થો ભંડાર હાથ લાગ્યો છે. અને તે જગ્યા છે, કચ્છનો અખાત. આ નવા સ્થાનમાં વર્ષ ૨૦૧૭-૧૮માં જ ઉત્પાદન શરૂ થઈ જવાની ધારણા છે.

અત્યાર સુધી ભારતમાં ૨૬ જળકૃત અખાતમાંથી માત્ર સાત જ ઉત્પાદન હેઠળ છે. ૧૯૮૫માં ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું હતું એ કાવેરી અખાત છેલ્લો અખાત હતો. ભારતની ટોચની નિકાસકાર કંપની ઓ.એન.જી.સી. કચ્છના ઑફશોર અખાતમાં સંશોધન કાર્ય હાથ ધરે છે અને અત્યાર સુધીમાં કુદરતી ગેસનો એક ટ્રિલિયન ક્યુબિક ફીટનો જથ્થો શોધી કાઢવામાં આવ્યો છે.

ઓ.એન.જી.સી.ના ડાયરેક્ટર (શારકામ) અજયકુમાર દ્વિવેદીએ કહ્યું હતું કે, 'કામકાજ ગતિમાં છે અને અમે વધુ ૦.૫ ટ્રિલિયન ક્યુબિક ફીટ ગેસ મેળવવાના પ્રયાસમાં છીએ. એ પછી તેને ઉત્પાદન હેઠળ મૂકી શકાશે.'

આજે એશિયન રાષ્ટ્રોમાં પેટ્રોલિયમ પેદાશોની માંગ વધી છે ત્યારે આ જથ્થો મળવો એ મહત્ત્વનું બની રહેશે. ભારતે ચાલુ વર્ષે ૨૦૨.૯ મિલિયન ટન ક્રુડ તેલની આયાત કરી છે. ભારતમાં છેલ્લા બે દાયકાથી તેલ અને ગેસ શોધવાનું કામ જ બંધ હતું.

*ગુજરાત સમાચાર, તા. ૧૯-૧૦-૨૦૧૬*

## ભારતીય સૈન્યના શસ્ત્ર સંપન્નમાં વધારો આકાશમાં પ્રહાર કરનારી મિસાઇલ સિસ્ટમ

ગોવામાં યોજાયેલી બ્રિક્સ સમિટમાં ભારત અને રશિયા વચ્ચે જે વિવિધ ૧૯ કરારો થયા, જે અત્યારે તો માત્ર મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગના સ્તરે છે તેમાં ભારતીય સૈન્યને શસ્ત્ર સંપન્ન કરવાના પણ કેટલાક મહત્ત્વના કરારો થયા છે. જેમાં મુખ્યત્વે પૃથ્વીથી આકાશમાં પ્રહાર કરનારી આધુનિક મિસાઈલ સિસ્ટમનો પણ સમાવેશ થાય છે. રશિયા પાસે અત્યારે એસ-૩૦૦ શ્રેણીની અપડેટેડ નવી આવૃત્તિ સ્વરૂપે એસ-૪૦૦ મિસાઈલ પ્રણાલિકા છે, જે શત્રુઓના પ્રહારને આકાશમાં જ બહુ દૂરના અંતરેથી રોકી લે છે. ઈ.સ. ૨૦૦૭માં જ્યારે રશિયાએ પોતાના સૈન્યમાં એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ દાખલ કરી ત્યારે જ તેણે જાહેર કર્યું હતું કે આવનારા કેટલાક વર્ષો સુધી અમે આ શ્રેણીની શસ્ત્રપ્રણાલિકાનો નિકાસ નહીં કરીએ. પરંતુ ઈ.સ. ૨૦૦૯થી એટલે કે બહુ ટૂંકા ગાળામાં રશિયાએ એની નિકાસ શરૂ કરી દીધી છે. ચીની શસ્ત્ર વિશ્લેષકો એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ માટે 'ગેઈમ ચેન્જર' એવો શબ્દ વાપરેલો છે. ભારત અને ચીન વચ્ચે રહેલી હિમાલયન પર્વતમાળા ઓળંગવા માટે ભવિષ્યના કેટલાક સંજોગોમાં એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ ભારત માટે અનિવાર્ય છે. આમાં જે ૪૦૦ આવે છે તેનો અર્થ છે કે ૪૦૦ કિ.મી. દૂર રહેલા દુશ્મને આપણા તરફ પ્રહાર કરેલા કોઈપણ શસ્ત્રને આ મિસાઈલ પ્રણાલિકા, એ શસ્ત્ર અહીં પહોંચે એ પહેલા આકાશ માર્ગે જ એને ખતમ કરી નાખે છે.

*ગુજરાત સમાચાર, તા. ૨૧-૧૦-૨૦૧૬*

## વિશ્વ ત્રીજા વિશ્વયુદ્ધ તરફ

પ્રતીકાત્મક રીતે જોઈએ તો ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે. પ્રથમ બે વિશ્વયુદ્ધ ભૌગોલિક દૃષ્ટિએ વિશ્વના વિશાળ પૃષ્ઠ પર ફેલાયેલા હતા જ્યારે આ ત્રીજું વિશ્વયુદ્ધ કેવળ સીરિયામાં લડાઈ રહ્યું છે. સીરિયામાં લડાઈ રહેલા યુદ્ધને ત્રીજા વિશ્વયુદ્ધ તરીકે મૂલવવાનું મન એટલા માટે થાય છે કે અહીં અનેક દેશોની સેના હાજરી પુરાવી રહી છે. એક તરફ સીરિયન આર્મી, બીજી તરફ અમેરિકન સેના, ત્રીજી તરફ રશિયન સેના, ચોથી કોર તુર્કી, પાંચમી તરફ અન્ય પશ્ચિમી દેશો, છઠ્ઠી તરફ ઈસ્લામિક સ્ટેટ, સાતમી કોર અલ નુસરા જેવા પેટા ત્રાસવાદી સંગઠનો અને આઠમી તરફ સીરિયન સરકારની સામે પડેલા વિદ્રોહીઓ. બધાયને પોતપોતાનો લાડવો લઈ લેવો છે અને રોજ સેંકડો લોકો જીવ ગુમાવી રહ્યા છે. વિશ્વની બે મહાશક્તિઓ સામસામી હોય, તેમના મળતિયા દેશો હોય, ત્રાસવાદી સંગઠનો હોય અને મરવા માટે લાખો નાગરિકો હોય તો આને વિશ્વયુદ્ધ નહીં તો બીજું શું કહેવાય? જરૂરી તો નથી કે રશિયા અને અમેરિકાના સૈનિકો એકબીજાને મારવાનું શરૂ કરે ત્યારે જ તે વિશ્વયુદ્ધની પરિભાષામાં આવે?

*ગુજરાત સમાચાર, તા. ૨૧-૧૦-૨૦૧૬*

## કચ્છના પ્રાથમિક શિક્ષણ તંત્રમાં ૩૩૫૩ જગ્યા ખાલી હોવાની રાવ

સરકારની અણ આવડતનો વરવો નમૂનો હોય તો શિક્ષણતંત્રમાં છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અડધો અડધ જગ્યાઓ ખાલી પડી હોવાની રજૂઆત કરવામાં આવી છે. જિલ્લા પંચાયતના સભ્ય સલીમ જતે એક યાદીમાં જણાવ્યું હતું કે, ઉત્સવપ્રિય ગુજરાત સરકાર છેલ્લા દાયકાથી પ્રવેશોત્સવ, ગુણોત્સવ વગેરે શિક્ષણક્ષેત્રે યોજી બાળકોના મૂળભુત અધિકાર શિક્ષણનું ફૂલ ગુલાબી ચિત્ર રજૂ કરી રહી છે. જ્યારે જિલ્લા પંચાયત - કચ્છમાંથી મેળવેલા સરકારી આંકડા દર્શાવી રહ્યા છે કે, બાળકોના વિદ્યાર્થીકાળનો નિર્ણાયક તબક્કો શિક્ષક વિહોણો પસાર થઈ રહ્યો છે. ધોરણ-૬ થી ૮માં ૪૬.૬ ટકા શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે અને કાર્યરત ૫૩.૪ ટકા શિક્ષકોમાંથી પણ ૧૫.૮૫ ટકા શિક્ષકો એવા છે જેમની નિમણૂક ધોરણ-૧થી ૫ માટેની લાયકાત અનુસાર કરવામાં આવી છે. પરંતુ શિક્ષકોની ઘટના લીધે તેઓ પ્રાથમિક ધોરણોને બદલે ઉચ્ચત્તર પ્રાથમિક ધોરણોમાં ભણાવી રહ્યા છે.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા કચ્છના તાલુકાઓની શિક્ષણની સ્થિતિ દર્શાવતા પત્રકમાં પ્રાથમિક શિક્ષકોની ખાલી પડેલી જગ્યાઓના આંકડા દર્શાવવામાં આવ્યા છે તે ચોંકાવનારા છે. ધોરણ-૧થી ૫માં ૧,૫૨,૫૪૯ વિદ્યાર્થીઓની સામે ૫૭૭૮ની જગ્યાઓ મંજૂર થયેલી છે. જેમાં ૯૧૦ એટલે ૧૫.૭૫ ટકા શિક્ષકોની ઘટ છે. અને ધોરણ-૬થી ૮માં મંજૂર મહેકમની સંખ્યા ૫૨૪૨ છે તેમાં અધધધ કહી શકાય તેટલી ૨૪૪૩ એટલે કે ૪૬.૬ ટકા શક્ષકોની ઘટ છે અને ઉચ્ચત્તર પ્રાથમિક ધોરણોના ૨૪૪૩માંથી ૪૫૧ શિક્ષકો એવા છે જેમની ભરતી ધોરણ-૧થી ૫ માટે શિક્ષકની લાયકાત અનુસાર કરવામાં આવી છે. ધોરણ-૧થી ૮ની સ્થિતિ પર નજર કરીએ તો કુલ ૧૧,૦૨૦ના મહેકમ સામે ૩૩૫૩ એટલે કે ૩૦.૪૩ ટકા શિક્ષકોની ઘટ છે.

*કચ્છમિત્ર, તા. ૨૬-૧૦-૨૦૧૬*

## દિવાળી : આ ગામની મહિલાઓ કમાય છે ૭૦ કરોડ રૂપિયા

દેશ અને દુનિયામાં ગુજરાતનું ઉત્તરસંડા પાપડ, મઠિયાં અને ચોળાફળી જેવી નાસ્તાની ચીજો માટે પ્રખ્યાત છે. દિવાળી ટાણે તો આ વસ્તુઓનું વેચાણ મોટા પ્રમાણમાં થતું હોય છે અને અહીંની મહિલાઓ ૭૦ કરોડ રૂપિયા સુધીનો વ્યવસાય કરે છે. એટલું જ નહીં, મહિલાઓ મોટા પ્રમાણમાં પાપડ, મઠિયા અને ચોળાફળી વિદેશ એક્સપોર્ટ પણ કરે છે. આ હવે એક મોટું માર્કેટ બની ગયું છે. ૨૦ હજારની વસતિવાળા આ ગામમાં દિવાળીમાં અલગ જ માહોલ હોય છે. અહીં આવી વસ્તુઓ બનાવનારી એટલે કે ગૃહઉદ્યોગ કરતી ૩૫થી વધુ ફેક્ટરીઓ છે જે દિવાળીમાં જ ૭૦ કરોડથી વધુનો વ્યાપાર કરે છે. ૩૦ વર્ષ પહેલાં શરૂ થયેલી આ માર્કેટમાં દિવાળીમાં છ ટનથી વધુ મઠિયાં - ચોળાફળી બનાવવામાં આવે છે. મઠિયાં - ચોળાફળીની વિશિષ્ટતા એ છે કે તે ત્રણ મહિના સુધી ખરાબ થતાં નથી.

*કચ્છમિત્ર, તા. ૨૮-૧૦-૨૦૧૬*

## તાતા મોટર્સને અપાયેલી ૬૦ હજાર કરોડની રાહતો પાછી ખેંચી લેવા કોંગ્રેસની માંગ

ગુજરાતની સરકારે તાતા મોટર્સને વાર્ષિક ૨.૫ લાખથી ૩.૫ લાખ નેનો કાર ઉત્પાદન કરવાની શરતે અબજો રૂપિયાના લાભ આપેલા. પરંતુ તાતા નેનો દ્વારા બે વર્ષમાં માત્ર ૩૨,૫૬૧ કાર જ ઉત્પન્ન કરી હોવાની હકીકત સરકારના વિધાનસભામાં અપાયેલા જવાબથી ખુલ્લી પડી છે. આ સંજોગોમાં તાતા મોટર્સ દ્વારા શરતોનો ભંગ કરવા બદલ આપેલી રૂા. ૬૦,૦૦૦ કરોડની રાહતો રાજ્ય સરકાર તાકીદે પરત લે તેવી માંગણી કરી છે.

સરકારે મસમોટી જાહેરાતો કરીને અમદાવાદ નજીક સાણંદ તાલુકામાં ૧,૧૦૦ એકર કિંમતી જમીન બજારભાવ ૪,૦૦૦ રૂપિયાના ચો.મી.ના ભાવ કરતાં સાવ નજીવા રૂા. ૯૦૦ના ભાવે તાતાને ફાળવી હતી.

*કચ્છમિત્ર, તા. ૨૮-૧૦-૨૦૧૬*

## સોની ટી.વી.ની સી.આઈ.ડી.

દિવાળીના ધમાકાની વાત કરીએ તો સૌથી મોટો ધમાકો સોની ટી.વી. પર વર્ષોથી ચાલ્યા આવતા સી.આઈ.ડી. માટેનો છે. મળતી માહિતી પ્રમાણે હવે સી.આઈ.ડી.ને વિરામ આપવાની વિચારણા ચાલે છે. ૧૯ વર્ષથી ચાલતી સીરિયલના સર્જકો સાથે સોની ચેનલને ક્રિએટિવ ડિફરન્સ થયા છે. આ માટે શો ના મહત્ત્વના પાત્રો એ.સી.પી. પ્રદ્યુમન, દયા અને અભિજિત સાથે એક મીટિંગ ગોઠવાઈ હતી. જેમાં સીરિયલના પ્રોડક્શન હાઉસને બદલવાની પણ ચર્ચા થઈ હતી. જો કે એ દરખાસ્ત પણ ન સ્વીકારાતાં હવે સીરિયલ બંધ કરવાનો એકમાત્ર વિકલ્પ બચ્યો છે. જો કે સૂત્રો એવુંય કહે છે કે હજુ વધુ એક રાઉન્ડ મીટિંગ થાય તે પછી જ કંઈક ફાઈનલ જાણી શકાશે.

*કચ્છમિત્ર, તા. ૨૮-૧૦-૨૦૧૬*

## કચ્છની ૧૨ કોમ્યુનિટીમાં પ્રકાશ પાથરવાનો પ્રયાસ

### અમદાવાદમાં સૃજનનો પ્રથમ ફ્લેગશીપ સ્ટોર ખુલ્લો મુકાયો

"કચ્છમાં રાહતના રસોડામાં રીલિફ વર્ક કરવા માટે અમે ગયા હતા. અમે જ્યાં આહીર કમ્યુનિટી કે જે ફ્રીમાં ખાવાનું પણ ન સ્વીકારે તેમને મળવાની તક મળી હતી. પોતાના માટે તેઓ જે એમ્બ્રોઇડરી વર્ક કરતાં તે જોઈને પછી મૂળ અમદાવાદના મારા મધર ચંદા શ્રોફે ૪૬ વર્ષ પહેલાં આહીર ઉપરાંત બીજી ૧૧ જેટલી કોમ્યુનિટીને સ્વ-નિર્ભર કરવા સૃજનની શરૂઆત કરી હતી. આજે કચ્છની આસપાસ અને બનાસકાંઠામાં કુલ ૧૨૦ જેટલા ગામોમાં ૩૫૦૦ જેટલી ક્રાફ્ટવુમન સુધીની આ સફર યાદગાર રહી છે."

આ શબ્દો છે સૃજનના ટ્રસ્ટી અમી શ્રોફના. અમદાવાદમાં સૃજનના પ્રથમ ફ્લેગશીપ સ્ટોર ઓપનિંગ વખતે તેમણે આ વાત કરી હતી. અમી શ્રોફ કહે છે કે, 'ઐતિહાસિક રીતે છેલ્લા હજારેક વર્ષથી કચ્છ પ્રદેશમાં વિવિધ કમ્યુનિટી સ્થળાંતર કરતી રહી છે. આહીર, જત, રબારી, મુતવા સહિતની આ કમ્યુનિટી સ્થળાંતર ન કરે તે માટે અમે તેમની પાસે રહેલી ભરતકામની બ્યુટીફુલ સ્કીલને વધુ ડેવલપ કરીએ છીએ. આ બહેનો કુર્તા, સ્કર્ટ, પ્લાઝો વગેરે જેવી ઘણી પ્રોડક્ટ તૈયાર કરે છે. દિવાળીનું પર્વ છે ત્યારે સાચે જ તેમની લાઈફમાં પ્રકાશ પાથરવાની જે તક મળી છે તે મારે માટે સાચી દિવાળી છે.

*દિવ્ય ભાસ્કર, તા. ૨૯-૧૦-૨૦૧૬*

## કચ્છની ઉત્પત્તિ

કચ્છની ઉત્પત્તિનું પગેરું ૧૮ કરોડ વર્ષ પૂર્વે પહોંચે છે. નિષ્ણાતોના મત અનુસાર અસંખ્ય ભૂ-પરિવર્તનો વેઠ્યા પછી પાંચેક હજાર વર્ષ પહેલાં કચ્છનું આજનું ભૂ-સ્વરૂપ સર્જાયું છે. ભૂસ્તર વિજ્ઞાનના નિષ્ણાતોના મતે પૃથ્વીની ઉત્પત્તિ પછી ઉદ્ભવેલા પથ્થર યુગથી માંડીને હડપ્પન સંસ્કૃતિ સહિતની તમામ સભ્યતાઓનાં અવશેષ કે પદચિહ્ન કચ્છની ધરતીના પેટાળમાં સચવાયેલા છે.

કચ્છે ચાર વાર સમુદ્રમાં ડૂબકી મારી પુનઃ બહાર આવેલો પ્રદેશ છે એમ પણ નિષ્ણાતો કહે છે.

*કીર્તિ ખત્રી, કચ્છમિત્ર, દીપોત્સવી-૨૦૭૨*

## કચ્છી માડુએ દેશ વિદેશમાં કરેલી હિજરત અજોડ છે

કુદરતી આપત્તિઓ અને તેમાંયે ખાસ કરીને દુકાળની પરંપરાની પીડાએ સર્જેલી પાણી સહિતની અનેક અછતોને લીધે રોજીરોટીની ખોજમાં કચ્છી માડુએ દેશ વિદેશમાં કરેલી હિજરત અજોડ છે. આને લીધે આજે કચ્છમાં જેટલા કચ્છી વસે છે એનાથી દોઢા કે બમણા કચ્છી બેવતન થઈને અન્યત્ર વસી રહ્યા છે. તેમ છતાં પણ તેઓ વતનને ક્યારેય ભૂલ્યા નથી. તેથી કચ્છીઓના વતનપ્રેમની તુલના ઇઝરાયેલીઓના વતનપ્રેમ સાથે થાય છે. તેમની આ હિજરત સાથે વેપારવણજ અર્થે દરિયો ખેડીને આફ્રિકા કે યુરોપ સુધીની છલાંગે વહાણવટાનો વિકાસ થયો એનો પણ એક આગવો ઈતિહાસ છે.

*કીર્તિ ખત્રી, કચ્છમિત્ર, દીપોત્સવી-૨૦૭૨*

## ન્યાયતંત્ર પ્રત્યે કેન્દ્ર સરકારનું વર્તન કેમ ઓરમાયું?

ભારતીય અદાલતોમાં પેન્ડિંગ કેસની સંખ્યા દુનિયાભરમાં તાજ્જુબી સર્જતો આંકડો ગણાય છે. સંસદમાં સત્તાવાર રીતે કહેવાયા મુજબ ૨૦૧૨માં ભારતની તમામ અદાલતોમાં પેન્ડિંગ કેસનો આંકડો ૩ કરોડ ૨૩ લાખ ૩૬ હજાર ૭૪૪ હતો. એ પછી ચાર વર્ષમાં તેમાં બીજા નવા કેસો ઉમેરાયા હોય. આ જોતાં સહેજે કહી શકાય કે ભારતની કુલ વસતિના આશરે ૨.૫ ટકા જેટલા કેસ અદાલતમાં ચુકાદાની રાહ જોતાં પડ્યા છે. લીગલ વોચ ઈન્ટરનેશનલ સંસ્થાના અભ્યાસ મુજબ, ભારતમાં થતી પોલીસ ફરિયાદ પૈકી ૩૮ ટકા ફરિયાદો આર્થિક છેતરપિંડીને લગતી હોય છે. પછીના ક્રમે ૩૩ ટકા સાથે જાતીય ગુનાખોરી હોય છે.

સરકાર દ્વારા ન્યાયતંત્રની સજ્જતા જાળવવા જરૂરી બજેટ કદી ફાળવાયું જ નથી. ૧૯૫૦ પછી આજ સુધીમાં ક્યારેય એવું બન્યું નથી કે ન્યાયયંત્રે પોતાની વ્યવસ્થા જાળવવા અને અદાલતી કેસના ભારણને પહોંચી વળવા માંગેલું બજેટ કદી મળ્યું હોય. અદાલતોની કાર્યવાહીને સુસ્ત બનાવનારું બીજું કારણ છે અપૂરતો સ્ટાફ. દેશભરની અદાલતોમાં દરેક સ્તરે સ્ટાફની ભારે અછત છે. સ્વયં સર્વોચ્ચ અદાલતમાં કુલ ૩૧ ન્યાયાધીશોની જગ્યા મંજૂર થયાના ચાર વર્ષ પછી પણ માત્ર અપૂરતા બજેટના કારણે ભરી શકાઈ નથી. દેશભરની હાઈકોર્ટમાં ૩૧૫ જગ્યાએ ખાલી ખુરશી સામે ફાઈલો પડેલી છે જ્યારે નીચલી અદાલતોમાં આ ખાલી જગ્યાઓનો આંકડો તો ૩૨૦૦થી પણ વધારે છે. કેસનો ભરાવો કરતું અને ન્યાય પ્રક્રિયામાં અપરંપાર વિલંબ કરતું મુખ્ય કારણ આ છે.

અમેરિકામાં સર્વોચ્ચ અદાલત વર્ષભરમાં માત્ર ૮૧ કેસમાં જ ચુકાદો આપે છે. જ્યારે ભારતમાં દરેક સ્તરના એક જજ વર્ષમાં આશરે ૨૬૦૦ કેસની દલીલો સાંભળે છે અને ચુકાદા આપે છે. એક ન્યાયાધીશ પર આટલું ભારણ હોય ત્યારે ન્યાયતંત્રની ગુણવત્તા કેવી રીતે જળવાય એ પણ પાયાનો સવાલ છે.

અમેરિકામાં દસ લાખની વસતિ દીઠ ન્યાયાધીશની સંખ્યા આશરે ૬૬ છે. બ્રિટનમાં દસ લાખની વસતિ સામે ૫૧, કેનેડામાં ૭૫, ફ્રાંસમાં ૬૮, જર્મનીમાં ૫૭ અને ઓસ્ટ્રેલિયામાં ૪૨ જજ છે. તેની સામે ભારતમાં દસ લાખની વસતિ સામે ફક્ત ૧૭ જજ છે. સરવાળે ભારતીય ન્યાયાધીશના ભાગે અન્યની સરખામણીએ લગભગ ચાર કે પાંચ ગણું કામ કરવાનું થાય છે.

ન્યાયતંત્રની તરફેણ પછી હવે એ વાતનીય નોંધ લેવી જ પડશે કે ઉનાળુ વેકેશન, દિવાળી રજા, ક્રિસમસ અને નાતાલની રજા, દશેરાની રજા જેવા તહેવારો ઉપરાંત અઠવાડિયામાં શનિ-રવિ તેમજ જાહેર રજાના દિવસેય બંધ રહેતી અદાલતો ૩૬૫ દિવસના વર્ષમાં સરેરાશ ૧૫૫ દિવસ તો રજા પર હોય છે એવું પણ એક તારણ છે. આટલી રજા હોય ત્યારે કેસનું ભારણ સતત વધતું જ જાય તેમાં શું નવાઈ?

એક તરફ અદાલતો પહોંચી ન શકે એટલા કેસોનો ભરાવો થતો હોય અને બીજી તરફ કોઈ જ દેખીતા કારણ વગર અદાલતો આટલી રજાઓ પાડતી હોય એવી લક્ઝરી ભારત જેવા દેશને કોઈ કાળે પોષાઈ ન શકે. આમ છતાં અજીબ રીતે આપણે એ પોષતા રહ્યા છીએ.

*ગુજરાત સમાચાર, તા. ૩૦-૧૦-૨૦૧૬*

## સ્વિફ્ટ નામના નાનકડા પક્ષીઓ સતત દસ મહિના હવામાં રહે છે : વિશ્વવિક્રમ

**સ્વીડનથી રવાના થયેલું પક્ષી આફ્રિકા થઈ ફરી સ્વીડનમાં આવે છે**

સ્વિફ્ટ અને ગુજરાતીમાં કાનકડિયા તરીકે ઓળખાતા નાનકડા પક્ષીએ બહુ મોટો વિશ્વવિક્રમ નોંધાવ્યો છે. આ પક્ષી સતત દસ મહિના સુધી હવામાં જ રહે છે. ઉત્તર યુરોપમાં વસતિ ધરાવતું આ પક્ષી શિયાળામાં આફ્રિકા તરફની સફર કરી ફરી સ્વીડન આવે ત્યાં સુધી જમીન પર પગ મૂકતું નથી. વચ્ચે જરૂર પડે તો વૃક્ષની ઊંચી ડાળીઓ કે ઊંચા થાંભલા પર થોડી મિનિટોનો બ્રેક લઈ લે છે પણ જમીન પર તો ઉતરતું જ નથી.

સ્વીડનની યુનિવર્સિટીના સંશોધકોએ સ્વીડનમાંથી રવાના થતા ૧૯ કોમન સ્વિફ્ટના શરીર સાથે અત્યંત હળવા વજનના જી.પી.એસ. ઉપકરણો અને ટ્રેકિંગ સાધનોની ચીપ ફીટ કરી દીધી હતી. તેનો અભ્યાસ કર્યા પછી હવે સંશોધકોએ જાહેરાત કરી હતી કે ૧૯ પૈકી એક પક્ષીએ તો દસ મહિનામાં ક્યારેય ક્યાંય બ્રેક લીધો જ ન હતો.

આ પક્ષીઓ હવામાં જ ઊંઘી શકે છે. હવામાં જ સંવનન કરી શકે છે અને હવામાંથી જ તેમને ખોરાક મળી રહે છે. તેમના પગ શરીરના પ્રમાણમાં ટૂંકા અને પાંખો મોટી હોવાથી જો એ રસ્તામાં જમીન પર ઉતરે તો ફરીથી એમને ઉડવામાં ભારે મુશ્કેલી થઈ પડે છે. આ માટે આ પક્ષી હવામાં જ પોતાનો બધો ખેલ પૂરો કરી લે છે. આ પક્ષીનું વજન ૪૦ ગ્રામ જેટલું અને પાંખોની પહોળાઈ ૨૦ સે.મી. જેટલી જ હોય છે. તેનું નાનું અને હળવું કદ પણ તેને ઉડતું રહેવામાં મદદ કરે છે.

*ગુજરાત સમાચાર, તા. ૩૦-૧૦-૨૦૧૬*

## પરમાણુ શસ્ત્રો એટલે વાઘની સવારી

પરમાણુ શસ્ત્રો હોય એ દેશોની ચિંતા ઓછી નથી થતી, વધતી જાય છે. તેને સાચવવા મોટો પ્રોબ્લેમ છે. વળી ધારો કે વપરાશ નથી કરવો તો તેની સંખ્યા ઘટાડવી એ પણ બહુ ધીરજપૂર્વકની પ્રવૃત્તિ છે. અમેરિકા અને રશિયા સતત પોતાના પરમાણુ શસ્ત્રો ઘટાડી રહ્યા છે. પરંતુ એ કામગીરી વર્ષો સુધી ચાલશે. દરમિયાન હાલ છે એ પૈકીના ૧૦૦ બોમ્બ જ આખા જગતનો નાશ કરવા માટે પૂરતા છે.

દુનિયા પાસે આજે કેટલા પરમાણું શસ્ત્રો છે?

જગતના ૯ જ દેશો પરમાણુ શસ્ત્રો ધરાવે છે. પણ શસ્ત્રોનો જથ્થો કુલ ૧૫,૩૭૫ જેટલો થાય છે. અલબત્ત, તો પણ ૧૯૮૦ના દાયકામાં જેટલા પરમાણુ શસ્ત્રો હતા, તેના કરતાં હાલ ૩૫ ટકા ઓછા થઈ ગયા છે. અત્યારના સ્ટોક પૈકીના ૧૮૦૦ જેટલા પરમાણુ બોમ્બ એલર્ટની સ્થિતિમાં છે. આજે કયા દેશ પાસે કેટલા પરમાણુ શસ્ત્રો છે તે જુઓ...

| દેશ | ન્યુક્લિયર વેપન્સ | દેશ | ન્યુક્લિયર વેપન્સ |
|---|---|---|---|
| રશિયા | ૭૩૦૦ | પાકિસ્તાન | ૧૩૦ |
| અમેરિકા | ૬૯૭૦ | ભારત | ૧૨૦ |
| ફ્રાન્સ | ૩૦૦ | ઈઝરાયેલ | ૮૦ |
| ચીન | ૨૬૦ | ઉત્તર કોરિયા | ૧૫ |
| બ્રિટન | ૨૧૫ | | |

*ગુજરાત સમાચાર, તા. ૩૦-૧૦-૨૦૧૬*

## ગુજરાતની ૪૨ સરકારી પ્રાથમિક શાળાઓ શિક્ષકો વગર ચાલે છે!

ગુજરાતનાં વિવિધ જિલ્લાઓમાં ૪૨ સરકારી પ્રાથમિક શાળાઓ એવી છે કે જેમાં એક પણ શિક્ષક નથી! આ શાળાઓમાં વિદ્યાર્થીઓને આસપાસની સ્કૂલોમાંથી એકાદ શિક્ષક જો તેને સમય

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૧ ઉપર)**

# શબ્દ શોધ : ૫૫

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | | ૫ | ■ |
| ■ | ૬ | | ૭ | | ■ | ■ | ૮ | ૯ |
| ૧૦ | | | | | ૧૧ | ૧૨ | ■ | |
| | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | |
| | ■ | | ■ | ૧૬ | ■ | ■ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | ૨૦ | ■ | ૨૧ | ■ | ૨૨ | |
| ■ | ૨૩ | | | ■ | ૨૪ | ૨૫ | | ■ |
| ૨૬ | ■ | ■ | ૨૭ | | | | ■ | ૨૮ |
| ૨૯ | | | | ■ | ■ | ૩૦ | | |

## આડી ચાવીઓ

૧. પ્રસૂતિ, જન્મ, જન્મ થવો એ (૩)
૪. અત્યારે કયો મહિનો ચાલે છે? (૪)
૬. મા-બાપ, માતા-પિતા (૪)
૮. પરવાનગી (૨)
૧૦. ‘કચ્છશ્રુતિ’નો એક નિયમિત વિભાગ (૭)
૧૩. નસ, ધમની, શરીરની નાડી (૨)
૧૪. તાલુકા કે મહાલના થોડાં થોડાં ગામોનો વહીવટ કરનાર અમલદાર, વહીવટદાર (૪)
૧૬. ભેંસને કચ્છીમાં શું કહેવાય, એક મહિનો (૧)
૧૭. હંમેશાં (૨)
૧૮. હાથીને હાંકનાર માણસ (૪)
૨૨. ______, જમીન ને જોરૂ ત્રણે કજીયાના છોરુ (૨)
૨૩. જાર બાજરીના સૂકા સાંઠા, સૂકા ઘાસ કે રાડાનો પૂળો (૩)
૨૪. નવું, અપૂર્વ, નવલ (૩)
૨૭. કચ્છનો એક તાલુકો (૪)
૨૯. સરકારી કે કોઈપણ સંસ્થાનો નાણાંનો વહીવટ કરનાર (૪)
૩૦. પંક્તિ, હાર, ઓળ (૩)

## ઊભી ચાવીઓ

૨. સાધુ - સંન્યાસીને દાટ્યા પછી એના ઉપર કરવામાં આવતો ઓટલો, ચિત્તની શાંતિ (જો.છૂ.) (૩)
૩. ‘કચ્છશ્રુતિ’નો એક નિયમિત વિભાગ (૭)
૪. દરજીનું એક ઓજાર (૩)
૫. વેરો, હાથ (૨)
૭. વહાણની અંદરના ભાગમાં જડવામાં આવતા લાંબા પાટિયાં (૩)
૯. ગામ ગરાસની જમીન ધરાવનાર ગરાસદાર (૫)
૧૦. કચ્છ જિલ્લાનું આર્થિક પાટનગર ગણાતું એક શહેર (૪)
૧૧. ઐતિહાસિક પૌરાણિક કે લૌકિક વાર્તા કે કથા (૨)
૧૨. મુંબઈની બાજુનો એક જિલ્લો (૨)
૧૫. દાસ, સેવક, નોકર-ચાકર (૪)
૧૯. હાકોટો, હાકલ, બોલાવવા માટેની બૂમ (૨)
૨૦. તબલાં વગાડનાર કલાકાર (૪)
૨૧. નાનાપણું, લઘુતા (૩)
૨૫. આપત્તિ, આપદા, દુઃખ, સંકટ (૩)
૨૬. નહોર (૨)
૨૮. કયા પક્ષીની કળા ખૂબ જ આકર્ષક લાગે છે? (૨)

## શબ્દશોધ : ૫૪નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| નૂ | ત | ન | વ | ર્ષા | ભિ | નં | દ | ન |
| ખ | ર | ■ | જ | ■ | ખા | ■ | મ | રી |
| ■ | ણે | ■ | ન | વ | રી | ■ | દ | ■ |
| ■ | ત | જ | ■ | હે | ■ | મા | મા | ■ |
| હ | ર | ■ | મ | મ | ત્વ | ■ | ટી | પ |
| ર | ■ | સ | જા | ■ | ચા | હ | ■ | હે |
| ખ | તી | જા | ■ | ■ | ■ | કા | જો | લ |
| ઘે | ■ | ગ | રા | સ | દા | ર | ■ | વા |
| લું | ગી | ■ | જા | ત | રા | ■ | મૌ | ન |

### શબ્દ શોધ : ૫૩/૫૪નો ઉકેલ મોકલાવનારના નામ

- રાધિકા અશોકભાઈ મહેતા - ભુજ
- વિનય ડી. આશર - માંડવી
- નીલેશ વી. શાહ - ભુજ
- જીગરભાઈ આર. દોશી - માધાપર
- રાકેશ કે. ગાંધી - અંજાર
- રશ્મિ એસ. સાવલા - ભુજ
- સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- રશ્મિ એમ. સાવલા - ભુજ

# મેઘધનુષ

## મા

ડીં વ્યા - મેંણા ને વરે વ્યા
બુઢાશ્રમજી ગલીમેં
આંઉ તોજી વાટ ન્યારિયાંતી - ૧

અખિયું સુજિ પૈઈયું
મન ખાલી ખોખો થ્યો
તું કડેં ન આવેં
તોંજો મનીઓર્ડર આયો. - ૨

હાણે પૈસા ન હલાય
તું પિંઢ અચી વિંજ
બેટા! મૂંકે તો ભેંરો
પાંજે ઘર કોઠે વિંજ. - ૩

તોંજા પેં હુઆ જેં તક
વખત ઠીક નિકરેયો તે
ખુલ્લી અખિયેં હલ્યા વ્યા
તોંકે યાદ કેંઇધે કેંઇધે. - ૪

અંતઘડી તૈં તોકે હરરોજ
લાડલો પુત્તર ચોંધા વા
તોંજે સાયબપણે જો
ગૌરવ બરો ઉ કરીંધા વા. - ૫

મૂંજે હીંયેમેં તોંજી છબી
અચી તું ડિસી વિંજ
બેટા! મૂંકે તો ભેંરો
પાંજે ઘર કોઠે વિંજ. - ૬

દુકાર જે ટાણે
જનમ તોંજો થ્યો,
તોજે ખીર લા
અસાં ચાય પીઅણ છડ્યો.

વરેંજા વરેં હિકડે કપડે કે
ધૂઈ - થીગડા લગાય પેંરેયોં અસીં
તોંજા પાપા ચીંથરા પહેરેં
પણ! તોકે સ્કૂલ હલાયાં અસીં. - ૭

ખપે ત હી મિડે ગાલ્યું
સેંજંઇ તૂં ભૂલી વિંજ
બેટા! મૂંકે તો ભેરો
પાંજે ગર કોઢે વિંજ. - ૮

ઘર જા ઠામણા આંઉ માંજિનિયા,
બોઆર - પટ આંઉ કરીનિયા
ખાધો - માની બ્યો ટાણે જો
મિણીલા ભનાય ડિનીયાં

ગુલ-ફૂલજી સંભાર
પ્યારસે કરીનિયાં આંઉ
ધ્રજ મ! ઉનિજી દાદી ઐંયા,
ઍડો ન ચોંધીસ આંઉ. - ૯

તોંજે ઘર જી કમવારી જ
સમજી, મુંકે કોઠે વિંજ.
બેટા! મૂંકે તો ભેંરો
પાંજે ઘર કોઠે વિંજ. - ૧૦

અખિયું મુંજ્યું થકી વૈયું,
પ્રાણ અધર લટકેંતા,
તો વગર જીઅણ જીઅણું
હાણે મુસીભત લગેતો. -૧૧

કીં આંઉ તોંકે ભૂલી વિંજા?
તોં સેં ત આંઉ મા ચોવાણ
ચોં ભલા મુંજા કુડવંશ
અનાથ આંઉ કીં થઈયાં? - ૧૨

હાણે અચી વિંજ તું,
હિકડી વાર ત મા ચોં...
થૈ સકે ત વિંધે વિંધે
બુઢાશ્રમ ફગાય છડ

બેટા! મૂંકે તો ભેરો
પાંજે ગર કોઢે વિંજ. - ૧૩

***કાનજી જે. મહેશ્વરી ‘રિખીયો’***
***૧૫૦, ગણેશનગર, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.***
***મો. ૯૪૨૬૭ ૮૯૬૭૦***

## અજનબી બની ગયો

કુળ દીપક હતો જે ઘરનો હું,
એ જ ઘરમાં આજ હું અજનબી બની ગયો.

લક્ષ્મીની અજબ છે કરામત જગમાં,
તેના ભરમમાં ભરમાઈ ગયા છે સૌ,
હું મારા જ ઘરમાં અજનબી બની ગયો.

અભિમન્યુના સાત કોઠા વીંધવા સારા,
'અહં'ના કોચલાને જ ના વિંધી શકાયું,
હું મારા જ ઘરમાં અજનબી બની ગયો.

સંબંધોની આરપાર ધારીને જોયું તો,
સ્વાર્થ અને ઈગોમાં લપેટાયેલા સૌ,
હું મારા જ ઘરમાં અજનબી બની ગયો.

'મારું મારું' કરીને ફરે છે માયામાં સૌ,
છતાંય ખાલી હાથે જ ફરે છે સદા સૌ,
હું મારા જ ઘરમાં અજનબી બની ગયો.

*કિરીટકુમાર પી. જોષી - નડિયાદ*
*જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી*

## રાધા કૃષ્ણનો નિઃસ્વાર્થ પ્રેમ

*રાધા* : કાના ગોકુલીયા ગામની વાતો કાંઈ કહેવાય નહીં
ગલીયે ગલીમાં વાતુંયે થાતી મુજથી સહેવાય નહીં...૧

*કૃષ્ણ* : કાંઈ કહેવાય નહીં ને તારાથી સહેવાય નહીં
રાધા! જરૂર તને કાંઈક મનમાં છે વહેમ... ૨

*રાધા* : કુંજગલીમાં રાધે રાધેની ધૂન વહેલી સવારથી શરૂ થઈ
પાલવ પકડીને તે કાંઈક મુને કાનમાં વાત કહી.
ગોપીઓએ સાફ સાફ માતા યશોદાને દીધું કહી
રાધાકૃષ્ણનો પ્રેમ સંબંધ રહ્યો છે એમ ને એમ... ૩

મેં તારા પર સર્વસ્વ પવિત્ર ભાવથી મનને અર્પણ કરી દીધું
મારા મૂલ્યવાન મનને પૂર્ણ રીતે તારા દિલને દઈ દીધું
આપણામાં રહ્યો છે નિરંતર ગાઢ અસીમ પ્રેમ,
પરંતુ તું મારી સાથે વિવાહ નથી કરતો આમ કેમ?... ૪

*કૃષ્ણ* : તું જ મને કહે રાધાકૃષ્ણમાં બીજી વ્યક્તિ છે કોણ?
વિવાહનાં બંધન કરતાં વધુ મહાન પવિત્ર છે નિઃસ્વાર્થ પ્રેમ
જગતના લોકો આપણું જ પૂજન કરતા મનમાં સમજે ન વહેમ
ભક્ત અને ભગવાનના સંબંધમાં શાશ્વત છે નિઃસ્વાર્થ પ્રેમ... ૫

*મહાભાઈ આર. વોરા - ભુજ*

# ગાંધીનગર ગાથા

**• શ્રીમતી વર્ષા જયંત મહેતા •**

### સૌરાષ્ટ્ર કચ્છ સેવા ટ્રસ્ટના ઉપક્રમે આઈ ચેક-અપ કેમ્પનું આયોજન

તાજેતરમાં સૌરાષ્ટ્ર કચ્છ સેવા ટ્રસ્ટ દ્વારા સેક્ટર-૨૮ની આદિવાડાની સરકારી પ્રાથમિક શાળામાં આઈ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેજ આઈ સેન્ટરના સહયોગથી આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓની આંખોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૪૫% બાળકોને દૂરની દૃષ્ટિ નબળી જણાતાં ચશ્માના નંબરની તકલીફ જણાઈ હતી. આ કેમ્પમાં ડૉ. રાહુલ મિશ્રા તેમજ ડૉ. તેજલ દલાલના તેજ આઈ સેન્ટરના સ્ટાફે સેવા આપી હતી. વોર્ડ નં.-૧ ના કોર્પોરેટર તેમજ સૌરાષ્ટ્ર કચ્છ સેવા ટ્રસ્ટના અગ્રણી હર્ષાબા ધાધલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ

ગાંધીનગર ખાતે અતિ પ્રસિધ્ધ એવા કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૬માં બેસ્ટ પરફોર્મન્સ પ્રિન્સમાં કચ્છના હર્ષ ઘોઘારી વિનર થયા હતા તેમજ બેસ્ટ ડ્રેસમાં પૂર્વી ઘોઘારી રનર્સ અપ થયા હતા. આ બંને, કચ્છી મિત્ર મંડળના અગ્રણી શ્રી શાંતિલાલ ઘોઘારીના સુપુત્ર અને સુપુત્રી છે. બંનેને ખૂબ ખૂબ અભિનંદન.

### અભિનંદન

ગરીબ અને અનાથ બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યશીલ એવી બે સંસ્થાઓ શિવમ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ અને ક્રિષ્ના એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના લાભાર્થે ગાંધીનગર ટાઉન હોલ ખાતે 'નન્હી મુસ્કાન' ના શિર્ષક હેઠળ એક લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લોક સાહિત્યકાર ડૉ. રણજીત વાંક, લોકગાયક નારણ બારોટ તથા બાળ સાહિત્ય કલાકાર હિતાર્થ બારોટ ઉપસ્થિત રહી લોક સાહિત્ય - લોક ગીતોથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે જગન્નાથ મંદિર - અમદાવાદના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ તથા વિશ્વેશ્વર મહાદેવ મંદિર - ઈડરના મહંત રામદાસજીએ આશિર્વચન આપી ટ્રસ્ટના શુભેચ્છકોનું અને સેવા આપનારનું સન્માન કર્યું હતું. ગાંધીનગર કચ્છ મિત્ર મંડળના અગ્રણી મહિલા શ્રીમતી વર્ષાબેન મહેતા અને શ્રી ચેતન એ. મહેતા આ અનાથ બાળકોને ટ્યુશન અને ભણવામાં સહાયક થવા બદલ શાલ ઓઢાડી ટાઉન હોલ ખાતે સન્માન કર્યું હતું. ■

INDOTEX
PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અધતન શોરૂમ
૨-૩, સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઓફ ઈન્ડિયાની બાજુમાં,
હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (શોરૂમ) ૦૨૮૩૨-૨૨૦૯૦૯, ૨૫૫૯૭૭ (ઘર) ૦૨૮૩૨-૨૫૦ ૫૬૫, ૨૨૩૯૦૯

હરખચંદ કુંવરજી સાવલા
પ્લોટ - ૭૪, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૪૧૯
(મો.) : ૯૯૦૪૨ ૯૨૦૫૦
Email : hksavla@yahoo.com

Nine out of TEN
people believe their workspace quality affects attitudes and increases productivity.
Get Smart,
Switch to SUJAKO today
Partition System
Workstations
Cabin Furnitur®
Customised Furniture
Modular Kitchen
Wardrobe
SUJAKO
www.sujako.com

BLUE EYE
YOUR SPY EYE
ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE
For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254
CHINA • INDIA • KENYA
079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

Navinbhai Patel
Director
Mob. : 9825034905
Ramjibhai Patel
Ratanshibhai Patel
PATIDAR
PATIDAR PACKERS PVT. LTD.
Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.
Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

sanskrut®
JEWEL RESIDENCY
CREATING ECSTASY WITH LUXURY
4 B H K
PROJECT BY :
sanskrut®
JEWEL RESIDENCY LLP
Contact :
Nilang Vaidya - +91 98250 22503
Ankit Savla - +91 96246 60007
Ashok Savla - +91 98790 06959
SITE ADDRESS :
Jewel Residency, OPP: Abhishree corporate park,
Nr. Shell Petrol Pump, Ambli BRTS Road, Ahmedabad.
Web : www.sanskrutgroup.co.in | E-Mail : sales@sanskrutgroup.co.in

A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

## Gujarat's Leading Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

**Innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**Innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com

---

## SHREE SAHJANAND TRAVELS

Visit us: www.sst.bookong.com

**23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.**

M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078

**Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa**

---

*Chandresh Virendra Lodhaya*
M: 9825009803
(O) 079-25460380, 25465915
(R) 26634090 (F) 25450960

## C. Narshi Roadlines

*Fleet Owners & Transport Contractors*

**96,Hirabhai Market, Diwan Ballubhai Road, Ahmedabad-380022**

**DAILY PARCEL & FTL SERVICE**

**Sholapur, Urlikanchan, & Ichalkaranji, Secunderbad, Hyderabad, Hubli, Bangalore & All Telangana, AP.**

**Booking Godown :** B/h, Mahipatram Ashram, O/s Raipur Gate Ph: (079) 25471676
**Booking Crossing & Delivery :** 6, Transport Nagar, Narol Tel: (079) 25713147
**Delivery Godown :** 94, Guj, Ginning Mill Compound, O/s. Prem Gate Tel: (079) 22133082 M:9427605575

---

## H. Patel & Associates
Chartered Accountant

*Contact:*
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584

80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta, Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982

---



II SHRI HARI II
## SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
**Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071**
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

• Bhuj : 9825804763 | Gandhidham : 9825804703
• Anjar : 9099943074 | Mandvi : 9099943070
• Una : 9825804253 | Rajula : 9825804754

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

• Baroda : 9275051712 | Vidyanagar : 9825525732
• Raipur : 9825804761

**• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •**
**Visit us : www.sstbus.in**

---

## JITUBHAI SANGHVI
M: 9978445240 • 09275704452
Email : rupantar.s.jitu@gmail.com

Wedding Album, Function, Birthday,
Portfolio & Teletopspe for Kids Photography
Still & Video Live

**જીતુભાઈ સંઘવી** ફોટોગ્રાફર



**પ્રોડક્ટ, પોર્ટફોલિયો, મોડેલિંગ, લગ્ન, ફેમેલી તથા બાળકોના આલ્બમ માટે મળો.**

---

Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



## HOME DESIGN
FURNITURE

Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
**Dining Table**
**Sofa Set**
**Bedroom Set**

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

---

**MAHESHBHAI** M. : 92272 11715

## SWASTIK
GUM INDUSTRIES (INDIA)

MANUFACTURERS & EXPORTERS OF
*Guar Gum Refined Splits, Powder & All Types of Textile Thickners, Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs*

328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
**Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062**
**Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in**

# પરિવાર સમાચાર

## સરનામા ફેરફાર

- **કંદર્પ વી. ધોળકિયા**
  ૮૬-૪૦૩, રત્નાકર રીજન્સી,
  શ્રી હરિ રેસિડન્સીની બાજુમાં,
  યશ કોમ્પ્લેક્સની પાછળ,
  ગોત્રી - ભાયલી રોડ, ગોત્રી
  વડોદરા-૩૯૦ ૦૨૧.
  મો. ૮૪૫૧૦ ૧૪૩૩૩

## અવસાન નોંધ

- **શનિવાર, તા. ૮-૧૦-૨૦૧૬**
  માતુશ્રી નિર્મળાબેન હરસુખલાલ ગાંધી (મુંદ્રા - અમદાવાદ)
- **મંગળવાર, તા. ૨૫-૧૦-૨૦૧૬**
  જયંતિલાલ સાકરચંદ મહેતા (ઉં.વ.-૮૮)
  (ભુજપુર - મુંદ્રા) (હાલે મુંબઈ / અમદાવાદ)
  (સદ્‌ગતશ્રી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાના જયેષ્ઠ બંધુ થાય છે.)
- **સોમવાર, તા. ૭-૧૧-૨૦૧૬**
  નિર્મળાબેન નવીનચંદ્ર મંગલદાસ રૂપારેલ (ઉં.વ.-૬૯)
  (અમદાવાદ - ભુજ)
  તેઓ શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખના પદ પર હતા તથા શ્રી કચ્છી લોહાણા મહિલા સમાજ - અમદાવાદના ખજાનચી પદે હતા.

***પ્રભુ સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***

## શ્રી રસિકલાલ ખીમજી મહેતાને ખૂબ ખૂબ અભિનંદન



શ્રી કચ્છી સમાજ - અમદાવાદે સમાજના જરૂરિયાતવાળા નાના વ્યવસાયકારને વગર વ્યાજની લોન આપવાનું નક્કી કર્યું. એ માટે વ્યવસાયિક લોન સમિતિની રચના કરી. વ્યવસાયિક લોન સમિતિએ જરૂરી નીતિ નિયમો બનાવ્યા. હવે જરૂરિયાત હતી વગર વ્યાજની લોન મેળવીને આ કાર્યને આરંભ કરવાની.

નાના વ્યવસાયકારને વગર વ્યાજે લોન આપવી એ મૂળ વિચારબીજ શ્રી રસિકલાલ ખીમજી મહેતાનો હતો. તેમની વાતથી પ્રભાવિત થઈ આ હકીકત ટ્રસ્ટ મંડળમાં રજૂ કરવામાં આવી. ટ્રસ્ટ મંડળે આ યોજના મંજૂર કરી તેની આગળની કાર્યવાહી શરૂ કરવા કારોબારી સમિતિને જણાવ્યું.

કારોબારી સમિતિએ તે માટે એક વ્યવસાયિક લોન સમિતિની રચના કરી. આ સમિતિમાં શ્રી રસિકલાલ ખીમજી મહેતાનો સમાવેશ કરવામાં આવ્યો.

સમિતિની એક મીટિંગમાં તેના નીતિ-નિયમો ફાઈનલ કરી લેવામાં આવ્યા. ત્યારબાદ પ્રથમ શરૂઆત કરવાની હતી, વગર વ્યાજની પાંચ વર્ષ માટેની આ ખાતે લોનની રકમ મેળવવાની.

શ્રી રસિકભાઈ તરત આગળ આવ્યા. તેમણે પોતા તરફથી આવતા પાંચ વર્ષ માટે વગર વ્યાજે રૂા. ૨.૦૦ લાખ આપવાની ઑફર કરી, આ ફંડની શુભ શરૂઆત કરાવી. શ્રી રસિકભાઈ માત્ર સૂચન કરીને બેસી ના રહ્યા પરંતુ તેના અમલીકરણમાં પણ અગ્રેસર રહ્યા.

વ્યવસાયિક લોન સમિતિના અન્ય સભ્યો અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આ તબક્કે શ્રી રસિકભાઈને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવે છે અને તેમની સમાજ પ્રત્યેની નિષ્ઠાની સરાહના કરે છે.

*શ્રી રસિકભાઈને ખૂબ ખૂબ અભિનંદન.*

**શ્રી મનુભાઈ કોટડિયા**
**કન્વીનર - વ્યવસાયિક લોન સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# વ્રતની અનુમોદના



**શ્રી દિનેશભાઈ મહેતા**



**શ્રીમતી હાસ્યલતાબેન મહેતા**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની કારોબારી સમિતિના એક સભ્ય અને 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળમાં જેઓ સહતંત્રી તરીકે ફરજ બજાવે છે તેવા શ્રી દિનેશભાઈ મહેતા અને તેમના ધર્મપત્ની શ્રીમતી હાસ્યલતાબેન મહેતાએ સંવત ૨૦૭૩ના નૂતન વર્ષના મંગળ દિવસે એટલે કે તા. ૩૧-૧૦-૨૦૧૬ના સવારમાં શ્રી એલિસબ્રિજ સ્થા. જૈન સંઘ - પાલડી મધ્યે ચાતુર્માસ માટે સ્થિત પ.પૂ. સૌમ્યમુનિ અને પ.પૂ. ચૈતન્યમુનિની નિશ્રામાં અને ઉપસ્થિત જૈન સંઘના શ્રાવક - શ્રાવિકાઓની વચ્ચે ચોથા વ્રતના પચ્ચક્ખાણ લીધેલ છે. આ પ્રસંગે શ્રી દિનેશભાઈ મહેતા અને શ્રીમતી હાસ્યલતાબેન મહેતાની શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અનુમોદના કરે છે.

જૈનોમાં અનેક પ્રકારની તપસ્યાઓ હોય છે અને જૈન સમુદાયના શ્રાવક, શ્રાવિકાઓ તથા બાળકો પોતાને અનુકૂળ તપસ્યા આદરી ત્યાગની ભાવના અવારનવાર વિકસાવે છે. આ તપસ્યાઓમાંની એક તપસ્યા બ્રહ્મચર્ય વ્રત એટલે ચોથા વ્રતની તપસ્યા. આ વ્રતની જેઓ બાધા લે તેઓ બાકીની જિંદગી સુધી સહશયન કરતા નથી. ચોથા વ્રતના પચ્ચક્ખાણ — બાધા એટલે તેઓએ કામનાની વાસનાનો ત્યાગ કરવાની ભાવનાનો અમલ કરવાનો નિશ્ચય કરીને કામનાના માર્ગે જવાના દ્વાર બાકીની જિંદગી માટે સદંતર બંધ કરી દીધા છે. આ ત્યાગની એક મોટી વાત છે અને તેથી જ આ ભાવનાની જૈનો અનુમોદના કરે છે. આ પ્રકારના વ્રત ચાલુ ચાતુર્માસ દરમિયાન અન્ય કેટલાક લોકોએ પણ લીધા હતા. એકલ વ્યક્તિ પણ વ્રત પચ્ચક્ખાણ લઈ શકે છે.

સામાન્ય રીતે આ પ્રકારના વ્રતની પ્રખ્યાતિ થતી નથી પરંતુ આ ઉદાહરણ થકી અન્ય સમાજના પરિવારજનો જાણી શકે કે જૈન ધર્મમાં આવી અનુમોદના થતી હોય છે તેમજ અન્યને પ્રેરણારૂપ થાય તેવા માત્ર ઉદ્દેશથી અત્રે આ વિગત પ્રકાશિત કરી છે.

શ્રી દિનેશભાઈ મહેતા તથા શ્રીમતી હાસ્યલતાબેનને આ પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અનુમોદના કરે છે.

## ભૂલ સુધાર

કચ્છશ્રુતિ, ઓક્ટોબર-૨૦૧૬ના અંકમાં કારોબારી સમિતિ : વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે વિગતો આપવામાં આવી હતી.

તેમાં કેટલીક ક્ષતિઓ રહી જવા પામેલ હતી.

***એ સુધારીને નીચે મુજબ વાંચવા વિનંતી.***

| | | |
|---|---|---|
| • શ્રી દિનેશભાઈ રતિલાલ મહેતા | સભ્ય | ૯૯૨૪૩ ૪૨૬૨૮ |
| • શ્રી જયંતિભાઈ કરમશીભાઈ લાકડાવાલા | સહમંત્રી-૧ (કાર્યાલય મંત્રી) | ૯૩૨૭૦ ૮૧૫૪૫ |
| • શ્રી અમિતભાઈ ભવાનજીભાઈ સુરાણી | સહમંત્રી-૨ (સંગઠન મંત્રી) | ૯૮૨૪૪ ૭૯૯૨૩ |
| • શ્રી પરાગ ઘનશ્યામભાઈ ઠક્કર | સહ ખજાનચી | ૯૪૨૬૦ ૪૮૦૩૦ |

## ક્ષતિ સુધાર

'કચ્છશ્રુતિ' માસ સપ્ટેમ્બર-૨૦૧૬ના અંકના પાના નં.-૫૦ ઉપરની વિગત....

*"ધોરણ-૯ માટેની એક ઉદારદિલ ઑફર મૂળ કચ્છ નખત્રાણા તાલુકાના ગામ કોટડા (જડોદર) હાલ મુલુંડ - મુંબઈમાં સ્થાયી થયેલ શ્રી રમેશભાઈ રવજીભાઈ ઠક્કર - ઘેરાઈ નુખવાળા તરફથી પ્રાપ્ત થતા અને....."* — આ પ્રમાણે વાંચવી.

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ

## બાકી રહેતી યોજનાઓના ફંડ માટેની અપીલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે તાજેતરમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ઉપર લીધેલ છે. તેના કારણે અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક પરિવારોમાં કચ્છી તરીકેનો માહોલ ઉપસી આવેલ છે. કચ્છીયતના ઉત્સાહને ઉભરાવવા વિવિધ પ્રવૃત્તિઓ વધુ ને વધુ હાથ પર લઈ શકાય તેની ચર્ચા - વિચારણા ચાલતી રહેલ છે. વિવિધ પ્રવૃત્તિઓ, જે હાથ પર લેવાઈ રહેલ છે, તેની ઝાંખી નીચે મુજબ કરી શકાય :

- ★ 'કચ્છશ્રુતિ'ને વધુ ને વધુ સમૃદ્ધ બનાવવું.
- ★ કચ્છી સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીની રચના.
- ★ જરૂરિયાતવાળા પરિવારોને વ્યાજ વિના ધીરાણ આપવું.
- ★ લાઈબ્રેરીની સ્થાપના.
- ★ ધોરણ-૧ થી ધોરણ-૮ સુધીના વિદ્યાર્થીઓનો પણ સરસ્વતી સન્માન યોજનામાં સમાવેશ.
- ★ ડિપ્લોમા એન્જિનિયરીંગ વિદ્યાર્થીઓનો પણ સરસ્વતી સન્માન યોજનામાં સમાવેશ.
- ★ વેલફેર ફંડ માટેની બચત યોજના (વ્યક્તિ દીઠ રૂા. ૧/-થી શરૂઆત.)
- ★ ગૃહ ઉદ્યોગને ઉત્તેજન આપવું.
- ★ વિવિધ કચ્છી ઘટક સમાજના કાર્યકરોનું સન્માન.
- ★ વિદ્યાર્થીઓને ખૂબ જ ઓછા દરે નોટબુક વિતરણ યોજના.
- ★ વિવિધ કચ્છી ઘટક સમાજોને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય બનાવવા.
- ★ અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છીઓની સરનામા - ટેલિફોન ડિરેક્ટરી બહાર પાડવી.
- ★ શૈક્ષણિક લોન યોજના શરૂ કરવી.
- ★ ઍવોર્ડ યોજનાની શરૂઆત કરવી.

***શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વર્ષોથી ચાલુ રાખવામાં આવેલ નિયમિત પ્રવૃત્તિઓ :***

(૧) નવા ચૂંટાયેલા સંસદસભ્ય - ધારાસભ્યશ્રીઓના બહુમાન, (૨) કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ, (૩) સરસ્વતી સન્માન, (૪) નવરાત્રિ રાસ-ગરબા, (૫) મનોરંજન કાર્યક્રમ

ઉપરાંત ઉપરોક્ત નવી પ્રવૃત્તિઓ પર હાલે કાર્ય ચાલુ રાખવામાં આવેલ છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની નિયમિત પ્રવૃત્તિઓ, ઉપરોક્ત શરૂ કરવામાં આવેલ નવીન પ્રવૃત્તિઓ ઉપરાંત નીચે મુજબની ભવિષ્યની પ્રવૃત્તિઓ પર પણ શક્ય લક્ષ આપવાનું વિચારણાને આધીન છે. ભવિષ્યની પ્રવૃત્તિઓની ગણના નીચે મુજબ કરી શકાય :

- ★ કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના નિયમિત પાણી તથા વધારાના પાણી શક્ય ત્વરાએ ખેતરો સુધી પહોંચે તેવા પ્રયાસ કરવા.
- ★ કચ્છના ઉદ્યોગોને જરૂરિયાત મુજબના પાણી મળી રહે તેવા ડી-સેલિનેશન પ્લાન્ટની રચના માટેના પ્રયાસો આદરવા.
- ★ કચ્છના પોતાના વરસાદી પાણીના જળ વ્યવસ્થાપન તંત્રને ઉત્તેજન આપવાના પ્રયાસ કરવા.
- ★ વાઈબ્રન્ટ કચ્છ બિઝનેસ સમિટ યોજવા પ્રયાસ કરવા.
- ★ અમદાવાદમાં અતિથિ ભવન, વિદ્યાર્થી હોસ્ટેલ તથા વિદ્યાર્થિનીઓ માટેની હોસ્ટેલ સ્થાપવા પ્રયાસ કરવા.
- ★ અમદાવાદમાં 'કચ્છ ઈન્ફોર્મેશન સેન્ટર'ની સ્થાપના કરવી કે જ્યાંથી કચ્છ વિશેની દરેક પ્રકારની માહિતી ઉપલબ્ધ થઈ શકે.

ઉપરોક્ત યોજનાઓ ખૂબ જ લાંબાગાળાની છે અને તે ખંત અને ધીરજ માંગી લે છે. આ યોજનાઓ પાર પાડવા જરૂરી સક્ષમ કાર્યકરોની પણ તેટલી જ જરૂરિયાત રહેલ છે. **અમદાવાદ સ્થિત કોઈ પણ કચ્છી પોતાના સમયને અનુકૂળ**

**સેવા આપી શકે તેવા કચ્છી ભાઈ-બહેનોને સમાજની ઓફિસનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.**

દરેક કાર્યની પાછળ નાણાંની પણ તેટલી જ જરૂરિયાત રહે છે. કચ્છી સમાજનો સુખી - સંપન્ન વર્ગ આ માટે ક્યારેય પાછો પડેલ નથી તેવો અમારો અનુભવ કહે છે. આ સંપન્ન વર્ગ થકી જ દરેક સમાજ ધારી પ્રગતિ કરી શકે છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે પણ છેલ્લા કેટલાક સમયથી સારી એવી પ્રગતિ સાધી શકેલ છે. તેના નૂતન વર્ષ મિલન સમારંભ, નવરાત્રિ કાર્યક્રમ, સરસ્વતી સન્માન યોજના, નોટબુક યોજના, કચ્છી કાર્યકરોનું સન્માન વગેરે **યોજનાના સમયે સાધન સંપન્ન પરિવારોએ સમાજની નાણાં કોથળી છલકાવી દીધેલ છે. તે બદલ આ પરિવારોને ખૂબ ખૂબ ધન્યવાદ આપવા ઘટે.**

તેમ છતાં હાથ પર લેવામાં આવેલ કેટલીક પ્રવૃત્તિઓની નાણાં કોથળી છલકાવવાની બાકી રહેલ છે. અમને આશા છે કે આ બાકી રહેતી યોજનાઓ પણ માત્ર અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છીઓ નહીં પણ બૃહદ્ કચ્છી પરિવારો તેને પોતાના લક્ષમાં રહી જરૂરથી પોતાની ઑફર મોકલી આ યોજનાઓ પરિપૂર્ણ કરવા પોતાનાથી બનતા બધા જ પ્રયાસો કરશે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ હંમેશાં બહોળી દૃષ્ટિ દાખવે છે કે જેની નોંધ લેવા અમે સહુને અપીલ કરીએ છીએ.

## બાકી રહેતી યોજનાઓ નીચે મુજબ છે

### સરસ્વતી સન્માન યોજના

| ક્રમ | ધોરણ | વિગત | ૧૦ વર્ષના સૌજન્યની રકમ |
|---|---|---|---|
| ૧. | ધોરણ-૧ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને ઈનામ આપવા | રૂા. ૧,૫૧,૦૦૦/- |
| ૨. | ધોરણ-૨ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને ઈનામ આપવા | રૂા. ૧,૫૧,૦૦૦/- |
| ૩. | ધોરણ-૩ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને ઈનામ આપવા | રૂા. ૧,૫૧,૦૦૦/- |
| ૪. | ધોરણ-૪ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને ઈનામ આપવા | રૂા. ૧,૫૧,૦૦૦/- |
| ૫. | ધોરણ-૫ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને ઈનામ આપવા | રૂા. ૧,૨૧,૦૦૦/- |
| ૬. | ધોરણ-૬ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને ઈનામ આપવા | રૂા. ૧,૨૧,૦૦૦/- |
| ૭. | ધોરણ-૭ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને ઈનામ આપવા | રૂા. ૧,૨૧,૦૦૦/- |
| ૮. | ધોરણ-૮ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને ઈનામ આપવા | રૂા. ૧,૨૧,૦૦૦/- |
| ૯. | ધોરણ-૯ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને ઈનામ આપવા (ધોરણ-૯ના સૌજન્યનો લાભ શ્રી રમેશભાઈ રવજીભાઈ ધોરાઈ/ઠક્કર (મુલુંડ - મુંબઈ)એ લીધેલ છે. | રૂા. ૧,૨૧,૦૦૦/- |
| ૧૦. | ડિપ્લોમા અભ્યાસક્રમની વિવિધ શાખાઓ | ડિપ્લોમા અભ્યાસક્રમની દરેક શાખાના નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુમાં વધુ ગુણ મેળવનાર દરેક શાખાના પ્રથમ ૩ વિદ્યાર્થીઓને ઈનામ આપવા | રૂા. ૧,૫૧,૦૦૦ |

### અન્ય યોજનાઓ

| | | |
|---|---|---|
| ★ | ઉચ્ચ શિક્ષણ લોન યોજના સામે નામ જોડવા માટે | રૂા. ૩૧/- લાખ |
| ★ | કચ્છ ઍવોર્ડ સાથે નામ જોડવા માટે | રૂા. ૧૧/- લાખ |
| ★ | વેલફેર ફંડ સાથે નામ જોડવા માટે (બચત યોજના) | રૂા. ૫/- લાખ |

**હિમાંશુ ઠક્કર**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# સરસ્વતી સન્માન

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નેજા હેઠળ સમાજ પરિવારજનોના ધોરણ-૧૦, ૧૨ (સામાન્ય પ્રવાહ), ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં અભ્યાસ કરનાર છાત્રોનું તથા કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક વિતરણ અંગેનો એક કાર્યક્રમ માસ જુલાઈ, ૨૦૧૬ દરમિયાન યોજાઈ ગયો.

ઉપરોક્ત શ્રેણીમાં ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે તથા અન્ય ક્ષેત્રમાં જેમકે સ્પોર્ટસ, સાંસ્કૃતિક વિ.માં રાજ્ય અથવા રાષ્ટ્રીય સ્તરે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર પરિવારજનોના છાત્રોને સન્માનવાનો એક કાર્યક્રમ આવતા દિવસોમાં રાખવામાં આવનાર છે, કે જેની વિગત નીચે મુજબ છે :

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એટલે કે આર્કિટેક્ટ, ફેશન ડિઝાઈન, મેડિકલ, એન્જિનિયર્સ, સી.એ., આઈ.ટી., કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, એવિએશન વગેરે જેવા ઉચ્ચ અભ્યાસક્રમોમાં વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ગ્રેજ્યુએટ્સ અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ્સ થનાર છાત્રો તેમજ યુનિવર્સિટી સ્તરે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર છાત્રોનું સન્માન તથા વિશિષ્ટ વિદ્યાર્થી સન્માનનો હવે પછી યોજાનાર કાર્યક્રમમાં સમાવેશ થશે.

- સન્માન અંગેની પસંદગી મેરિટના આધારે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની 'સરસ્વતી સન્માન સમિતિ' દ્વારા કરવામાં આવશે.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અમદાવાદ ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા મૂળ કચ્છના હોય તેવા કચ્છી પરિવારના છાત્રોએ તેમની નીચે પ્રમાણેની વિગત તા. ૦૫-૧૨-૨૦૧૬ અગાઉ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલય પર મોકલાવી આપવા અપીલ કરવામાં આવે છે.

***સરનામું :*** શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪

***નીચે મુજબની વિગતો દરેક છાત્રોએ મોકલી આપવાની રહેશે :***

★ વિદ્યાર્થીનું નામ, તેના પિતાશ્રીનું નામ, તેના દાદાશ્રીનું નામ અટક સાથે
★ ઘરનું સરનામું (પીનકોડ તથા ફોન / મોબાઈલ નંબર સાથે)
★ જાતિ : સ્ત્રી / પુરુષ
★ જન્મ તારીખ / ઉંમર
★ કચ્છમાં મૂળ ગામ અને તાલુકો
★ ઉત્તીર્ણ કરેલી પરીક્ષા
★ (અ) મેળવેલ માર્કસ (બ) કુલ માર્કસ અને (ક) ટકા (માર્કશીટની ઝેરોક્ષ જોડવી)
★ (અ) પરીક્ષાના કેન્દ્રના સ્થળનું નામ (બ) ક્રમાંક નંબર
★ આપને ત્યાં કચ્છશ્રુતિ આવે છે? : હા / ના
★ આપશ્રીના કુટુંબમાંથી કોઈ એક સભ્ય શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય છે? : હા / ના
★ વાલીનું નામ અને તેની સહી ● વિદ્યાર્થીનું નામ અને તેની સહી
★ ફોર્મ ભર્યા તારીખ

**દીપક ચૌહાણ**
**કન્વીનર, સરસ્વતી સન્માન સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ઉજવીએ દીપોત્સવી ઉમંગભેર – ૨૦૧૬

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની "ઉજવીએ દીપોત્સવી ઉમંગભેર – ૨૦૧૬"ના વર્ષની યોજના ખૂબ જ સારી રીતે સંપન્ન થયેલ છે. જરૂરિયાત મુજબના ફોર્મ્સ તેની રકમ સહિત વિવિધ સભ્યોએ સમાજની ઑફિસ પર સમયસર પહોંચાડ્યા હતા અને તેમાંની દરેક વાનગીની ડિલિવરી પણ નિયત સમયે કરી દેવામાં આવેલ હતી. સમાજ તરફથી વિતરણ કરવામાં આવેલ વાનગીઓની ગુણવત્તાના દરેક સભ્યે ખૂબ જ વખાણ કર્યા હતા.

આ યોજનામાં ભાગ લેનાર દરેક પરિવારનો શ્રી કચ્છી સમાજ ખૂબ ખૂબ આભાર માને છે. આ વાનગીઓ ખૂબ જ કિફાયતી દરે પૂરી પાડનાર નીચે મુજબના વ્યવસાયકારોનો / સંસ્થાઓનો પણ આ સમાજ આભારી છે.

| | | |
|---|---|---|
| ૧. | ઉર્મિન ગ્રુપ | : સ્ટાર નટ્સ ગિફ્ટ પેકિંગ્સ, મીઠાઈ ફરસાણના મિક્ષ ગિફ્ટ પેકિંગ્સ, ફરસાણના પેકિંગ્સ માટે. |
| ૨. | શ્રી ગૌરાંગ શાહ | : હોમ મેઈડ ચોકલેટ્સ માટે. |
| ૩. | મે. જે.આર.જે. ફુડ્સ | : ચોકલેટ / પીપરમીન્ટ પેકિંગ્સ માટે. |
| ૪. | શ્રી દામજીભાઈ નીસર | : એકતા ચિક્કી માટે. |
| ૫. | શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કર | : મિષ્ટાન્ન (કાજુ કતરી) માટે |
| ૬. | શ્રી ભરતભાઈ શાહ | : મિષ્ટાન્ન (મોતીચુર લાડુ) માટે |
| ૭. | શ્રી જય શાહ | : પદ્માવતી ગૃહ ઉદ્યોગ મિષ્ટાન્ન - ફરસાણના પેકિંગ માટે. |
| ૮. | શ્રી પંકજ રસિકલાલ શાહ | : ડ્રાય ફ્રુટ પેકિંગ માટે. |
| ૯. | શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીઝ - ભુજ | : પાપડ પુરી, ચોળાફળી, મઠિયા માટે. |

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## વ્યવસાયિક લોન સમિતિ

### વગર વ્યાજની લોન માટે અરજી કરી શકાય છે

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વ્યવસાયિક લોન સમિતિની એક મીટિંગ સોમવાર, તા. ૨૪-૧૦-૨૦૧૬ના રોજ સંસ્થાના કાર્યાલય ખાતે મળેલ હતી જેમાં આ લોન મેળવવા માટેના જરૂરી નીતિ નિયમોને ફાઈનલ રૂપ આપી દેવામાં આવેલ છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના જે સભ્યો નાના નાના વ્યવસાય કરતા હોય અને તેમને પોતાના વ્યવસાય માટે નાની મૂડીની જરૂરિયાત હોય પણ તેનું વ્યાજ ભરવાને પણ જેઓ સક્ષમ ના હોય તે સભ્યો આ લોન માટે કન્વીનરશ્રી, વ્યવસાયિક લોન સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ના સરનામે અરજી કરી શકે છે.

નિયત કરવામાં આવેલ નીતિ નિયમ અનુસાર આ પ્રકારના વ્યવસાયકારને વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/-ની લોન આપી શકાશે.

નીતિ નિયમોની એક નકલ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસેથી મળી શકશે.

**શ્રી મનુભાઈ કોટડિયા**
**કન્વીનર - વ્યવસાયિક લોન સમિતિ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના રજિસ્ટ્રેશન કરાવવાની છેલ્લી તક...

છેલ્લા ઘણા સમયથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદ - ગાંધીનગર સ્થિત સમસ્ત કચ્છીઓની નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરીમાં રજિસ્ટ્રેશનનું કાર્ય ચાલી રહ્યું છે અને આ માટે ઓનલાઈન લીંક તેમજ ફોર્મ દ્વારા આશરે ૨૪૦૦ જેટલા નામ - સરનામા રજિસ્ટર્ડ થઈ ગયેલા છે. અમારી ધારણા મુજબ હજુ આ સંખ્યા ઘણી ઓછી છે. આ માટે સંસ્થા દ્વારા વિવિધ ઘટક સમાજને ફોર્મ રૂબરૂ તેમજ કુરિયર દ્વારા મોકલી અપાયા છે. પરંતુ પરિવારની સંખ્યા સામે ભરીને આવેલા ફોર્મ બહુ ઓછા છે.

અત્રે વિદિત થાય કે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા છેલ્લે ૧૯૯૨-૧૯૯૩ના અરસામાં અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છીઓની ટેલિફોન ડિરેક્ટરી બનાવવામાં આવેલ હતી, જ્યારે અમદાવાદમાં માત્ર લેન્ડલાઈન જ હતી અને તે પણ પાંચ આંકડાના નંબરવાળી...! આજે સમય અને સંપર્ક માધ્યમ ખૂબ જ ઝડપથી બદલાયા છે ત્યારે લેટેસ્ટ માહિતી કે જેમાં માત્ર નામ - સરનામા જ નહીં પરંતુ સંપૂર્ણ વ્યવસાયની માહિતી સાથેની આ ડિરેક્ટરી આપણને બધાને ખૂબ જ ઉપયોગી થશે એમાં બે મત નથી. એવો પણ પ્રયાસ છે કે જો પૂરતી એન્ટ્રીઓ આવી જશે તો આ ડિરેક્ટરીની ''મોબાઈલ ઍપ'' બનાવી શકાશે. જેથી આપણા હાથમાં જ આ ડિરેક્ટરી હાજર રહેશે.

આ ડિરેક્ટરીનું રજિસ્ટ્રેશનનું કાર્ય જાન્યુઆરી-૨૦૧૬થી શરૂ કરવામાં આવેલ છે. આમ છતાં અમદાવાદનાં શ્રી કડવા પાટીદાર સમાજ - ઓઢવ તેમજ નરોડા, ભાનુશાળી સમાજ, ભાટિયા સમાજ, શ્રી કચ્છી વાગડ લોહાણા મહાજન જેવા મોટી સંખ્યામાં પરિવારોમાંથી ખૂબ જ નહિંવત્ રજિસ્ટ્રેશન આવેલ છે.

**દરેક નવા કાર્યની કે પ્રોજેક્ટ પાર પાડવા માટેની સમય મર્યાદા નક્કી કરવી જ પડે.** આથી વધુ એક પ્રયાસ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તે મુજબ **તા. ૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં** જે કંઈ રજિસ્ટ્રેશન થયેલા હશે તે નામ - સરનામા, ધંધાકીય માહિતી સાથે ડિરેક્ટરીનું પ્રિન્ટીંગ કાર્ય શરૂ કરી દેવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

આ સાથે આ અંકમાં રજિ. ફોર્મ આપેલ છે. અથવા મોબાઈલ કે કોમ્પ્યુટર પરથી મોકલવા માટે ઓનલાઈન લીંક kutchisamaj.amdavad.com થી પણ એન્ટ્રી મોકલી શકાશે.

*''સૌનો સાથ, સૌનો વિકાસ'' – એ શુભેચ્છાઓ અને અપીલ સાથે...*

**નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરીનું રજિસ્ટ્રેશન ફોર્મ આ અંકમાં પાના નં.-૭૨ ઉપર આપેલ છે**

**ભરત ઓઝા**
**કન્વીનર – ટેલિફોન ડિરેક્ટરી સમિતિ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૧૬

★ **મંગળવાર, તા. ૪-૧૦-૨૦૧૬**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ જે નવી લાઈબ્રેરી શરૂ કરવા જઈ રહેલ છે, એ લાઈબ્રેરીને પોતા તરફથી ખરીદીને ૧૦૦-૧૦૦ પુસ્તકો આપવાનું જે જે મહાનુભાવોએ સ્વીકારેલ હતું તેઓને આજે એ પુસ્તકો મોકલી આપવા પત્ર દ્વારા જણાવ્યું. નવરાત્રિ કાર્યક્રમમાં જેઓએ બેનર મૂકવાનો સ્વીકાર કરેલ હતો તેઓને પણ પત્રો લખવામાં આવ્યા. નવરાત્રિ કાર્યક્રમનો અહેવાલ વિવિધ મુખપત્રો પર પ્રસારિત કરવા મોકલી આપ્યો. સમાજની દરેક સમિતિના કન્વીનરશ્રીઓને તેમની સમિતિના સભ્યોના નામ મોકલી આપવા રીમાઈન્ડર પત્રો લખવામાં આવ્યા.

★ **મંગળવાર, તા. ૧૧-૧૦-૨૦૧૬**

- કચ્છશ્રુતિમાં આવતી વિઝિટીંગ કાર્ડ સાઈઝની જાહેરાતના

જેઓના ૧૨ મહિના પૂરા થઈ ગયા છે તેમને તેઓની જાહેરાતો રીન્યુ કરાવી આપવા પત્રો લખવામાં આવ્યા. વિઝિટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત માટે અન્ય સભ્યોને પણ અપીલ કરતાં પત્રો લખવામાં આવ્યા.

★ **બુધવાર, તા. ૧૯-૧૦-૨૦૧૬**

- દીપોત્સવી વાનગીના આવેલ ફોર્મનું સ્ટેટમેન્ટ બનાવી, દરેક વાનગીના આવેલ ઓર્ડરની ક્વોન્ટીટી તૈયાર કરી અને તેના ઓર્ડર જે તે સહયોગી પાર્ટીને આપ્યા.

★ **ગુરુવાર, તા. ૨૦-૧૦-૨૦૧૬**

- અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોન તરફથી આવતી તા. ૧૩-૧૧-૨૦૧૬ના રોજ જે સમૂહલગ્નનું આયોજન ગોઠવાયેલ છે તેની આમંત્રણ પત્રિકા આપવા શ્રી પ્રેમજીભાઈ જેઠાભાઈ પટેલ આજરોજ સમાજ પર આવી રૂબરૂ આમંત્રણ આપી ગયેલ હતા. આ આમંત્રણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સમગ્ર ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સભ્યોને અપાયેલ હતું.

★ **શુક્રવાર, તા. ૨૧-૧૦-૨૦૧૬**

- માંડવીથી શ્રી મૂકેશભાઈ સોની સમાજની ઓફિસ પર રૂબરૂ મુલાકાતે આવેલ હતા. તેઓને શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરીનો ખ્યાલ આવ્યો. તેઓએ માંડવી વી.આર.ટી.આઈ.માં શ્રી ગોરધનભાઈ કવિ સાથે વાત કરાવી આપી. આવતા દિવસોમાં શ્રી ગોરધનભાઈ વી.આર.ટી.આઈ. દ્વારા શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને રૂા. ૨૦,૦૦૦/- સુધીની નવી બુક્સ ખરીદીને મોકલી આપવામાં આવશે તેવું તેમણે સ્વીકાર્યું. આ માટે સૌપ્રથમ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરીમાં અત્યારની બુક્સનું લિસ્ટ તેમને મોકલી આપવું તેવું નક્કી કરવામાં આવ્યું કે જેથી બુકોનું ડુપ્લીકેશન ન થાય. શ્રી મૂકેશભાઈ સોની તથા શ્રી ગોરધનભાઈ કવિને ખૂબ ખૂબ અભિનંદન.

★ **સોમવાર, તા. ૨૪-૧૦-૨૦૧૬**

- વ્યવસાયિક લોન સમિતિની એક મીટિંગ આજરોજ સમાજની ઓફિસ પર મળેલ હતી. શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી શશીકાંતભાઈ પીંડોરિયા તથા શ્રી રસિકભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. લોન આપવા અંગેના નીતિ નિયમો તેઓએ ફાઈનલ કરી ટાઈપ કરાવ્યા. શ્રી રસિકભાઈ મહેતાએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદને આવતા પાંચ વર્ષ માટે રૂા. ૨.૦૦ લાખની લોન આપવાનું સ્વીકાર્યું. શ્રી અતુલ સોની કાર્યરત હોવાથી મીટિંગના સમયે ઉપસ્થિત રહી શકેલ નહીં પરંતુ સાંજના આવીને બનાવવામાં આવેલ નીતિ નિયમો ચકાસીને તેમણે ઓ.કે. કર્યા. શ્રી રસિકભાઈ મહેતાને તેમના સહૃદયી કાર્યો માટે અભિનંદન.

★ **મંગળવાર, તા. ૨૫-૧૦-૨૦૧૬**

- અત્યાર સુધી દીપોત્સવી વાનગીના અનુસંધાને (૧) શ્રી પંકજ શાહને ત્યાંથી ડ્રાયફ્રુટ, (૨) પદ્માવતી ગૃહ ઉદ્યોગમાંથી મિષ્ટાન્ન તથા ફરસાણ, (૩) ભરતભાઈ શાહને ત્યાંથી મોતીચુર લાડુ, (૪) જીજ્ઞેશભાઈ ઠક્કરને ત્યાંથી કાજુ કતરી, (૫) જે.આર.જે. ફુડ્સમાંથી ટોફી, (૬) ગૌરાંગ શાહને ત્યાંથી હોમ મેઈડ ચોકલેટ્સ, (૭) દામજીભાઈ નીસરને ત્યાંથી એકતા ચિક્કી, (૮) શૈલેષ નાગડાને ત્યાંથી ઘુઘરા, (૯) બંસીરામને ત્યાંથી નમકીન તથા વિવિધ ગિફ્ટ પેકિંગ્સ તથા (૧૦) શ્રી પી.સી. શાહ - ભુજથી પાપડપુરી વગેરે વાનગીઓની ડિલીવરી સમાજ પર આવી જતાં શ્રી રાજુભાઈ વસા, શ્રી ભરતભાઈ શાહ, શ્રી ઈતેશ ચૌહાણ તથા શ્રી સંજય ઠક્કરે ભેગા થઈ ઓર્ડર આપનાર દરેક સભ્યના અલગ અલગ પેકિંગ્સ તૈયાર કરાવ્યા. દરેક પેકિંગ્સ પર જે તે વ્યક્તિના નામ લખી આ બધી વાનગીઓ ડિલીવરી કરાવવા તૈયાર કરી દીધી.

★ **બુધવાર, તા. ૨૬-૧૦-૨૦૧૬**

- દીપોત્સવી નિમિત્તે વાનગી વિતરણ યોજના અંતર્ગત નોંધાયેલા સભ્યોને તેમના પેકેટ લઈ જવા દરેકને ફોન દ્વારા જણાવવામાં આવ્યું હતું.

★ **ગુરુવાર, તા. ૨૭-૧૦-૨૦૧૬**

- વાનગી વિતરણ યોજના અંતર્ગત પોતાના પેકેટ લેવા કુલ ૧૨ સભ્યો સમાજ કાર્યાલયમાં આવ્યા હતા. અને તે મુજબ પેકેટોનું વિતરણ કાર્ય કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત નમકીન અને વિવિધ ગિફ્ટ પેકિંગ્સના બાકી રહેતા બોક્ષ સમાજના કાર્યાલયમાં મોકલાવવા સંબંધિત પાર્ટીને જણાવવામાં આવ્યું હતું.

★ **શુક્રવાર, તા. ૨૮-૧૦-૨૦૧૬**

- દીપોત્સવી નિમિત્તે વાનગી વિતરણ યોજના અંતર્ગત બાકી રહેતા સભ્યોને તેમના પેકેટોનું વિતરણ કાર્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દિવાળી અને નવા વર્ષ નિમિત્તે સમાજના કાર્યાલયમાં તા. ૬-૧૧-૨૦૧૬ સુધી રજા રાખવામાં આવી હતી. ■

Ramesh Savla

Manish Savla
94260 77479

**ARIHANT INDUSTRIES**

**Mfg :**
**Bakellit, eMoulding & Panel Board, Accessories, Push Buttons, Connector Strip & Cooker Handles**

5/33, G.I.D.C. Ind. Estate, Phase-1, Vatva, Ahmedabad-382 445.
Ph.: (F) (079) 25831205 • (R) (079) 25464948

Bharat B. Gala

Nanvinchandra D. Dedhia

SRE

**Raju ENTERPRISE**

179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING / S.S PATTA-PATTI

Niten Vasa

**Essen Dyechem**

**Deals in : Dyes, Chemicals & Pigments**

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

**AMAM MARKETING**

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
[MINING & CRUSHING INDUSTRIES]

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

**ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...

All things will be destroyed with time but time never just like...

शाश्वत Green
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS







Site Address : **Shashwat Green**
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

સમયનું જો આપણે જતન કરી શકીએ,
તો સમય આપણું પતન કરી શકવાનો નથી.

**ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર**
**હર્ષ, રિયા અને યશ ઠક્કર**

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

INSTA-POWER™
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class upto 7000 KVA, Confirming to IS-2026, IS-1180, 2014



OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489 | Works 2 (Waghodia - Vadodara)

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫



॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મઘીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

# અન્ય સંસ્થાઓના સમાચાર

## વરિષ્ઠ લેખક ગુણવંતભાઈ છો. શાહનું દુઃખદ અવસાન

ગુજરાતના વરિષ્ઠ પત્રકાર અને લેખક ગુણવંતભાઈ છો. શાહનું ટૂંકી માંદગી બાદ બુધવાર, તા. ૨૬-૧૦-૨૦૧૬ની રાત્રિના ૮૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. અમદાવાદ ખાતે ગુરુવારની સવારે યોજાયેલી તેમની અંતિમયાત્રામાં ગુજરાતી પત્રકાર જગતના પત્રકારો, લેખકો તથા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ ઉપસ્થિત રહી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અમદાવાદમાંથી પ્રકાશિત થતા 'ગુજરાત સમાચાર'માં ત્રણ દાયકા સુધી 'નેટવર્ક' કોલમ લખનાર ગુણવંતભાઈએ સાપ્તાહિક 'આસપાસ' તથા વિવિધ સાપ્તાહિક પૂર્તિઓનું પણ સંપાદન કર્યું હતું.

'નેટવર્ક' કોલમથી છેલ્લા પાંત્રીસ વર્ષથી 'ગુજરાત સમાચાર'ના લાખો વાચકોમાં અત્યંત લોકપ્રિય થયા હતા. કોઈની પણ શેહશરમ રાખ્યા વિના તેઓ લોકહિત માટે આજીવન લખતા રહ્યા હતા. પ્રજાના નાણાંનો દુર્વ્યય કરનારા શાસકોની ટીકા કરતી વખતે તેઓ વાચકોને કહેતા કે મારા-તમારા ખિસ્સાના પૈસાથી આ નેતાઓ જલસા કરે છે. એમના અવસાનના સમાચાર મળતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ એમના પરિવારજનોને ફોન કરી સાંત્વના આપી હતી.

## ડૉ. કુમારપાળ દેસાઇને ૨૦૧૫નો રણજિતરામ સુવર્ણચંદ્રક અપાશે

સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈને ગુજરાત સાહિત્ય સભા દ્વારા ૨૦૧૫ના વર્ષ માટેનો શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવશે. ગુજરાતી સાહિત્યનું આ શ્રેષ્ઠ સન્માન મેળવનાર ડૉ. કુમારપાળ દેસાઇએ ચરિત્ર, વિવેચન, સંશોધન, ચિંતન, અનુવાદ, પ્રૌઢ સાહિત્ય, નવલિકા, ધર્મદર્શન વગેરે વિશે એકસોથી વધુ ગ્રંથો લખ્યા છે. છેલ્લા પંચાવન વર્ષથી સાહિત્યસર્જન કરતાં ડૉ. કુમારપાળ દેસાઈના પાંચ પુસ્તકોને કેન્દ્ર સરકારનાં અને ચાર પુસ્તકને ગુજરાત સરકારના પારિતોષિકો પ્રાપ્ત થયા છે. એમનું 'નાની ઉંમર, મોટું કામ' પુસ્તક સમગ્ર દેશની તમામ ભાષાઓમાં એ વર્ષનું બાળ સાહિત્યનું સર્વશ્રેષ્ઠ પુસ્તક ગણાયું હતું. એમણે લખેલા લાલબહાદુર શાસ્ત્રીના જીવનચરિત્ર 'લાલ ગુલાબ'ની એકસાથે ૬૦ હજાર નકલ વેચાઈ હતી. એમનું 'અપંગના ઓજસ' પુસ્તક વિકલાંગો માટેનું શ્રેષ્ઠ પુસ્તક ગણાયું હતું. જેની આઠ આવૃત્તિ થઈ છે અને તેની હિંદી અને અંગ્રેજીમાં ચાર આવૃત્તિ પ્રગટ થઈ છે.

ડૉ. દેસાઈને ખૂબ ખૂબ અભિનંદન.

## લઘુમતી સમાજને પણ ૫ ટકા આરક્ષણ મળવું જોઈએ

મહારાષ્ટ્ર શાસને મરાઠા સમાજને આરક્ષણ આપવાની ભૂમિકા નજર સમક્ષ રાખીને કોઈ પણ સમાજનું આરક્ષણ ઓછું ન કરતા લઘુમતી સમાજને પાંચ ટકા આરક્ષણ મળવું જોઈએ એવી માંગણી મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળના અધ્યક્ષ હેમરાજ શાહે કરી છે. લઘુમતી સમાજમાં જૈન, બૌધ્ધ, શીખ, ક્રિશ્ચિયન, પારસી અને મુસ્લિમ ધર્મીઓનો સમાવેશ થાય છે. લઘુમતી સમાજના આર્થિક દષ્ટિએ દુર્બળ ઘટકોને શૈક્ષણિક અને રોજગાર ક્ષેત્રે સગવડો આપવી અને તેમને સામાજીક અને આર્થિક દષ્ટિએ સક્ષમ કરવાનું કામ રાજ્ય સરકારનું છે. તે માટે શાસન પર દબાણ લાવવા લોક પ્રતિનિધિઓને જાગૃત કરવાની જરૂર હોવાનું શ્રી શાહે જણાવ્યું હતું, એમ મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ - મુંબઈની એક યાદીમાં જણાવાયું હતું.

## દિવ્યાંગોના વિકાસ ક્ષેત્રે કાર્યરત માંડવીની સંસ્થા

હેલન કેલરને મિસ સુલીવાન જેવા શિક્ષિકા ન મળ્યા હોત તો? પ્રશ્ન અસ્થાને નથી... હા, હેલન કેલરમાં જન્મજાત શક્તિ હતી એ નિર્વિવાદ છે પરંતુ એ શક્તિને પારખીને બહાર લાવવાનું કામ એની શિક્ષિકાએ કર્યું. **માણસની અપૂર્ણતાને પૂર્ણતામાં ફેરવે એ શિક્ષક. કરુણાની ભાવના સશક્ત વિદ્યાર્થીઓથી આગળ વધીને દિવ્યાંગ બાળકો સુધી વિસ્તારે એ સાચો શિક્ષક!** કાંઈક એવી જ લાગણી માંડવી

શહેરની પ્રાથમિક શાળાના શિક્ષકો કમલેશભાઈ પાઠક, ચીમનભાઈ પટેલ, કિશોરભાઈ સોની, દિનેશભાઈ શાહ, કાનજીભાઈ મહેશ્વરી વગેરેને થઈ અને તા. ૨૮-૨-૧૯૯૩ના દિને શહેરના નામાંકિત ડૉક્ટર મધુકર રાણા પાસે વ્યક્ત કરી... અને બસ, એ સાથે **'અપંગ માનવ કલ્યાણ સોસાયટી'**નો યંજ્ઞારંભ થઈ ગયો.

- **સંસ્થા દ્વારા અનેક વિક્રમી સેવાઓ :**

વિશાખાપટ્ટનમના પોલિયો ઑપરેશનના નિષ્ણાત ડૉ. આદિનારાયણ રાવ અને તેમની ટીમે દુર્ગાપુરમાં એક જ દિવસમાં ૪૧૧ જેટલા પોલિયોના ઑપરેશન કરી, પોતાનો વિશ્વ રેકોર્ડ પ્રસ્થાપિત કરેલ છે. સંસ્થાએ ૨૦૦૧ના ગોઝારા ભૂકંપમાં કૃત્રિમ હાથ - પગ પ્રત્યારોપણના ૧૩ કેમ્પો કરીને માનવસેવાનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડેલ છે. ૨૦૦૧થી સંસ્થા દ્વારા માંડવીમાં નાનાલાલ વોરા માર્ગ પર ફીઝિયોથેરાપી સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.

આ અંગે વિશેષ માહિતી આપતા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ શાહ જણાવે છે કે સંસ્થા દ્વારા અત્યાર સુધી ૩૯૮ દિવ્યાંગોને ટ્રાયસિકલ, ૨૫ વ્હીલચેર, ૫૨૬ ક્રેસીસ, ૭૦ વોકિંગ સ્ટીક, ૩૪ વોકર, ૧૫ કાંડા ઘડિયાળ, ૨૭ હાર્મોનિયમ, ૬ જોડી તબલા, ૫૭ સીલાઈ મશીન, ૪૧ હાથ ગાડી, ૨ કોમ્પ્યુટર, ૫ કેબિન, ૩ કેશિયો નિઃશુલ્ક આપીને માનવસેવાનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડેલ છે.

સંસ્થાએ ૧૫૦થી વધારે ચક્ષુદાન મેળવી દૃષ્ટિહીનોને દૃષ્ટિ આપીને માનવસેવાનું ઉમદા કાર્ય કરેલ છે.

સંસ્થાની હાલની પ્રવૃત્તિઓના પરિપાકરૂપે વિકલાંગ તાલીમશાળા અને છાત્રાલય સાકારિત થઈ શક્યા છે. આ સિવાય ફીઝિયોથેરાપી સેન્ટર, વિકલાંગ રમતોત્સવ, વિકલાંગ સાધન સહાય, નિરાધાર સહાય જેવી કાયમી પ્રવૃત્તિઓ દ્વારા ટ્રસ્ટીશ્રીઓ સંસ્થાને ગાજતી રાખે જ છે.

છેલ્લા ૨૩ વર્ષમાં સંસ્થાએ દિવ્યાંગો માટે અંદાજે ૩ કરોડ જેટલી માતબર રકમનો ખર્ચ કરેલ છે.

**કન્યા કેળવણી ક્ષેત્રે સંસ્થાનું વિરાટ કદમ...**

સંસ્થા દ્વારા નાગલપુર રોડ પર આવેલ પાંજરાપોળની સામે, સરકાર તરફથી રાહતભાવે મળેલી સંસ્થાની જમીન પર વિકલાંગ કન્યા છાત્રાલયનું ૬૦ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં હાલમાં ૨૦ દિવ્યાંગ કન્યાઓએ પ્રવેશ મેળવેલ છે. આ છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ કન્યાઓનો તમામ ખર્ચ સંસ્થા ભોગવે છે.

*ડો. દિનેશ જોશી*

## ગુજરાતની ગ્રામ અસ્મિતા

ગુજરાતમાં અત્યારે અનેક ગામડાઓ એવા છે જ્યાં સમગ્ર વર્ષ દરમિયાન વતનીઓ દેખાતા જ નથી કારણકે ગામની ખેતી મજૂરોને સોંપી દેવામાં આવી છે. કચ્છમાં પણ એવા ઘણા ગ્રામવિસ્તારો છે જેના વતનીઓ પરદેશ છે. ગુજરાત / કચ્છના પટેલો હવે ખેડૂત મટીને ખેતીના વહીવટદારો થવા લાગ્યા છે. ખેતીની આવકમાંથી તેઓએ વિવિધ ક્ષેત્રમાં જે દિગ્વિજય કર્યો તેના સારા પરિણામો તેમને અને તેમના સમાજને ચોક્કસ મળ્યા અને ફળ્યા છે. પરંતુ તેમના પોતાના હાથમાંથી ખેતી સરવા લાગી છે. પટેલોની નવી પેઢી હવે પ્રથમ તો પોતાના ખેતરની આસપાસમાં જ નથી અને ક્યાંક દૂર શહેરોમાં વસે છે અને જે લોકો ગામમાં જ છે તેઓ પણ માત્ર મજૂરોના ભરોસે પોતાની ખેતી ચલાવે છે. એટલે એમનો પ્રકૃતિ સાથેનો સંબંધ ધીરે ધીરે તૂટતો જાય છે. આ કારણોસર પણ રાજ્યના ગ્રામ વિસ્તારોમાં દિવાળીના દિવસોમાં પણ સન્નાટો જોવા મળે છે. એક જમાનો એવો હતો કે જ્યારે ગામની શેરીઓ રામ-રામ અને સાલ મુબારકથી ગૂંજતી હતી. તે હવે એક ઇતિહાસ બની ગયો છે. હવેની દિવાળી શોપિંગ દીપાવલી બની ગઈ છે. ગામડાઓ ખાલી અને શહેરની બજારો છલકાય છે. વતનમાં બે અક્ષરનો પત્ર લખવાનો રિવાજ તો જતો રહ્યો છે અને નેટ પર ડિસ્કાઉન્ટની વિવિધ આઈટમો પર સંતાનોની નજર ફરી રહી છે. જાહેર ખબરની જો કે એ સુપ્રસિધ્ધ વ્યાખ્યા છે કે **જેના વિના ચાલે, એના વિના તમારે ન ચાલે એવું સમજાવવાની એ અદ્ભુત કળા છે.** છતાં એક નાનો વર્ગ હજુ પણ એવો છે, જે પોતાના વતનના ઘર, ખેતર અને વગડાને હજુ પણ ચાહે છે અને મોકો મળે કે તુરત જ દોડી દોડીને ત્યાં પહોંચી જાય છે. ગુજરાતની ગ્રામ અસ્મિતા ઝાંખી થઈ છે પણ લુપ્ત થઈ નથી.

# વતનના વાવડ

• સંકલન : ભરત ઓઝા •

## સેરિબ્રલ પાલ્સી દર્દીઓ માટે બિદડા દેશમાં શ્રેષ્ઠ

સીમાવર્તી કચ્છ વિસ્તારમાં પુનર્વસન ક્ષેત્રે વિશાળ અને સુસજ્જ માળખું નમૂનેદાર છે. આવી સેવાઓ દેશમાં ભાગ્યે જ જોવા મળે છે. આટલા વિકાસ અને વિસ્તરણની સમાંતરે 'સેરિબ્રલ પાલ્સી'થી પીડાતા દર્દીઓ માટે કાયમી શસ્ત્રક્રિયા સંપન્ન કરાશે તો દેશભરમાંથી આવતા રોગીઓ માટે સ્તુતિકર સાબિત થશે એમ સેરિબ્રલ પાલ્સી સપ્તાહ અંતર્ગત બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જયા રિહેબિલીટેશન ઈન્સ્ટિટ્યૂટ ખાતે કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ચીફ સેક્રેટરી ડૉ. વિનોદ અગ્રવાલે જણાવ્યું હતું. તાજેતરમાં આ સંકુલમાં રાત્રિરોકાણ કર્યા પછી વિવિધ વિભાગોની મુલાકાત લઈને સેરિબ્રલ પાલ્સીના ૨૦ દર્દીઓ માટે યોજાયેલી ચિત્ર સ્પર્ધાનું તેમણે નિરીક્ષણ કર્યું હતું. સેરિબ્રલ પાલ્સીથી પીડાતા રોગીઓ માટે માતૃત્વ તુલ્ય મનાતા ડૉ. મુલ્લા ફિરોઝ દ્વારા મુંબઈમાં હાજીઅલી ખાતે કાર્યાન્વિત કરાયેલી ચિલ્ડ્રન્સ ઓર્થોપેડિક હોસ્પિટલના સ્થાપના દિવસને 'સેરિબ્રલ પાલ્સી ડે' તરીકે મનાવવામાં આવી રહ્યો છે. સંસ્થાના જયા રિહેબ સેન્ટર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સોશિયલ જસ્ટીસ એન્ડ એમ્પાવરમેન્ટ વિભાગના કેન્દ્રીય સચિવે સીધી રીતે પોતાના કાર્યક્ષેત્રમાં ન આવતું હોવા છતાં રતનવીર નેચર ક્યોર ઈન્સ્ટિટ્યૂટની સુસજ્જતાને ચકિત કરી દે તેવી લેખાવી હતી. સેરિબ્રલ પાલ્સી સારવાર માટે દેશમાં નારાયણ સેવા સંસ્થાન સંચાલિત હોસ્પિટલ - ઉદેપુર, સી.આર.સી. - અમદાવાદ જેવા સ્થળોએ નિયમિત શસ્ત્રક્રિયાઓ જેવી કાયમી સેવાઓ અત્રે સાકાર કરવા તેઓએ સલાહ આપી હતી.

## ભૂસ્તરની આંતરરાષ્ટ્રીય પરિષદમાં કચ્છ

તાજેતરમાં દક્ષિણ આફ્રિકાના કેપટાઉન શહેર ખાતે યોજાયેલી ૩૫મી આંતરરાષ્ટ્રીય જિઓલોજિકલ કોંગ્રેસમાં કચ્છ યુનિવર્સિટીના અર્થ એન્ડ એન્વાયરમેન્ટ સાયન્સ વિભાગના વડા ડૉ. એમ.જી. ઠક્કર અને રિસર્ચ સ્ટુડન્ટ ગૌરવ ચૌહાણે પ્રતિનિધિત્વ કર્યું હતું અને આંતરરાષ્ટ્રીય સ્તરે કચ્છના ભૂસ્તરને રજૂ કરતાં વૈજ્ઞાનિકોને કચ્છ આવવા અનુરોધ કર્યો હતો. આ સાથે તેઓએ વિદેશની અનેક ભૂસ્તર સંસ્થાઓ સાથે સમજૂતીઓ કરી હતી જેથી ભવિષ્યમાં કચ્છ યુનિ.ના છાત્રોને વૈશ્વિક સ્તરે ખનીજ, તેલ કંપનીઓમાં રોજગારીની તકો ઉપલબ્ધ બને. દર ચાર વર્ષે યોજાતી અને ભૂસ્તરની ઓલિમ્પિયાડ ગણાતી આ પરિષદમાં ૧૨૦ દેશોના ૫,૦૦૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. દેશમાંથી લગભગ ૫૦ જેટલા અને ગુજરાતમાંથી પાંચ જણે ભાગ લીધો હતો. જેમાં કચ્છ યુનિ.માંથી આ ભૂસ્તરશાસ્ત્રના પ્રાધ્યાપક અને ઈન્સ્પાયર ફેલો જોડાયા હતા. ડૉ. ઠક્કરે 'ક્વાર્ટર્નરી લેન્ડસ્કેપ ઈવોલ્યુશન ઈન કચ્છ કન્સીડરીંગ ધ ટેક્ટોનિક એન્ડ ક્લાઈમેટ પ્રોસેસ' પર સંશોધનપત્ર અને શ્રી ચૌહાણે 'જિઓ હેરિટેજ એન્ડ પ્રિઝર્વેશન ઑફ કી જિઓ સાઈટ ઈન કચ્છ' પર પોસ્ટર પ્રેઝન્ટેશન કર્યું હતું.

## આ છે, કચ્છની સાચી કોમી એકતા

અંજાર તાલુકાના વરસામેડી ગામે દશેરા પર્વના દિવસે જ બે બાળકી અને એક બાળક સાથે માતાએ કરેલા આપઘાતના બનાવે સમગ્ર તાલુકા અને ગામને આઘાતમાં ડૂબાડી દીધું હતું. આ બનાવથી સમગ્ર વરસામેડીના તમામ સમાજના લોકો શોકગ્રસ્ત હતા. ત્યારે આ ગામમાં રહેલ મુસ્લિમ સમાજે એક ઐતિહાસિક નિર્ણય લીધો અને ઓક્ટોબર માસની ૧૦મીની રાત્રે તાજિયાનું જુલૂસ ન કાઢવાનો નિર્ણય લીધો. એટલું જ નહીં પરંતુ છેલ્લા દિવસે પણ તાજિયાની ધાર્મિક વિધિ સાદગીથી પૂર્ણ કરી હતી અને કચ્છી કોમી એકતાની જ્યોતને વધુ પ્રજ્વલિત કરી હતી. આ અંગે વરસામેડી ગામના મુસ્લિમ અગ્રણીઓ પટેલ હાજી અબ્દુલ્લા, અલીમામદ જમાલ, આરબ સીદીક, આમદ માંજોઠીએ સમાજના લોકોને આ નિર્ણય અંગે જણાવતાં ગામમાં બનેલા અરેરાટીના બનાવથી સામૂહિક રીતે આ નિર્ણયને આવકારાયો હતો.

## ત્રણ કચ્છીઓને રાષ્ટ્રરત્ન એવોર્ડ અર્પણ કરાયો

નહેરુ યુવા કેન્દ્ર, ક્રીડા અને યુવક કલ્યાણ મંત્રાલય ભારત સરકાર સંલગ્ન પદ્મશ્રી ડૉ. મણિભાઈ દેસાઈ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા ડૉ. અબ્દુલ કલામ જયંતિ નિમિત્તે સેવાવ્રતી અને સેવા

ભાવનાને સમર્પિત દેશના જુદા જુદા રાજ્યોના ૩૨ સેવાભાવીઓને ડૉ. બાબાસાહેબ આંબેડકર સાંસ્કૃતિક ભવન - પૂના મધ્યે ભારતરત્ન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ રાષ્ટ્રરત્ન ઍવોર્ડ - ૨૦૧૬ અર્પણ કરવામાં આવ્યો હતો. વિશાળ જનમેદની વચ્ચે કચ્છના ત્રણ સેવાભાવીઓને આ પુરસ્કાર અર્પણ કરાયો હતો. વર્ષોથી માનવસેવા ક્ષેત્રે કાર્ય કરી રહેલા કચ્છ મેરાઉના અને મુંબઈના કાંદિવલી મધ્યે રહેતા અને માનવજ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ - મુલુંડના ટ્રસ્ટી વલ્લભજીભાઈ ડી. શાહ 'માનવમિત્ર'ને એમની અનેકવિધ સેવાઓને ધ્યાને લઈ તથા મૂળ કોઠારાના અને ભુજમાં રહેતા માનવ જ્યોત સંસ્થા - ભુજના પ્રમુખ પ્રબોધ મુનવરને તેમની માનવસેવા - જીવદયા અને પર્યાવરણ પ્રવૃત્તિઓની નોંધ લઈ તેમજ નાના આસંબિયાના અને હાલે પૂના રહેતા સામાજિક કાર્યકર નીતિનભાઈ કાનજી છેડાને તેમની વિવિધ સેવાઓની નોંધ લઈને ત્રણે કચ્છીઓને ઉપરોક્ત ઍવોર્ડ તાજેતરમાં પ્રદાન કરવામાં આવ્યા હતા.

## સૌરાષ્ટ્રની મહિલા ક્રિકેટ ટીમમાં ગાંધીધામની ત્રણ છાત્રા પસંદ

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન - રાજકોટ ટીમમાં કચ્છ ડિસ્ટ્રીક્ટ રૂરલ ક્રિકેટ એસોસિએશન ગાંધીધામની ત્રણ વિદ્યાર્થિનીઓની તાજેતરમાં પસંદગી થઈ હતી. બી.સી.સી.આઈ.ની અંડર-૧૯ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્રની ટીમમાં ગાંધીધામના કંકુ મરડ, નંદિતા અગરિયા અને રીના મોતાની પસંદગી થઈ હતી. ત્રણ બાળાઓની પસંદગી થતાં ગાંધીધામ સંકુલના ક્રિકેટરોમાં હર્ષની લાગણી પ્રસરી હતી.

## હમીરસર કિનારે હુન્નરબાજોની કમાલ

રાહગિરી દ્વારા હમીરસર કિનારે પેન્શનર્સ ઓટલા પાસે આયોજિત સ્ટેજ શોની ઈવેન્ટમાં લાઈવ પેઈન્ટિંગથી માંડીને ડાન્સ, માઈમ, તબલા વાદન, જાદુગરી સહિતનાં એકથી એક અફલાતુન પરફોર્મન્સથી તાજેતરમાં સમગ્ર માહોલ જીવંત બની ગયો હતો અને મોટી સંખ્યામાં ઊમટી પડેલા લોકો મંત્રમુગ્ધ બન્યા હતા. વિવિધ ક્ષેત્રના યુવાનો દ્વારા રચાયેલી ટીમ રાહગિરીના આ અનોખા અભિયાનમાં 'કચ્છમિત્ર' મીડિયા સહયોગી હતું. રાહગિરીના અભિયાનનો મૂળ ઉદ્દેશ જ લોકોને વિવિધ પ્રવૃત્તિઓમાં સાંકળવાનો અને પ્રતિભા ઉજાગર કરવાની તક આપવાનો છે. એટલે લોકોને તેમની માંગને પગલે ટીમ રાહગિરી દ્વારા ફરી સ્ટેજ પર પરફોર્મન્સનું આયોજન કરાયું હતું અને ભુજવાસીઓ ફરી એક અપાર ઉત્સાહ બતાવી મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ■

# નવા વર્ષની શરૂઆત

વિક્રમ સંવત ૨૦૭૨ની પૂર્ણાહૂતિ આસો વદ અમાસ, રવિવાર, તા. ૩૦-૧૦-૨૦૧૬ના રોજ થઈ અને વિક્રમ સંવત ૨૦૭૩ની શુભ શરૂઆત કારતક સુદ એકમ, સોમવાર, તા. ૩૧-૧૦-૨૦૧૬ના રોજથી થઈ. રાજા વિક્રમાદિત્ય પરથી આ સંવતની શરૂઆત થઈ અને તેને અનેક હિંદુઓ માને છે.

પરંતુ ભારત સરકારે વિક્રમ સંવતને માન્યતા આપેલ નથી કેમકે ૨૦૭૩ વર્ષ અગાઉ રાજા વિક્રમાદિત્યની હસ્તીના કોઈ પુરાવા નથી. ૧૯૫૭માં ભારત સરકારે શક સંવતનો સ્વીકાર કરેલ છે કે જેનો આરંભ ચૈત્ર સુદ એકમ – ગુડી પડવાથી થાય છે.

આજે વિશ્વમાં ઈસવીસનનો સર્વત્ર સ્વીકાર કરવામાં આવે છે અને ખ્રિસ્તી વર્ષ ૧ જાન્યુઆરીથી શરૂ થાય છે.

દુનિયાના ૫૬ જેટલા દેશોમાં ઈસ્લામી સમાજની બહુમતી છે અને ઈસ્લામને પોતાનું આગવું કેલેન્ડર છે. ઈસ્લામી સંવત હીજરી સંવત કહેવાય છે અને આ કેલેન્ડર દુનિયાનું એકમાત્ર એવું કેલેન્ડર છે કે જે કેવળ ચંદ્રના આધારે ચાલે છે.

પારસીઓએ પોતાનું અલગ કેલેન્ડર જાળવી રાખ્યું છે.

બુદ્ધના અનુયાયીઓ વૈશાખી પૂનમથી નવા વર્ષની શરૂઆત કરે છે.

જૈન સમાજ મહાવીર જયંતીથી પોતાના મહાવીર સંવતની શરૂઆત કરે છે.

દુનિયાના અનેક દેશોની પ્રજા પોતાના કોઈ પૂર્વજની જયંતીથી પોતાના સંવતની શરૂઆત અલગ અલગ દિવસથી કરતી હશે.

આ બધા કેલેન્ડરોમાં મોટાભાગના પંચાંગો સૂર્ય અને નક્ષત્ર સાથે સંબંધ ધરાવે છે. પણ બે મોટા વિશ્વધર્મો - ખ્રિસ્તી અને ઈસ્લામ – ઈસવીસન અને હીજરી સંવતને ખગોળ જોડે કશો સંબંધ નથી. ■

# પ્રતિભાવ

**'કચ્છશ્રુતિ'નો માસ સપ્ટેમ્બર-૨૦૧૬નો અંક –**
**રાસ ગરબાનો ખજાનો.... અભિનંદન**

'કચ્છશ્રુતિ'નો માસ સપ્ટેમ્બર-૨૦૧૬નો નવરાત્રિ રાસ-ગરબા વિશેષાંક ખૂબ જ ગમ્યો. જૂના તથા નવા રાસ-ગરબાની રજૂઆત ખૂબ જ સુંદર રીતે પ્રકાશિત કરી છે. **જાણે રાસ ગરબાનો ખજાનો મળ્યો.**

નવરાત્રિ તહેવારને અનુરૂપ રાસ-ગરબાનો અંકમાં સમાવેશ કરીને આપણી ગુજરાતી સંસ્કૃતિને યાદગાર બનાવી દીધી છે. જે ખરેખર સરાહનીય છે. રાસ-ગરબા ગુજરાતની સંસ્કૃતિ છે, જે ક્યારેય નહીં વિસરાય.

આવા સુંદર કાર્ય માટે આપ ત્રણેને તથા આપના અન્ય કાર્યકરોને અમારા ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.

ભવિષ્યમાં પણ કચ્છશ્રુતિના અંકની પ્રગતિ થતી રહે એવી શુભેચ્છા.

*પ્રમિલા શાહ અને મનસુખલાલ જે. શાહ - બેંગ્લોર*

★

**'કચ્છશ્રુતિ'ને અભિનંદન**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત 'કચ્છશ્રુતિ' માસિકના સપ્ટેમ્બર-૨૦૧૬ના 'રાસ ગરબા વિશેષાંક' માટે મુખ્યતંત્રી **શ્રી અશોકભાઈ મહેતા, દિનેશભાઈ મહેતા, ભોલાભાઈ ગોલીબાર** તથા સમસ્ત તંત્રીમંડળ અને મેનેજમેન્ટને હાર્દિક અભિનંદન પાઠવું છું.

ગુજરાતી સાહિત્યના એક ખૂબ જ રસપ્રદ એવા પ્રકારના રાસ-ગરબા અને ગરબીના જૂના જૂના ઓલમોસ્ટ ભૂલવા આવેલા એવા ગીતોની એક લાંબી વણઝારે ખૂબ જ દૂર દૂરના એવા અમારા ભૂતકાળને ઉપાડીને અમારી સામે લાવી દીધો અને તેથી અમને જે આનંદ, સંતોષ અને ઉત્સાહનો આવિર્ભાવ થયો છે તે ખરેખર જ અવર્ણનીય છે. અને તે માટે તમને બધાને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન. પ્લીઝ ભવિષ્યમાં પણ આ સ્પિરિટને જીવંત રાખશો.

**રાસ-ગરબા ઉપરાંત પણ તમે જે વિવિધ વિષયો, વાનગીઓ, માહિતીઓ અને લેખોનો રસમય થાળ પીરસ્યો છે તેથી અમારા તન-મન-આત્મા ખરેખર જ પરિતૃપ્ત થઈ ગયા છે.**

*રમેશ રવજી ઠક્કર - મુંબઈ*

★

**'કચ્છશ્રુતિ' દીપોત્સવી અંક માટે અભિનંદન**

'કચ્છશ્રુતિ' માસિક ઓક્ટોબર-૨૦૧૬નો દીપોત્સવી અંક વાંચતા અને એનું દીપોત્સવી ઉજવવાનું નયનરમ્ય મુખપૃષ્ઠ જોતાં મને લાગ્યું કે આજથી જ દિવાળીના પાંચેય પર્વની ઉજવણીનો આનંદ માણવાની શરૂઆત કરવી જોઈએ. **કચ્છશ્રુતિ સૌના સાથથી પ્રગતિ કરે છે. સાથે સાથે સમાજ પરિવારનાં હિતમાં સેવાપયોગી કાર્યો કરવાની જહેમત ઉઠાવે છે, એ સારૂં કાર્ય કહેવાય.**

'કચ્છશ્રુતિ'ના અંકમાં શબ્દ શોધના ચોકઠામાં શબ્દો પુરવાના હોય છે. એમાં ઘણા શબ્દોની જાણકારી અને જ્ઞાન મળે છે. સાંપ્રત વિકાસ મંચ વિભાગમાં સાંપ્રત પ્રશ્ન અંગે વાચક વર્ગ અને લેખકો પોતાના વિચારો રજૂ કરતા લેખો લખે છે અને કચ્છશ્રુતિ માસિકમાં મોકલે છે એ ઘણું જ જરૂરી છે. જેથી વાચક - વિચારક વર્ગ જાગૃત બને અને ઘણું એવું જાણવાનું મળે. અત્યારના સમયમાં આ બધું ઉપયોગી છે.

'કચ્છશ્રુતિ'ના દીપોત્સવી અંકમાં આવેલ લેખો વાંચવાથી અતિ આનંદ થયો. તેમાં ઘણું એવું જાણવાનું - સમજવાનું મળ્યું. તંત્રીશ્રીએ લખેલ લેખમાં સિંચાઈના પાણી થકી કચ્છમાં ખેતી ક્ષેત્રે ક્રાંતિ આણી શકાય, એના માટે જે સચોટ રજૂઆત કરી છે, તે કચ્છની જનતાએ જાણવી જોઈએ. એ પ્રમાણે કામ કરે તો કચ્છનું ભવિષ્ય ઉજળું થઈ જાય. ખેતી ક્ષેત્રે વિકાસમાં ઘણી જ પ્રગતિ કરી શકે, વિકાસ કરી શકે.

**'કચ્છશ્રુતિ' માસિકનો આ દીપોત્સવી અંક દળદાર માહિતીથી ભરપૂર પ્રકાશિત કરવા માટે તંત્રી મંડળને ખૂબ ખૂબ ધન્યવાદ** અને અમારા નૂતન વર્ષાભિનંદન.

*મહાભાઈ આર. વોરા - ભુજ*

★

**'કચ્છશ્રુતિ' દીપોત્સવી અંક ખૂબ સુંદર અને ઉપયોગી**

'કચ્છશ્રુતિ'નો આ વર્ષનો રૂપકડો સુંદર દીપોત્સવી અંક મને મળી ગયો છે. આભાર.

**વિવિધ ઉપયોગી સાહિત્ય સામગ્રીથી સભર આ દીપોત્સવી અંક સાચવી રાખવા જેવો તો છે જ,** પરંતુ તેમાંના કેટલાક લેખો કાયમી યાદ રાખવા જેવા છે. તે માટે

એ બધા સર્જકોને અભિનંદન.

ખાસ કરીને... 'કોઈ જ નવરૂં નથીનું સ્મરણ'માં **શ્રી ગુલાબ દેઢિયા**એ સુંદર અને ચોટદાર વાતો કરી છે. તે માટે તેમને અભિનંદન.

શ્રી શાંતિલાલ સંઘવીએ નાની નાની પરંતુ ઉપયોગી ગમ્મત જ્ઞાનની બે-ત્રણ વાતો લખી છે. તે માટે તેમને ખાસ અભિનંદન.

**આ રીતે 'કચ્છશ્રુતિ' વધુ ને વધુ સુંદર અંકો આપતું રહે છે....** તે માટે આપ સૌને અભિનંદન.

'કચ્છશ્રુતિ'ની પ્રગતિ ઉત્તરોત્તર થતી રહે એવી શુભ કામના.

*જયંતિભાઈ ધોકાઇ - ઓખા (દ્વારકા)*

★

### સિંચાઇના પાણી થકી કૃષિ ક્ષેત્રે કચ્છમાં ક્રાંતિ આણી શકાય

'કચ્છશ્રુતિ' માસ ઓક્ટોબર-૨૦૧૬ના અંકમાં ઉપરોક્ત મનનીય, દુર્લભ લેખ લખવા પાછળ આપશ્રીનું મંથન, કચ્છ પ્રત્યેનો અવિરત લગાવ, મહામૂલી મહેનતના દર્શન થાય છે. હૃદયથી ખૂબ ખૂબ અભિનંદન.

કૃપા કરી આ લેખ સરકારના 'યોજના', 'અર્થ સંકલન', 'આર્થિક વિકાસ', 'ગુજરાત' સાપ્તાહિકોને પહોંચાડો. કચ્છમાં તમામ દૈનિકો, પાક્ષિકોને પણ મોકલાવો એવું મારૂં નમ્ર સૂચન છે.

*સૂર્યકાંત ભટ્ટ - ભુજ*

★

### વિવિધ વાદો પર વિમર્શ

માનવ ધર્મ એ સૌ ધર્મમાં શ્રેષ્ઠ છે એ વાત અમુક અંશે સાચી છે પરંતુ વિશાળ ફલક પર જોવા જઈએ તો આ જ્ઞાન અધૂરું છે. એટલા માટે કે જગતમાં માનવ માત્ર એક જ પ્રાણી નથી, બીજા અનેક જીવો કીડીથી હાથી જેવા પણ છે. જંગલી પશુઓ, પક્ષીઓ – આ બધામાં પણ જીવ છે, આત્મા છે. એટલે ઘણી વખત માત્ર માનવ ધર્મની વાતમાં અન્ય જીવોની ઉપેક્ષા થતી હોય એવું લાગે છે.

કારણ જે આત્મા કીડીમાં છે તે આત્મા હાથીમાં, જે આત્મા ગાયમાં છે તે જ આત્મા ભેંસ - બકરી વગેરેમાં છે. માત્ર શરીર નોખા હોવાના કારણે તેની મહત્તા ઘટી જાય છે. તેમ વનસ્પતિમાં પણ જીવ છે. આપણે ગૌરક્ષાની વાત કરીએ ત્યારે અનાયાસે અન્ય જીવો પ્રત્યે આપણું લક્ષ જતું નથી. પર્યાવરણની વાતો કરીએ ત્યારે માત્ર વનસ્પતિની વાત આવે છે પરંતુ ખરેખર વનસ્પતિ, પ્રાણી, પૃથ્વી – આ બધા જીવોની રક્ષાની ખેવના કરવી જોઈએ.

માનવને ઉક્ત જીવો કરતાં વિશેષ મહત્ત્વ એટલા માટે છે કે માનવ પાસે પાંચ ઇન્દ્રિયો ઉપરાંત મન છે અને મનના કારણે તે સારા નરસા વિચારો કરી શકે છે અને કરવું પણ જોઈએ. પરંતુ મન પર માનવનો અંકુશ ઓછો છે. હૃદયમાં / દિલમાં એક વાત હોય પરંતુ મન તે વાત કરવામાં કે માનવામાં તૈયાર નથી હોતું. તેની પાછળ પણ કારણ છે. ૮૪ લાખ યોનિમાંથી ભ્રમણ ભમતા કંઈક જન્મોના સારા નરસા સંસ્કારોને એકઠા કરીને આપણે આજે માનવ અવતારે મળ્યા છીએ ત્યારે સ્વાભાવિક છે કે મન અમુક બાબતો માનવા કે સ્વીકારવા તૈયાર હોતું જ નથી અને એના કારણે જ બધા વાદો, ધર્મવાદ, પ્રદેશવાદ, રાષ્ટ્રવાદ જેવા વાદો અને વાડાઓ ઉત્પન્ન થતા હોય છે અને આપણી ચારેબાજુનું વાતાવરણ પણ ઘણી વખત આપણને એક થવા દેતું નથી. કહે છે કે જેણે મનને જીતી લીધું એ જગ જીત્યા. આપણો અહમ્, આપણા વારસાગત સંસ્કારો જે મન પર લાગેલા છે એને નાબૂદ કરવા કે નબળા પાડવા એ ખૂબ જ સમય માંગી લે તેવો વિષય છે.

આના માટે મને એમ લાગે છે કે આજકાલ **જો મનને કંટ્રોલ કરવો હોય તો સતત સારા વિચારો, સારૂં વાંચન, સારો અને સાચો સત્સંગ** – એ પણ નિરંતર હશે તો જ મનના વિચારો એકબીજાને નજીક લાવવા પ્રયત્ન કરશે.

ભગવાને જ્યારે સર્વે જીવોની રક્ષા કરવાનું વિચાર્યું અને કહ્યું એટલે જ તો એ ભગવાન થયા. એણે મનને સતત નિયંત્રિત કરી પૂર્વ ભવના તમામ કુસંસ્કારોને હટાવી નાખ્યા એટલે એમણે સૌ જીવો પ્રત્યે મૈત્રી, કરૂણા અને મધ્યસ્થ ભાવ સ્થાપિત કર્યા.

જ્યારે આવો ભાવ આપણા મનના એક ખુણામાં પ્રગટશે ત્યારે જ વાદો, વાડાઓ, યુધ્ધો ખતમ થશે. બાકી ખૂબ જ મુશ્કેલ કાર્ય છે. પરમાત્મા શક્તિ આપે એ જ પ્રભુ પાસે પ્રાર્થના.

*નીતિન સંઘવી - ગાંધીનગર*

★

### 'હોટલથી હોસ્પિટલ'

હોટલ અને હોસ્પિટલ બંને એક જ રાશિના છે. બંને વચ્ચે સમાનતા તો જુઓ.... આ બંને ધંધાવાળાને મંદી ક્યારેય

નડતી નથી, મોંઘવારી પણ સ્પર્શતી નથી. કહેવાય છે ને કે ‘જેવું અન્ન તેવું મન’ અને ‘જેવું મન તેવું તન.’ સ્વાસ્થ્યનો સંપૂર્ણ આધાર ખોરાક પર છે. આજે પાણીપુરીવાળા ખુમચાથી માંડીને ફાઈવ સ્ટાર હોટલ સુધી અને બોગસ ડિગ્રીવાળાથી માંડી મોટી હોસ્પિટલો પાસે ધંધો કરવાનું લાઈસન્સ હોય તેવા કેટલા? આ જ બાબત વિદેશમાં હોય તો ખાણીપીણી ખુલ્લામાં તો ન જ મળે. પરંતુ હોટલ કે હોસ્પિટલ માટે પણ લાઈસન્સ કે રજિસ્ટ્રેશન લેવું જરૂરી છે. જ્યારે ભારતની હોટલમાં ગમે તેવું બિનઆરોગ્યપ્રદ ખોરાક પીરસવામાં આવે અને ગમે તે ખાવાની બિનખાદ્ય વસ્તુ ભેળવી સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે. તે સંજોગોમાં ક્યારેક દરોડા પાડીને સેમ્પલ લેવામાં આવે છે. ત્યારબાદ લેબોરેટરી ટેસ્ટિંગ થાય અને તેના આધારે કોર્ટ કેસ થાય તો પણ શું? માત્ર રૂા. ૫,૦૦૦/- થી રૂા. ૧૦,૦૦૦/- દંડ વસુલી છોડી મૂકવામાં આવે. જે ખોરાક તેને હોટલથી હોસ્પિટલ સુધી લઈ જાય, તેને માત્ર આટલી જ સજા? આવી જ બીના વિદેશમાં બને તો સૌપ્રથમ રેસ્ટોરન્ટ - હોટલ સીલ થાય. પછી જ આગળની કાર્યવાહી થાય. હમણાં થોડા સમય પહેલાં વિદેશમાં એક ગુરુદ્વારાની રસોઈમાં વાંધાજનક તત્ત્વો મળતાં કે એની શુદ્ધતામાં ખામી જણાતાં થોડા સમય માટે ગુરુદ્વારાને પણ બંધ કરવાની સરકારે ફરજ પાડી હતી. જ્યારે અહીં લાખો લોકોના આરોગ્ય સાથે થતાં ચેડાં માત્ર નજીવા દંડની રકમ વસુલ કરીને સંતોષ માનવામાં આવે છે.

**સરકારની પ્રાથમિક જવાબદારી લોકોની સુખાકારી અને સારા સ્વાસ્થ્યની છે.** જે સ્થાનિક લેવલે નગરપાલિકા / મહા નગરપાલિકાએ નિભાવવાની હોય છે.

પરમાત્માને પ્રાર્થના કરીએ કે અમને હોટલ અને હોસ્પિટલથી બચાવજો!

બસ, આ દેશમાં જો પાણી અને અન્ન શુધ્ધ મળી જાય ત્યારે આપણે હૃદયથી કહી શકીશું “મેરા ભારત મહાન!”

*નીતિન સંઘવી - ગાંધીનગર*
*મો. ૯૮૯૮૧ ૧૬૭૭૧*

## ‘કચ્છશ્રુતિ’ના અંક અથવા પોસ્ટ પરત આવ્યાની વિગત

*નીચે જણાવેલ વ્યક્તિઓનું નવું સરનામું અગર તેમના સગા-સંબંધીઓ પાસે હોય, તો અત્રેના કાર્યાલયમાં જણાવવા અનુરોધ છે.*

- **કનકસિંહ વી.**
  C/o. સંદીપ ઓટો એસેસરીઝ,
  સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામેની ગલીમાં,
  મીરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
- **નરેન્દ્ર જોશી ‘મહારાજ’**
  ૭૯, સ્વામિનારાયણ, મુંદ્રા રોડ,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **કુ. એકતા કટ્ટા**
  પૂજા જનરલ સ્ટોર, રામનગર,
  અંજાર, કચ્છ-૩૭૦ ૦૧૦.
- **મોહનભાઈ વેલજીભાઈ**
  ૩/એ, મુરલીધર હોસ્પિટલ, રામવાડી બસ સ્ટેન્ડ,
  ઈસનપુર, અમદાવાદ-૩૮૨ ૪૪૩.
- **મનહરભાઈ વી. પટેલ**
  ૩૦૧, અભિષેક એપાર્ટમેન્ટ,
  બિલેશ્વર મહાદેવ સોસાયટી, નંદ બંગલો પાસે,
  જનતા નગર, ઘાટલોડિયા,
  અમદાવાદ-૩૮૦ ૦૬૧.
- **દીપકભાઈ ધરમશી**
  ૧૬/બી, રેડક્રોસ પાર્ક,
  નટુભાઈના સેન્ટરની બાજુમાં,
  ગોત્રી રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.

***Believe those who are seeking the truth; doubt those who find it.***
***– Andre Gide***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઇબ્રેરીને મળેલ ભેટ પુસ્તકો

*નીચે જણાવેલ મહાનુભાવ / હિતેચ્છુ તરફથી વિવિધ વિષયના પુસ્તકો શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ સ્વરૂપે મળ્યા છે. (પુસ્તકની વિગત લાઈબ્રેરીના પુસ્તકોની યાદીમાં સમાવેશ કરાશે.)*

- શ્રીમતી અરુણાબેન અરુણ ઠક્કર ‘માધવી’ - ભુજ, કચ્છ

*ખૂબ ખૂબ આભાર.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪
E-mail : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org

## નામ - સરનામા - ટેલીફોન ડિરેક્ટરી માટેનું ફોર્મ

મુખ્ય વ્યક્તિનું નામ : ____ (નામ) ____ (પિતા/પતિનું નામ) ____ (દાદા/સસરાનું નામ) ____ (અટક)

રહેઠાણનું સરનામું : ____ (ઘર/મકાન નંબર) ____ (સોસાયટીનું નામ) ____ (રોડ / માર્ગનું નામ)

____ (નજીકનું લેન્ડ માર્ક)

____ (એરીયા) ____ (શહેર) ☐☐☐☐☐☐ (પીન કોડ)

ફોન : ____ (લેન્ડ લાઈન નંબર) ____ (મોબાઈલ નંબર-૧) ____ (મોબાઈલ નંબર-૨)

વ્યવસાય : ☐ બિઝનેસ ☐ નોકરી ( જરૂરી જગ્યાએ ✓ નિશાની કરો)

બિઝનેસ હોય તો : ____ (બિઝનેસનો પ્રકાર) ____ (હોદ્દો)

નોકરી હોય તો : ____ (ઓફિસ / કાર્યાલયનું નામ) ____ (વિભાગ) ____ (હોદ્દો)

વ્યવસાયનું સરનામું : ____ (દુકાન/ઓફિસ નંબર) ____ (બિલ્ડિંગ / કોમ્પ્લેક્સનું નામ) ____ (રોડ / માર્ગનું નામ)

____ (નજીકનું લેન્ડ માર્ક)

____ (એરીયા) ____ (શહેર) ☐☐☐☐☐☐ (પીન કોડ)

ફોન : ____ (લેન્ડ લાઈન નંબર-૧) ____ (લેન્ડ લાઈન નંબર-૨) ____ (ફેક્સ નંબર)

ઈ-મેઈલ : ____ વેબ સાઈટ : ____

અમદાવાદ / ગાંધીનગરમાં કેટલા વર્ષથી વસવાટ કરો છો? ____ પરિવારની સભ્ય સંખ્યા : ____

કચ્છમાં ગામ/તાલુકો : ____ આપ કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય છો? ☐ હા ☐ ના

અમદાવાદ / ગાંધીનગરમાં કયા ઘટક સમાજના સભ્ય છો? ____

પરિવારમાં ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરનાર સભ્યોની વિગત (દા.ત. ડૉક્ટર / એન્જીનીયર / સી.એ. / આર્કિટેક્ટ વિ.) :

| ક્રમ | સભ્યનું નામ | મુખ્ય વ્યક્તિ સાથેનો સંબંધ | ડિગ્રી | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |

____ (ફોર્મ ભરનાર વ્યક્તિનું નામ) ____ (સહી) ____ (ફોર્મ ભર્યા તારીખ)

CUT FROM HERE

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર

+91 98793 01004
+91 93740 01004

અમર રઘુવંશમ્

શ્રી રઘુકુળ વિશ્વ

**પ્રેરણા સ્ત્રોત**

- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com



Vaikunth R. Gopani
B.Com. FCA. DISA

M. 9426303628
9909986171

## V. R. GOPANI & CO.

Charaterd Accountants

H.O. :
A-11, Trimurti Complex,
Station Road, Bavla-382220
Ph. (02714) 230087

Branch :
2, Campus Corner 2nd Floor,
Nr. Auda Garden, Prahladnagar
Ahmedabad-15.

Resi. :
1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahaladnagar, Ahmedabad-15
Email : vrgopani@yahoo.com



## જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

**મોમાઈ સુગર કોર્પોરેશન** - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
**મહાકાલ સુગર સપ્લાયર્સ** - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫

માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.



## GILL & CO. PVT. LTD.

IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN



**આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે**
**ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,**
**ફ્લસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ**

All Products ISI

## વિલમોર પ્લાય પ્રા.લિ.

ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com

સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



## AMBICA TIMBER MART

logs. lumber. select veneers.

THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com



PARBATBHAI PATEL (M) : 98240 62711

## Shivam Packaging

## Shiv Packing Industries

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Nr. Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

• સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ • પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ • વાસંની પટ્ટી • H.M., L.D., P.P. Bags
ક્રાફટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ-બોકસ



## POSITIVE®

PLY & BOARD

-: Also Available :-

- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

RAVI ENTERPRISE

Brijesh Patel
96240 30203

## RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
શ્રી વિષ્ણુધારા @ Gota. HOMES
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ યાદગાર પ્રસંગોએ સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં પુસ્તકો
ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો રૂમ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે
સીમા હોલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252 68759
ઈમેલ : gurjarprakashan@gmail.com

Patel Tours & Travels®
AN UNDERTAKING OF PATEL INN & TRAVELS PVT. LTD.
24 Hours Service (M) 9974378888
Head Office : 8, Shroff Chambers, Opp. Navchetan School, Paldi, Ahmedabad-380 006.
Circle P, Nr. Prahaladnagar Garden, S. G. Highway, Nr. Honest Restaurant, Ahmedabad. (M) 9925244252
Phone : 079-26576492, 26577811, 26575367, 26587811 Fax : 26576491
(M) 9925244251, 9925244252, 9925244253
Web site : www.pateltoursandtravels.com, Email : patelinn@yahoo.com
RAJKOT Ph. : 0281-2331754, 2332186, 2451210 (M) 9909022441, 9925244280
JUNAGADH Ph. : (0285) 2621158 (M) 99252 44289
BHUJ Ph. : 02832-224477, 221499, 229914 (M) 99252 44260, 99252 44258
BARODA Ph. : 0265-6541275 (M) 99252 44274, 99252 44275
BRANCH OFFICE
JAMNAGAR Ph. 0288-2552419, 2660243 (M) 99252 44261, 99090 09844
MUMBAI Ph. : 022-28950191-92-93 (M) 98330 24764, 93229 42219
BRANCH OFFICE
DAILY SERVICE / RETURN SERVICE
Contact for Hiring minibus : 2 X 2, 3 X 2, LUXURY, VOLVO COACH ETC.
A/C. NON A/C. VOLVO SLEEPER COACH AVAILABLE
JUST CALL AND BOOK TICKET
PATEL TOURS & TRAVELS ALWAYS ONE STEP AHEAD

The Name Says its all
II Radha Vallabh Group
Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-